હમારે ત્રીજ વર્ગના ઉતારૂઓની હાડમારી અને જુલમ અટકાવવા હોય, હીંદી જહેાજ ઉદ્યોગને થતી હાની બંધ કરવી હોય, દરવર્ષે લગભગ ૧,૫૬,૪૦,૨૫૭ પૈાંડનેા હીંદુસ્તાન ઉપર પડતેા બેાજો અટકાવવેા હોય, હીંદીએ માટે રેલ્વેમા સારા પગારની નેાકરીઓ જોઈતી હેાય, હીંદી ઉદ્યોગ હીંદનાજ લાભ માટે ખીલવવેા હેાય, જહેર પ્રજાની સગવડ માટે પૂરતી કાળજી રાખનાર સત્તા જોઈતી હેાય અને હીંદીઓની લાગણી અને અભિપ્રાયને માન આપે એવેા અમલ જોઈતેા હેાય,

તેા

રેલ્વેનેા સરકારી વહીવટ માંગેા.

ઉપર દર્શાવેલ રેલ્વે સબંધી લડત ચલાવવા માટે નાણાની મેાટી અથવા નાની રકમની મદદ ફેરદુન કુરશરૂપ દાદાચાનજી ૩૬૧, હૅાર્નબી રેાડ, મુંબઇ, એ સરનામે મેાકલવા વીનવી છે

"ઇનકમટેક્ષ."

અને

સુપર ટેક્ષ

નવા કાયદા પ્રમાણે ચેાપડાઓમાથી આવક વેરા માટે હીસાબનાં પત્રકેા (ડી. ફેાર્મ) તૈયાર કરી આપીએ છીએ. વધારે માહિતી માટે મળેા અથવા લખેાઃ—

બી. એલ. થેાસર.

પબ્લીક એકાઉન્ટન્ટ
બેામ્બે કેામરશીયલ કેાલેજ,
૪૧, કાલબાદેવી રેાડ, મુંબઇ.
(૧૪)

દુશ્મન સામે હરીફાઈ કરનાર.

પાટણવાલા બામ,

રૂમીટીઝમનેા ઠેઠ દુશ્મન, તથા સંધીવા, કમરનેા દુખાવેા, લકવેા, વાયુરેાગ, માથાનેા દુખાવેા, જખમ, લચક કપાણ તથા દમ, છાતીનેા દુખાવેા, ખાંસી, સરદી, ગળાનેા દુઃખાવેા, દાંત તથા કાનનેા દુઃખવેા માખ, વીછુ, વગેરે ઝેરી ઇજના ઉપર આ પાટણવાલા બામ વાપરવાથી તુરત આરામ થાય છે.
મેાટે એકજ વખત વાપરવાની ભલામણ કરવામાં આવે છે.

આ કીમતી તક જવા દેતા ના જરૂર એક વખત પાટણવાલા બામની એક બાટલી મંગાવી ખાત્રી કરેા કી. બા.–૧) ની રૂ. ૦।।.
વી. પી. ખરચ જુદું તે શીવાય



ઘણી જાતના ખુશબેાદાર મધ મધતા તાજા પુલેામાથી બનાવેલા હેર ઓઇલેા અત્તરેા તથા ઓટા મલશે, અને દરેક જાતના ઇગ્લીશ શુન્ટેા લવંડર ગ્રાણ હમારી પેટન્ટ બનાવેલી દવાઓ પણ મલશે.
વી. પી. થી મંગાવનારને અગાઉ એડવાન્સ મેાકલવું.
એકલા બનાવનારઃ

ઈ. એસ. પાટણવાલા.

(૫૯) ભાજપાલા લેન, પેા. નં. ૩, મુંબઈ.

રંગુન સમાચાર પ્રેસમાંથી દર બુધવારે અને શનીવારે

પ્રગટ થતું શુદ્ધ ગુજરાતી વર્તમાનપત્ર

રંગુન સમાચાર

જેમાં રંગુન શહેરની તથા બર્મા ઇલાકાની બધી અગત્યની ખબરો, લાલુવાલેગ ફોટો ન ચુકાદાઓ, તથા સ્થાનીક વેપાર-ઉદ્યોગને લગતી બાબતો, દુનિયાની અને આસ કરીને હિંદુસ્તાનની ખબરો ઉપરાંત ઉદ્યોગ, ધાર્મીક, સામાજીક, નૈતીક વગેરે ઉન્નતિના માર્ગોનું અવલોકન અને આસ કરીને બ્રહ્મદેશનાં ઉદ્યોગ અને વેપારને લગતા વિષયો વખતો વખત આપવામાં આવે છે.

વાર્ષિક લવાજમ

દેશાવરવાળાઓ પાસે પોસ્ટ સાથે રૂ. ૬।, છુટક નકલના રૂા. ૦-૨-૦

શહેરવાળાઓ પાસે રૂ. ૪.

રંગુન સમાચાર પ્રેસ.
નવી નંબર ૨૭, ઘર નંબર ૫૩-રંગુન

એમ. એ. મામસા.
પ્રોપ્રાઇટર "રંગુન સમાચાર" પત્ર તથા "રંગુન સમાચાર" પ્રેસ.
ઠેકાણું ઓફીસ-નાં૦ ૪૨ ગલી નાં૦ ૨૭-રંગુન.

નોટ—આખા બર્મા ઇલાકામાં "રંગુન સમાચાર" ફકત એકલું એકજ ગુજરાતી પત્ર છે એટલે બર્માની વસ્તીના મોટા ભાગની ગુજરાતી ભાષા બોલતી વેપારી પ્રજામાં જાહેર ખબરો ફેલાવવા માટે આ પત્ર એક ઉત્તમ ઉપયોગી સાધન છે.



દાવડાની પેટંટ અબરખની ચીમની.

દરેક ઘરમાં તેનો ફેલાવો થયો છે. એટલે તે ભાંગતી નથી, ફાટતી નથી, કાંચની ચીમની પચીશ ભાગી જાય ત્યાં સુધી આ ચીમની ચાલે છે.

ચીત્રો સાથનું કેટલોક મફત. વેપારીઓને બરપુર કમીશન.

ઠે૦ દાવડાની કું૦,
મંગ્માદેવીના કુવારા પાસે,
મુંબઈ નાં૦ ૩.

કાચુ સોનું વેચવાનું છે.

અગીયાર વરસથી ચાલુ દાવડાનું અબરખની ચીમનીનું પેટંટ (માલીકની બીજી શોધોની રીકાબોને લીધે) વેચવાનું છે. જેમાં ભરપુર નફો છે. ઉપરને ઠેકાણે અરજી કરો અથવા જાતે મળો.

ધી સેંટ્રલ બેંક ઑફ ઇન્ડિયા લીમીટેડ.

શેરો ભરાયલી થાપણ	.....	રૂ. ૧૦૦,૦૦,૦૦૦
પગાર થયેલી થાપણ	.....	રૂ. ૩૭,૪૬,૬૦૦
રીઝર્વ ફંડ	.....	રૂ. ૧૧,૦૦,૦૦૦

આ બેંકમાં ડીપૉઝીટ મુકેલી દરેક પાઈની સલામતી માટે ખાસ ગોઠવણ બેંકની આરટીકલમાં કરવામાં આવેલી છે.

મેશર્સ એ. એફ. ફરગ્યુસનની કું. ચારટરડ એકાઉન્ટંટસ આ બેંકના હીસાબો અને જમીનગીરીઓ દર અઠવાડીએ તપાસે છે.

ગ્રેસીડંસી બેંકો માફક આ બેંક પોતાના હીસાબનાં પખવાડીક સરવૈયાં બહાર પાડે છે.

દરેક રીતનું બેંકને લગતું કામકાજ કરવામાં આવે છે.

હાલમાં ટુંકી તેમજ લાંબી મુદતના વ્યાજના દરો માટે મેનેજરને મળવું.

ચેકો તથા બેંકને લગતો પત્ર વ્યવહાર ગુજરાતીમાં પણ થઇ શકે છે.

વડી ઑફીસ:–એલાઇસ બીલ્ડીંગ, ફોર્ટ, મુંબઇ.

શાખા ઑફીસો:–ઝવેરી બજાર, મુંબઇની માંડવી, તથા શેરબજાર.

ચાલુ ખાતાંમાં રોજની બાકી ઉપર વ્યાજ આપવામાં આવે છે.

જાનેવારીથી જુન.....	૩ ટકા.
જુલાઇથી ડીસેમ્બર.....	૨॥ ટકા.
૧૨ માસની ડીપૉઝીટ.....	૫ ટકા.
રૂ. ૫૦૦૦ થી વધુ રકમ માટે...	૫॥ ટકા.

ટુંકી મુદતના ભાવો અરજ કરવાથી માલમ પડશે.

વધુ વીગતો માટે મેનજરને મળવું.

સોરાબજી ન. પોચખાનાવાલા

મેનેજર.

ઘણીક અમેરીકન તીજોરીઓ કચરા જેવી હોય છે એવું અમેરીકનોજ કહે છે.

—:o:—

વેલાતી બનાવટની તીજોરીઓ આગમાં કેવી રહે છે તેનો હીસાબ ગોદરેજે પ્રજાને આપ્યો છે. કોટની ઇવર્ટ લેધમની આફીસની આગમાં અને કાપડ બજારની મોટી આગમાં જુદા જુદા મેકરોની સંખ્યાબંધ તીજોરીઓમાં સધળું બળી ગયું તેની ખબર મેળવવા પછી ઇવર્ટ લેધમવાળાઓએ તેમજ સર સાસુન જે૦ ડેવીડે પોતાની હજારોની કીમતની વેલાતી મોટા જાણીતા મેકરોની તીજોરીઓ હીલાંડથી વેચી નાખી તેની જગ્યાએ ગોદરેજની તીજોરીઓ ખરીદી હતી.

હીંદુસ્તાન અને બરમાની સેવીંગ બેંકો માટે સરકારને ૩૭૨ તીજોરી જોઇતી હતી ત્યારે જુદા જુદા મેકરોની તીજોરીઓ આગમાં નાખી તપાસ કરી અને ફકત ગોદરેજનીમાં ઢાગળે સલામત રહેવાથી આખો ૩૭૨ તીજોરીનો ઓરડર ગોદરેજને આપ્યો હતો.

અમેરીકામાં સાન ફ્રાનસીસકોમાં બોંત્રીસ વરસ ઉપર મોટી આગ થઇ હતી અને હજારો ઘરો બળી ગયાં હતાં. તે આગમાં અમેરીકન તીજોરીઓએ જે દેખાવ કર્યો તે વિષે લખતાં અમેરીકાનું હુન્નરઉદ્યોગને લગતું સૌથી આગેવાન પોપાન્યુ નામે સાયનટીફીક અમેરીકન તા૦ ૨૬ મી મે ૧૯૦૬ ના અંકમાં નીચે મુજબ કહે છેઃ—

" મોટી દલગીરી સાથે કહેવું પડે છે કે, સાન ફ્રાનસીસકોની આગથી ઘણાક મેકરોની ફાયરપ્રુફ હોવાની ગેરંટી સાથ વેચેલી તીજોરીઓ કચરા સમાન પુરવાર થઇ છે. અમારી જાણમાં એવી વાત આવી છે કે એ બળી ગયલી તીજોરીઓ જો કે લાકડાંની પેટી કરતાં વધુ સારી હતી નહીં, તોપણ તેના બનાવનાર યા વેચનારાઓએ ફાયરપ્રુફ હોવાની મોટી મોટી વાતો કરીને વેચી હતી. આવી કચરા જેવી ચીજને તીજોરીનું નામ આપી વેચનારાઓનાં કારખાનાં અને દુકાનો સરકાર હમેશ માટે બંધ કરાવે એવું અમે ઇચ્છીએ છીએ."

ગોદરેજનું કારખાનુંઃ—

(૪) ગેસ કંપની પાસે, પરેલ, મુંબઇ.

THE BOMBAY
MILL STORES SUPPLY AGENCY.

PROPRIETORS :

MESSRS. C. N. DAVAR & Co.

19, Bank Sreet, Fort, BOMBAY.

ESTABLISHED 1912

TELEPHONE No. 1211, *Telegrams* :—"TREMENDOUS BOMBAY."

We have in Stock for Immediate Delivery the following Goods.

LEATHER GOODS :—Best English and American Leather Belting, Hairy, Chrome and Plain Picking Bands, Spring Buffers, Buffalo Pickers, Drop Box Pickers, Roller Skins, Leather Laces, etc., etc., etc.

WOOLLEN GOODS :—Roller Cloth, Clearer Cloth and Sizing Flannels of best makes

WEAVING ACCESSORIES :—Best English real Cornelwood Shuttles, Picking Sticks and Loom Sundries of all kinds.

BOBBINS :—Best English and Japanese Slubbing, Roving, Warper and Ring Rabbeth Bobbins of all Sizes.

SPINNING ACCESSORIES :—Spindles for Ring and Fly Frames, Rings, Inner Tubes, Flyers, Spindle and Bobbin Wheels, Twist Wheels, Stripping, Burnishing and Emery Fillets, Flat Tops, Card Combs, Card Cans, etc., etc., etc.

HEALDS AND REEDS :—Healds and Reeds of best well-known makes.

LOPPS AND BANDINGS :—Lambeth Cotton Driving Ropes and Bandings.

CHEMICALS :—Chloride of Zinc, Chloride of Magnesium, Chinoy Clay, Epsom Salt, Glauber Salt, Farina, French Chalk, Tallow (Mutton and Vegetable) Sago Flour, Dextrines, Soluble Blue, Sodium Sulphide, Soft Soap, Maize and Rice Starches, etc., etc., etc.

If you do not see what you want in the above List of Materials, please write to us

તમારા લાભનું.



ઈનામ રૂ. ૧૦૦૦

મેળવાની તમે કોશેશ કરો.

કેશવકાન્ત—હેર ઓઇલ વ્હાઇટ ઓઇલ (ધાસલેટ) થી તદન રહિત છે. વ્હાઇટ ઓઇલના લાબા વપરાસથી માથાને તથા બાલને તે નુકસાન કરે છે. માટે જો કોઇ તેમ પુરવાર કરશે, કે કેશવકાન્ત હેર ઓઇલમા વ્હાઇટ ઓઇલ છે તેને ઉપર જણાવેલું ઇનામ અમે આપશુ.

બાટલી ૧ ના રૂા ૦-૧૨-૦.

દરેક જાણીતા વપારીઓ પાસેથી મળશે.

હારકાદાસ જગમોહનદાસ એન્ડ કું

પ્રોપરાઇટર્સ

ધી હિંદ બટન્ ફેક્ટરી એન્ડ મેટલ વર્કસ.

ધી કેશવ પરફ્યુમરી વર્કસ, ૧૪૭ અબદુલ રહેમાન સ્ટ્રીટ, મુંબાઇ

(૫૩)

Registered No. B. 810

THE JOURNAL OF THE INDIAN MERCHANTS' CHAMBER

દેશી વેપારી ચેમ્બરનું માસિક.

પુસ્તક ૧૨મું. VOL. XII. SEPT. 1919. No. 3. સપ્ટેંબર ૧૯૧૯. અંક ૩ જો

અનુક્રમણિકા

વિષય	પાનું.
૧ વેપારી વિષયો	૯૮
૧. હૉંદતા ખાદ બનાવવાના હુકોગની ચીતી	૯૮
૨. રસાયણી પદાર્થો બનાવવાના હુકોગો ..	૧૬૩
૩ બેનરો અને કારખાનાઓ	૧૦૪
૪ બીસ સાથેનો હીંદનો વેપાર	૧૦૮
૨. અધિપતીની નોંધ	૧૧૦
૩. અવલોકન	૧૧૨
૪ વેપારી પત્રવ્યવહાર	૧૧૩
૧ પૂર્વ આફ્રીકા સાથનો વેપાર વધિ ...	૧૧૩
૨. ઇ ગ્લંડની હુ ડીતા ફર વીશે	૧૧૫
૫ ચેમ્બરનો વિભાગ	૧૧૭
૧ કમીટીની મીનીટ	૧૧૭
૨ સ્ટેટ બે ક વીશે ચેમ્બરે નામદાર સરકારને કરેલી અરજી	૧૨૧
૩. ચેમ્બરમા આવતા ચોપાન્યા	૧૨૨
૪ ચેમ્બરની લાયબ્રેરીમા વધારવામાં આવેલાં પુસ્તકો	૧૨૩

વિષય	પાનું.
૬. વિગ્રહ અને વેપાર: સરકારી જાહેરનામાં	૧૨
૭ વેપારી ખબરો	૧૨
૮ વેપારી આંકડાઓ ...	૧૨
૧ ખાંડની જગાત વખતે આકરી કીંમત ...	૧૨૯
૨ ઇ સ ૧૯૧૯ ના જુન માસ માટે પોર્ટ ટ્રસ્ટની વેરહાઉસીંગમાના માલના વેપારને લગતા સરખામણી કરનારા આંકડા ...	૧૩૦
૩ સ્ટોર્સન્ટ સ્ટોક કંપનીઓ	૧૩૧
૪ નવા પેટંટો	૧૩૮
૫ ખાંડની આયાત	૧૪૦
૬. સુતરની આયાત	૧૪૦
૭ સુતર અને સુતરાઉ કાપડના આંકડાઓ...	૧૪૧
૮ વેપારી પુછપરછ	૧૪૨

ઇન્ડીયામા ફેલોરીંગ ટાઇલ્સનું જાણીતું ખાતું—ખી ચેમ્બે ટાઇલ્સ માર્ટ ૨૧ બેંક સ્ટ્રીટ, ફોર્ટ મુંબઇ.

અમે પોતે

આ માસિકમા બહારથી આવેલા લેખો માટે અમે જવાબદાર નથી

આ માસિકનુ લવાજમ મુળઇના ગ્રાહકોને માટે વાર્ષિક રૂા. ૩-૮-૦ તથા બાહાર ગામના ગ્રાહકો માટે વાર્ષિક રૂા ૪—૦—૦ પોસ્ટેજ સુદ્ધા રાખવામા આવ્યુ છે છુટક નકલ એકના આના ૬ છ નમુનાની કોપી મફત મોકલવામા આવતી નથી.

આ માસિકમા જે જાહેર ખબરો છે તેમા કઇ ફેરફાર સુચવવો હોય યા તો ઠાઠી નાખવી હોય તો આવી જાતની ખબર આગલા મહિનાની ૨૦ મી તારીખ પહેલા આપવી જોઇએ નહિ તો તે પ્રમાણે કરવુ બની શકશે નહિ

અમારા જૂના કોન્ટ્રેક્ટો પૂરા થયા બાદ, રીડીંગ મેટરમા અમે જાહેર ખબર લેવા માગતા નથી તેથી સર્વ જાહેર ખબર આપનાર ગૃહસ્થોને વિનંતિ કરવામા આવે છે કે તેમણે પોતાની જાહેર ખબરો મેટરની આગળ યા પાછળ છપાવવા માટે આપવી

અમોને તા ૧૦-૬-૧૯૧૮ના રોજ માસિકના લવાજમ પેટે રૂ ૩-૬-૦ મનીઓર્ડરથી મળેલ છે પરંતુ તેમા નામ બરાબર ચોકખુ નહિ લખેલ હોવાથી તે માસિક કોને મોકલવુ તે અમો સમજી શકતા ન હોવાથી જે ગૃહસ્થે ઉપરનો મનીઓર્ડર મોકલાવ્યો હોય છતા માસિક ન મળ્યું હોય તેને તે વિષે અધિપતિને જણાવવા વિનંતી કરવામાં આવે છે.

આ માસીક દર મહીને પહેલી પાચ તારીખોની અંદર પોસ્ટમા રવાના કરવામા આવે છે માટે જે ગ્રાહકોને આઠમી તારીખ સુધીમા અંક ન મળે તેમણે અમને તુરત ખબર આપવી જેથી જલદી તે વીશે તપાસ પણ કરી શકાય અને જરૂર હોય તો શીલ્લીકમાથી બીજી પ્રત પણ રવાના કરી શકાય પાછળથી બધી પ્રતો ખપી જાય છે એટલે તે પછી કોઇની ફરીયાદ ખરી હોય તો પણ તે માટે ઇલાજ કરવો અશક્ય થઇ પડે છે

COMMERCIAL SUBJECTS.

વ્હેપારી વિષયો.

હિંદના ખાંડ બનાવવાના ઉદ્યોગની સ્થિતિ.

હીંદમા ખાંડની પેદાશ પોતાના ઉપયોગ માટે જોઇએ તે કરતા પણ વધારે થાય અને એ વધારે નીકાશ કરે એવી સ્થિતિ હિંદ પ્રાપ્ત કરી શકશે કે કેમ

તે વિશે ખાંડને લગતી બાબતોના ખાસ વિદ્વાન (એક્સપર્ટ) ડાક્ટર સી. એ. બારબર લડાઇ પુરી થઈ તે અગાઉ લખેલા એક લેખમાં નીચે પ્રમાણે જણાવે છેઃ—

ખાંડની છત જોઇએ તે કરતાં થોડી છે એમ દુન્યાના દરેક દેશની ફરીયાદ છે. એમ થવાનાં બે મુખ્ય કારણ છે. એક એ કે માણસ હીંદ ખાંડનો વપરાશ ઘણી ઝડપથી વધ્યો છે અને બીજું એ કે બીટના કળમાંથી બનતી ખાંડનો મોટો જથ્થો જર્મની, ઓસ્ત્રીયા તથા ફ્રાંન્સથી નીકાશ થતો હતો તે લડાઇને લીધે તદન બંધ પડી ગયો છે. લડાઈ અગાઉ દર વર્ષે એક કરોડ એંશી લાખ ટન ખાંડ વપરાતી હતી તેમાં અર્ધ ભાગ શેરડીની ખાંડનો અને અર્ધ ભાગ બીટની ખાંડનો હતો.

છેલ્લાં કેટલાંક વરસથી હીંદમાં ખાંડની આયાત વધતી જાય છે એ વાત હવે સર્વત્ર જાણીતી છે. એ આયાત હવે લગભગ દશ લાખ ટન જેટલી થાય છે અગાઉ એમાં ઘણો ભાગ આસ્ત્રીયાથી આવતો હતો. હાલ થોડા વખતથી મોરીસશથી આવવા લાગી છે પણ હાલ આવતી ખાંડમાં મોટો ભાગ તો જાવાથી આવતી ખાંડનો હોય છે. દુન્યામાં ખાંડની અછત છે તેનું પરીણામ એ છે કે હીંદમા ખાંડના ભાવ બમણા થઇ ગયા છે. ભાવમાં થયેલા આ વધારાનો લાભ લઇને હીંદ પોતાને માટે જોઇતી ખાંડ બનાવશે? અગાઉ એક સમયે હીંદથી ખાંડ પરદેશ જતી હતી તે સ્થિતિ ફરીથી પ્રાપ્ત કરવા માટે હીંદ પ્રયત્ન કરશે? આ સવાલનો જવાબ આપી શકાય તે પહેલાં બે વાત ધ્યાનમાં લેવી જોઇએ. એક તો એ કે હાલ ભાવમાં જે વધારો થયેલો દેખાય છે તે ઘણો સમય ચાલુ રહેશે કે લડાઈ પછી પાછો ધીમે ધીમે ઘટી જશે તે વીશે આપણે કાંઇ જાણતા નથી. ખાંડનો ઉદ્યોગ એવો નથી કે જલદી જમાવી શકાય શરૂઆત કર્યા પછી કેટલેક વરસે એને સારા પાયાપર મુકી શકાય છે. હીંદમાં ખાંડ બનાવવાનું કામ એક નવા ઉદ્યોગ જેવું છે અને ગરમ મુલકોમાં જ્યાં શેરડી ઉગાડવામાં આવે છે ત્યાંના કરતાં પણ વધારે મુશ્કેલી હીંદમાં ખાંડના ઉદ્યોગને નડે છે. બહુજ અગત્યનો મુદ્દો તો એ છે કે લડાઇ પછી ખાંડના ભાવ શા રહેશે? મારો અભિપ્રાય એવો છે કે લડાઇ અગાઉ હતા તે ભાવે ખાંડ વેચાય તે અગાઉ કેટલાંક વરસો નીકળી જશે અને તે પછી પણ એ જુના ભાવ આવશે એમ નક્કી કહી શકાય નહીં. આ પ્રમાણે અભિપ્રાય બાંધવાના કારણો નીચે પ્રમાણે છેઃ-

(૧) દરેક દેશમા ખાંડનો વપરાશ વધતો જાય છે અને લડાઇથી એને ઉત્તેજન મળશે એ પ્રમાણે વધારે ખાંડ વાપરવાની ટેવ પડશે તે ઘણાં વરસ સુધી ચાલુ રહેશે એમ હું માનું છું.

(૨) અત્યારે જેમની સાથે લડાઇ ચાલે છે તે રાજ્યોમાંથી ખાંડ આવતી અટકાવવા માટે બ્રીટીશ સરકાર ખાસ પ્રયત્ન કર્યા વગર રહેશે નહીં અને તેને લીધે પણ હીંદમાં ખાંડના ભાવ ઉંચા રહેશે.

(૩) યુરોપના ઘણા ભાગોમા જ્યા બીટનો પાક કરવામાં આવતો હતો ત્યાં હાલ જમીનની સ્થિતિ બદલાઇ થઇ છે અને વેપારધંધા પણ ચુંથાઇ ગયો છે કારણ કે જે ભાગોમાં એ પાક થતો હતો તેજ ભાગોમાં લડાઇ ચાલી હતી. એવી જગાનો નાશ કરવા માટે ખાસ પ્રયત્ન કરવામાં આવેલા છે એટલે ત્યાં બીટનો પાક કરે તો પણ તે માટેનો ખેતરોના વીસ્તાર અગાઉ કરતાં ઓછો રહેશે. જરમનીથી ખાંડ પરદેશ ખાતે જતી હતી તે બંધ થઇ ગઇ છે તે છતાં ત્યાં અત્યારે ખાંડની અછત થઇ છે અને લડાઇને પરીણામે બધાંને એમ લાગશે કે લોઢા તથા ઢોરોના ખોરાકમાં ખાંડનો ઉપયોગ અગાઉ

કરતાં વધારે કરવામા આવે તો તેથી દેશને વધારે લાભ થઇ શકે. એ રીતે ખાંડનો જે જથ્થો બનાવવામાં આવે તેનો અગાઉ કરતાં વધારે ભાગ દેશમાંજ વપરાય એવી ઇચ્છાથી જ્યારે કામ લેવામાં આવશે ત્યારે નીકાશ ઓછીજ રહેશે. જે જે દેશોમાં ખીટમાંથી ખાંડ બને છે તે સર્વ મુલકોમાં એમ બનશે.

(૪) ગરમ મુલકામાં શેરડીના પાકનો વીસ્તાર વધવાની મને આશા નથી. આ બાબતમાં એક અપવાદ છે તે સંબંધી આગળ વીવેચન આવશે પણ તે શીવાયના મુલકોમાં બીજે સામાન્ય રીતે લેતાં એમ કહી શકાય કે જે જે દેશોમા શેરડીનો પાક કરવામાં આવે છે ત્યાં બધે છેલ્લા વીસ વરસમાં એ પાકના વીસ્તારમાં ઘણો વધારો થયો છે અને હવે પછી એમા જે વધારો થશે તે ખાંડની અપતમાં થતા વધારાના કરતા પણ વધારે પ્રમાણમા નહીં થાય. દરેક દેશની છુટી છુટી તપાસ આ માટે લઇ શકાય પણ સ્થળસ કોચને લીધે અત્રે માત્ર બેજ દેશની સ્થિતિ તપાસીશું. એ બે દેશો જાવા અને કયુબા છે. ત્યા ખાંડની પેદાશ ઘણી થાય છે. ખાંડની પેદાશ કરનારા દેશોમાં એ બેઉ મુખ્ય સ્થાન અત્યારે ભોગવે છે. મારી જાણમાં ઘણા સંજોગો એવા આવ્યા છે કે જેથી મને લાગે છે કે શેર

ડીના પાક માટેની સહેથી સરસ જે જે જમીન હતી તે બધળી ત્યાં બેજ કામમાં ઉપયોગમા લેવામા આવી છે અને તે ઉપરાંતની ફ્રેટલીક જમીનમાં જ્યાં શેરડીનો પાક કરવામાં આવ્યો હતો ત્યાં તેની ઉતર ઘટતી જાય છે. એ રીતે ગણતાં હવે જાવામાં શેરડીના પાકો માટેના વીસ્તાર વધવાનો હદ લગભગ આવી ગઇ છે. કયુબા માટે બેજ રીતની વાત કરી નહીં શકાય. ત્યાં સ્થિતિ કેવી છે તે વીશેની વધારે વીગત જાણવામાં નથી પણ જે ફ્રેટલીક વીગત જાણવામાં આવી છે તે વીશે ધ્યાન બેચ ઠીક થઇ પડશે. એમ પણ બને કે દુનિયામાં જેમ કોફીની પેદાશ માટે બ્રાઝીલે સર્વોપરી સ્થાન પ્રાપ્ત કર્યું છે તેજ પ્રમાણે ખાંડની પેદાશ માટેનું સર્વોપરી સ્થાન કયુબા પ્રાપ્ત કરે. ચેારીશસ, ઇસ્ટ ઇન્ડીયા, બતવા વગેરે દેશમાં ખેતરમાંથી શેરડી, અને તેમાંથી ખાંડ વધારે પ્રમાણમા પેદા કરવા માટેના પ્રયત્નોમા રસાયણ શાસ્ત્ર વગેરે શાસ્ત્રોની મદદ ઘણી લેવામાં આવી હતી તેવી મદદ લેવાનો પ્રસંગ કયુબામાં આવ્યો નથી અને એવી મદદ લેવાનું કયુબામાં હજી બની શકે તેમ નથી. શેરડીના પાકનો વીસ્તાર વધારવા માટે કયુબામાં હજી સારૂં ક્ષેત્ર છે એમ નીચે રજુ કરેલા આંકડા ઉપરથી માલમ પડશે:—

૧૮૯૮ ની લડાઇ અગાઉ કયુબામાં દશ લાખ ટન જેટલી ખાંડ દર વરસે બનતી હતી તે પછી કયુબામા ખાંડની પેદાશ.

૧૮૯૭—૧૯૦૦ મા	દર વરસે	૨ લાખથી ૩ લાખ	ટન હતી.
૧૯૦૧—૧૯૦૩ મા	,,	૬ ,, ૧૦ ,,	,,
૧૯૦૪—૧૯૧૨ સુધી	,,	૧૦ ,, ૨૦ ,,	,,
૧૯૧૩—૧૯૧૬	,, ,,	૨૦ ,, ૩૦ ,,	,,

૧૯૧૭ માં પાંત્રીસ લાખ ટન જેટલી ખાંડ કયુબામાં બનશે એમ ધારવામાં આવે છે. હજી ત્યાં ઘણી જમીન પાક વગરની છે અને ધાપણ તથા સંચાકામની આયાત કયુબામાં વધતી જાય છે એને પરીણામે ખાંડની પેદાશ ઘણી વધે અને ખાંડના ભાવ ઉપર પણ તેની અસર થાય એવો સંભવ લાગે છે.

હીંદમાં શેરડી ઉગાડવામાં આવે છે તેની જાતબાતનો વિચાર કરીએ તો હીંદની કેટલીક મુખ્કેલીઓ સમજાય. ખાસ કરીને શેરડીનો પાક જે જમીનમાં કરવામાં આવે છે તેના એક બીજાથી ભીન્ન એવા બે પ્રકાર છે. એક જાત એવી છે કે જ્યાં ગરમ મુલકની માફક જાડી શેરડી ઉગાડાય. જાવા તથા વેસ્ટ ઈંડીઝમાં જે જાતની શેરડી ઉગાડવામાં આવે છે તેને મળતી આવે એવી એ જાત છે. બીજો પ્રકાર એ છે કે જ્યાં પાતળી સણત, દેમાવાળી, અને અસ્સલ હીંદી શેરડી થાય છે. એમાંથી ખાંડ બનાવવાનું ફાવતું નથી. પહેલા પ્રકારની જમીન મદ્રાસ, માઇસોર, મુંબઇ ઇલાકાના કેટલાક ભાગમાં અને મધ્ય પ્રાંતમાં કેટલેક ઠેકાણે આવેલી છે. આસામ તથા બરમામાં પણ એવીજ જમીન કેટલેક સ્થળે છે. શેરડીના પાક માટેજ કુદરતે નીમોણ કરી હોય એવી આ જમીન છે અને ગરમ મુલકોમાંજ તે થાયું. કરીને હોય છે. આસામમાં પણ તે છે એ નવાઇ જેવું છે. એન્ટીગુઆના ટાપુ જેવા ગરમ મુલકોમાં હોય તેવી ત્યાંની હવા છે. બીજા પ્રકારની જમીન ગરમ મુલકમાં જડતી નથી. બંગાલ તથા બીહારમાં જે ભાગોમાં શેરડીનો પાક કરવામાં આવે છે તેને એ બે પ્રકારની જમીનના મધ્યમાં આવેલા ગણી શકીયે. તે પછી રાજમહાલ પર્વતની ટેકરીઓની હાર છોડી આગળ વધીએ તો જમીન બદલાઇ ગયેલી દેખાય છે. એ ભાગમાં શેરડી કરતાં ઘઉંનો પાક વધારે સારી રીતે કરી શકાય છે. એ વિભાગમાં ગંગાનદીનો પ્રદેશ, મધ્ય પ્રાંતો, તથા મુંબઇ ઇલાકાના કેટલાક ભાગો આવેલા છે. જે વિભાગમાં શેરડીના પાકને લાયકની જમીન છે તે વિભાગમાં શેરડીના પાકનો વિસ્તાર ઘણો ઘોડો છે જ્યારે ૯૦ ટકા જેટલો શેરડીનો પાક એ વિભાગમાં આવ્યો છે કે જ્યાં ઘઉંના પાકને લાયકની જમીન વધારે છે. ખાંડનો ઉદ્યોગ આગળ વધારવામાં આથી મુશ્કેલી નડે છે એ ઉભી થવાનાં કારણોની વીગતવાર તપાસમાં ઉતર્યા વગર એટલું કહેવું બસ થશે કે અગાઉ હીંદના દક્ષીણ ભાગમાં ખાંડનો જે બચ રહેતો તે માટે નાળીયેર ખજુર વગેરેમાંથી જે ખાંડ બનાવી શકાય તેટલાથી ગરજ સરતી અને ઉત્તરના મુલકોમાં શેરડીનો પાક વધારે મુખ્ય સ્થાન લેતો. ઉત્તર વિભાગમાં તે માટે ઓછો ખર્ચ થતો અને દક્ષીણ વિભાગમાં જાડી શેરડી ઉગાડવા જતાં ખર્ચ અતીશય વધી જતો એથી દક્ષીણમાં શેરડીનો પાક થતો અટકી પડયો અને ઉત્તરમાં એ પાકનો વિસ્તાર વધ્યો.

(૨) બીજી મુશ્કેલી હીંદમાં ખાંડના ઉદ્યોગે ધ્યાનમા લેવા જેવી એ છે કે તેને ગોળ બનાવવાના ઉદ્યોગ સાથે હરીફાઈ કરવી પડે છે. બીજાં અનાજની માફક ખાંડ ઉપર લોકોનાં જીવનનો આધાર નથી. ગોળ એ ખાંડ કરતાં ઓછી સાફ કરેલી વસ્તુ છે પણ ભોજનની બાબતમાં લોકો તેને વધારે સંતોષથી વાપરે છે. એ ગોળમાંથી ખાંડ બનાવવા જતાં ખરચ વધી જાય છે. હીંદમાં શેરડીનો જે પાક થાય છે. તેનો મોટો ભાગ ગોળ બનાવનારાઓ લઇ જાય છે. દુનયામાં ખાંડનો ભાવ વધે કે ઘટે તેની બહુજ થોડી અસર ગોળના ભાવ ઉપર થાય છે. શેરડીના પાકનો વીસ્તાર વધે એવાં કારણો નીચે પ્રમાણે છેઃ—(૧) લોકોની વસ્તીમાં વધારો. (૨) લોકોની રહેણીકરણીમાં

સુધારો, (-) મોસમની અનુકુળતા અને (૪) એની સાથે વારાફરતી ઉગાડાય એવા પાકના ભાવમાં વધારો. કોઇ પણ અમુક ભાગમાં ગોળ બનાવવાનું વધારે સારૂં પડશે કે ખાંડ બનાવવી વધારે સારી ગણી શકાય તે સવાલનો જવાબ આપતા પહેલા એ મુલકમા ભાવ કેવા રહે છે તે જોવું પડે અને એ રીતની તપાસ દરેક જીલા માટે ખાસ જુદી લેવી પડે એમ છે. વેપારની દૃષ્ટિથી આ વીશે વધારે વિવેચન કરવાની મારી સ્થિતિ નથી પણ એટલું કહ્યા વગર મારાથી રહેવાતું નથી કે આ હરીફાઇ બે સરખી સ્થિતિના પક્ષકારો વચ્ચે નથી પણ નબળા અને જબરા વચ્ચેનું આ યુદ્ધ છે. જેની પાસે શેરડીનો પાક હોય તે ગોળ બનાવી શકે. એમાં પાક બરોબર તૈયાર થયો છે કે હજી કાચો છે એ જોવાની પણ જરૂર રહેતી નથી થાપણ ચાટી જોઇતી નથી અને ઇચ્છામા આવે ત્યારે શરૂ કરાય અને ઇચ્છા થાય ત્યારે છોડી દેવાય એવો એ ધંધાની સ્થિતિ છે. ખાંડ બનાવવાનો ઉદ્યોગ હીતમાં નવો છે એમા મોટી થાપણની જરૂર પડે છે. એને માટે ઘણી સંભાળથી તૈયારીઓ કરવી પડે છે અને ધંધ કરવો હોય તો નાણાં સંબંધી ઘણી ખોટ જાય છે.

(૩) જમીનની અતિશય વહેંચણી એ ત્રીજી અડચણ છે. થોડાક મોટા જમીનદારો કરતા પાસે પાસે આવેલાં નાનાં નાના સંખ્યાબંધ ખેતરોના માલીકો સાથે ગોઠવણ કરવી વધારે મુશ્કેલ પડે એ સમજાય એવી વાત છે અને અનુભવીઓ જણાવે છે કે ખાંડના ઉદ્યોગ સારી રીતે ચલાવવો હોય તો જે જમીનના ભાગો ઉપર તેનો આધાર હોય તે પાસે પાસે આવેલા હોવા જોઇએ અને મોટા પાયા ઉપર એ કામ ઉપાડવું જોઇએ. જગા પાસે પાસે હોય તો ગાડાંનું નુર ઓછું બરચવું પડે અને શેરડી એક ખેતરમાંથી ન લવાય તો બીજું ખેતર પાસે હોય ત્યાંથી લવાય એટલે એ રીતે કારખાનામાં માલની આયાત વધારે વહેલી, નીયમીત રીતે અને અનુકુળ પ્રમાણમાં થઇ શકે શેરડીના પાકવાળા ખેતરો નાનાં હોય અને છુટા છવાયા હોય અને જમીનના હક છોડી શકાય નહીં એવા હોય ત્યાં ખાંડ બનાવવાનું કારખાનું ઉભું કરવામાં ઘણી મુશ્કેલીઓ નડે છે.

(૪) બીજા પાકની હરીફાઇ પણ ખાંડના ઉદ્યોગોને નડે છે. આગળ જતાં એવો વખત આવશે કે જ્યારે બીજા પાક વધારે નફાકારક નીવડે તો શેરડીના પાકમાં ઘટાડો કરે. આ હરીફાઇનું જોર જુદા જુદા ભાગોમાં વધારે ઓછું હોય છે. ચોખા એટલે કે ડાંગરના પાક માટેની ખેતી કરવામાં આવતી હોય ત્યાં જોહેરોમાંથી પાણી મેળવીને કામ લેવું પડે એવા ભાગમા એ હરીફાઇ વિશેષ જોવામા આવે છે.

(અપૂર્ણ)

ઉંચી પોલીસ કરેલા ટેબલ ટોપ ખરીદ કરવા કયા જશો ?

રસાયણી પદાર્થો બનાવવાના ઉદ્યોગો.

આ ઉદ્યોગ વીશે ઇંગ્લંડમાં મેન્ચેસ્ટર આર્ટે સોસાયટી ઑફ કેમીકલ ઇન્ડસ્ત્રીઝ સન્મુખ મી. એચ. એન. મોરીસે વ્યાખ્યાન આપ્યું હતું. રસાયણી પદાર્થો તથા રંગો બનાવનારી ત્યાંની એક પેઢીના વડા તરીકે તે ઘણો જાણીતો માણસ છે એમાં એણે ધ્યાન ખેંચ્યું હતું કેમીકાની આયાત મુખ્યત્વે માત્ર બંગાલમાં થાય છે. એ પ્રાંતમાં કોલસો તથા લોખંડની પેદાશ હોવાથી રસાયણી પદાર્થો બનાવવાના ઉદ્યોગ માટે ત્યાં ઘણું સારૂં ક્ષેત્ર છે. બંગાલમાં અથવા તેની પાસેના ભાગમાં શા માટે મીઠું બનાવવામાં આવતું નથી તે માટે એ વિદ્વાને બંગાલના કેટલાક ભાગની મુલાકાત લીધી તે વેળા તપાસ કરી હતી પણ કોઇ સંતોષકારક કારણ જાણી શકાયું ન હતું. એ ઉદ્યોગ નાના પાયા ઉપર છુટોછુટો ચલાવવાને બદલે જો એક કે બે સ્થળે મોટા પાયાપર એ ઉદ્યોગ ચલાવવામાં આવે તો તેમાંથી કેટલીક આલ્કલી ચીજો (બાઇપ્રોડક્ટસ) મેળવી શકાય. એવી ચીજોનાં દૃષ્ટાંત મેગ્નેશીયમ, પોટાશીયમ બ્રોમાઇડ, અને બ્રોમાઇન છે. ફ્રાન્સની દક્ષીણ ભાગમાં હવાપાણી એટલાં અનુકુળ નથી તો પણ સુર્યની ગરમીથી મીઠાનો મોટો જથ્થો પકાવવામાં આવે છે. તે વેળા આવા આલ્કાલી પદાર્થો પણ જતા રહે નહીં તે માટેની સંભાળ રાખવામાં આવે છે. અને એક જાતનો ક્ષાર બનાવવાનું કામ પણ મોટા પાયાપર ચાલે છે. હીંદમા એવા ક્ષાર બનાવવાના કારખાનાં જાણવા જેવાં નથી પણ જ્યાં મીઠું પકાવાય છે ત્યાં તે એટલું સસ્તુ હોય છે અને એટલા મોટા જથ્થામાં એ પકાવાય છે કે ક્ષાર બનાવવાનો ઉદ્યોગ પણ ત્યા વખત જતાં સ્થાપી શકાય. એને માટે કરવા જેવું એ છે કે છુટે છુટે ઠેકાણે મીઠું પકાવવાને બદલે ગોદીક પણ મોટા વીસ્તારવાળી જગોએ એ કામ થાય એવી ગોઠવણ કરવી જોઇએ. એમ કરવામાં આવે તો મીઠા ઉપરના ઠર તરીકે જે રકમ આપવી પડે છે તેમાં પણ બચાવ થાય અને મીઠા ઉપર આધાર રાખે એવા રસાયણીક પદાર્થો બનાવવાનો ઉદ્યોગ પણ ચાલુ કરી શકાય.

કુદરતી ગળી લડાઇ પછી હરીફાઇમાં ટકી રહે કે નહીં તે વીશે મી. ડબલ્યુ. એ. ડેવીસ અને ડૉકટર હચીન્સનની તપાસને પરીણામે એમ માલમ પડયું હતું કે ખાતર તરીકે સુપર ફૉસ્ફેટનો ઉપયોગ કરવામાં આવે તો ગળી વધારે સારી અને વધારે જથ્થામાં મળી શકે પણ એ સુપર ફૉસ્ફેટ મોટા પાયાપર હીંદમાં હજી બનાવવામાં આવતા નથી અને એ પદાર્થોની આયાત કરવાનું કામ લડાઇ દરમ્યાન મુશ્કેલ થઇ પડયું હતું. એ પદાર્થો હીંદમાં બનાવવા જોઇએ અને એ રીતે ગળીનો ઉદ્યોગ ટકી શકે એમ હોય તો તેને ટકાવવો જોઇએ. વસ્તુને કહેવરાવીને ઉભરો લાવવાની રીતમાં શાસ્ત્રીય પદ્ધતીથી હવે કામ લેવામાં આવે છે અને તેથી ઔદ્યોગીક કાર્યોમાં ઘણો લાભ અને

સુધારો થઈ શકેાય છે હવે ગળીના વેપારમાં એકજ પ્રકારનેા માલ એકસરખેા મળી શકે અને એને લાહી જેવા રૂપમાં વેચાય એવું કરવાની જરૂર છે. મી. મેારીસે એ વીશે ૧૯૧૭ માં કેટલીક તપાસ ચલાવી હતી તેના પરીણામ વીશે વીવેચન કરતાં એણે જણાવ્યું કે જો આટલા સુધારા કરવામાં આવે, અને જો ગળીનેા પાક કરનારા સાથે રહીને કાર્ય કરે તેા કુદરતી ગળી બનાવટી ગળીની સાથે સારી રીતે હરીફાઈ કરી શકે. હીંદી સરકારનેા ખેતીવાડીને લગતેા સલાહકારક મી. બર્નાડ કાંવેન્ટ્રી એમ માને છે કે જો ખેતરની તથા બીયાંની પસંદગી કરવામાં તથા ચેાગ્ય રીતે ખાતર નાંખવામાં પુરતી કાળજીથી કામ કરવામાં આવે તેા કુદરતી ગળી બનાવનારાઓ બનાવટી ગળીના ભાવ ગમે તેટલા ગગડે તેા પણ તેને ઓછા ભાવે માલ વેચી શકે.

ખેતરેા અને કારખાનાઓ.

લેખક—પી. ક્રેાપેાટકીન

ભાષાન્તર કર્તા ધનસુખલાલ કૃષ્ણલાલ મેહતા

(ઓકટેાબર ૧૯૧૮ ના પૃષ્ઠ ૧૫૧ થી ચાલુ)

આ સર્વનું તાત્પર્ય એટલુંજ કે આપણે જે માણીએ બનન્યુઆરીમાં પાકાં ટ્રેાપેરી ઉગાડવાનું કાર્ય કરે છે તેમને બાજુએ મુકીએ અને જે મનુષ્યેા ખુલ્લા મેદાનમાં પેાતાનેા પાક ઉગાડે છે અને છેાડવાની આવ્યાવસ્થામાં માત્ર ફ્રેમેાનેા આશરેા લે છે. તેમનેા દાખલેા લઈએ અને તેમની રીતિનું પૃથક્કરણ કરીએ તેા આપણને એટલું જણાશે કે એ રીતિનેા મુળ ઉદ્દેશ એટલેાજ કે પ્રથમ છેાડવાઓને માટે આવી સારી ફળદ્રુપ અને છીદ્રવાણી જમીન બનાવવી કે જેમાં જરૂરનેાગી organic અને inorganic વસ્તુઓ હેાય; અને તે પછી એ જમીનને અને તેની આસપાસની હવાને ખુલ્લાં મેદાનની હવા કરતા સારી, અને એકસરખી ઉષ્ણતાની સ્થિતિમાં રાખવી. આટલા થેાડા શબ્દેામાંજ આ રીતિ સમાઈ જાય છે. આજ પરિણામ લાવવા માટે ફ્રેંચ લેાકેા જુદાં જુદાં ખાતરેાને આટલી કાળજીથી ભેગાં કરે છે અને એકજ વખતે બધી જાતના ખાતરેામાં કેાહવાટ ઉત્પન્ન થાય એવી યેાજના કરે છે. આ ભેજ વસ્તુઓને માટે-સારી જમીન અને હવાની એકસરખી-ઇચ્છવા ચેાગ્ય સ્થિતિ-તે પેાતાની સર્વ શક્તિઓનેા ઉપયેાગ કરે છે. પણ આજ ઉદ્દેશ બહુ સહેલી રીતે પાર પડી શકે તેમ છે, જમીન હાથવડે સુધરી શકે તેમ છે પણ હાથવડે તેને બનાવીએ નહિ તેા ચાલી શકે તેમ છે. કેાઇ પણ પ્રકારની જમીન, કેાઇપણ પ્રકારના અને પ્રમાણુના મિશ્રણથી સાંચાકામથી બનાવી શકાય તેમ છે. ખાતર આપણે

સાંચાકામથી બનાવીએ છીએ, ફોસફેારાઈટસ phosphorites ને એંજીનથી pulverise થઈ શકેછે અને તેજ પ્રમાણે વાંસજીસના ગ્રેનાઈટમ પણ તૈયાર કરી શકાય તેમ છે; વળી તેજ રીતે જે માગણી હોય તો લોમ ('loam') પણ સાંચા કામથી બનાવી શકીએ તેમ છે.

હમણાં ખાતર બનાવવામા એટલો બધો ઢગો ચાલે છે, અને ખાતર બનાવવાની રીત ફીઝીયોલોજીકલ નથી પણ ગ્સાયણિક છે એમ ધારવામા આવે છે તેથી ખેડુતો આવી જતના હલકી બનાવટના પણ બહારથી ભપકાભર્યા દેખાવના ખાતર વાપરીને પોતાના પાકની ખરાબી કરવાને બદલે પોતાને હાથેજ, બહુજ મહેનત કરીને પોતાને જોઇતું પ્રમાણ ખાતરના મિશ્રણથી બનાવે છે. પરંતુ આ સર્વનું કારણ કુદરતી નથી પણ માત્ર કેટલીક સામાજીક અડચણોને લઇને છે; અને આ અડચણો જ્ઞાનનો અભાવ અને ખરાબ સામાજીક બંધારણને લીધેજ ઉત્પન્ન થાય છે.*

અલબત છોડવાઓ નાના હોય તે વખતે ગરમ જમીન અને હવાની અગત્યતા હમેશ રહેવાનીજ અને સાઠ વર્ષ પહેલાં લીઅૉસ દલાવન્યે આગાહિ કરી હતી કે ખેતીવાડીમાં બીજું પગલું જમીનને ઉષ્ણ બનાવવામાં આવશે તે થશે. પરંતુ ગરમ કરનાર લોઢાંની નળીઓ તેજ કાર્ય કરતા ખાતરો જેવુંજ કામ આપે છે અને તે પણ મનુષ્યોની બહુજ ઓછી શારીરિક મહેનતે. બીજાં પ્રકરણમાં વાંચવામા આવશે તે પ્રમાણે આ રીતિ મોટા વિસ્તારમાં દાખલ થઇ ચુકી છે. આ રીતિના પરિણામે અમુક જમીનના વિસ્તારની ઉત્પાદક સ્થિતિ સો ગણી કરતાં પણ વધારે વધે છે.

હમણ જ્યારે થ્રાપણવાળાઓ આપણી કનેથી તેના મુળ મુલ્ય કરતાં ત્રણ કે ચાર ગણુ દામ લે છે ત્યારે એક ગરમ કરેલ વનસ્પતિ શાળાની એક ચોરસવાર જમીનને માટે આશરે એક પાંઉ ખર્ચાએ છીએ એ દેખીતું છે. પરંતુ ટ્રાંસ્મિથથી આણેલા લાકડાના ટ્રેમોને માટે કેટલા દલાલો લાભ્યો રૂપિયા કમાતા હશે? જે આપણે માત્ર મનુષ્યની મજુરીજ ગણીએ તો આપણે જોઇ શકશું કે યંત્રોને લીધે એક વનસ્પતિ શાળાની ચોરસવાર જમીન એક મનુષ્યની અડધા દિવસની મજુરીનુ કાર્ય છે; કાચની નીચેની એક એકર જમીન ખેડવાને માટે જર્સી અને ગર્નસીમાં સરેરાશ રોજના દશ કલાક કામ કરતાં માત્ર ત્રણ પુરૂષોજ બસ થાય છે. એટલે જે કાચની વનસ્પતિશાળાઓ પ્રથમ મોજશોખના સાધન સરીખેજ ગણાતી હતી તે હવે ખેતીવાડીના એક અંગ તરીકેજ ગણાવા માંડી

* કારમાં અને બેલજીયમમા આ અડચણો ઘણે દરજ્જે દુર કરવાના યત્ન કરવામા આવ્યા છે, કારણ કે ત્યા જાહેર પ્રયોગશાળામા બીજાં અને ખાતરનું પૃથકરણ વિના મૂલ્ય કરી આપવામા આવે છે આ પ્રયોગશાળા દ્વારા, આપણી કલ્પનામા નહિં આવે એટલા બુદાણો બહાર પડી આવ્યા છે, જે ખાતરામા માત્ર ૧-૫ ભાગ જેટલોજ પોષણકારક ભાગ હોય તેવાં ખાતરો પણ જોવામા આવ્યા છે, તેમજ "બાગદાર" કંપનીઓ વરચ્ચી, જે ખાતરોમા પોષણનું તત્વજ નહિ હોય અને ઇજારદાર વસ્તુઓ હોય તેવા ખાતરો પણ આપવામાં આવ્યા છે બીજાઓતો આથી પણ વધારે ઠગો જોવામા આવ્યો છે ૧૯ ટની પ્રયોગશાળામા કરવાક બીજાં તપાસવામા આવ્યા હતા કે જેમા ૨૦ ટકા જેટલા નુકસાનકારક બીજાનો ભેસ કરવામાં આવ્યો હતો અથવા તો ૨૦ ટકા જેટલી રેતી ભેળવામાં આવી હતી અને ૧૦ ટકા જેટલાં ઝેરી બાજના બીજા ફેમરવામાં આવ્યા હતા

છે અને જ્યારે આવીજ કાચની વનસ્પતિ-ગાળાઓ દરેક ખેતરના એક ભાગ તરીકે વપરાશે અને તેમાં જે શાકભાજી ખુલ્લી હવામાં નહિં ઉગી શકે અથવા તો જેમને પહેલાં આવાં સ્થાનમાં ઉગાડવાની જરૂર હોય તેવી શાકભાજી માટે વાપરવામાં આવશે તેવા વખત પણ બહુજ પાસે છે.

સ્વદેશમાંજ ઉગાડવામાં આવતાં ફળફળાદી અને શાકભાજી પરદેશથી આયાત કરવામાં આવતાં અડધી પાકી અવસ્થામાં આવેલાં ફળફળાદી કરતાં વધુ સારાં છે અને કાચના રક્ષણ નીચે ઉગાડવામાં પડતી મેહેનતનો બદલો વસ્તુઓની ઉત્તમતાને લીધે તરતજ વળી રહે છે. મજુરીનો પ્રશ્ન જ્યારે ઉહો થાય છે અને જ્યારે રહાઇન અને સ્વિટઝરલેન્ડમાં દ્રાક્ષની વાડીઓ ઉગાડવામાં અને તેનું રક્ષણ કરવામાં વાપરવામાં આવતી મજુરીનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણને એજ પ્રશ્ન થાય છે કે લંડનના પરામાં એવી વાડી કાચના રક્ષણથી કરીએ તો ઓછી મજુરી થાય કે આવી રીતે રહાઇન કે લેક લેમન આગળ વાડીઓ ઉગાડીએ તેમાં ઓછી થાય ! અને જ્યારે આપણે લંડનમાંના પરામાં ઉગાડવામાં આવતી દ્રાક્ષની કિંમત અને ફ્રાંન્સ અને સ્વિટઝરલેન્ડમાં સપ્ટેમ્બર—ઑકટોબરમાં ઉગાડવામાં આવતી દ્રાક્ષની કિંમતની સરખામણી કરીએ ત્યારે આપણને એમ માનવું પડે છે કે લંડનખાતા અને બ્રસેલ્સમાંના પરામાં ઉગાડવામાં આવતી દ્રાક્ષ સોથી ઓછી મજુરીથી ઉત્પન્ન થઇ શકે છે.

ગમે તેમ કરો પણ આપણે નિરાશ કરનાર દેશોની ઉત્પાદક શક્તિ વિષે બહુ ઉંચો અભિપ્રાય બાંધવો જોઇતો નથી અને આપણે એટલું યાદ રાખવું જોઇએ કે દક્ષિણ યુરપના દ્રાક્ષ ઉગાડનાર પોતે હલકી જાતનો પીકે નામનો દારૂ પીએ છે, એશિયામાંથી આણેલ ગેરાંમાંથી બનાવેલ દારૂથી મારસેલ્સના લોકો પોતાની તરસ મટાડે છે અને જે નૉરમંડિના લોકો સફરજન લંડન મોકલે છે તેજ લોકો તેમાંથી બનાવેલ ઉત્તમ સાઈડર માત્ર વારતહેવારેજ પીએ છે. આ પ્રમાણેની વસ્તુસ્થિતિ લાંબો કાળ ટકે તેમ નથી; અને જે વખતે જે ઘણી વસ્તુઓ આપણે હાલમાં આયાત કરીએ છીએ તેજ વસ્તુઓ માટે આપણે આપણા પોતાના દેશનીજ ઉત્પાદકશક્તિ ઉપર આધાર રાખવો પડશે તે વખત હવે બહુ દુર નથી અને તેથી આપણને નુકશાન થવાનું નથી. આપણી ઉત્પાદકશક્તિ વધારવામાં અને નવી નવી શોધો કરવામાં રસાયનશાસ્ત્રના સાધનો અખુટ છે. અને એક જાતની શોધ બીજી ઘણી શોધોને જન્મ આપે છે અને આથી કુદરતની શક્તિઓ ઉપર મનુષ્યની શક્તિ વધારેને વધારે પ્રાધાન્ય મેળવતી જાય છે.

જો આપણે બધી વસ્તુઓનો વિચાર કરીએ; બગીચાઓમાંની ખેતીવાડીમાં જે હમણાં હમણાં વિકાસ થયો છે અને તે વિકાસ ખેતરોમાં પણ કામમાં લગાડવાની જે વલણ દેખાય છે તેનો ખ્યાલ કરીએ; જે પ્રયોગો આપણે ખેતીવાડીના ઉત્કર્ષ માટે કરીએ છીએ અને જે આજે પ્રયોગો છે તે કાલે સાધારણ રીત થઇ જશે તે વિશે

તર્ક કરીએ અને રસાયનશાસ્ત્રે જે સાધનો આપણે માટે તૈયાર રાખ્યાં છે તે વિશે મનન કરીએ તો આપણને કહ્યા વિના ચાલવાનું નથી કે " આ વખતે અમુક વિસ્તારની જમીનમાંથી સૌથી વધારેમા વધારે કેટલાં મનુષ્યો પોતાનું ઉદરપોષણ કરી શકશે તેની આગાહિ કરવી એ કેવળ અશક્ય છે." અથવા તો 'તેજ ઉપર કેટલી જુદી જુદી જાતની વનસ્પતિઓ આપણે ઉગાડી શકશું' એ કેહેવું બહુજ મુશ-કેલ છે." દરેક દિવસે આગળની મર્યાદા વધતી જાય છે અને નવા નવા વિશાળ વાતા. વરણ આપણી દૃષ્ટિ સન્મુખ ઉઘડતાં જાય છે. હમણાં માત્ર આપણે આટલું તો કહી શકીએ કે હમણાં પણ એક ચોરસ માઇલના વિસ્તા-રની જમીનથી ૬૦૦ માણસો પોતાનું ઉદર પોષણ કરી શકે તેમ છે અને ૧૦૦૦ માણસો-આળસુ માણસો નહિં—૧૦૦૦ એકર જેમીન વડે કરીને, બહુ મહેનત કર્યા વિના તેજ જમી-નમાથી ઉત્તમ વનસ્પતિ અને જનાવરોને માટેનો ખોરાક તેમજ કપડાંને માટે શણ, ઉન, રેશમ તેમજ ચામડાં મેળવી શકે. આથી પણ ઉત્તમ ખેતીવાડીની રીતિ—જેને હમણા પણ પ્રયોગ થાય છે. પણ ઝાઝા વિસ્તારમાં નહિં—જ્યારે અમલમાં મુકાશે ત્યારે શું પરિણામ આવશે તેનું કાંઇ પણ અનુમાન બાંધી શકાય તેમ નથી કારણ કે ખેતીવાડીની કળા એટલી બધી વિકાસ પામી છે અને પામતી જાય છે.

આ પ્રમાણે આપણે જોઇ શકીએ છીએ કે વસ્તી વધી જવાનાં જોખમો આપણે ધારીને પૃથક્કરણ કરવા માંડીએ તો પહેલેજ સપાટે જમીનદોસ્ત થઇ જાય છે જે માણસો એમ ધારે છે કે માણસો માત્ર આ જગતની જડ દોલતના ઉપભોગ કરનાર છે અને તેમાં વધારો કરનાર નથી તેજ માણસો આ દેશમાં દર ૧૦૦૦ સેકન્ડે એક માણસનો વધારો થાય છે એ આંકડાથી ભયભીત થઇ જાય છે. પરંતુ આપણા જેવા માણસો જે એમ ધારે છે કે દરેક નવો જન્મ લેનાર મનુષ્ય એક ખરો કામ કરનાર છે અને પોતાના હિસ્સાના પ્રમાણ કરતા પણ વધારે ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવે છે તે માણસો તો એના જન્મને આનં-દથી વધાવી લે છે.

એક માણસ પોતાની મજુરીની ઉત્પાદક શક્તી વધારવા માટે યત્ન કરે તે માટે માણસની ઝાઝી વસતિ એ એક મુળ જરૂરીયાતની વસ્તુ છે તે આપણે જાણીએ છીએ. સૌથી વધારે ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવનાર મજુરી, જ્યાંસુધી માણસો થોડાં થોડાં હોય અને વિખરાયલાં રહેતાં હોય ત્યાં સુધી, અશક્ત છે એ વાત આપણે જાણીએ છીએ. અસલના વખતના હળથી જમીન ખેડતા કેટલી મજુરી વાપરવી પડે છે અને હાથેથી વણતાં અને કાંતતાં કેટલી મહેનત પડે છે તે આપણે જાણીએ છીએ અને તેટલોજ ખોરાક અને તેટલાંજ કપડાં હાલના સંચાકામથી કેટલી ઓછી મજુરી અને મહે-નતથી ઉત્પન્ન થઇ શકે છે તે પણ આપણે જાણીએ છીએ.

વળી, એક એકર જમીન ઉપર ૨,૦૦,૦૦૦ શેર ખોરાક ઉત્પન્ન કરવો-એ તેટલોજ ખોરાક દશ એકર જમીન ઉપર ઉત્પન્ન કરવા કરતાં બહુજ સહેલું છે તે આપણે જોઇએ છીએ. રશિયામાં ઘઉં પોતાની મેળે ઉગે છે એમ ધારવું એ બહુ ખારી વાત છે, પરતુ જે માણસોએ ત્યાંની જમીનમાં કામ કરતાં મજુરોની સ્થિતિ જોઇ છે તેમને માત્ર એકજ વિચાર આવે છે; તે એ કે વસતિ વધે અને તે માટા પ્રમાણમાં વધે તો સાંચાકામ વાપરી શકાય અને નવામાં નવી ઢબની ખેતીવાડી અમલમાં મુકી શકાય; અને જે માણસો હુમણા જનાવર માફક કામ કરે છે તેમને જરા વિશ્રાંતિ મળે અને તેઓ માણસોની હારમાં આવી શકે.

(અપૂર્ણ)

ગ્રીસ સાથેનો હીંદનો વેપાર

ગ્રીસ સાથેના હીંદના વેપાર વીશે લંડન ખાતેનો ઇંડીયન ટ્રેડ કમીશનર મી. ડી. ટી. ચાડવીક જણાવે છે કે હીંદમાં કાપડ સુતરની મીલોમાં જે માલ બને છે તેમાં દર વરસે ચોટો ચોટો પણ સુધારો થતો જાય છે અને તેને પરીણામે પરદેશમા હીંદી માલ અગાઉ કરતાં વધારે ખપવા લાગ્યો છે. ગ્રીસ તરફના ગોમાં હીંદી સુતર અગાઉ ઘણુ હલકા ૧૭ બાર નંબરનું ખપતું હતું. જ્યારે જ્યારથી ચઉદ નંબરનું સુતર ઇટલીથી અને તે કરતાં વધારે ચઢતા નંબરનું સુતર ઇંગ્લંડથી ત્યાં જતું હતું. એનું કારણ એમ જણાવવામાં આવતું હતું કે ચઢતા ન બરના હીંદી સુતરમાં ટકાઉપણું ઓછું રહેતું. હવે માલ વધારે સારો બનતો હોવાથી વીસ નંબર સુધીનું હીંદી સુતર ત્યાં વેચાશે એમ આશા રાખવામાં આવે છે. બાલ્કનના મુલકોમાં જે માલ મોકલવામાં આવે છે તેમાં દસ રતલના વજનનાં હોય છે તેને કાર્ડબોર્ડ વીંટાળી તેના ઉપર કાગળ ચોટાડી તે ઉપર નંબર વગેરેની છાપ મારીને મોકલવામાં આવે છે. કુપ નામથી ઓળખાતી જાતનું ખાસ સખત ટવીસ્ટ સુતર પણ ગ્રીસમાં ઘણું વેચાયું છે. ધોએલું અને રંગેલું સુતર પણ ત્યાં મોટા જથ્થામાં આયાત થયું છે. તેમાં મુખ્ય રંગો લુદરા તથા લાલ છે. હીંદમાં બનેલું કાપડ ગ્રીસ જતું નથી. ચાદરો કેલિકોટ વગેરે જાતનો માલ ત્યાં મોકલવામા આવે તો ઘણી સહેલાઇથી વેચી શકાય. હલકા પ્રકારના કાપડ માટે બાલ્કનના સર્વે પ્રાતોમાં અત્યારે ઘણું સારૂં બજાર છે કેમકે ત્યાં કાપડની અછત છે. કેલિકોટ તથા ટીકલોથ બનાવટી ત્યા જવા માંડયું છે અને તેને માટે સારો અભિપ્રાય બંધાયો છે. સુતર બનાવતી વેળા જે વેસ્ટ પડે તેને માટે પુછપરછ ઘણી છે. જેમને, એ બજારમાં ઘરાકી મેળવવી હોય તેમણે દરેક જાતના માલના નમુના મોકલવા પડશે.

વનસ્પતીમાથી બનાવેલા તેલ, જેવાં કે બળસીનુ તેલ, દીવેલ, વગેરે મોટા જથ્થામાં ગ્રીસ આયાત કરે છે. દીવેલ દવા માટે તથા કેટલાક ઉદ્યોગો માટે તેઓ મંગાવે છે અને બીજી કેટલીક જાતનાં તેલમાંથી સાબુ બનાવે છે. એવી ચીજો માટે ગ્રીસમાં ઉહાવ સારો છે—

દીવાળીના માટે ફ્રેન્ચી ટાઇલ્સની છલ્લી ડીઝાઇનો જોઇએ છે ?

તેલના બીયા માટે બાલ્કનના મુલકોમાં હાલ બહુ પુછપરછ નથી ઠારણ કે તેમાંથી તેલ કાઢવાનો ઉદ્યોગ એ મુલકોમાં હજી શરૂઆતની સ્થીતીમાં છે. મશાલામા મરીની આયાત ઘણી થાય છે. એને માટે તેમજ મશાલાની બીજી બધી જાત માટે પુછપરછ ઘણી છે. ઠાણી હીંદુસ્તાનથી ગ્રીસ ખાતે મુદ્દલ જતી નથી. બાલીલથી ત્યા જે ઠાણી જાય છે તેજ ત્યા વપરાય છે. હીંદની કાણીનો થોડોક જથ્થો ગ્રીસની સરકારે કેટલાક વખત ઉપર મગાવ્યો હતો. પણ ત્યાના લોકોને તે માલ પસંદ પડયો નહી. ચા હીંદથી તેમજ સીલોનથી મોટા જથ્થામા જાય છે અને બાલ્કનના મુલકોમાં ખપે છે ઘણું ગ્રીસમા અત્યારે વપરાય છે. તે સઘળા હીંદથી ત્યાં ગયેલાજ છે પણ એ આયાત કરવાનો તથા લોકોને પુરો પાડવાનો ધંધો ત્યાંની સરકારના હાથમાં છે. એ સીવાય કેટલીક જાતનો હીંદી માલ જેવો કે હેસ્શન કલોથ અને કોથળા બાલ્કન મુલકોમા ઘણો ખપે છે તેનુ વજન અથવા પનો વધારે કે ઓછો હોય નો તે માટે ઠાંઈ મુશ્કેલી પડની નથી વળી ખનીજ તેલ પણ મોટા જથ્થામાં આયાત કરવામાં આવે છે હાલમાં એના ભાવ સારા છે પણ સ્ટીમરોની આવજા વધારે છુટથી થવા લાગે તે વેળા નુર વગેરે બધાનો સરવાળો ગણતા હીંદી માલ ને અમેરીકન ખનીજ તેલ સાથે હરીફાઈમા વધારે સસ્તુ પડશે તોજ એનો વેપાર બાલ્કનના મુલકો સાથે ચાલુ રહેશે. કાચા ચામડા મોટા જથ્થામાં આયાત કરવામા આવે છે અને પછી ત્યા તે કેળવાય છે. લડાઈ અગાઉ હીંદથી ત્યાં જતો માલ મુખ્ય કરીને ઑસ્ત્રીયન લોઈડ કંપનીની સ્ટીમરોમા ત્રીએસ્ટ જતો અને ત્યાંથી એજ કંપનીની બીજી સ્ટીમરોમા ગ્રીસના તથા તેની આસપાસના બંદરોએ લઇ જવામા આવતો. એમ થવાથી હીલ બહુ થતી અને ખરચ પણ ઘણો વધારે પડતો જેથી હીંદ સાથેનો વેપાર ખીલવવામા મૂશ્કેલી પડતી પણ હવે પછી પોર્ટસેડના બંદરેથીજ બીજી સ્ટીમરમા માલ ચઢાવવાની ગોઠવણ કરવામાં આવશે એવી આશા રાખવામા આવે છે

(બાઇસોર ઇકોનોમીક જનલ)

અધિપતિની નોંધ.

૨. હુંડીનો પ્રધાનની હુંડીના ભાવમાં થયેલા ફેરફાર વીશે વેળાસર માહીતી નહીં મેળવવાને લીધે કસ્ટમ્સ ખાતાંએ ઠરેલી ભુલને લીધે ઉપસ્થીત થયેલો "વેપારી પત્રવ્યવહાર" આ અંકમાં આપ્યો છે તે ઉપરથી જોઇ શકાશે કે કસ્ટમ્સ ખાતાંને હુંડીના ભાવના ફેરફાર વીશેની ખબર મળવામાં ઢીલ થઇ હતી. એવીજ પ્રકાર પોસ્ટ ખાતાંમાં પણ બન્યો હતો જે વીશે "ટાઇમ્સ ઓફ ઇંડીયા" પત્રના તા. ૧૬-૮-૧૯ ના અંકમાં અગ્ર નોંધમાં નીચે પ્રમાણે વીવેચન કરવામાં આવેલું છે:—

What is this we hear about the Post Office? It is becoming the prince of profiteers, for it is continuing to remit money to England by money order at the rate of 1s. 8d. though the rate of exchange was raised to 1s. 10d. a week ago. The explanation given at the General Post Office in Bombay is that no official announcement of the change has yet reached it, and if that is the correct explanation the Government of India should lose no time in ascertaining what steps it should take against the official who is thus slow to get to work.

Who said Profiteer?

ઉપરનાં લખાણનો ભાવાર્થ નીચે પ્રમાણે છે:—

પોસ્ટ ઑફીસ વીશે આપણે આ શું સાંભળીયે છીયે? એ અયોગ્ય નફો ખાનારાઓમાં અગ્રણી થઇ છે કે? ઇંગ્લંડ નાણાં મોકલવા માટે ... કરવામાં આવ્યો તેને એક અઠવાડીયું થઇ ગયું તોપણ હજી પોસ્ટ ઑફીસ તો એક શીલીંગ આઠ પેન્સ લેખે નાણાં લે છે. જનરલ પોસ્ટ ઑફીસ મુંબઇ, જણાવે છે કે અમને સત્તાવાર રીતે કાંઇપણ ખબર મળી નથી. જો એમ ખરેખર હોય તો પોતાના કામને લગતી બાહીતી વેળાસર મેળવવામાં આપણો ઘીમો જે અમલદાર હોય તેના સંબંધમાં કેમ કામ લેવું તેનો હવે વખત ખોવા વગર હીંદી સરકારે વીચાર કરવો જોઇએ.

૨. પૂર્વ આફ્રીકાનો વેપાર ઘણો ભાગે હીંદીઓના હાથમાં છે અને તેને ઘણો વધારી શકાય તેમ છે તે પોતાના કાણુમાં લે એવી. કંપની સરકારી સહાયતાથી કાઢવા વીશે મેજર મેકેરેની સુચના વીશે આ ચેમ્બરે સરકારને મોકલેલી અરજી આ માસીકના ગયા અંકમાં છાપી છે. આ વેળા જંગબાર ખાતેની ઇન્ડીયન નેશનલ એસોસીએશનના આ. સેક્રેટરી ભી. ભીહારીલાલ એન. અનંતાણીનો પત્ર ૧૧૩ મે પાને છાપ્યો છે તે વીશે વાંચનારનું ધ્યાન ખેંચવામાં આવે છે.

૩. હીંદી પ્રધાનની હુંડીના ભાવમાં વધઘટ થાય તેમાં બીજા દેશો સાથે હીંદને વેપારને અંગે પ્રાપ્ત થયેલું લેલું કે દેવું જે હોય તેની અસર હમેશાં મુખ્ય હોય છે અને એ બાબતમાં જાણવા જેવું છે કે અમેરીકાનાં યુનાઇટેડ સ્ટેટસ તથા ચીન અને જાપાનથી હીંદ બાતે થયેલા આયાત તથા હીંદથી તે દેશો બાતે પ્રૉયલી નીકાશ ૧૯૧૬-૧૭ માં નીચે પ્રમાણે હતી:—

	આયાત.	નીકાશ.
યુનાઇટેડ સ્ટેટસ	પાઉંડ ૭૩ લાખ.	૨૦૭ લાખ.
ચીન ...	,, ૧૧ ,,	૩૯ ,,
હોંગકોંગ ...	,, ૭ ,,	૨૮ ,,
જાપાન ...	,, ૮૮ ,,	૧૭૬ ,,

ખેતીવાડીને લગતા ૧૯૧૬—૧૭ના વરસ માટેના આંકડાનું પુસ્તક હમણાં સરકારે બહાર પાડયું છે તે ઉપરથી જણાય છે કે એ વરસમાં ખેડવામાં આવેલી જમીનનો વીસ્તાર અને ખેડવા લાયક હોવા છતાં ખેડાયલી નહી એવી જમીનનો વીસ્તાર નીચે જણાવ્યા પ્રમાણે હતો:—

		હજાર એકર		
		ખેડવા લાયક પણ ન ખેડાયલી જમીન.	પડતર રાખેલી જમીન.	ખેડવામાં આવેલી જમીન.
અમદાવાદ	જીલ્લો ...	૧૫૩	૩૯૭	૧૪૧૫
ખેડા	,, ...	૪૫	૩૯	૮૦૦
પંચમહાલ	,, ...	૮૬	૮૮	૫૩૩
ભરૂચ	,, ...	૨૮	૩૨	૬૨૬
સુરત	,, ...	૬૩	૨૬	૭૪૮
પુર્વ આનદેશ	,, ...	૬૭	૭૫	૧૬૮૪
પશ્ચીમ	,, ...	૧૬૩	૧૪૦	૧૬૧૨
નાશીક	,, ...	૭૪	૩૫૨	૨૧૨૬
અહમદનગર	,, ...	૪૨	૪૨૨	૨૭૬૦
પુના	,, ...	૫	૫૨૧	૨૦૫૪
શોલાપુર	,, ...	૧૩	૩૬૪	૨૧૬૩
સતારા	,, ...	૩૪	૩૬૦	૧૬૩૪
બેલગામ	,, ...	૭૨	૪૦૫	૧૭૮૮
બીજાપુર	,, ...	૪૬	૩૨૪	૨૬૦૬
ધારવાડ	,, ...	૪૪	૨૦૩	૨૨૧૩
થાણા	,, ...	૪૮	૪૬૩	૫૮૦
કોલાબા	,, ...	૨૧	૪૦૩	૩૬૬
રત્નાગીરી	,, ...	૧૪૦	૧૧૦૪	૭૨૬
કાનરા	,, ...	૪૦	૮૫	૨૫૫
કુલ મુંબઇ	ઇલાકો ...	૧૨૨૫	૫૮૪૦	૨૭૪૭૦
સીંધ	પ્રાંત ...	૫૬૧૨	૪૬૪૫	૪૬૨૨
મદ્રાસ	,, ...	૧૧૪૫૮	૮૪૬૬	૩૪૩૧૭
બંગાલ	,, ...	૪૬૪૬	૫૫૦૦	૨૪૭૫૩
આસા	,, ...	૭૨૮૬	૧૬૪૨	૨૭૩૬૪
બીહાર	,, ...	૬૬૬૫	૪૮૦૪	૨૫૮૬૦
પંજાબ	,, ...	૧૬૧૪૮	૨૨૬૬	૨૬૬૩૮
મધ્ય	પ્રાંતો ...	૧૩૨૨૮	૨૪૦૦	૧૮૩૭૧
બ્રીટીશ હીંદમાં	કુલ	૧૧૨૩૦૮	૪૫૭૬૨	૨૨૬૭૦૮

" કરોળીઆ "

આ ભાષાન્તર સ્તુત્ય છે અને ઉમદા છે. વિજ્ઞાનની પરિભાષાના શબ્દો આપના ગુજરાતી સાહિત્યમા બહુ ઓછા છે અને વૈજ્ઞાનિક સાહિત્ય બહુ ફેલાવાયું નથી તોપણ મી. ભાનુસુખરામ નિર્ભુલરામ મેહેતાએ અંગ્રેજી પારિભાષિક શબ્દોનો ગુજરાતી અનુવાદ ઠીક કર્યો છે વૈજ્ઞાનિક પુસ્તકોનું ભાષાન્તર કરવું એ બહુ કઠિન છે અને એ કઠિણ કામ મી. ભાનુસુખરામે ઠીક સાધ્યું છે અને એ સ્તુતિપાત્ર છે. એ પુસ્તકમાં કરોળીઆની બાબતની માહિતી સારી છે. એનું જીવનનું અવલોકન બહુ બારીક છે અને જુદી જુદી તરેહવાર કરોળીઆના વિભાગ પાડી તેઓપર ખાસ પ્રકરણ રચ્યાં છે. કરોળીઆની જાળ કેમ બને છે તે પણ ઠીક દર્શાવ્યું છે. અમારા ધારવા પ્રમાણે આ પુસ્તક સારૂં છે અને એવા વૈજ્ઞાનિક પુસ્તકોના ભાષાન્તર તથા મૂળ ગ્રન્થોથી આપનું સાહિત્ય શોભાવવાની જરૂર છે.

જ. ગો. દ.

" ગિરધર. "

મી. જ્યોજ્જ્યોસેફ્સ. ટ્યાણ્ણીજી ચોટીએ આ જીવન ચરિત્ર લખી ગુજરાતી સાહિત્યની સેવા ઠીક બજાવી છે, આપના સાહિત્યનો જાણવા જેવો ઇતિહાસ પણ નથી અને સાહિત્ય મુગટમણી કવિઓના જીવન ચરિત્રોનો પણ ઘણો અભાવ છે, આમ તેમ કેટલાંક જીવન ચરિત્રો આલેખવાને પ્રયત્ન થયા છે, અને કવિનાં પુસ્તકો પ્રગટ કરતી વેળા તે પુસ્તકની પ્રસ્તાવનામા કંઇક જીવન આલેખવામા આવે છે પરંતુ કવિનાં જીવનચરિત્રના સ્વતંત્ર પુસ્તકોનો ગુજરાતી સાહિત્યમાં કંઇક અભાવ તો જેમ આ ઉપરોકત પુસ્તકમાં મી મોદીએ કવિના જીવનની માહિતી મેલવવામાં ઠીક પ્રયત્ન કીધો છે, અને સામગ્રી પણ ઠીક ભેગી કીધી હોય તેમ લાગે છે. કવિનું ભક્તિ પૂર્ણ હૃદય હતું એ બહુ સારી રીતે વર્ણવ્યું છે અને કવિનાં અવસાન સમયનો ચિતાર તેવો આબેહૂબ ચિતર્યો છે કે વાંચનારના મન ઉપર પણ અસર થયા વગર રહે નહિ.

કવિ ગિરધરની કવિતાની સમાલોચના પણ સારી કરી છે અને ગુજરાતી સાહિત્ય પર કાણુ એ સમાલોચનમાં મી " મોદી સારી રીતે દર્શાવે છે. કવિની કવિતા "ડોશી સુઘડ ચતુર, મરમાળી, અને વિલાસવતી નગરનારીમાં ગણાવાનો પ્રયત્ન કરવા જતી સરળ સ્વભાવની, ઠાવકી, ડાહી, મીઠ્ઠી બોલી, પવિત્ર હૃદયની, પણ શહેરના વસ્ત્રોટમા ન આવેલી સૌંદર્યવતી ગ્રામ્યનારીના જેવી છે, " આ રૂપક મી. મોદીએ બહુ યોગ્ય આપ્યુ છે. દયારામની કવિતા જે સુઘડ ચતુર મરમાળી અને વિલાસવતી નગરનારી છે તેનું અનુકરણ કરવા જતા ઘણી વખત ગિરધરની કવિતા બહુ ઠાવકી બની જ્ઞાનમાં ઉતરી જાય છે અને તેથી દયારામની માર્મિકતા અંદર આવી શકતી નથી.

મી. મોદીએ ઉદાહરણો આપી કવિતા ઉપર દયારામ, પ્રેમાનંદ બાદિના જે સંસ્કારો પડયા છે તે પણ બતાવ્યા છે અને તે કવિઓની સાથેનાની તુલના કરવામા મી. મોદીનું જ્ઞાન સાહિત્યનું ઘણું સારૂ છે એમ બતાવી આપે છે. આ પુસ્તક સાહિત્યના ઉપાસકને બહુ ઉપયોગ અને કવિના જીવનની કંઇક માહિતી આપનારૂ છે અને કવિની કૃતિ સાથે સારો પરિચય કરાવે છે.

જ. ગો. દ.

કરનીચરના માટે ફ્રેન્સી ટા મોટા જથ્થો કયાં છે ?

વેપારી પત્રવ્યવહાર.

પૂર્વ આફ્રિકા સાથેના વેપાર વિષે.

મુંબઇ ૨૨ મી ઑગસ્ટ ૧૯૧૯.

મહેરબાન સેક્રેટરી

શ્રી ઇન્ડીઅન મરચંટસ ચેમ્બર અને બુરો

મુંબઇ.

સાહેબ,

થોડા વખત આસાયેશ લેાગવવાના હેતુથી મારા લાભા વસવાટ બાદ પુર્વ આફ્રીકા-માંથી હું હાલજ આંહી આવ્યેા છું. માતૃભુ-મિની હાલની જરૂરીઆતેા પર વિચાર કરતાં સદરહુ આસાયેશનેા સમય સરસમાં સરસ રીતે લેાગવવાનેા ઉત્તમ માર્ગ હું માનું છું તે પ્રમાણે એ થશે કે હીંદુસ્તાનના વ્યાપારનાં આ મુખ્ય નગર મુંબાઇમાં આસ કરીને જાતે ચેાગ્ય સંસ્થાઓ અને ગૃહસ્થેાની મુલાકાતેા લઇને, મળી શકે તેટલું સાહિત્ય આપણા હિન્દી પ્રેસમાં પ્રસિધ્ધ કરીને, અને જરૂર પડે તેા જાહેર વ્યાખ્યાનેા આપીને, પુર્વ આફ્રિકાના (હાલે આપણા શાહી સરકારના સત્તા નીચેના અગાઉના કહેવાતા જર્મન પુર્વ આફ્રીકા સહીત) વિશાળ મુલકમાં હિન્દી વ્યાપાર અને ઉદ્યોગેાની શકયતા અને આપણા હિન્દી યુવકેા માટેની શકયતા વીશે ખરાં જ્ઞાનનેા પ્રસાર જેમ બને તેમ જલ્દીથી અને જેટલેા બને તેટલેા કરવેા.

કદાચ આપ જાણતા હશેા કે ભારત વર્ષ માટેના મહાન વિચારકેા જેવા કે મરહુમ ઓનરેબલ મિ. ગેાખલે, નામદાર આગાખાન સાહેબ, અને સર શીંગેાઠાર મેારીસને માત્ર હિંદુસ્તાનનાંજ સરસ હિત માટે નહિ પરંતુ આખી શહેનશાહતનાં ભલાં અર્થે આપણી શાહી સરકારને માત્ર હિન્દી વસવાટ માટેજ પુર્વ આફ્રિકાના તે વિભાગને ઇલાયદેા રાખવાની સલાહ આપવાનું ચેાગ્ય વિચાર્યું છે છતાં પણ ઘણી દિલગીરીની બાબત છે કે સ્થાનીક જરૂરીયાતેાના ઘણાં ગંભીર દબાણને લઇને પણ આ ભારે ઉપયેાગી વિચારને સંપૂર્ણ ટેકેા હિન્દુસ્તાનમાં મળેલ નથી પરંતુ હવે આ વિષય પર થેાડેા સમય રેાકવાને માટે ખરેા સમય આવી લાગ્યેા છે કારણ કે તે ઉપર ત્યાંના આપણા વ્યાપાર ઉદ્યોગનેા અને હિન્દી યુવકેાને માટે એક ક્ષેત્ર મેળવવાનેા આધાર છે એટલુંજ નહિ પરંતુ ઘણી સદીઓ. અગાઉ આપણા જે દેશ બાંધવેા ત્યાં વસાહત કરી રહ્યા છે તેમને માટેની ભયંકર કટાકટીના સમયને દુર કરવાનેા આધાર પણ તે પરજ છે.

તે દેશમાં વ્યાપાર અને ખેતીની સ્થા-પનાની શકયતા માટેની તપાસ કરવા માટે વ્યાપાર ઉદ્યોગ પર ધ્યાન રાખનારી સંસ્થા-ઓના પ્રતિનિધીઓ તરીકે દક્ષીણ આફ્રીકા અને બીજા દેશેામાંથી ઘણાં એક બીજાનેાએ

પોતાનું કામ કયારનુંએ પુરૂં કર્યું છે અને તેને પરીણામે સારી રીતે રથપાયેલી વ્યાપારી એજન્ડીકેટોએ ત્યાં આવવાનું શરૂ કરી દીધું છે. માત્ર હિંદુસ્તાનજ એવો મુલક છે કે જેનો વેપાર આ દિશામાં હજુ જીવવાળો જણાતો નથી.

કેટલાંક કારણો માટે પુર્વ આફ્રીકામાંના ઉદ્યોગની ચોકસ શાખાને આર્થીક વિષયમાં પોષણ માટે મુંબઇમાં હાલ એકાદ જોઇન્ટ સ્ટોટ પેઢીના પ્રોસ્પેકટસની જાહેરાત થઇ છે તે પર ધ્યાન પુગાડવા હું માગતો નથી. તેવીજ દરખાસ્ત મેજર મેકેન્ઝી નામના એક ગૃહસ્થ તરફથી થઇ છે તે સામે સમયસરનો અને બહાદુર ટકાવ મુંબઇની વ્યાપારી ચેમ્બરે કરેલ છે તેની પણ સર્વને માહીતી છે. માટે લાગતા વળગતાઓના તાત્કાલીક અને આતુર વિચાર માટે હું નીચેની થોડી સુચનાઓ રજુ કરવાની હિંમત કરૂં છું.

૧. શા માટે પુર્વ આફ્રિકા ખસુસ કરી એક હિન્દી સંસ્થાન બનવું જોઇએ તે માટેનાં સંગીત કારણોને સારી રીતે સર્વત્ર જાણીતાં કરવાની જરૂરીયાત તરફ લક્ષ આપવું.

૨. ઉપર જણાવ્યા પ્રમાણેના આયાત નીકાશ અને ખેતી સહીતના સ્થાનિક વ્યાપારની ત્યાંની પ્રચલીત સ્થિતી અને ભાવી શકયતાઓ પર તપાસ કરવા અને તે પર રીપોર્ટ કરવા માટે મીલમાલેકો અને બીજી વ્યાપારી સંસ્થાઓએ જોઇતાં સાધનો સહીત પોતાના પ્રતિનીધીઓને ત્યાં મોકલવાની જરૂરીયાત પર લક્ષ આપવું,

૩. ભણેલા હિન્દી યુવાનોનું હાલતુ ગીચોગીચ પણું અને પરીણામે તેમના માનસીક ક્ષેત્રની થતી ક્ષીણતા દુર કરવાના હેતુથી તેમના માટેનાં આ નૈસર્ગિક ભારામાં જેઓ પોતાનાં જીવનને સ્થાપવા ઇચ્છતા હોય તેવા હિન્દી ભણેલા યુવાનોને તે માર્ગમાં જોઇતી દરેક પ્રકારની મદદ અને જરૂર પડે તો લોનો અને ગાન્ટો આપી આર્થીક મદદ પણ આપવાના અસરકારક ઉપાયો યોજવા.

૪. માત્ર હિન્દીઓ તરફથીજ પોષાયેલા અને હિન્દીઓનાજ કાબુમાં ખાસ કરી તે મુલકમાં હિન્દી વ્યાપારને લોકપ્રીય કરવાનાજ મુખ્ય હેતુસર એક કેન્દ્રીક હિન્દી જોઇન્ટ સ્ટોક સંસ્થા સ્થાપવી. વસ્તુતઃ તે સંસ્થા એક એવી મહાન ખડી થવી જોઇએ કે તે માર્ગે છેક હિન્દી એન્ડીંગ હિન્દી બીભા ખાતાં અને હિન્દી નૌકા ખાતાથી કરીને હિન્દી વ્યાપારના હલકામાં હલકી શાખા પુર્વ આફ્રિકામાં વહન કરે.

જ્યારે મુંબાઇમાં કોઇપણ સંસ્થાને જરૂર પડે ત્યારે અનેકાં મારી સેવા તેમના માટે તથા જે મે ઉપર કહયું છે તેની વધુ સમજણ માટે પણ સદા તયાર છે.

હું કહું છું, સાહેબ

તમારો વિશ્વાસુ.

બિહારીલાલ એન. અનંતાણી.

દીવાલના માટે ફેન્સી ટાઇલ્સની છેલ્લી ડીઝાઇનો જોયો કે?

ઇંગ્લંડની હુંડીના દર વીશે.

કસ્ટમ ખાતા તરફથી આયાત માલ ઉપર લેવામાં આવતી જકાત સંબંધી મી૦ લક્ષ્મીદાસ રવજી તેરસી અને કસ્ટમ કલેક્ટર વચ્ચે ચાલેલો પત્રવહેવાર નીચે મુજબ હતોઃ-

મુંબઇ, તા૦ ૨૭ મી મે.

પ્રીન્સેસ અને વીકટોરીયા ડોકના મદદનીશ કલેક્ટર જોગ.

સાહેબ,

જે વેપારીઓ અમારી મારફત આયાત વેપાર ચલાવે છે તેમની તરફથી અમને એવી ખબર આપવામાં આવી છે કે, જોકે સરકારે વટાવનો દર ૧ શી૦ ૮ પે૦ ઠરાવેલો હોવા છતાં હજુ જકાત ૧ શી૦ ૬ પે૦ ની ડીમતને હીસાબે લેવાય છે. આ રીતે તેમને વધારે જકાત ભરવી પડે છે. આ બાબતમાં તપાસ કરવાની મહેરબાની કરશો. અને જો તેવી રીતે જકાત લેવાઇ હોય તો તે પાછી પગાર કરવાં મહેરબાની કરશો.

લી૦ તમારો નીમકહલાલ
(સહી) લક્ષ્મીદાસ રવજી તેરસી

એસીસ્ટંટ કલેક્ટરનો જવાબ.

મુંબઇ, તા. ૧૪-૬-૧૯.

મેસર્સ લક્ષ્મીદાસ રવજી તેરસી
સરદાર બીલ્ડીંગ ગ્લોક નં૦ ૩,
એપોલો બંદર, કોટ.

સાહેબ,

તમારો પત્ર મલ્યો. તમોએ જણાવેલા બાબતમાં તપાસ ચાલે છે અને વધુ પત્રવહેવાર હવે પછી કરવામાં આવશે.

લી૦ તમારો તાબેદાર
સેવક
(સહી) એ. ડી. લાલકાકા
મદદનીશ કલેક્ટર.

મુંબઇ, તા. ૧૫ મી જુન

મદદનીશ કલેક્ટર એડ્. કસ્ટમ્સ,
વાડીબંદર

મહાશય,

અમારા તા૦ ૨૭ મી મેના અને તમારા તા. ૧૪ મી જુનના પત્ર તરફ તમારૂ ધ્યાન ખેંચીએ છીએ. તે પત્રમાં વટાવના દર સંબંધે તપાસ ચલાવી વધુ પત્રવહેવાર ચલાવવાનું વચન આપ્યું હતું.

ઉતાવળે તમારી તરફથી પ્રત્યુતર માટે રાહ જોઇએ છીએ.

તમારો વીશ્વાસ
(સહી) લક્ષ્મીદાસ આર. તેરસી
મેસર્સ લક્ષ્મીદાસની કું૦.

મુંબઇ, તા૦ ૨૪-૭-૧૯.

એપોલો સ્ટ્રીટ કોટ, મુંબઇ.

મહાશય,

તા૦ ૧૪ મી મેના અમારા નં. પી. ડી. ૬૭૫૯ અને તમારા તા૦ ૧૫ મી જુનના પત્રના જવાબમાં જણાવવાનું કે ૧ શી૦ ૮ પે૦ નો વટાવનો નવો દર તા૦ ૨૩ મી મે ૧૯૧૮ થી અમલમાં મુકવામાં આવ્યો છે, અને તે તારીખથી આયાત કરવામાં આવેલા સઘળા માલપર તે પ્રમાણેની ડીમત ગણીને દર લેવામાં આવશે.

લી૦ તમારો નમ્ર સેવક
(સહી) એફ્. ડી. લાલકાકા
મદદનીશ કલેક્ટર.

મુંબઇ, તા૦ ૨૮ મી જુલાઇ ૧૯૧૯.

મી૦ એફ. ડી. લાલકાકા,
એસીસ્ટંટ કલેકટર પ્રન્સેપ ડોક.
કસ્ટમ હાઉસ, મુંબઇ.

મહાશય,

તા૦ ૨૪ મી જુલાઇના તમારા પત્રમાં જણાવેલી બીના, વાંચી છે. તમે જણાવો છો કે, તા૦ ૨૩ મી મેથી આ દર અમલમાં મુકયો છે પણ અમે જે સવાલ હાથ ધર્યો છે તે એ છે કે, તા૦ ૧૩ મી મેથી સરકારે વટાવનો દર ફેરવ્યો છે અને તેથી તે તારીખથી તમારો દર પણ ફેરવવો જોઇએ. આ સવાલનો જવાબ તમે આપ્યો નથી. તમારા ખાતાએ કયારથી નવો દર રાખ્યો છે તે જાણવાની અમને ખરી ઇચ્છા ન હોતી.

જે વધારે જકાત તેથી અમને ભરવી પડી છે તે પાછી મળશે કે કેમ તે જણાવશો તો ઉપકાર થશે.

લી૦ તમારો વીશ્વાસુ
(સહી) લક્ષ્મીદાસ આર. તેરસી.

મુંબઇ, તા૦ ૫ મી ઓગસ્ટ ૧૯.

તમારા તા૦ ૨૮ મી જુલાઇના પત્રના જવાબમાં હું જણાવીશ કે, આ બાબતમાં વધુ વીચાર કરતા વટાવનો નવો દર તા૦ ૨૩ મી મે ૧૯૧૯ થી દાખલ કરવાનો નીશ્ચય કર્યો છે. અને તેથી તે તારીખથી આયાત થયલા સઘળા માલ ઉપર તે પ્રમાણે જકાત લેવામા આવશે.

લી૦ તમારો તાબેદાર
(સેવક)
મદદનીશ કલેકટર.

મેટલીક શીલીંગની સારી ડીઝાઈન ગમશે કે ?

ચેમ્બરનો વિભાગ.

ધી ઈંડીયન મર્ચંટસ ચેમ્બર એંડ બુરોની કમીટીની એક સભા બુધવાર તા. ૨૩ મી જુલાઇ ૧૯૧૯ ના રોજ બપોરે સ્યા. ટા. ૨॥ વાગે ચેમ્બરની ઑફીસમાં શેઠ જહાંગીરજી મી. પીટીટના પ્રમુખપણા હેઠળ મળી હતી જે વેળા નીચે જણાવેલા ગ્રહસ્થો હાજર હતા:—

શેઠ મથુરાદાસ વસનજી. ઑ શેઠ લલુભાઇ સામળદાસ સી આઇ ઇ શેઠ પી. જે ખીલીમોરીયા શેઠ વીઠલદાસ હાંસોદર ગોવીંદજી ઑ. શેઠ પુરશોતમદાસ ઠાકોરદાસ સી. આઇ. ઇ. શેઠ મોતીલાલ વલભજી શેઠ લાલજી ગોવીંદજી

તે વેળા નીચે પ્રમાણે કામકાજ કરવામાં આવ્યું હતું.—

૧ આગલી સભાની મીનીટ સભાસદોમાં ફેરવવામા આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

૨ રૂની ભેળસેળ બાબદનો જે ખરડો તે માટે નેમાયલી સબકમીટીએ તૈયાર કર્યો હતો તે સુધારા વધારા સાથે પસાર કરવામાં આવ્યો હતો.

૩ આઠ આના અને ચાર આનાના નીકલના સીકાઓ વીશે શેઠ વીસનજી ઠાકરસી હાલાએ લખેલા પત્રની નોંધ લેવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

૪ હીંદી ઔદ્યોગીક કમીશને કરેલી ઉદ્યોગ અને વેપારને લગતા ખાતાંઓ સંબંધી સુચનાઓ બાબદ વેપારી ફ્રેમનો અભિપ્રાય નામદાર મુંબઇ સરકાર તરફથી માગવામાં ન આવ્યો તે વીશે, તેમની ઉપર પત્ર લખવા ઠરાવ કરવામાં આવ્યો હતો.

૫ હીંદ અને પૂર્વ આફ્રીકાના વેપાર બાબદ આ ચેમ્બરનો જે મત મોકલવામાં આવ્યો તેના અનુસંધાનમાં એમ લખી જણાવવાનો ઠરાવ કરવામાં આવ્યો કે ટૂંક કમીશનરને મદદ કરવા માટે ત્યાંના વેપારીઓમાથી એક એડવાઇસરી કમીટી નેમાવી જોઇએ.

૬ લંડન ચેમ્બર ઓફ કૉમર્સના ઇસ્ટ ઇંડીયા વીભાગે હીંદી ઔદ્યોગીક કમીશનની રહેવેના દરને લગતી કેટલીક બાબતો પ્રત્યે નાપસંદગી દર્શાવી હતી તથા બંગાલ ચેમ્બર ઓફ કૉમર્સ મારફતે આ ચેમ્બરનો અભિપ્રાય માગ્યો હતો. તે વીશે તૈયાર કરવામાં આવેલો અભિપ્રાયનો ખરડો પસાર કરવામાં આવ્યો હતો.

૭ વધારાના નફા ઉપરના કર (એકસેસ પ્રોફીટ ટેકસ) ની નવમી કલમની રૂએ આખા હીંદ માટે જે નાની કમીટી નેમવામાં આવનાર છે, તેમાં ચેમ્બરના પ્રતીનીધી તરીકે એક નામ સુચવવાની ધન્જીભોય ફ્રામજી પીટીટને વીનંતી કરી હતી. કમીટીએ તેના જવાબમાં ઑ શેઠ લલ્લુભાઇ સામળદાસ સી. આઇ. ઇનું નામ સુચવવાનો ઠરાવ કર્યો હતો.

૮ શેઠ રેવાશંકર જગજીવને નાદુરસ્ત તબીયતને લીધે કમીટીની સભામાંથી બે માસ ગેરહાજર રહેવાની રજા માગી હતી તે આપવામાં આવી હતી.

બાદ સભા બરખાસ્ત થઇ હતી.

ધી ઇંડીયન મર્ચંટસ ચેમ્બર એંડ બુરોની કમીટીની ખાસ સભા શનીવાર તા. ૨-૮-૧૯ ને રોજ બપોરે સ્ટા.ટા. ૩ વાગે ચેમ્બરની ઑફીસમાં શેઠ જહાંગીર બ. પીટીટના પ્રમુખપણા હેઠળ મળી હતી જે વેળા નીચે જણાવેલા ગૃહસ્થો હાજર હતાઃ—શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરસી, શેઠ મોતીલાલ કાનજી, શેઠ મોતીલાલ વલભજી, શેઠ લાલજી ગોવીંદજી, શેઠ વીઠલદાસ દામોદર ગોવીંદજી, શેઠ નારણદાસ પુરૂશોતમદાસ તથા શેઠ પી. જે. ગીલ્લીમોરયા.

તે વેળા નીચે પ્રમાણે કામકાજ કરવામાં આવ્યું હતુંઃ—

૧ ચેમ્બરની ઑફીસ માટે નવું મકાન લેવા બાબત વીચાર ચલાવવામાં આવતાં એમ જણાવવામા આવ્યું હતું કે શેઠ જહાંગીરજી બી પીટીટ તથા સેક્રેટરીએ હોર્નબી રોડ ઉપર એક ઑફીસ જોઇ હતી જેનું ભાડું દર મહીને અઢીસો રૂપીયા હતું. ભાડાના પ્રમાણમાં જગા સારી ન હતી. એ વીશે વીચાર કરી એવો ઠરાવ કરવામાં આવ્યો કે ચેમ્બરની ઑફીસ હાલ જે ઠેકાણે છે તેજ ઠેકાણે હાલ તુરત ચાલુ રાખવી.

૨ ચેમ્બરને ટેલીફોન લેવા બાબત સેક્રેટરીએ તપાસ કરી રીપોર્ટ કરવો એવો ઠરાવ થયો હતો.

૩ ફર્નીચર માટે જરૂર જેવી વસ્તુઓ ઉપ-પ્રમુખને પુછીને ખરીદવાની સેક્રેટરીને પરવાનગી આપવામાં આવી હતી.

બાદ સભા બરખાસ્ત થઇ હતી

ધી ઇંડીયન મર્ચંટસ ચેમ્બર એંડ બુરોની કમીટીની ખાસ સભા તા. ૬-૮-૧૯ ને રોજ બપોરે સ્ટા. ટા. ૨-૪૫ વાગે ચેમ્બરની ઑફીસમાં ઑ. શેઠ ચુનીલાલ વી મેહેતાના પ્રમુખપણા હેઠળ મળી હતી જે વેળા નીચે જણાવેલા ગૃહસ્થો હાજર થયા હતાઃ—

શેઠ જહાંગીર બી. પીટીટ	ઑ. શેઠ પુરૂશોતમદાસ હાકોરદાસ
,, વીઠલદાસ દા. ગેમિંદજી	,, ,, લલુભાઇ સામળદાસ
,, હંસરાજ પ્રાગજી ઠાકરસી	શેઠ એસ. બી. ગીલ્લીમોરીયા
,, લક્ષ્મીદાસ રવજી કેરસી	,, પી. જે. ગીલ્લીમોરીયા

શેઠ મનુ સુબેદાર આ ચેમ્બરના પ્રતીનીધી તરીકે ચલાવુને લગતી કમીટી પાસે જુબાની આપવાને માટે ઈગ્લંડ જવાથી તેમને બદલે પોર્ટ ટ્રસ્ટની ઑફીસમાં ટ્રસ્ટી તરીકે કામ કરવાને માટે ચેમ્બરના પ્રતીનીધી ચુંટવાની બાબત કમીટી સન્મુખ રજુ કરવામાં આવતાં એવો ઠરાવ કરવામા આવ્યો કે એ માટેની દરખાસ્તો લેવા માટેની મુદત તા. ૧૫ મી ઑગસ્ટની રાખવી અને જો એક કરતા વધુ સભાસદને માટે દરખાસ્ત મળે તો ચુંટણી કરવા માટેનો દીવસ તા. ૨૭ મી ઑગસ્ટ ૧૯૧૯ નો રાખવો

બાદ સભા બરખાસ્ત થઇ હતી.

ધી ઇંડીયન મર્ચંટસ ચેમ્બર એંડ બુરોની કમીટીની એક સભા બુધવાર તા. ૧૩-૮-૧૯ ને દીને ઑ. શેઠ ચુનીલાલ વી. મેહેતા પ્રમુખપણા હેઠળ મળી હતી જે વેળા નીચે જણાવેલા ગૃહસ્થો હાજર હતા —

શેઠ જહાંગીર બી પીટીટ.	ઑ. સર ફાજલભાઇ કરીમભાઇ.
,, સોરાબજી ક. વાર્ડન	ઑ. શેઠ લલુભાઇ સામળદાસ.

મારસેલ્સની રંગીન લાદીઓ સફાઇદાર અને મજબુત.

શેઠ હું.ચરાજ પ્રાગજી ઠાકરસી.
,, પીઠલદાસ દામોદર ગોવીંદજી.
,, પી. જે. બીલીમોરીયા.
શેઠ લાલજી ગોવીંદજી.
,, ગુલાબચંદ દેવચંદ.
,, મોતીલાલ વલભજી.

મેશર્સ એલેમ્બીક કેમીકલ વર્કસ કંપની તરફથી શેઠ ભાઈલાલ દાજીભાઈ અમીન સલાને ઝઘડતી વીગત રજુ કરવા માટે હાજર થયા હતા.

તે વેળા નીચે જણાવ્યા પ્રમાણે કામકાજ ઠરવામાં આવ્યું હતું:—

૧ ગઈ તા. ૨૩ મી જુલાઈ ૧૯૧૯ તથા તા. ૨ જી ઑગસ્ટ ૧૯૧૯ ને દીને મળેલી કમીટીની સભાની મીનીટો સભાસદોમાં ફેરવવામાં આવી હતી તે પસાર ઠરવામાં આવી હતી.

૨ તાતા ઇંડસ્ટ્રીયલ બેંકના સેક્રેટરી તરફથી પત્ર આવ્યો હતો કે હુંડી પ્રબ્ધ સન્મુખ હુંડી ચલણના સવાલ વીશે એક રીપોર્ટ રજુ કરવાનો ઇરાદો છે અને તે તૈયાર કરવાનું બને તેટલા માટે ઑગસ્ટ માસમાં એક કૉન્ફરન્સ ભરવાનું ડીરેક્ટરોએ ઠરાવ્યું છે તેમાં આ ચેમ્બર તરફથી બે પ્રતીનીધીઓ મોકલી આપવા. કમીટીએ ઑન. શેઠ ચુનીલાલ વી. મેહેતા તથા શેઠ જહાંગીર બમનજી પીટીટને પ્રતીનીધી તરીકે બે કૉન્ફરન્સમાં મોકલવા ઠરાવ કર્યો હતો.

મિ. દત્તે પૃથક્કરણ અને પરીક્ષણ સંબંધી કાર્ય આગળને આગળ જારી રાખ્યું અને લગભગ બે મહિના પછી એક હકીકત એ શોધી કહાડી કે મિથેન ગેસ કે જેની જરૂર દરેક ઉદ્યોગધંધામાં એંજીન ચલાવવામાં પડે છે તે દરેક ઠેકાણે થોડા ખર્ચમાંજ બનાવી શકાય એમ છે. એ આ યુવાનની પહેલી અને મહત્તની શોધ હતી, ત્યારપછી લગભગ ત્રણેક મહિના લીધા પછી એણે પંદરેક પ્રકારે 'નિષ્ક્રમ' નામના ખનિજ પદાર્થમાંથી શુદ્ધ ગંધક તૈયાર કરી શકાય છે, એમ શોધી કહાડ્યું. છેલ્લાં કેટલાએક મહિનાઓથી આ યુવાન શોધક મુંબઇ ખાતે પોતાની શોધો પ્રયોગોદ્વારા બતાવી રહેલ છે, અને ત્યાં સિદ્ધ થઈ ગયેલ છે કે આ શોધોદ્વારા મોટા મોટા ઉદ્યોગ—ધંધાઓ ચલાવી શકાશે. મુંબઇના મોટા મોટા વ્યાપારીઓનું એક મંડળ બનેલું છે તેણે મિ દત્ત પાસેથી ગંધક, પોટાશ, સોડા વગેરે બનાવવાનું પેટન્ટ—અધિકાર મેળવી લીધો છે. જ્યારે પ્રયોગો બતાવવાનું કાર્ય ખતમ થઈ જશે, ત્યારે બે કરોડ રૂપીયાની થાપણ રોકીને એક કંપની રચવામાં આવશે, અને તેના તરફથી ઉપર દર્શાવેલાં રસાયણિક પદાર્થો તૈયાર કરવામાં આવશે, આ વ્યાપાર માટે ભારતવર્ષમાં કાચો માલ નથી. ગંધક તૈયાર કરવા માટે રજપુતાનામાં આવેલાં બીકાનેર સ્ટેટમાં, અને જોધપુરનાં રાજ્યોમાં, ઉત્તર અને પશ્ચિમનાં પ્રાંતોમાં, કાળા બાગ અને સિંધમાં ઘણા ખોળા પ્રમાણમાં મળી શકે છે. આથી ઘણું મોટું કામ એ થશે કે ગંધકનો તેજાબ કે જેની વપરાશ ઘણા નાના મોટા ધંધામાં થાય છે તે ઘણી સસ્તી રીતે પેદા થઈ શકશે, અને તેથી કરીને ઘણા નવા ઉદ્યોગો શરૂ થવાના સંભવ ઉભા થશે, એટલુંજ નહિ પરંતુ ઘણાખરા ધંધાઓ કે જે આ તેજાબની અછતીને લીધે મૃતપ્રાય થઇ ગયેલ છે તેને નવજીવન પ્રાપ્ત થશે. યુવાન મિ. દત્તે આ દેશના સાધારણ પત્થરોમાંથી સોડા, અલુમિના અને પોટાશ તૈયાર કરવાની ઘણીજ સરળ અને ઓછા ખર્ચવાળી રીત શોધી કહાડી છે. પોટાશનો ઉપયોગ યુરોપ અને અમેરિકામાં ઘણો થાય છે. જે જે દેશોમાં એની જરૂર પડતી હતી તે તે બધા દેશોને એ ચીજ માટે જર્મનીનું મોં તાકવું પડતું, પરંતુ મિ. દત્તની શોધ પછી હવે ભારતવર્ષ આખી દુનીયાને પોટાશ પહોંચતો કરી શકે તેમ છે. મીથેન ગેસને દરેક સ્થળે તૈયાર કરવાની રીત બે વર્ષ પહેલાંજ યુવાન મિ. દત્તે શોધી હતી, પરંતુ તેને પેટન્ટ કરાવતી વખતે ગ્રેટ બ્રીટનની સરકારે એવી વિનતિ કરી કે લડાઇના દિવસો દરમ્યાન આ શોધ તદ્દન ખાનગી રાખવી જોઇએ, નહિતર એમ થવાનો સંભવ રહેશે કે જર્મનીના વૈજ્ઞાનિક લોકો આ શોધ સાંભળીને પોતાને ત્યાં તેને તૈયાર કરીને તેનો દુરૂપયોગ કરવા માંડશે. *

ઇ. દીનશાહ અમૃતલાલનો અંગ્રેજી—ગુજરાતી પરથી } આવજી દામજી શાહ.

* વિજ્ઞાન, હિંદી માસિકના એક લેખનો અનુવાદ.

ખેતરો અને કારખાનાઓ.

લેખક—પી. ક્રોપોટકીન.

ભાષાન્તરકર્તા:—ધનસુખલાલ કૃષ્ણલાલ મેહતા.

(ગતાંકથી ચાલુ.)

હજી થોડા અર્થ શાસ્ત્રિઓ છે કે જે આ બધું સમજી શકયા છે એટલું તો આપણે કબુલ કરવુંજ જોઇએ. હમણા જેટલો ખોરાક ઉત્પન્ન કરી શકે છે તેના કરતાં વધારે ખોરાક પશ્ચિમ યુરોપ પેદા કરી શકે તેટલું તેઓ કબુલ કરે છે; પરંતુ જ્યાંસુધી ખોરાક પેદા કરનાર બીજા દેશો છે અને તેઓ તૈયાર માલના બદલામાં ખોરાક આપે છે ત્યાંસુધી વધારે ખોરાક ઉત્પન્ન કરવાની આવશ્યકતા અને લાભ શા માટે જોઇએ તે એ લોકો સમજી શકતા નથી. હવે આ સિદ્ધાંતમાં કેટલું સત્ય છે તે આપણે તપાસીએ.

લીંકનશાયરમાં ઘઉં ઉગાડીએ તેના કરતા રીગાથી ઘઉં મંગાવીએ તો સસ્તા પડે એમ જે માત્ર આપણે કહી દઇએ તો જે આ પ્રશ્નનો નિકાલ એક ઘડીમા આવી જાય. પરંતુ આ હકીકત શું ખરી છે? અને ધારો કે તે ખરી હોય તોપણ શું આપણે જેને 'કિંમત' કહીએ છીએ તેનું પૃથક્કરણ કરવું ઘટતું નથી? શું તેને એક સિદ્ધાંત ગણી લઇનેજ આપણે સંતોષ માનવો ઘટે છે?

ફ્રેંચ ખેતીવાડી ઠરના બોજાથી કેવી કચરાયલી છે તે આપણે જાણીએ છીએ. તેમ છતાં પણ આપણે ફ્રાંસ કે જ્યાં સઘળું અનાજ ઉઘાડવામાં આવે છે ત્યાંના અનાજની કિંમત અને ઇંગ્લંડ કે જ્યાં સઘળું અનાજ આયાત કરવામાં આવે છે એની કિંમત જો સરખાવીએ તો આપણને આયાત ઠરનાર દેશના અનાજની કિંમત સસ્તી માલુમ પડશે નહિં. એથી ઉલટું ફ્રાંસના અનાજની કિંમત સસ્તી હતી અને રક્ષણાર્થે કર નહિં જુકાયો ત્યાં સુધી ઘઉંની બાબતમાં તો સસ્તીજ હતી. ફ્રાંસમાં આપણે પેરિસને બાદ કરીએ તો જણાશે કે ત્યાંજ ઉગાડેલું અનાજ ઇંગ્લાંડમાં વેચાતાં અનાજ કરતાં સસ્તું છે અને યુરોપમાં જેમ જેમ આપણે પુર્વ તરફ જતા જઇએ તેમ તેમ આ સત્ય વધારે સ્પષ્ટ થતું જાય છે.

વળી આ દેશમાં એવી બીજી હકીકત ખરાબ છે: અનાજ ઉગાડનાર દેશો અને ઇંગ્લંડમાં આયાત કરનાર વચ્ચેના અને આયાત કરનાર અને રૈયત વચ્ચેના દલાલોનો મોટા પાયા ઉપર થઇ ગયેલો વિકાસ. જે અસાધારણ નફો આ દલાલોના ગજવામાં જાય છે તે વિષે હમણા હમણા આપણે ઘણું સાંભળીએ છીએ આ દલાલોના પંજામાંથી છુટવાને એક પાદરીને ખાટકીનો ધંધો કરવો પડયો હતો તે પણ આપણે જાણીએ છીએ. જ્યારે મધ્ય ઇંગ્લંડના ખેડુતો એક શેર માખણને માટે માત્ર નવ પેની ઉપજાવી શકે છે ત્યારે આપણે બધા એક શેર માખણના ૧ શિ. ૬ પેન્સથી ૧ શિ. ૮ પેન્સ સુધી આપ્યે છીએ; અને તેજ પ્રમાણે ચેશાયરના ખેડુતો પોતાના દુધને માટે એક ક્વાર્ટની દોહથી બે પેની ઉપજાવે છે ત્યારે લોકોને ખરાબ દુધને માટે ચાર પેની અને ચોખ્ખા દુધને માટે પાંચ પેની આપવી પડે

છે. કોવેન્ટ ગાર્ડનમાં બોલાતી કિંમત અને છુટક વેચાતી વસ્તુઓની કિંમતનું પૃથક્કરણ કરીએ તો જણાશે કે છુટક વસ્તુ લેનાર ગ્રાહક જે વસ્તુઓની છ ચેની અથવા તો એક શિલિંગ અને તેથી પણ વધારે કિંમત આપે છે તે વસ્તુ ઉગાડનાર આદમીને તો તેમાંથી માત્ર એક પેનીજ મળે છે. પણ જે દેશમાં ખાવાની વસ્તુઓ આયાત કરવામાં આવે છે તે દેશમાં એમ થવું જોઇએઃ કારણ કે માલ ઉગાડનાર અને તે માલ પોતેજ વેચનાર મનુષ્ય અદૃશ્ય થઇ જાય છે અને તેની જગ્યા દલાલ લે છે.* પણ આપણે જેમ જેમ પુર્વ તરફ જતા જઇએ અને બેલેજીયમ, જરમની અને રશિયામાંની કિંમત તપાસીએ તેમ તેમ આપણને જણાતું જશે કે ગુજરાત ચલાવવાનો ખર્ચ ઓછોજ થતો જાય છે. જે દેશ હજી ખેતીવાડી કરનારજ રહ્યો છે તે રશિયામાં લંડન કરતાં અર્ધ કે બે-તૃતિયાંશ જેટલી કિંમત છે અને આખા દેશમાં એક શેર માંસના માત્ર ૧૦ ફ્રાંકિંગ બેસે છે.

પરંતુ જો આપણે "કિંમત" નું બરાબર પૃથક્કરણ કરીએ અને તેને જુદાં જુદાં રૂપનું અવલોકન કરીએ તો આ સ્થિતિ વધારે તાદૃષ્ય દેખાતી જશે. દાખલા તરીકે, જો આપણે ઘઉં ઉગાડવાનો ખર્ચ આ દેશમાં થાય છે તેની સાથે રશિયામાંના ખર્ચની સરખામણી કરીએ તો આપણને જણાશે કે જુનાઇટેડ કિંગડમમાં એક હંડ્રેટ ઘઉંની ઉગામણી ખર્ચ ૫ શિ. ૭ પેન્સ પડવા જાય છે, ત્યારે તેટલાજ ઘઉંને ઉગાડવા માટે રશિયામાં ૩ શિ. ૬ પેન્સથી ૪ શિ. ૬ પેન્સ પડે છે. તફાવત ઘણો મોટો છે અને આપણે જો ઇદાચ એમ ધારીએ કે ઇંગ્લંડના આંકડા કાંઇક અતિશયોક્તિવાળા છે તોપણ તફાવત ઘણો મોટો છજ. પણ આ તફાવત શામાટે? શું રશિયન મજુરને અહિંના મજુર કરતાં ઓછું આપવામાં આવે છે? અલબત્ત, તેમનો પગાર ઓછો છે પણ તેમની ઉત્પત્તિનું પ્રમાણ ગણીએ તો તરતજ આ તફાવત નીકળી જશે. બ્રિટનના મજુર અઠવાડીયાના બાર શિલિંગ કમાય છે અને રશિયાના મજુર છ શિલિંગ કમાય છે પણ તેજ પ્રમાણમાં બ્રિટનના મજુર રશિયાના મજુર કરતાં બમણું ઉત્પન્ન કરે છે. રશિયાની જમીન ઘણી ફળદ્રુપ છે એવી જે સામાન્ય માન્યતા છે તે ખોટી છે. રશિયામાં એક એકર દીઠ સોળથી વીશ બુશલ ઘઉં સારો પાક કહેવાય છે અને નિકાસ કરનાર રશિયન પ્રાંતોમાં સરેરાશ તેર બુશલ ઘઉંની આવે છે. વળી ત્યાં યંત્ર વિના ખેતી કરવામાં આવતી હોવાથી પુર્વ યુરોપના કરતાં મજુરી ઘણી મોંઘી પડી જાય છે.

૧૮૮૭ માં રશિયામાંથી આણેલા ઘઉં એક ક્વાર્ટરના ૩૬ શિલિંગ લેખે વેચાયા હતા જ્યારે તેજ વખતે તેટલાજ લંડનના ઘઉંની કિંમત ૩૬ શિ. ૮ પેન્સે ગણાઇ હતી. પણ બન્ને દેશોમાંના ભાડાંની સરખામણી કરીએ તોજ આ તફાવત તો નીકળી જશે. રશિયાના જે પ્રદેશમાં એક એકર દીઠ ૧૨ શિલિંગ ભાડું તે વખતે હતું અને પાક એક એકર દીઠ ૧૫ થી ૨૦ બુશલ ઉતરતો હતો એટલે એક ક્વાર્ટર રશિયન ઘઉં ઉપર જમીન ભાડું ૩૨ શિલિંગ કે પડે શિલિંગ પડવા જતું હતું, જ્યારે આ દેશમાં એક એકર દીઠ ચાળીસ શિલિંગ ભાડું હતું અને તેટલીજ જમીનમાં ૩૦ બુશલ ઘઉં નીપજતા હતા એટલે

* ૧૮૯૯ ના શિયાળામાં લંડનના પરાંમાં રહેતો એક મારો મિત્ર બર્લેરિયાથી પોતાને માટે માખણ પાર્સલ પોસ્ટથી મંગાવતો હતો અને તે તેને અગીયાર શેર માટે ૧૦ સિલ્લિંગે પડતું. આમાં ૨ શિ. ૬ પેન્સ પોસ્ટેજના ચુકાઇ જતા હતા. તે ઉપરાંત ૬ પેન્સ બગીબારદના અને રૂ. ૪ ઘેની કાચળની એમ તેને આપવું પડતું. આ માખણથી તદ્દન હલકા પ્રકારનું અને ૧૦થી ૧૪૦/૦ પાંણી ખોરેલું માખણ લંડનમાં ૧ શિ. ૬ પેન્સે એક શેર મળતું!

એક કવાર્ટર ઘઉંની કિંમતમાં ૧૦ શિલિંગ માત્ર ભાડાં તરીકે જતા * આપણે માત્ર ભાડાની ૩૦ શિલિંગજ ગણીએ અને પાકની સરેરાશ માત્ર ૨૮ બુશલજ ગણીએ તોપણ એક કવાર્ટર ઘઉં ઉપર ભાડાંના ૮ટ્ટું શિલિંગ પડવા જાય. આ દેશમાં રશિયાના કરતાં ઘણાં ઓછા પ્રમાણમાં મજુરી વાપરવી પડે છે તેમ છતાં અહિંની ઘઉંની કિંમત રશિયાના કરતાં ઓછી છે તેનું કારણ માત્ર એટલુંજ કે ૧૮૬૦-૧૮૮૦ માં અહિંની જમીનના ભાડામાં અસાધારણ વધારો થયો હતો. પણ આ વધારો અહિં બનાવવામાં આવતા માલની ઉપર પરદેશમા ઉપજતા મોટા નફાનેજ આભારી છે. આ પ્રમાણે અહિંની ખેતીવાડીની ખોટી સ્થિતિજ રશિયન હરિફાઈ ઉત્પન્ન કરી શકે છે, જમીનની ફળદ્રુપતામાં રહેલી ખામી નહિં.

ઉપલા શબ્દો લખ્યાને આજે પચીશ વર્ષ થઇ ગયાં—અમેરિકન સસ્તા ઘઉંની હરિફાઇને લીધે ઉભી થયેલી ખારીક સ્થિતિ તે વખતે ઉગ્ર સ્વરૂપમાં હતી અને તેમ છતાં આજે પણ તેમાની એક લીટી ફેરવવાનું મને મન થતું નથી અથવા કારણ જડતું નથી એથી હું દીલગીર છું. હું એમ કહેવા માગતો નથી કે આ હરિફાઇના પરિણામે ઇગ્લંડમા કાંઇજ ફેરફાર થયા નથી. આ વિષે તો મેં આગળ પણ જણાવેલું છે કે ખેતીવાડીની બાળતમાં, ફળફળાદીમાં, વાડીઓમાં, કાચના ઘરોમાંની રોપણીમાં, કુકડાંઓ ઉછેરવામાં વગેરેમાં ઘણો સુધારો થયેલો છે અને એ તેમાં અંદર અંદર સહકાર પણ ઘણો વધ્યો છે, તેમજ માલ લાવવા લઇ જવાના સાધનોમાં પણ ઘણો સુધારો થયો છે.

પરંતુ આ બધા સુધારા ધ્યાનમાં લઇએ તોપણ જે ખરાબ સ્થિતિ ૧૮૭૦થી અખત્યાર કરવામાં આવેલી છે તે હજી પણ ચાલ્યા કરે છે એમ કહ્યા વિના ચાલતું નથી. ખેતરની જમીનમાંથી ધીમે ધીમે મોટા વિસ્તાર ઢોરોને ચરાવવાનેજ માટે અલાયેલા રાખવામાં આવતા જાય છે અને તેના પ્રમાણમા ઢોરોનો સ ખ્યામા વધારો થતો જોવામાં આવતો નથી. હમણા હમણા આજ વિષય ઉપરના લખાણો તથા વર્તમાન પત્રો જોઇએ તો જણાશે કે ઘણા મનુષ્યો તથા લેખકો એમ ખુમ મારે છે કે ઇગ્લંડે પોતાની ખેતીવાડીમાં ઘણો વધારો સુધારો અવશ્ય કરવેાજ જોઇએ. વળી તે લોકો એમ પણ કબુલ કરે છે કે જે માર્ગ ખેતીવાડીના સંબંધમાં હમણા અખત્યાર કરવામાં આવેલો છે તે યોગ્ય નથી અને તે માર્ગે પણ લોકો ઉત્સાહપુર્વક ઠામ કરતા જણાતા નથી. બ્રિટીશ ખેતીવાડીની જરૂરીયાતો પ્રત્યે જાહેર સમાજ બેદરકાર રહે છે.

અમેરિકાના સસ્તા ઘઉંએ યુરોપના બીજા દેશોમાં અને મુખ્યત્વે કરીને ફ્રાંસ અને બેલજીયમમાં બહુ ત્રાસ કેલાવી દીધેલ હતો તે આપણે ખુલ્લી જવું જોઇવું નથી પણ તે દેશોએ જોઇએ તે પ્રમાણમાં સુધારા કરીને અમેરિકન ઘઉં સામે બરાબર ટક્કર લીધેલી છે. અને ફ્રાંસમાં સસ્તા અમેરિકન ઘઉંની આયાતથી પોતાના દેશની જમીનનો બને તેટલો વધારે ઉપયોગ કરવાના અને તેમાથી બને તેટલો વધારે પાક ઉતારવાના યત્નો સફળ રીતે થયા; તેમાં ફ્રાંસે તો આયાત થતા ઘઉં ઉપર જકાત નાખીને પણ કાંઇક બચાવ કર્યો હતો પણ બેલજીયમે તો તે પણ નહોતું કર્યું. ઉલટું જે વખતે અમેરિકન ઘઉંની હરિફાઇ અરેખરી

* ૧૮૮૭ ની સાલ પછી જમીનનુ ભાડું ઘટ્યું છે પણ તેજ પ્રમાણમા ઘઉંની કિંમત પણ ઘટી છે વળી સેાથી ઉત્તમ, જમીન ઉપરવાનુ ઘઉં ઉગાડવામા આવે છે એટલે ૨૦૦ થી ૩૦ એકરનાં એતરમા જે જમીન ઉપર ઘઉં ઉગાડવામા આવતા હોય તેજમીનનુ ભાડું આપણે આસપાસની જમીન કરતા વધારે ગણવું જોઇએ તે વાત ખુલી જવી જોઇતી નથી

વિક્ષેપ હતો તે વખતે એટલે ૧૮૭૦-૧૮૮૦ માંજ બેલજીયમે આયાત થતા ઘઉં ઉપરનો કર કહાડી નાખ્યો હતો.

ઘઉંની કિંમત ઘટી જવાથી એકલા ઇંગ્લંડનાજ ખેડુતોને ખમવું નહોતું પડ્યું. ફ્રાંસમાં, એક હેકટોલીટર (આશરે ત્રણ બુશલ) ઘઉંની કિંમત ૧૮૬૬ શિલિંગ ૧૮૭૧-૧૮૭૫ માં હતી તે ઘટીને ૧૮૮૧-૧૮૮૫ માં ૧૫૬૬ શિલિંગ થઈ ગઇ અને ૧૮૯૩ માં ૧૨૩ શિલિંગ થઇ. અને તેજ પ્રમાણે બેલજીયમમાં પણ બન્યું હશે કારણ કે ત્યાં તો આયાત વેરો પણ કહાડી નાખવામાં આવ્યો હતો. પરંતુ આ બાબતમાં મી૦ સીગેમ ડ્રેપ્રી પોતાના પુસ્તક "બેલજીયમમાં જમીન અને મજુરી" માં જે લખે છે તે મનન કરવા લાયક છે:--

"અદ્યપ કાળ સુધી બેલજીયમના ખેડુતને બહુ ધોકો પહોંચ્યો હતો પણ પછીથી રફતે રફતે તેણે પોતાની જાતને નવી સ્થિતિ અનુસાર ગોઠવી દીધી. એટલીજ જમીનમાંથી તેણે વધારે ઉગાડવા માંડ્યું, જુદી જુદી દિશામાં સહકારનો ઉપયોગ કરવા માંડ્યો, ખેતીવાડીની જુદી જુદી અને નવી નવી શાખાઓનો ઉપયોગ કરવા માંડ્યો અને મુખ્યત્વે કરીને વાડી બગીચાના રોપણુ પ્રત્યે અને ઢોરોને ઉછેરવા તરફ વધુ લક્ષ આપ્યું." (Land and labour, page 147.)".

રાજ્ય તરફથી પ્રસિદ્ધ થતા આંકડાઓ ઉપરથી બેલજીયમની ખેતીવાડીની સામાન્ય સ્થિતિ વિષે જે ખ્યાલ આવે છે તે મી. ડ્રેપ્રી ના વિચારોને બરાબર પુષ્ટિ આપે છે. ફ્રાંસનું પણ આજ પ્રમાણે કહી શકાય. ઉપર જણાવેલ કિંમતમાં ઘટાડો થવાથી ખેડુતો વધુ તીવ્ર રોપાણ કરતાં શીખ્યા. છેલ્લાં વીસ વર્ષમાં ફ્રાંસના ખેડુતોમાં ખેતીવાડીના યંત્રો વાપરવામાં જે ગંજાવો વિકાસ થયો છે તે હું આગળ જણાવી ગયો છું; અને તેજ પ્રમાણે રસાયણિક ખાતર વાપરવામાં પણ વિકાસ ત્યાં થયો છે એમ મારે જણાવવું જોઇએ તેજ પ્રમાણે ૧૮૮૪ થી ખેતીવાડીની સીન્ડીકેટોના બંધારણમાં વિકાસ, સહકારને ફેલાવો, કુળકુળાદી વિકાસ કરવામાં ગરમ તેમજ ઠંડી ગાડીઓનો ઉપયોગ, ઔદ્યોગિક ખેતીવાડીને વિશેષ પ્રચાર, વાડી બગીચાના રોપાણમાં દક્ષિણ તથા ઉત્તર ફ્રાંસમાં થયેલો સંગીન સુધારો વગેરે બાબતો ઉપર મારે ધ્યાન ખેંચવું જોઇએ. આ બધા બાબતો એટલા મોટા વિસ્તારમાં ત્યાં દાખલ થઇ કે આ જાતની પરદેશની હરિફાઇથી ત્યાં એક નવીજ જાતની ખેતીવાડી રચાઈ હોય તેમ લાગે છે.

આ અમેરિકન હરિફાઇ વિષે આથી પણ કાંઇક વધુ કહેવું જરૂરનું છે એટલા માટે ૧૮૮૬ માં શફ્રલે પ્રસિદ્ધ કરેલ આજ વિષય ઉપરની લેખમાળા (Zeitschrift fur die gesammte Staatswissenshaft) અને ૧૮૮૭ ના એપ્રિલના ક્વાર્ટરલી રીવ્યુમાં "દુનિયાના જુદા જુદા ભાગમાં ઘઉંનાં રોપાણનો ખર્ચ" એ નામના અગત્યના લેખ ઉપર મારે વાંચનારનું ધ્યાન ખેંચવું જોઇએ. જે વખતે અમેરિકન હરિફાઇ નવીજ હતી અને તેણે ઇંગ્લંડની ખેતીવાડીમાં ગજબનું તુફાન ફેલાવી દીધું હતું અને ખેતીવાડીની જમીનમાં ૩૦ થી ૫૦ ટકા જેટલો ઘટાડો કરી દીધો હતો તે વખતના આ લેખો લખાયેલા છે. પરંતુ આ બે લેખકોના મતને અમેરિકન ખેતીવાડીની સંસ્થા તરફથી પ્રગટ થતા વાર્ષિક રીપોર્ટોએ સંપૂર્ણ પુષ્ટિ આપેલી છે. અને સેફ્લના અનુમાનને મી. જે. આર. રોજના પાછળથી પ્રગટ થએલ રીપોર્ટોએ પુરે પુરે ટેકો આપેલો છે. આ બધાં પુસ્તકો ઉપરથી એમ ખુલ્લું જણાઇ આવે છે કે અમેરિકન જમીનની કુળકુપ્તા વિશેના વિચારોમાં વહી અતિશયોક્તિ હતી અને તે જમીન યુરોપની

જમીન કરતાં કોઇ પણ રીતે ચડતી નહોતી, ફલનું કેટલાક પ્રમાણમાં ઉતરતી હતી. ડોક્ટરના કેસલટન ફ્રીમીમાં એક એકર દીઠ બીજા બુશલ ઘઉંનો પાક ઉતરતો હતો પણ તે માત્ર અપવાદજ હતો, બાકી સાધારણ રીતે બીજી અમેરિકન જમીનનો ઘઉંનો પાક સરેરાશ એક એકર દીઠ માત્ર અગીઆરથી બાર બુશલજ હતો. અમેરિકામાં ફળદ્રુપ જમીન જોઇ હોય અને જ્યાં એક એકર દીઠ ત્રીસથી ચાળીશ બુશલનો પાક ઉતરે તે જોવું હોય તો પુરાણા પુર્વના સ્ટેટોમાંજ જવું પડે અને તે જમીન માણસોએ પોતે હાથે બનાવેલી હતી.

(અપુર્ણ)

ચંદન અને ચંદનનું તેલ*

ઘણી વસ્તુઓના ઉપયોગ કરવાનું જંગલી યુરોપવાસીઓ સભ્ય હિંદવર્ષ પાસેથી હાલમાં શીખેલ છે. તેમાંથી ચંદનનું તેલ, એ પણ એક વસ્તુ છે ચંદનની કદર કરવી તે તો હજુપણ તેઓ જાણતા નથી. ચંદનના તેલનો ઉપયોગ તેઓ દવાઓના કામમા કરવા તો લાગ્યા છે પરંતુ આ તેલ તેઓને ભળે કયાંથી? ભારતવર્ષ સિવાય ચંદનનો એક ટુકડો પણ બીજે ઠેકાણે મળવો મુશ્કેલ છે, માટે દરવર્ષે ચંદનનો જથ્થો અહિંથી વિદેશ મોકલવામાં આવે છે.

ભારતવર્ષમાં ચંદન મદ્રાસપ્રાંત, માઇસોર અને કુર્ગપ્રાતમાં ભળે છે, અહિંના લગભગ બધાં જંગલ સરકારી છે. મદ્રાસમા કેટલીક વ્યક્તિઓનાં પોતાના પણ છે. નીચેના કોષ્ટકપરથી જાણી શકાશે કે દરવર્ષ કેટલું ચંદન બહાર નીકાશ થાય છે.

	રૂા.
૧૯૦૫—૦૬	૧,૧૧૪,૭૭૦
૧૯૦૬—૦૭	૧,૧૩૦,૮૮૦
૧૯૦૭—૦૮	૧,૨૦૭,૨૭૫
૧૯૦૮—૦૯	૬,૦૩૫,૧૩૫
૧૯૦૯—૧૦	૭૪૬,૩૫૫
૧૯૧૦—૧૧	૧,૩૩૬,૦૦૫

* 'વિજ્ઞાન, માસિકના એક લેખનો અનુવાદ.

	રૂા.
૧૯૧૧—૧૨	૧,૩૨૬,૮૭૦
૧૯૧૨—૧૩	૧,૫૫૨,૭૩૫
૧૯૧૩—૧૪	૬,૬૨૬,૩૬૦
૧૯૧૪—૧૫	૫૩૮,૭૭૪
૧૯૧૫—૧૬	૧,૫૫૬,૬૩૬
૧૯૧૬—૧૭	૬,૮૬૦,૨૪૫

ગયુવર્ષ પહેલા સુધી તો એ પ્રમાણે કરવામાં આવતુ હતું કે ત્રણે ઠેકાણે આખા વર્ષદરમ્યાન એકઠો થયેલાં ચંદનના જથ્થાનું લીલામ નવેંબર યા તો દિસેંબર મહિનામાં કરી નાંખવામાં આવતું હતું.

ઉપર દર્શાવેલા આંકડાઓ પરથી ચંદનનું પ્રમાણ જાણવામાં આવી શકે તેમ છે.

ઇ. સ. ૧૯૧૪-૧૫ ના આંકડાઓ જોવાથી માલુમ પડશે કે ચંદનનું વેચાણ આ વર્ષો કાંઇક ઓછુ થયું છે. માઇસોર રાજ્યને આ વર્ષોમાં ઘણું નુકસાન થયું હતું, સાડી ઓગણીશ લાખ રૂપીયા જેટલી આવકમા ઘટાડો એકદમ થઇ ગયો જણાયો ત્યારે અધિકારીવર્ગનું ધ્યાન ખેચાયું. સત્યથી કે ઠોકર ખાધા વગર કોઇને અક્કલ આવતી નથી

ઇ. સ. ૧૯૧૧ સુધી ચંદનનું મુલ્ય ટનદીઠ ભાવ રૂા. ૫૦૦) હતો, પરંતુ સન ૧૨-૧૩માં

વધી અને બમણો ગયો, એમ થવાનું એ હતું જ જર્મનીના તેલ કાઢનારા આડતીઆઓની બે'ચવાણુ. હતી. પરંતુ લડાઇ શરૂ થવાની સાથેજ જર્મની ચંદન મંગાવતું બંધ થયું અને તેનું પરિણામ એ આવ્યું કે, માઇસોર રાજ્યને એટલું નુકશાન સહન કરવું પડયું.

ઇ. સ. ૧૯૧૪ ની આખરે માઇસોર રાજ્યના વ્યાપાર-વિભાગના અધિકારી સાહેબે એવો ઠરાવ બહાર પાડયો કે "ચંદનનું તેલ કાઢવાનું એક કારખાનું ઉઘાડવું જોઇએ, એમના ધ્યેયવાદીજ તાતા ઇન્ડસ્ટ્રીયલ ઓફ સાયનસ બેંગલોરમાં પ્રવેશ સંબધી પરીક્ષાઓ થવા લાગી-ચંદનનું તેલ કાઢવાને લગતા અખતરાઓ શરૂ થવા લાગ્યા. અને થોડા દિવસોમાંજ એટલું ઉંચા પ્રકારનું તેલ તૈયાર થવા માંડયું કે જેવું યુરોપમાં નીકળતું હતું લડાઇ શરૂ થયા પુર્વે પણ ભારતમાં ચંદનનું તેલ કાઢવામાં આવતું તો હતુંજ પરંતુ તે જરા રંગે શામળુ જણાતું હતું, પરંતુ હતું ચોખ્ખું; શામળુ થવાનું કારણ એ હતું કે તેમાં કંઇક ભેળવણી કરવામાં આવતી હતી અને એમ થવાથીજ તેની યુરોપમાં માગણી ઘણી ઓછી હતી.

ઇ. સ. ૧૯૧૫ સપ્ટેમ્બર મહીનામાં માઇસોર રાજ્યે ૧૦૦૦ શેર તેલ દર મહિને નીકળી શકે તેવું એક નાનું સરખું કારખાનું ઉઘાડવા માટે એક લાખ રૂપીઆનો ખર્ચ કરવા સંમતિ આપી આ કારખાના માટે બેંગલોરની પાસેજ એક જગ્યાની ગોઠવણ કરવામાં આવી. આમ કરવાથી બેંગલોર—સાયન્સ ઇન્સ્ટીટ્યુટના પ્રોફેસરોને પણ પ્રયોગશાળા તથા વખતો વખત સંચાઓની મદદ લેવાનું સુગમ થઇ ગયું.

લડાઇને લીધે વિદેશથી યંત્રો—મશીનો આદિ મંગાવવું ઘણું મુશ્કેલ થઇ પડયું હતું, તેથી શરૂઆતથીજ એવો ઠરાવ કરવામાં આવ્યો કે, જે કંઇ પણ સામાન દેશમાં જુનો કે નવો મલી જાય તે ખરીદી લેવો અને બાકીનો દેશી કારખાનામાં તૈયાર કરાવી લેવો. મદ્રાસની ઇંડીયન એલ્યુમીનીઅમ કંપની Indian aluminium Company of Madras તેમજ બેંગલોર ઇંજીનીયરખાતા તરફથી પાણી પુરૂં પાડનારા Water Supply Division of the P. W. D. of Banglor કારખાનાના કાર્યવાહકો તરફથી ઘણી સહાયતા મળી. કારખાનાનું કામ ઇ. સ. ૧૯૧૬ના મે મહિનાની ૧૦ મી તારીખેથી શરૂ કરી દેવામાં આવ્યું અને ૩૦ મી જુન ૧૯૧૭ સુધીમાં ૨૫૩૪૫ શેર તેલ તૈયાર થઇ ગયું. જર્મનીથી તેલ આવતું અટકી ગયું હતું, એ કારણથી તેલની માગણી ઘણી વધી પડેલી હતી, અને એથી માઇસોર રાજ્યને ઘણી આવક થઇ, અને ઇ. સ. ૧૯૧૪માં જેટલું થયું હતું તેના બદલો મલીગયો.

જ્યારે તેલની માગણી વધતી ચાલી, ત્યારે રાજ્યે એવો ઠરાવ કર્યો કે અમારા તરફથી હવે પછી ચંદન વિદેશ મોકલીશુંજ નહિ. જેટલું ચંદન આંહિ તૈયાર થશે તેટલો પ્રમાણમાં તેનું તેલ કાઢવામાં આવશે. આ હેતુથી કારખાનું આગળ પર ગોટાપાયો પર શરૂ કરવામાં આવ્યું અને બેંગલોરમાં

૩૦૦૦ શેર તેલ નીકળવા લાગ્યું. વળી બીજું કારખાનું માર્ચસિરમાં પણ ખોલવામાં આવ્યું, તેમાંથી ૧૦૦૦૦ શેર તેલ દરમાસ નીકળવું શરૂ થશે. આ બીજા કારખાનાની શરૂઆત થઇ ચુકી છે, અને સપ્ટેમ્બર મહિનામાં તેમાં તેલ કાઢવાનું શરૂ પણ થઈ ચુકયું છે. હવે આ બન્ને કારખાનામાં દરમહિને ૬૦૦૦ શેર તેલ નીકળે છે. બે વર્ષમાં પંદર લાખ રૂપીઆનું તેલ તૈયાર થઇ ગયું છે. અને ઇ. સ. ૧૯૧૭ની આખરે લગભગ ૪ લાખ રૂપીયાનું તેલ મહિને મહિને નીકળતું થયું છે.

સો મણ જેટલું ચંદનનું તેલ પણ નીકળે છે, આથી અનુમાન કરી શકાય છે કે, જે પૈસા અહિંથી યુરોપ સુધી ચંદન મોકલવામાં ખરચાતાં હતાં તેમાં કેટલો બચાવ થઈ ગયો.

કારખાનામાં કામ દિવસ અને રાત ચાલુ રહે છે. ક્યારે કયારે સાફસુફ કરવામાં આવે છે ત્યારે થોડો વખત કામ બંધ રાખવાની જરૂર પડે છે. કામ કરનારાઓના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે. દરેક વિભાગવાળા આઠ કલાક કામ કરી જાય છે, અને તેઓના ઉપરી તરીકે રસાયન શાસ્ત્રમાં પારંગત થયેલ હિંદીને રાખવામાં આવ્યો છે. એ ઉપરાંત તેલ સાફ કરીને પેક કરાવવાની દેખરેખ રાખવા માટે બીજા રશાયન શાસ્ત્રીઓ રાખવામાં આવ્યા છે.

આ રીતે જાણી શકાય છે કે ભારતવર્ષના રાજ્યોમાં કેટલી વસ્તુઓ મળે છે. જો એ પરદેશ ન મોકલવામાં આવે અને તેના ઉપયોગ અહિંજ કરવામાં આવે તો એ રાજ્યોને કેટલો બધો નફો થાય, પરંતુ શોક સાથે લખવું પડે છે કે, દેશી રાજ્યોમાં આવી વાતો તરફ લક્ષ્યજ જતું નથી.

C/o હીરાલાલ અમૃતલાલનો બંગલો—ઘાટકોપર. } આત્મજ દામજી શાહ.

અધિપતિની નાંધ.

મજુર વર્ગના હીત માટે મુલેહના કરારનામામાં દાખલ કરવા માટે રજુ કરવામાં આવેલી એક કલમ એવી હતી કે આ કરારનામાં ઉપર સહી કરનાર રાજ્યોની સરકાર આથી નીચેની નવ કલમો સ્વીકારે છે અને તેને વ્યવહારૂ રીતે અમલમાં મેલવા માટે દેશપરદેશના પ્રતીનીધીઓના કૉન્ફરન્સ તરફથી વખતો વખત જે સલાહ મળે તે અનુસાર પગલાં ભરવાનું કબુલે છે:—

૧ કોઇ પણ મનુષ્ય પાસે મજુરી કરાવવાનો હક્ક વેપારની ચીજે માફક એક માલીક પાસેથી બીજા માલીકને આપી શકાશે નહીં અને વ્યવહારમાં પણ કોઇ પણ મનુષ્ય પોતાના મજુરને બીજા કોઇની મજુરી કરવાનુ ફરમાવી શકશે નહી

૨ કાયદાપુર્વક કરી શકાય એવાં કોઇ પણ કામ માટે મજુરો તથા તેમને નોકરીમાં રાખનાર શેઠીયાઓ મંડળમાં ભેગા મળી શકશે.

૩ ચઉદ વર્ષની અંદરની ઉમરના દરેક બાળકને માનસીક તથા શારીરીક યોગ્ય કેળવણી આપી શકાય એટલા માટે એવી વ્યવસ્થા રાખવામાં આવશે કે એવા કોઇ પણ બાળકને નોકરીમાં રાખવાની પરવાનગી આપવામાં નહી આવે. ચઉદથી અઢાર વર્ષનો કોઇ પણ છોકરો કે છોકરી શારીરીક ઉન્નતીને વીઘ્નકર્તા ન હોય એવો કોઇ પણ ધંધો એવી રીતે કરી શકશે કે તેના સામાન્ય અથવા ધંધાને લગતો અભ્યાસ ચાલુ રાખવાનું બની શકે.

૪ દરેક મજુરને પોતાના દેશકાળને અનુસાર યોગ્ય રીતે જીવન ગાળવાનું બની શકે એટલો પગાર મેળવવાનો હક્ક રહેશે.

૫ એક સરખા પ્રકારનું એક સરખું કામ કરનાર પુરૂષો તથા સ્ત્રીઓને સરખો પગાર આપવામાં આવશે.

૬ બધા મજુરોને રવીવાર અથવા અઠવાડયામા બીજો કોઇએક દીવસ આરામાયેશ માટે આપવામાં આવશે.

૭ મજુરો પાસે દરરોજના આઠ કલાક અથવા અઠવાડયાના અડતાળીસ કલાક કરતાં વધારે વખત કામ લેવામાં આવશે. નહીં. શીવાય કે જ્યાં સ્થાનીક હવાપાણી અથવા ઔદ્યોગીક બધારણની અપૂર્ણતા અથવા બીજા કોઇ ખાસ કારણોને લીધે મજુર વર્ગની કામમાટેની કાર્યશીલત ઉપર અસર થતી હોય. ત્યાં તે કારણો ધ્યાનમાં લઇને સમય નક્કી કરવામા આવશે. એવા કેશોમાં આ નીયમના બદલે એવોજ બીજો નીયમ

દેશ પરદેશના મજુરોના પ્રતીનીધીઓનું કૉન્ફરન્સ નકી કરશે.

૮ મજુર તરીકેના હકનો સવાલ હોય અથવા તેમની સંસારી સ્થિતીને લગતી બાબત હોય ત્યાં પરદેશથી કાયદાપુર્વક આવેલા મજુરોને તથા તેમનાં કુટુંબને સ્થાનીક મજુરોના જેવાજ ગણવામાં આવશે.

૯ મજુરોના રક્ષણ માટેના કાયદાઓ તથા નીયમો કેવી રીતે પળાય છે તે બાબતની યોગ્ય તપાસ રાખવામાં આવે તે માટે દરેક દેશની સરકાર ગોઠવણ કરશે અને તેમાં સ્ત્રીવર્ગનો પણ ભાગ રહેશે.

ઉપરની નવ કલમો બ્રીટીશ સરકારે સ્વીકારી હોય તો તે પ્રમાણે અમલ થતો રહે એવી સંભાળ રાખવા માટે હીંદમાં પણ મજુર વર્ગ તરફથી મંડળો સ્થપાવાની ૪૩૨ છે.

"ઑગ્મે કમર્શીયલ મ્યુઝીયમ" નામની જે સંસ્થા અત્રે થોડા વખતથી હસ્તીમાં આવી છે તે પ્રત્યે આથી વાચનારનું ધ્યાન ખેંચવામાં આવે છે દશેરાને દીને (તા. ૪ ૧૦-૧૯) એ સંસ્થાનું પ્રદર્શન ખુલ્લું મેલાશે એમા કયો માલ રાખવો તે જો કે એ સંસ્થાના ચાલકોની મુનસપ્રી ઉપર રહેશે તોપણ મુંબઇની વેપારી આલમ કઇ ચીજોના વેપાર કરે છે તથા મુંબઇમાં કઇ વસ્તુઓ બને છે. અને કઇ બને છે તેનો બ્યાલ એકજ જગાએ મળવાનો સંભવ જો આપણે કલ્પી શકીયે તો તેવું પ્રદર્શન સ્થાપવાનો અને તેને સતત ચાલુ રાખવાનો હેતુ આ સંસ્થાનો છે. કો ઇની પાસે નાણાંની મદદ કે ધર્માર્થ સહાય એ સંસ્થા માગતી નથી પણ વેપારી માલના નમુના મોકલી આપવા, ઉદ્યોગ તથા વેપાર વીશે અનુભવીઓનાં ભાષણો અથવા લેખો મેળવવા વગેરે કાર્યો આ સંસ્થાની પ્રવૃત્તીને અંગે હાથ ધરવાનો વીચાર રાખવામાં આવ્યો છે અને તેમાં બનતી મદદ કરવા માટે સર્વને વિનંતી કરવામાં આવે છે. એવાં કાર્ય વેપારી પેઢીની શૈલીપ્રમાણે કરનારી સંસ્થાઓ બીજા દેશોમાં ઘણી છે અને આ સંસ્થા પણ એજ રીતે કામ કરનાર છે. જેમને પ્રોસ્પેકટસ જોવાં હોય તેઓ ગીરગામ પોર્ટ-ગીઝ દેવળ પાસે એ મ્યુઝીયમની ઑફીસમાં પુછવાથી સર્વ માહીતી મેળવી શકશે.

ધંધાને લગતી કેળવણીની બાબતમાં અમેરીકામાં તથા ઈંગ્લંડમાં હાલ જે જાગતી ચાલી રહી છે તે ધ્યાન ખેંચવા લાયક છે. "ઉદ્યોગ અને વેપારને લગતી કેળવણી વધારવા માટેનું મંડળ" ઈંગ્લંડમાં થોડા વખત ઉપર સ્થાપવામાં આવ્યું છે લીલાંઉવાળાઓએ પોતાનું મંડળ સ્થાપી એ ધંધાને લગતી કેળવણી માટેની યુનીવર્સીટીની ડીગ્રી કાજે તાલીમ આપે એવી કૉલેજ કાઢી છે. વર્તમાન પત્રના અધિપતી થવા માટે જોઇતું શીક્ષણ તો ઘણા વખતથી અપાય છે અને તે લેનારને ત્યાંની લંડન યુનીવર્સીટી ડીપ્લોમા આપે છે. શરાફી તથા બેંકના કામકાજને લગતી તાલીમ લેનાર-લેનારાઓ માટે શીક્ષણ પરીક્ષા ઇન્સ્ટીટ્યુટ ઑફ બેંકર્સ તરફથી અપાય છે અને છેવટે તે માટેની પરીક્ષા પણ એ મંડળ લે છે, પરદેશીમા બેંકોને લગતું કામકાજ

ક્રેમ ચાલે છે તે માટેની માહીતી મળે તે અર્થે ચોગ્ય માણસોને ચુંટી કહાડી પરદેશ ખાતેની બે ઠેકાણાં ક્રામ કરવા માટે મોકલવાની ચોજના લંડન ગ્લોબ સીટી એંડ મીડલેંડે તૈયાર કરી છે. લંડનની કાઉંટી એંડ વેસ્ટ મીન્સ્ટર બેંકે ચાલાના નોકરોને માટે સ્કોલરશીપ ફંડ સ્થાપ્યું છે મી. એમ. ઇસ્ટીન નામના એક ગૃહસ્થે તા. ૧૪ મી જુન ૧૯૧૯ ના "ધનેકોનોમીસ્ટ" નામના અઠવાડીક પત્રમાં લેખ મોકલ્યો છે તેમાં તેણે એવી સુચના કરી છે કે સરકારી નોટો તથા શેરોના બજારને લગતા કામકાજ વીશેની માહીતી તથા તાલીમ આપવા માટે ખાસ ગોઠવણ કરવી જોઇએ અને એવી તાલીમ મેળવેલી ન હોય એવા કોઇ પણ ગૃહસ્થને તે ગમે તેવો પ્રમાણીક અને શ્રીમંત હોય તો પણ હવે પછી શેર બજારના મંડળના સભાસદ તરીકે દાખલ કરવો ન જોઇએ.

લેધર ક્લોથની બનાવટ માટેની હુરી [illegible] ઘણી સલક્ષ છે. જાપાનના એ ઉદ્યોગની સ્થીતી ઉપરથી એ વીશે કેટલીક જાણવા જેગ માહીતી વેપારી ખબરોમાં આ અંકમાં આપી છે તે ઉપરથી માલમ પડશે કે ૧૯૧૮ ના વરસ અગાઉ જાપાનમાં તથા ઓઇલ ક્લોથની આયાતમાં, મોટો વધારો થયેલો જણાય છે તેનું કારણ એ છે કે ઉંચા પ્રકારનો માલ મોટરકાર બનાવવામાં ઉપયોગી હોવાથી તેની લેવાતી ઘણીજ વધી હતી. લેધર ક્લોથ બનાવવામાં સુતરાઉ ચાદરો (કેટન ક્લે સીર્ટીંગ) મુખ્ય કરીને વપરાય છે. તેનો મોટો ભાગ સ્થાનીક મીલોમાં બનેલો હોય છે. તેને માટેનું રૂ મોટે ભાગે હીંદમાંથી આયાત કરેલું હોય છે. એ કે થોડોક ભાગ ફોરીયામાંથી પણ આયાત થાય છે. પણ તે બેઉમાં અમેરીકન રૂની ભેળવણી કરવી પડે છે. તેમ ન કરે તો લેધર ક્લોથ બનાવતી વેળા કાપડનું કદ ઘટી જાય છે.

લેધર ક્લોથ બનાવવાની રીતમાં ઇંડીયન ટ્રેડ જર્નલના તા. ૧૩ મી જુન ૧૯૧૯ નાં અંકમાં ટુંકામાં સમજાવેલી છે એમાં બે પીગમેંટ અને કોલોડીયન વપરાય છે તે જાપાનમાં બને છે માત્ર બહુ પીગમેંટ અને કાર્બનબ્લેક પરદેશથી આયાત થાય છે. પીગમેંટમાં દીવેલનો ભાગ વીસથી ત્રીસ ટકા જેટલો હોય છે. લેધર ક્લોથ બનાવતી વેળા બસો વાર [illegible] પછી વેપારીઓને માલ આપતી વેળા તેમાંથી સગવડ અને હાજતના પ્રમાણમાં કડકા કરવામાં આવે છે, હીંદમાં લેધર ક્લોથ બનાવવાનો ઉદ્યોગ નથી પણ સાદીસીક ધંધાદારીઓ એમાં ધ્યાન આપે તો એ ઉદ્યોગ હીંદમાં જમાવી શકાય એવો છે.

પુસ્તક પરિચય.

ધી બરોડા ચેંબર ઓફ કોમર્સનો છઠ્ઠો વાર્ષિક રિપોર્ટ—પ્રસિદ્ધ કર્યો માણેકલાલ હરગોવિંદદાસ શાહ—સંવત ૧૯૭૪-૭૫, ઈ સ. ૧૯૧૮-૧૯. રિપોર્ટમાં બહુ ટુંકમાં એ ચેંબરે કરેલા કામકાજનો અહેવાલ આપેલો છે છેલ્લા છ વર્ષથી અનેક મુશ્કેલીઓ છતાં પણ આ સંસ્થા ટકી રહી છે અને યથાશક્તિ પોતાનું કામકાજ બજાવ્યે જાય છે. એથી એને ધન્યવાદ ઘટે છે ધીમે ધીમે આ મંડળ બીજી આગેવાન ચેંબરોને અનુસરીને પોતાના કાર્યક્રમમાં વધારો કરતું જાય અને એથી કરીને વડોદરાના વેપારની ઉન્નતિ સાધવા કારણભુત બને એવી આશા રાખીએ છીએ.

The Stock Exchange News—શેર બજાર ન્યુસ, વાર્ષિક લવાજમ રૂા. ૪, છુટક નકલ-૨ આના. પ્રસિદ્ધ કર્તા:—મેસર્સ મંચેરશાહની કું.—રેવ્યે ચ્યુ ચાંટરોડ.

આ અઠવાડિક પત્રને આવકાર આપતા અમને ઘણો આનંદ થાય છે બીજા દરેક મુંબરેલા દેશોમા જ્યાં જ્યાં શેર બજાર છે ત્યાં ત્યા માત્ર તે સબંધી વિદ્વતાપુર્વ ચર્ચા ચલાવતાં વર્તમાન પત્રો પણ હસ્તી ધરાવે છે, પણ અહિં હજી સુધી એવુ એકે પત્ર નહતુ તેની ખોટ આથી પુરી પડે છે અને આ નવા સાહસને માટે તેના પારસી કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે. અલબત, હજી આ પત્ર નવું છે એટલે લેખકો એવા વિચારપુર્વ લેખો નથી પણ રફતે રફતે એમાં સુધારો થતો જાય અને વ્યાપારના અનેક અંગ રૂપથી લેખો તે તે અંગના વિદ્વાનો પાસે લેવામાં આવે અને ખરા પૈસા રોકનાર ગમે તે વર્ગના આસામીઓ માટે પણ આ પત્ર માર્ગસૂચક બને તો મુંબાઇના વ્યાપારને મોટો લાભ થશે એટલું જ નહિં પણ હમણા શેર સટ્ટાના પવનમાં પણ સામાન્ય લોકોમા જે અજ્ઞાન આ સંબંધી જોવામાં આવે છે તે દૂર થશે એમ ધારીએ છીએ.

સ્વામી વિવેકાનંદ—ભાગ ૫ મો અનુવાદક.—રા. નર્મદાશંકર બાલાશંકર પંડ્યા અને રા. નટવરલાલ ગિરધરલાલ શાહ: પ્રકાશક: સરસ્વતિ સાહિત્ય વર્ધક કાર્યાલય: હવે આ સંસ્થા કે તેના તરફથી પ્રસિદ્ધ થતા પુસ્તકોને ગુજરાતી પ્રજાને ઓળખાવવાની જરૂર રહી નથી 'સ્વામી વિવેકાનંદ' જેવા પુસ્તકોનો પણ લોકોમાં આટલો બધો ઉહાલ છે એ હકીકતથી સંતોષજ ઉત્પન્ન થાય છે. ભાષા શુદ્ધ તેમજ સરળ છે અને જે વર્ગ આ પુસ્તક વાંચીને લાભ મેળવી શકે તેમને યોગ્યજ છે.

ચેમ્બરનો વિભાગ.

શ્રી ઇંડીયન મર્ચંટસ ચેમ્બર એંડ બુરોની કમીટીની સભા તા. ૨૭-૮-૧૯ ને રોજ બપોરે (સ્ટા. ટા.) ૨॥ વાગે ચેમ્બરની ઑફીસમાં ઑ. શેઠ ચુનીલાલ વી. મેહેતાના પ્રમુખપણા હેઠળ મળી હતી. તે વેળા નીચે જણાવેલા ગૃહસ્થો હાજર હતાઃ—મેશર્સ જહાંગીર બમનજી પીટીટ, વીસનજી ઠાકરસી હાલાઇ, હંસરાજ પ્રાગજી ઠાકરસી, લક્ષ્મીદાસ રવજી ટેરસી, નીકલદાસ હાંમોદર, ગોવીંદજી, કેવીદાસ માધવજી ઠાકરસી, મોતીલાલ વલભજી, મોતીલાલ કાનજી, મુળજી હરીદાસ, તથા લક્ષ્મીચંદ માણેકચંદ ઓખાણી.

સભામાં કામકાજ નીચે પ્રમાણે કરવામાં આવ્યું હતું.

૧ આગલી સભાની મીનીટ સભાસદોમાં ફેરવવામાં આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

૨ અક્ટોબર માસમાં મળનારી ઇંડીયન રેલ્વે કૉન્ફરન્સ એસોસીએશનની કમીટી તા. ૬-૧૦-૧૯ ને રોજ સીમલા ખાતે મળનાર છે એમ જણાવી જે વીષયો એ સભામાં અર્થ્ય એવી ચેમ્બરની ઇચ્છા હોય તે વીષયોની ખબર તા. ૧૦-૯-૧૯ સુધીમાં મોકલવી એવી વીનંતી કરનારો પત્ર એ કૉન્ફરન્સના સેક્રેટરી તરફથી આવ્યો હતો. કમીટીએ એવો ઠરાવ કર્યો હતો કે રેલ્વેના દર બાબદ ચેમ્બર તરફથી નામદાર સરકાર ઉપર મોકલવામાં આવેલી અરજી તથા ગ્રીન્સ વર્ગના ઉતારૂઓની કર્યાદો એ બે બાબદ એ સભાની ચર્ચા માટે સુચવવા.

૩ મી. બી. એફ. માદને "ટાઇમ્સ ઓફ ઇંડીયા" ના પત્રના તા. ૨૧-૮-૧૯ ના અંકમાં છઠે પાને "સોના વીશેના ઠરાવ ઉપર સહી થઇ" એવા મથાળા નીચે આવેલા લખાણ વીશે કમીટીનું ધ્યાન ખેંચી એમ સુચવ્યું હતું કે જો ઇગ્લંડની સરકાર પોતાનાં મુલકમાંથી સોનું નીકાશ થવા દેવા તૈયાર હોય તો કમીટીએ હીંદી સરકારને તથા હીંદી પ્રધાનને મજબુત આગ્રહ સાથે વીનંતી કરવી કે એ સોનું ખીજે દેશ જાય તો હીંદના લેહેણા પેટે આ દેશમાં આવવા દેવું એમ થવા માટે હાલ હીંદમાં સોનું આયાત કરવાની મનાઇ છે તે કાઢી નાંખવી જોઇએ અને જે કીંમત આવે તે કીંમતે ખુલા બજારમાં સોનું વેચાવા દેવું જોઇએ. એ રીતે સોનું હીંદમાં આવશે તો તેટલે અંશે ચાંદી માટેની માંગણી ઘટશે અને હીંદી પ્રધાનની હુંડીને લગતો મામલો વધારે બગડતો અટકશે.

કમીટીએ ઠરાવ કર્યો કે હીંદમાં સોનું આયાત કરવાની મનાઇ કાઢી નાંખવી અને સાધારણ રીતે આવતું હતું તે પ્રમાણે હીંદમાં એ આવે એવી પરવાનગી આપવી એવી હીંદી સરકારને વીનંતી કરવી.

૪ જંગબાર ખાતેની ઈંડીયન નેશનલ એસોસીએશનના આ. સેક્રેટરી મી. બીહારીલાલ એન. અનંતાણીએ હીંદના પૂર્વ ઈસ્ટ આફ્રીકા સાથેના વેપાર કેમ વધારવો તે વીશે ચેમ્બર ઉપર એક પત્ર લખ્યો હતો તેમાં તેમણે જણાવ્યું હતું કે વેપારી અને ઉદ્યોગ ધંધાને લગતાં મંડળોએ પૂર્વ આફ્રીકામાં વેપારની સ્થીતી હાલ કેવી છે તથા વેપાર માટેની સગવડો કેવી છે તે વીશે રીપોર્ટ ઠરવા માટે પ્રતીનીધીઓ મોકલવા જોઇએ. બીજી પણ કેટલીક સુચનાઓ એ પત્રમાં હતી જેમાં એક એ હતી કે હીંદીઓના હાથમાંજ નાણાં જંબધી કાણુ હોય અને આ વેપાર વધારવા માટે પ્રયત્ન કરે એવી એક જોઇટ સ્ટોક કંપની સ્થાપવી.

કમીટીએ એ પત્ર સભાસદોમાં ફેરવવાનો ઠરાવ કર્યો હતો.

૫ ચેમ્બરના સભાસદો થવા માટે નીચે જણાવેલા ગૃહસ્થો તરફથી અરજી આવી હતી :— (૧) શેઠ ઈશ્વરલાલ લક્ષ્મીદાસ, (૨) શેઠ એન. એમ. મજમુદાર અને (૩) શેઠ રામકૃષ્ણ એન. બીલ્લુર.

એમને વીશે ચેમ્બરના સભાસદોનાં મત માગવાં, મત પત્રકો તા૦ ૪-૯-૧૯ થી ૧૧-૯-૧૯ સુધીમાં સ્વીકારવાં અને સ્કુટીનીયર તરીકે શેઠ મોતીલાલ વલભજીને નેમવાનો કમીટીએ ઠરાવ કર્યો હતો.

૬ હુંડીને લગતા સવાલો સંબંધી ચર્ચા કરવા માટે જે કોન્ફરન્સ વાતા બેંક વરફથી ભરવામાં આવનાર હતી તે માટેનો વીચાર એમણે માંડી વાળ્યો છે એમ જણાવનારો એમનો પત્ર આવ્યો હતો.

કમીટીએ તેની નોંધ લીધી હતી.

૭ રેલ્વેની રસીદો ઉપર ખોટી સહી ઠરવામાં આવે તો તેથી ખોટ જાય તે માટેની જવાબદારીમાંથી રેલ્વે સતાવાળાઓને મુક્ત રાખવા બાબદ નામદાર સરકારે ચેમ્બરનો અભિપ્રાય માગ્યો હતો.

એ વીશે વીચાર ચલાવવા માટે નીચે જણાવેલા ગૃહસ્થોની સબ-કમીટી નેમવાનો ઠરાવ થયો હતો :—

ઑ. મી૦ ચુનીલાલ વી. મેહેતા, ઑ. મી૦ પુરૂશોતમદાસ ઠાકોરદાસ તથા મેસર્સ જહાંગીર બમનજી પીટીટ, લક્ષ્મીચંદ માણેકચંદ ખોખાણી, મોતીલાલ કાનજી, વેલજી લખમસી નપુ, વીસનજી ઠાકરસી હાલાઇ તથા નારણજી હરીભાઇ.

૮ મી. પદમસી મનજીએ પત્ર લખી ફરીયાદ કરી હતી કે જરમની તથા આસ્ત્રીયા ખાતે મોકલેલા તાર પહોંચ્યા કે કેમ તે વીશેની પુછપરછનો બરોબર જવાબ નામદાર સરકાર પાસેથી મળતો નથી. કમીટીએ ઠરાવ કર્યો કે આ પત્રનો એવો જવાબ વાળવો કે જર્મની તથા આસ્ત્રીયા ખાતે મોકલેલા તારના સંદેશા સામાન્ય રીતે પહોંચે છે કે કેમ તે વીશે એમણે નામદાર સરકારનાં તાર ખાતાંના વડાને લખીને પુછવું.

૯ એસેન્શીયલ આઈલની આયાત તથા નીકાશને લગતી વીગત નામદાર સરકાર પાસે મંગાવવી એવો ઠરાવ કરવામાં આવ્યો હતો.

૧૦ કમીટીએ ઠરાવ કર્યો હતો કે આવતી મીટીંગ સોમવાર તા. ૮ મી સપ્ટેમ્બર ૧૯૧૯ ને રોજ રટા. ટા. ૨ વાગે ભરવી.

બાદ સભા બરખાસ્ત થઈ હતી.

ધી ઇંડીયન મર્ચંટસ ચેમ્બર એંડ બુરોની કમીટીની એક સભા શુક્રવાર તા. ૫-૯-૧૯ ને દીને બપોર પછી ૨ વાગે ચેમ્બરની ઑફીસમાં ઑ. શેઠ ચુનીલાલ વી. મેહેતાના પ્રમુખપણા હેઠળ મળી હતી જે વેળા નીચે જણાવેલા ગૃહસ્થો હાજર થયા હતાઃ—ઑ. શેઠ લલ્લુભાઈ સામળદાસ, શેઠ સોરાબજી એદલજી વૉર્ડન, શેઠ મોતીલાલ વલ્લભજી, શેઠ વીઠલદાસ ડી. ગોવિંદજી, શેઠ લક્ષ્મીચંદ માણેકચંદ ઝોબાણી, શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરસી, શેઠ મોતીલાલ કાનજી, તથા શેઠ વસનજી ઠાકરસી હાલાઇ.

નામદાર સરકારના એકાઉંટંટ જનરલ ખી. કે. એલ દત્ત ચેમ્બરની મુલાકાત લેનાર હોવાથી ખાસ આમંત્રણને માન આપીને શેઠ બી. એફ. માદન તથા શેઠ એન. એમ. મજુમદાર પણ હાજર થયા હતા.

નીચે પ્રમાણે કામકાજ કરવામાં આવ્યું હતું:—

૧ મી. કે. એલ દત્તને આવકાર આપી ચલણ સંબંધી વાતચીત કરવામાં આવી હતી.

૨ ચેમ્બરના સભાસદોની વાર્ષીક સભામાં રજુ કરવા માટે ચેમ્બરનો વાર્ષીક રીપોર્ટ હીસાબ આથે સેક્રેટરીએ રજુ કર્યો હતો, કમીટીએ તે બહાલ રાખ્યો હતો.

૩ વાર્ષીક સભા તા. ૩૦ મી સપ્ટેમ્બર ૧૯૧૯ ને રોજ સાંજે સવાપાંચ વાગે (રટા. ટા.) મેળવવાનું ઠરાવવામાં આવ્યું હતું.

૪ ચેમ્બરની કમીટીની ચુંટણી માટેનાં મતપત્રકો માટે સ્કુટીનીયરો તરીકે શેઠ મોતીલાલ વલ્લભજી તથા શેઠ વીઠલદાસ દામોદર ગોવીંદજીને નીમવામાં આવ્યા હતા.

બાદ સભા બરખાસ્ત થઇ હતી.

ધી ઇંડીયન મર્ચંટસ ચેમ્બર એંડ બુરોની કમીટીની ખાસ સભા શુક્રવાર તા. ૧૯ મી સપ્ટેમ્બર ૧૯૧૯ ને રોજ બપોરે રટા. ટા. ૩ વાગે ચેમ્બરની ઑફીસમાં શેઠ જહાંગીર ઇમનજી પીટીટના પ્રમુખપણા હેઠળ મળી હતી જે વેળા નીચે જણાવેલા ગૃહસ્થો હાજર હતાઃ—

શેઠ સોરાબજી એદલજી વાર્ડન
" હંસરાજ પ્રાગજી ઠાકરસી
" ગુલાબચંદ દેવચંદ ઝવેરી
શેઠ મોતીલાલ વલ્લભજી
" મોતીલાલ કાનજી

તે વેળા નીચે પ્રમાણે કામકાજ કરવામાં આવ્યું હતું:—

૧ ચામડાંની નીકાશ ઉપર જકાત નાંખવામાં આવી તે માટે અનુમોદન આપવાનો અને એમાં સામ્રાજ્યમાં ફેરબદલ કરવા માટે નીકાશ થતાં ચામડાં ઉપરની નીકાશ જકાતનો અમુક ભાગ વળતર આપવાની જે ગોઠવણ છે તે સામે વાંધો ઉઠાવનારા તારનો સંદેશો મોકલવા માટેનો મુસદ્દો રજુ કરવામાં આવ્યો હતો. કમીટીએ એ મુસદ્દો બહાલ રાખ્યો હતો.

૨ હૂંડી પ્રધાનની હુંડી માટેનો દર વધારીને બે શીલીંગ કરવામાં આવ્યો તે સામે વાંધો ઉઠાવવાની બાબત કમીટી પાસે રજુ કરવામાં આવી હતી. કમીટીએ ઠરાવ કર્યો કે એ વીશે વધારે હકીકત મેળવી જરૂર લાગે તો નામદાર સરકારને તાર કરવાની પ્રમુખને સત્તા આપવી.

૩ રંગ (dyes)ની આયાત હીંદમાં કરવાની બાબતમાં જે અંકુશ મુકવામાં આવ્યો છે તે માટે વાંધો ઉઠાવવાનો ઠરાવ કરવામા આવ્યો હતો.

૪ ગળીના ઉદ્યોગમાં થતી આવકને કરમાંથી મુકત રાખવાનો જે ઠરાવ તા૦ ૫–૯–૧૯૧૯ ને દીને નામદાર હીંદી સરકારનાં નાણાંખાતાએ કર્યો છે તે બાબત કેટલીક હકીકત પુછનારા પત્ર નામદાર સરકાર ઉપર લખવાનો કમીટીએ ઠરાવ કર્યો હતો.

૫ ચેમ્બરના સભાસદ થવા માટે નીચે જણાવ્યા પ્રમાણે નવ અરજીઓ આવી હતી તેમને માટે ચેમ્બરના સભાસદોનાં મત માગવાનો બેલટ માટે સોમવાર તા૦ ૨૯ મી સપ્ટેંબર થી ૬ ઠી ઓકટોબર ૧૯૧૯ સુધીની તારીખો રાખવાનો અને સ્કુટીનીયર તરીકે શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરશીને નીમવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો:—

એ અરજીઓ નીચેના ગ્રહસ્થો તરફથી આવી હતી:—

મેસર્સ હાતીમ અતારી એંડ કું.
" એચ. જે., બીલીમોરીયા એંડ કું.
શેઠ ડી. એમ. વાડીયા
" ઇશ્વરલાલ ગણપતરામ ગજ્જર.
" બદરીનારાયણ ગંગાધર.
શેઠ હુસેન એ. ફાઝલભાઇ.
" કાનજી ગોરધનદાસ ટોપરાણી.
" ગોપાલદાસ નીકમજી જીવણદાસ.
" વસનજી નારણજી ભીમજી.

૬ ગઇ સભામાં કમીટીની ચુંટણી માટે સ્કુટીનીયર તરીકે શેઠ મોતીલાલ વલ્લભજીને નેમવામાં આવ્યા હતા તેઓ બહાર ગામ જતા હોવાથી તેમની જગાએ શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરશીને નેમવાનો ઠરાવ થયો હતો.

બાદ સભા બરખાસ્ત થઇ હતી.

મારસેલ્સની રંગીન સાદીઓ સફાઈદાર અને મજબુત.

ઔદ્યોગીક ઉન્નતીમાં નડતાં વિઘ્નો વીશે મી૦ અમીનની ફરયાદ વાશે નામદાર સરકાર ઉપર ચેમ્બરે મોકલેલી અરજી.

હીંદી સરકારનાં વેપાર ઉદ્યોગ ખાતાંના

સેક્રેટરી જોગ:—

સાહેબ,

ગઈ તા૦ ૨૨ મી સપ્ટેંબર ૧૯૧૬ ને દીને આ ચેમ્બર તરફથી તમારા ઉપર પત્ર લખવામાં આવ્યો હતો જેમાં મેસર્સ એલેક્ષીક કંપનીને પોતાના ધંધામાં નડતી અડચણો વીશે વીવેચન કરવામાં આવ્યું હતું. તે પત્રની પહોંચ સ્વીકારાઈ. પછી કાંઈ પણ વીશેશ જવાબ નામેદાર સરકારે આપ્યો નથી એ વીશે કમીટી દલગીર સાથે આપનું ધ્યાન ખેંચે છે. એ પછી ત્રણ વરસ થયાં છે તો પણ કમીટીએ ઠરેલી એ ફરયાદ વીશે તપાસ કરી તે દુર કરવા માટે કાંઈ પણ પગલાં લરવામાં આવ્યાં નથી તે દલગીર થવા જેવું છે આ કાંઈ અમુક વ્યકતી કે કંપનીને લગતી બાબત નથી. એ એવી બાબત છે કે જેમાં એક નવા ઉદ્યોગની હાલની રચીતી તથા હવે પછીની ઉન્નતીનો સવાલ સમાયલો છે. આ ચેમ્બરની કમીટી એમ માને છે કે એ નવા ઉદ્યોગને ખીલવવા માટે અમારા જેટલીજ કાળજી નામદાર સરકારને પણ છે. ઉપર જણાવેલો પત્ર અમે લખ્યો તે પછી મેસર્સ એલેક્ષીક કેમીકલ કંપનીએ હીંદી ઔદ્યોગીક કમીશન પાસે જુબાની આપી તેમાં પણ તેમણે પોતાને નડતી મુશકેલીઓ વીશે વીગતવાર વીવેચન કર્યું હતું. તેમ છતાં આ બધાં વરસો દરમ્યાન એમને માત્ર એટલોજ ફાયદો થયો છે કે ઔદ્યોગીક કાર્ય માટેનો ઓકકેહોલ ઉપરથી ચાડા સાત ટકાની જકાત કાઢી નાંખવામાં આવી. એ માટેનો હુકમ નામદાર હીંદી સરકારે આખા બ્રીટીશ હીંદને માટે કહાડયો હતો પણ તે છતાં આ કંપનીની બીજી બધી ફરયાદ તો અગાઉ જેવીજ રહી એટલુંજ નહીં પણ આ કંપનીના માલ પંજાબમાં આયાત થતો પંજાબની સરકારે અટકાવવાથી કંપનીને ગંભીર પ્રકારનો અન્યાય થયો છે.

મારી કમીટીને એવી ખબર મળી છે કે એલેક્ષીક કેમીકલ વર્કસ કંપનીની સામે જ્યારે આવી રીતનો અટકાવ મેલવામાં આવ્યો છે ત્યારે જાવા, જાપાન અને બીજા પરદેશોનો માલ પંજાબમાં હંમેશ પ્રમાણે કર આપીને આયાત કરી શકાય છે. મુંબાઈના એકસાઈઝ કમીશનર પોતાના તા. ૫ મી ઓકટોબર ૧૯૧૦ ના નં. ૧૪૧૯ ના પત્રમાં જણાવે છે કે પંજાબનાં દારૂ ગાળનારાં કારખાનાંના હીત જોતાં તથા પંજાબની સરકારની આવકનો લાભ ધ્યાનમાં લેતાં પંજાબ એકસાઈઝ મેન્યુઅલ (પાનું ૧૩૦) ની કલમ ૩૮૪ મી પ્રમાણે કાશમીરમાં, દીલ્હી પ્રાંતમાં તથા સંયુકત પ્રાંતમાં આવેલી રેક્ટી ડીસ્ટીલરીમાંથી જે માલ આવે તે શીવાય હીંદના બીજા કોઈપણ ભાગમાં બનેલો દારૂ પંજાબમાં આયાત થવા દેવાય એમ નથી. આ પત્રનો અર્થ એજ છે કે મેસર્સ કેરૂ એંડ કંપનીને ઈજારો આપવામાં આવ્યો.

ઓટલુંજ નહી પણ હીંદના બીજા ભાગમાં બનતા માલને અટકાવીને પરદેશોથી આવેલો દારૂ આયાત થઇ શકશે. આ ફરીયાદ વીશે મારી કમીટીએ ઝારી રીતે વીચાર કર્યો છે અને દલગીરી સાથે જોયું છે કે એલેમ્બીક કેમીકલ વર્કસ કંપનીએ નામદાર હીંદી સરકારને આ બાબદમાં અરજી કરી. તેનો નીચેનો લાવતાં હીંદી સરકારનાં વેપાર તથા ઉદ્યોગને ખાતાં તરફથી નં. ૨૪૪૩ ડી તા. ૨૩ મી ફેબ્રુઆરી ૧૯૧૮ ના પત્રમાં દલગીરી દર્શાવીને જણાવવામાં આવ્યું છે કે પંજાબની સરકારના કાર્યની વચે પડવાનું હીંદી સરકારને ચોગ્ય લાગતું નથી.

આ દેશની વેપાર ઉદ્યોગમાં પડેલી ફ્રોમ એવી આશા રાખે છે કે હીંદી ઔદ્યોગીક કમીશનના રીપોર્ટ પછી નામદાર સરકાર જે રાજનીતી ધારણ કરશે તે આ દેશના ઉદ્યોગોને અનુકુળ રહેશે. એવી આશાને લીધેજ મારી કમીટીએ આ બાબદ તમારૂં લક્ષ ખેંચ્યું છે અને એમ કરતી વેળા એવી આશા રાખી છે કે આ હીંદી સરકાર કંપનીની આ ફરયાદો દુર કરવાની કૃપા કરશે.

તા. ૨૨ મી સપ્ટેંબર ૧૯૧૯ ના પત્રમાં મારી કમીટીએ કરેલી ફરયાદોમાં એક એ હતી કે માલ ઠારખાનાંમાથી બહેરી જવા અગાઉ તેના ઉપરની જકાત આપવાની ફરજ પાડવામાં આવતી હતી. એ ફરીને લીધે ચાલુ કામ માટેની થાપણનો મોટો ભાગ રોકવાની ફરજ પડતી હતી. આ ફરયાદમાં મુંબઇના એકસાઇઝ કમીશનરે થોડા વખતપર કહાડેલા હુકમથી વધારે થયો છે. એ હુકમમાં જણાવ્યું છે કે જે દારૂ આયાત કરવાનો હોય તેને માટેની ડીપોઝીટ જેટલી રકમની સરકારી પ્રોમીસરી નોટ એકાઉંટંટ જનરલ પાસે અનામત તરીકે રાખવી. આ હુકમનો અર્થ વ્યવહારમાં એવો થાય છે કે આખા વરસ માટેની રકમ અનામત મુકવી પડે એ રકમ ઓછામાં ઓછી પચાસ હજાર રૂપયા જેટલી થવા જાય. એટલી રકમ એવી રીતે રોકવી પડે તો આ ઉદ્યોગની હાલની સ્થીતીમાં બહુ ભારે પડે. મારી કમીટી એવી ભલામણ કરે છે કે પરદેશથી આવતા દારૂને માટે જેવી સગવડ છે તેવી સગવડ એલેમ્બીક કેમીકલ વર્કસ કંપનીને પણ આપવી જેથી પરદેશથી આયાત થતા માલની હરીફાઇથી હાલ એ કંપનીને જે ગેરલાભ થાય છે તેમાથી તે મુકત થાય.

બ્રીટીશ હીંદમાં દારૂ બનાવનારાઓ જ્યારે પોતાનો માલ પરદેશ મોકલે છે ત્યારે તેમને જકાત પાછી મેળવવાનો હક રહે છે પણ એ પ્રકારનો લાભ એલેમ્બીક કેમીકલ વર્કસ કંપનીને આપવાને એવું જણાવીને ના પાડવામાં આવે છે કે સી કસ્ટમ્સ એકટની કલમ ૧૫૦ મીની કૃયે જકાત પાછી આપવાનું માત્ર બ્રીટીશ હીંદમાં બનેલા માલને માટેજ છે. (જુઓ મુંબઇના કસ્ટમ્સ કલેકટરનો પત્ર ૧૯૧૮ નો નં૦ ૧૪૦૮) આ બાબતમાં નામદાર મુંબઇ સરકારે એટલું સ્વીકાર્યું છે કે વડોદરામાં બનેલો "રેકટીફાઇડ ડીનેચર્ડ સ્પીરીટ" મુંબઇ ઇલાકામાં આયાત કરવામાં આવશે તે વેળા બ્રીટીશ હીંદમાં બનેલા એજ પ્રકારના માલના જેવીજ છુટ આપવામાં આવશે. એ પ્રમાણે છે તે

દીવાલના માટે ફ્રેન્સી ટાઇલ્સની છેલ્લી ડીઝાઇનો જોયો કે ?

પછી આ બાબતમાં પણ એવીજ રીતે ઠામ ચામાટે લેવામાં ન આવેલ્તેનું કારણ દેખાતું નથી. જો એલેગ્ઝીક ડેમીકલ વર્કસ કંપનીને પોતાનો માલ પરદેશ નીકાશ કરતી વખતે આવી સગવડ આપવામાં આવશે તો તે દેશો આતે લેવાથી બહુ ફેરવાથી એ ઉદ્યોગ ઘણો ખીલી શકશે.

ફી. આજાંકીત,
જે. કે. ગ્રેહુતા.
સેક્રેટરી.

ચેમ્બરની લાયબ્રેરીમાં વધારવામાં આવેલાં પુસ્તકો.

G. 1441 Agricultural Research Institute Pusa Report 1913–17.
,, 1442 Annual Statement of the Sea-Borne Trade of British India yea ending 31st March 1918. Vol I.
,, 1443 Statistics of British India Vol. III Public Health 1919.
,, 1444 Land Revenue Administration Report of the Bombay Presidency including Sind for the year 1917–18 Part II
,, 1445 Record of the Geogical Survey of India Vol. L. Part II 1919.
,, 1446 Annual Report on the Department of Industries Bombay Presidency for the year 1917–18.
,, 1447 Legislative Council 18th September 1919 List of Questions.
,, 1448 Report on the Operations of the Madras Currency Department and on the Resource operations of Government in the Madras Presidency for the year 1918–19.

C.
,, 784 સંપાદક સાહીત્ય સભા પુસ્ત ૩૧ બાલીમેન્ટ
,, 785 ,, પુસ્ત ૩૨ તુલનાત્મક ધર્મ વિચાર
,, 786 ,, પુસ્ત ૩૩ ભાલણ
,, 787 Bombay Lagislative Council Manual 1916
,, 788 Business Organization.
,, 789 Bombay Commercial Museum.
,, 789a Do Do
,, 790 International Conciliation March 1919.
,, 791 Do Do August 1919.
,, 792 A Monograph on Indian Railway Rates.
,, 793 The Oxford Dictionary.
,, 793a Do Do (Second copy)
,, 794 વીરીષ્ઠ શ્રી યમલા સ્વામી વિવેકાનંદ ભાગ પાચમો
,, 795 ધી બરોડા ચેમ્બર ઓફ કોમર્સનો છઠ્ઠો વાર્ષિક રીપોર્ટ

વિગ્રહ અને વેપારઃ સરકારી જાહેરનામાં.

જરમની તથા જર્મન આસ્ટ્રીયા ખાતે માલ મોકલવાની હવે રજા આપવામાં આવી છે પણ કેટલીક જાતના માલની નીકાશ માટે હીંદી સરકારે અને કેટલીક જાતના માલની નીકાશ માટે ઈંગ્લંડની સરકારે સામાન્ય રીતે બંધી કરેલી છે તે પ્રકારનો માલ મોકલી શકાશે નહીં એમ મુંબઈના કસ્ટમ્સ કલેક્ટર અમને જણાવે છે. એ મનાઈ કરેલા માલ સંબંધી વીશેશ વીગત ગવર્મેંટ ગેઝેટના અંદાજમાં વારંવાર આપવામા આવે છે અને આ ચેઝ્બરમાંથી તે સંબંધી માહીતી મળી શકશે.

કાચાં ચામડાંની નીકાશના સંબંધમાં મુંબઈના કસ્ટમ્સ કલેક્ટર તા ૪-૯-૧૯ ના પત્રમાં જણાવે છે કે જે દેશખાતે માલ મોકલવાની સામાન્ય રીતે મનાઈ હોય તેવા મુલક શીવાય હુનીયાના કોઈપણ ભાગમાં કાચાં ચામડાં મોકલવા દેવામાં આવશે. કાચાં ચામડાં કોઈ પણ દેશ ખાતે નીકાશ કરવા માટે છુટથી લાઈસન્સ આપવામાં આવશે એમ નામદાર સરકાર તરફથી જાહેર કરવામાં આવ્યું છે.

કોલસા તથા કોકની નીકાશ માટેની બંધી કાઢી નાંખવામા આવી છે એમ હીંદી સરકારના ઠરાવ નં. ૫૬૮૧ મા જણાવવામાં આવ્યું છે.

દારૂગોળા, હથીયાર અથવા હથીયારના ભાગની નીકાશ કરવા માટે ઈ. સ. ૧૯૧૬ ના ૧૧ મા કાયદાની રૂએ કરવામાં આવેલી મનાઈ કાઢી નાંખવામા આવી છે એમ હીંદી સરકારનાં પડુળ૭ નંબરના ઠરાવમાં જણાવવામાં આવ્યું છે.

દારૂગોળા, હથીયાર, અથવા હથીયારના ભાગના આયાત માટે ઈ. સ. ૧૮૭૮ ના ૮ માં કાયદાની રૂએ મનાઈ કરવામાં આવી છે. એમ હીંદી સરકારનાં પડુઉ૭ નંબરના ઠરાવમાં જણાવવામાં આવ્યું છે.

બેલ્જ્યમનો માલ આયાત હીંદમાં કરવા માટે "માલ કયાં બન્યો છે તથા એમાં કોનો લાભ છે" તે દર્શાવનારાં સર્ટીફીકેટ તથા "શીપીંગ બીલ" રજુ કરવાની જરૂર હવે નહીં રહે એમ હીંદી સરકારના ૪૮૪૨ નંબરના ઠરાવમાં જણાવવામાં આવ્યું છે.

તારના સંદેશા માટે ખાનગી "કોડ" નો ઉપયોગ કરવા માટે જે મનાઈ હુતી તે જપાનની સરકારે તા૦ ૧ લી સપ્ટેમ્બરથી દુર કરી છે એમ જપાનની સરકાર તરફનો મુંબઈ ખાતેનો કોન્સલ જણાવે છે.

"મોનેઝાઇટ સેડ" ની નીકાશ બ્રીટીશ સામ્રાજ્યની બહારના મુલક ખાતે કરવા માટે મનાઈ હતી તે કાઢી નાંખવામાં આવી છે એમ હીંદી સરકારના ૬૨૫૪ નંબરના જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

આસ્ટ્રીયાના મુલક સાથે વેપાર કરવાની પરવાનગી હાલ આપવામાં આવી છે અને તે માટેની શરતો વીશેની વીગત ચેમ્બરની ઑફીસમાંથી મળી શકશે.

રેલ્વે માટેનો સામાન આયાત કરવાની મનાઈ કાઢી નાંખવામાં આવી છે.

આયાત અગર નીકાશ ઉપર નાંખેલા અંકુશો ઈંગ્લંડની સરકાર ધીમે ધીમે દુર કરતી જાય છે તેને લગતી બબરો ઈંગ્લંડની સરકારનાં બોર્ડ ઓફ ટ્રેડના અંકમાં આપવામાં આવે છે તા. ૨૮ મી ઑગસ્ટ ૧૯૧૯ સુધીના બોર્ડ ઓફ ટ્રેડ જર્નલના અંકમાં આવેલી માહીતી ચેમ્બરની ઑફીસમાંથી મળી શકશે.

યુનીયન નેશનલ બેંક હાઉસ્ટન, ટેકસાસ, ને નાણાં મોકલવા માટેના તારના સંદેશા માટે ટેસ્ટ વર્ડસનો ઉપયોગ કરવાની પરવાનગી લંડન ખાતેના ચીફ સેન્સરે આપી છે.

વેપારી ખબરો.

બીલ ઑફ લેડીંગ "ઑગ્રર"નાં પણ બનાવી શકાશે. એવી પરવાનગી સઘળી જાતના માલને માટે આપવામાં આવી છે અને તેમાં જે દેશ સાથે વેપાર કરવાની છુટ હોય તે દેશમાંની કોઈ પણ પેઢીનું નામ લખી શકશે જેથી બીજી કોઈ પેઢીની દરમ્યાનગીરી જરૂર નહીં રહે એવી મુંબઈના કસ્ટમ્સ કલેક્ટરે અમને પત્રથી ખબર આપી છે.

સ્ટીમરો માટેના પ્લાન સરકારનાં ન્યુનીશન બોર્ડે પોતાના કામ માટે તૈયાર કરાવ્યા હતા તેની નકલ હવે જે પેઢીઓને જોઇતી હશે તેમને ઉદ્યોગ ખાતાના વડાની બેલાર્ડ પીયર પર ન્યુ કસ્ટમ હાઉસમાં આવેલી ઑફીસમાંથી મળી શકશે એમ નં. ૭૪૪ ની પ્રેસ નોટમાં સરકારે જાહેર કર્યું છે. અમુક પ્રકારનીજ સ્ટીમરો જોઇએ એવા ફરમાનને અનુસરીને એ પ્લાન બનાવવામાં આવેલા છે અને એમાં ગણેલા એન્જીન પાવર તથા ઝડપ માટેજ તે ઉપયોગી થઇ શકશે.

હીંદમાં રંગ (dyes)ની અત્યાત યુન ઇટેડ કીંગ્ડમ શીવાયના કોઇ પણ સ્થળથી કરવી નહીં એમ નામદાર હીંદી સરકારે જાહેર કર્યું છે. હીંદના કોઇપણ બંદરથી, હીંદ બહેલાં, કોઇપણ દેશી રાજ્યમાંથી, નામદાર સરકારની આજ્ઞાથી કે સરકારી કામકાજ માટે, અથવા સરકારે લાઇસન્સ આપેલું હોય તેની રૂએ આયાત થતા માલને આ મનાઈ લાગુ પડશે નહીં.

જાવાથી ખાંડની નીકાશ ફેબ્રુઆરી ૨૯ થાય છે તે વીશેના નીચે આપેલા આંકડા જાણવા જોગ છે. એમાં ટન એકના રતલ ૨૦૪ ગણ્યા છે:—

	હીંદ ખાતે.		સર્વ દેશ ખાતે કુલ.	
	૧૯૧૩	૧૯૧૮	૧૯૧૩	૧૯૧૮
પહેલા ઉકાળાથી બનાવેલી ખાંડ ...	૬,૧૮,૩૪૬	૩,૭૫,૩૪૭	૧૨,૩૮,૭૩૮	૧૫,૦૧,૪૩૮
બીજા ઉકાળાથી બનાવેલી ખાંડ તથા ગોળ	.....	.....	૩૮,૮૪૨	૩૩,૭૫૬
તે ઉપરાંત રહેલો ગોળ	૯૦,૩૩૬	૧૫,૩૦૭	૧,૬૦,૭૭૮	૩૪,૩૩૮
	૭,૦૬,૦૮૫	૩,૬૦,૬૫૪	૧૪,૬૮,૩૫૮	૧૫,૬૬,૫૩૫

જાપાનમાં લેમર કલોથ તથા ઑઇલ ક્લોથની આયાતને લગતા આંકડા નીચે આપ્યા છે:—

જર્મન—કીન.	૧૯૧૪.	૧૯૧૫.	૧૯૧૮
યુનાઇટેડ કીંગ્ડમથી ...	૨૪,૪૦૬	૨૭,૨૨૬	૨૭૨૧૬
જરમનીથી	૪૦૭૩	.....	.....
યુનાઇટેડ સ્ટેટસથી ...	૨,૨૬૧	૨૦૧૪	૧૫૪૦૬
બીજા દેશોથી	... ...	......	૬૭૨
કુલ કીન ...	૩૦૭૭૦	૨૯૨૪૦	૪૩૩૭૦
કીમત—ચેન.	૧૯૧૪.	૧૯૧૫.	૧૯૧૮
યુનાઇટેડ કીંગ્ડમથી... ...	૧૫૮૧૫	૧૬૫૨૫	૫૦૫૩૦
જરમનીથી	૫૦૫૯	.....	.....
યુનાઇટેડ સ્ટેટસથી ...	૩૦૧૩	૨૫૬૨	૩૦૭૫૪
બીજા દેશોથી	....	.....	૬૨૨
કુલ ચેન ...	૨૩૮૮૭	૧૬૧૧૭	૮૨૨૦૫

વેપારી આંકડાઓ.

ખાંડની જગાત વખતે આંકેલી કિંમત.

ઇ. સ. ૧૯૧૧ ની સાલના કસ્ટમ સરકયુલર નંબર ૫ મા માં બતાવેલી રૂઢી પ્રમાણે આંડ ઉપર કેટલી જગાત થશે, તે અંદાજ કાઢવો સહેલો થઇ પડે તેવા હેતુથી આ કોષ્ટક તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં પ્રથમ ઑગસ્ટ ૧૯૧૯ માસ દરમ્યાન કેટલી આયાત થઈ પડી હતી તે તથા કસ્ટમ હાઉસના રીટર્ન પ્રમાણે તેની એકે હંદ્રવેટની સરેરાશ શી કિંમત હતી તે આપવામાં આવ્યું છે, અને બીજા કોલમમાં વરસની શરૂઆતથી આજ સુધી થયેલી કુલ આયાત તથા તેટલા વખત દરમ્યાન તેની સરેરાશ કિંમત શી રહી છે તે પણ આપેલું છે.

ખાંડની જાત.	ઇ. સ. ૧૯૧૯ ના ઑગસ્ટ માસમાં થયેલી આયાત.		૧૯૧૮ ની પહેલી ઑકટોબર પછી થયેલી આયાત.	
	જથ્થો.	દર હંદ્રવેટની સરેરાશ કીંમત.	જથ્થો.	દર હંદ્રવેટની સરેરાશ કીંમત.
	હંદ્રવેટ.	રૂા. આ.	હંદ્રવેટ.	રૂા. આ.
આંડ ગાંગડીવાળી બીટ જાતની	૫	૪૨—૧૨	૨૬	૨૫—૦
,, ,, સુંવાળી ચીનમાં સુધારેલી	૧૩,૮૦૭	૨૯—૧૨	૯૬,૫૦૯	૨૬—૮
,, ,, સુંવાળી ઇજીપ્ટમાંથી	.....	.....	.....	.....
,, ,, જાવાની અથવા જાપાનની ૨૩ ડચ સ્ટેન્ડર્ડની તથા ઉપરની	૬,૦૪,૦૯૪	૨૬—૦	૫૬,૨૨,૮૪૭	૧૮—૦
,, ,, જાવાની અથવા જાપાનની ૧૬ થી ૨૨ ડચ સ્ટેન્ડર્ડની	૧,૦૪,૨૨૩	૨૧—૮	૧૪,૮૭,૪૮૧	૧૬—૧૨
,, ,, જાવાની અથવા જાપાનની ૧૫ ડચ સ્ટેન્ડર્ડની અને હલકી	.....	.....	૬,૭૩૩	૨૩—૦
,, ,, મોરીસીયસની ૧૬ ડચ સ્ટેન્ડર્ડની બરાબરી કરે એવી	.....	.....	૧૨,૫૧,૧૪૬	૧૭—૪૰

બ્રોકન મોઝેઇક ટાઇલ્સની ડીઝાઇનો ક્યાં જોવા મળશે !

જૉઇન્ટ-સ્ટૉક કંપનીઓ.

ટેબલ પહેલું.

માઈસોર સ્ટેટ અને બ્રિટિશ હિંદુસ્થાનમાં જોડાઇ ગયેલી કંપનીઓ જે જુલાઈ ૧૯૧૯ માં રજીસ્ટર થઇ હતી. તેની વીગત નીચે લખવામાં આવી છેઃ—

જાત.	જુલાઇ ૧૯૧૮		જુલાઇ ૧૯૧૯.	
	સંખ્યા.	થાપણ રૂ. ૧,૦૦૦	સંખ્યા.	થાપણ. રૂ. ૧,૦૦૦
બેંકીંગ લોન અને ઇન્સ્યુરન્સ				
૧. બૅંકીંગ અને લોન.	૨	૧,૮૩	૫	૩,૪૦
૨. ઇન્સ્યુરન્સ.	...	...	૧	૨૦,૦૦,૦૦
ટ્રેડીંગઃ—				
૩. નેવીગેશન.	...	...	૧	૧૫,૦૦
૪. પ્રીન્ટીંગ પબ્લીશીંગ અને સ્ટેશનરી.	૨	૧,૯૯	૧	૩
૫. બીજાઓ.	૮	૫૨,૫૦	૨૫	૧,૩૬,૭૫
મીલો અને પ્રેસોઃ—				
૬. કૉટન મીલ.	૧	૬,૦૦	૧	૫૦,૦૦
૭. રાઈસ મીલ.	...	...	૨	૨,૫૦
૮. કૉટન જ્યુટ, રફુઓ અને પ્રેસો	...	...	૧	૯,૦૦
૯. જ્યુટ મીલ.	...	..	૧	૧૪,૦૦
૧૦. આટાની ગીરણી	...	...	૧	૭,૦૦
ચા અને બીજી વાવેતર કુંઃ—				
૧૧. ચા.	૩	૧૦,૦૦	૩	૯,૫૦
ખાણો અને પથ્થરની ખાણો				
૧૨. કોલસો.	...	...	૪	૩૭,૦૦
૧૩. જમીન અને બાંધકામ	...	...	૧	૧,૮૦
૧૪. ખાડ બનાવવાનું કારખાનું.	...	...	...	૨૫,૦૦
૧૫. ઉપર લખ્યા ઉપરાંત બીજી કંપનીઓ.	...	...	૪	૧૫,૭૦
કુલે.	૧૬	૭૨,૩૨	૫૧	૨૩,૨૬,૬૮

ટેબલ બીજું.

માર્ચ સુધીમાં અને બ્રીટીશ હિંદુસ્તાનમાં એપ્રીલ થી જુલાઇ ૧૯૧૯ એ ચાર મહીનામાં ૧૯૧૮ ની આગલા મહીનાને સરખાવતાં નીચે પ્રમાણે રજીસ્ટર્ડ થયેલી છે:—

	એપ્રીલ થી જુલાઇ ૧૯૧૮		એપ્રીલ થી જુલાઇ ૧૯૧૯.	
કંપનીઓની જાત.	સંખ્યા.	થાપણ રૂ. ૧૦૦૦	સંખ્યા.	થાપણ રૂ. ૧૦૦૦
બેંકીંગ લોન અને ઇન્સ્યુરન્સ.				
૧. બેંકીંગ અને લોન.	૮	૫,૨૩	૨૬	૨૫,૫૦
૨. ઇન્સ્યુરન્સ.	૧	૧૦,૦૦	૨	૨૨,૦૦,૦૦
ટ્રેડીંગ:—				
૩. નેવીગેશન.	...	.....	૨	૨૫,૦૦
૪. શીપીંગ લેન્ડીંગ અને વેરહાઉસીંગ.	...	.....	૧	૩૦,૦૦
૫. પ્રીન્ટીંગ, પબ્લીશીંગ અને સ્ટેશનરી.	૬	૪,૯૯	૪	૩,૭૮
૬. બીલ્ડીંગ્સ.	૩૭	૧,૪૪,૫૫	૬૯	૫,૬૨,૧૨
૭. કોઓપરેટીવ સોસાયટીઓ.	૧	૨૦	...	.....
મીલો અને પ્રેસો:—				
૮. કોટન મીલ.	૩	૫૧,૦૦	૨	૫૭,૫૦
૯. જ્યુટ મીલ.	...	.....	૨	૮૯,૦૦
૧૦. કોટન, જ્યુટ, સ્ટફ્સ, અને પ્રેસો.	૧	૫,૦૦	૩	૧૯,૪૦
૧૧. ગાઇસ મીલ.	૧	૪૫,૦૦	૩	૬,૦૦
૧૨. સો અને ટીમ્બર મીલ.	૧	૧૦,૦૦	...	...
૧૩. બીજી મીલો અને પ્રેસો.	૧	૧,૦૦	૩	૧,૫૦૦
૧૪. આટાની ગીરણી.,	...	..	૧	૭૦૦
ચા અને બીજી વાવેતર કુા:—				
૧૫. ચા.	૯	૧૬,૯૦	૧૮	૫૦,૫૦
૧૬. બીજાઓ.	૫	૧૮,૯૦	૬	૧૧,૨૫
ખાણો અને પથ્થરની ખાણો —				
૧૭. કોલ.	૧	૭,૦૦	૧૫	૭૯,૪૫
૧૮. બીજાઓ.	૪	૫,૧૮	૬	૩,૪૫
૧૯. જમીન અને આબકામ.	૨	૧,૭૨	૪	૮૨,૮૦
૨૦. બાંધવું ધારબાંધું.	૧	૪,૦૦	૧	૨૫,૦૦
૨૧. ઉપર જણાવ્યા ઉપરાંત બીજી કંપનીઓ.	૧	૮,૨૫	૭	૧૯,૦૦
કુલે.	૮૩	૩,૩૮,૬૨	૧૭૫	૩૩,૧૧,૬૫

મેટલીક શીલીંગથી બીલ્ડીંગનો બોરડો શોભે છે.

ટેબલ ત્રીજું.

માઇસોર સ્ટેટ અને બ્રિટિશ હિંદુસ્તાનમા જુલાઇ ૧૯૧૯મા થયેલી જોઇન્ટ સ્ટોક કંપનીઓ નાં નામ ઠેકાણા વીગેરે હકીકત નીચે પ્રમાણે છે.—

નં૦ નામ અને જાત.	ઠેકાણું	હેતુ.	થાપણ રૂ.
૧. બેંકીંગ લોન અને ઇન્સ્યુરન્સ.			
(અ) બેંકીંગ અને લોન			
૧ એકસચેન્જ લોન કું.	મેનેજીંગ એજન્ટ, એમપાયર એજન્સી કું ૨, વેલસલી સ્ટ્રીટ, કલકત્તા	નાણા અને ધીરધાર	૧,૦૦,૦૦૦
૨. મદારીપુર લોકલ બેન્ક ...	મેનેજીંગ ડાયરેકટર, રામાની મોહનરાય ચોધરી, મદારીપુર (ફરીદપુર) બંગાલ	,,	૨૦,૦૦૦
૩ વીલેજ યુનીયન બેંક ...	ડાયરેકટર, ઋતીશચંદ્ર ચોધરી, લક્ષ્મી પશા (જેસોર) બંગાલ	,,	૨૦,૦૦૦
૪ કરમાદે શ્રીરંગનાથનીધી,	સેક્રેટરી કે વી સુબ્રમનીયા આયર કરમાદે કોમ્બટુર, મદ્રાસ	,,	૧,૦૦,૦૦૦
૫ આંધ્રા સામાહુલમ લક્ષ્મી નારાયણનીધી	સેક્રેટરી, વી વેરીયા નેકન આંધ્રા સામા હુલમ, કોમ્બટુર મદ્રાસ	,,	૧,૦૦,૦૦૦
		નાણા અને ધીરધાર કુલ	૩,૪૦,૦૦૦
(બ) ઇન્સ્યુરન્સ			
૬ ન્યુ ઇન્ડીયા ઇન્સ્યુરન્સ કું.	સેક્રેટરી, આર પી ગાધી, નવસારી બીલ્ડીંગ, હોર્નબી રોડ, ફોર્ટ મુંબાઇ	ઇન્સ્યુરન્સ.	૨૦,૦૦,૦૦,૦૦૦
		બેંકીંગ, લોન, અને ઇન્સ્યુરન્સ કુલ	૨૦૧૩,૪૦,૦૦૦

નં૦ નામ અને જાત.	ઠેકાણું.	હેતુ.	થાપણ રૂ।
૨. ટ્રેડીંગ.			
(અ) નેવીગેશન કું.			
૭. ઇસ્ટર્ન સ્ટીમ નેવીગેશન કું.	એજન્ટો, શેરીફ હુસેન એન્ડ કું. ૫૬, એસ-પ્લેનેડ રોડ, ફ્રેટ, બુંબાઇ.	વહાણ બનાવવાનું, વેચ-વાનું, ભાડે આપ વાનું, કામ ચલાવ-વાનું વગેરે.	૧૫,૦૦,૦૦૦
(બ) પ્રીન્ટીંગ, પબ્લીશીંગ અને સ્ટેશનરી.			
૮. ધરલાભીઆ પ્રીન્ટીંગ પ્રેસ.	પ્રેસીડન્ટ, એ. ડે. કું. નહીમયાન, હાજી શાહીબ બહાદુર, ટેલીચેરી મદ્રાસ.	છાપવાનું કામકાજ વગેરે.	૩,૦૦૦
(ક) બીજાઓ.			
૯. ઇંગરધર પાવર સપ્લાઇ કું.	૮, કલાઇવરોડ, કલકત્તા.	ઇલેકટ્રીકનો સામાન પુરો પાડનાર.	૪૦,૦૦,૦૦૦
૧૦. ઓગરા મેડીકલ સ્ટોરસ ...	ડાયરેકટર, સેટીસચંદ્ર બોસ આગરા બંગાલ.	દવાઓમાં કામકાજ કરનાર.	૧૫૦,૦૦૦
૧૧. કનડેન્સડ મીલ	મેનેજીંગ એજન્ટો સ્પે-લાર્ડીંગ એન્ડ કું. ૨૧, ઓલ્ડ કોર્ટ હાઉસ સ્ટ્રીટ, કલકત્તા.	દુધમાંથી બનતી ચીજો બનાવનાર અને વેચ નાર વગેરે.	૧,૦૦,૦૦૦
૧૨. હીતેશી ભંડાર	ડાયરેકટર, પુરણચંદ્ર શાહ, ઓકસા જૈની-પુર, નડીયા બંગાલ.	છાપવાનું, ઓરડર પુરો પાડવાનું અને એવું બીજું કામકાજ કરનાર વગેરે.	૫૦,૦૦૦
૧૩. બંગાલ ટ્રેડરસ કું. ...	૧૧૭, અપર સરકયુ-લર રોડ, કલકત્તા.	ચાને લગતો મેનેજીંગ એજન્ટ તરીકે વેપાર કરનાર.	૨૦,૦૦૦
૧૪. ટીમ્બર ટ્રેડરસ	ડાયરેકટર, હેરીપોડો મોન્ના, ૩—૪ હેર સ્ટ્રીટ, કલકત્તા.	લાકડાના વેપારી.	૫,૦૦,૦૦૦

નં૦	નામ અને જાત	ઠેકાણું.	હેતુ	થાપણ રૂ.
૧૫.	બંગાલ ઇમ્યુનીટી કું. ...	૧૦૧, કોર્નવોલીસ સ્ટ્રીટ, કલકત્તા.	પ્રયોગશાળાને લગતું દરેક ઠામઠાજ ઠરનાર વગેરે	૩,૦૦,૦૦૦
૧૬.	ડ્રગ્સ ગ્રોહકટસ	મેનેજીંગ એજન્ટો, રપેલડીંગ એન્ડ કું. ૨૧, ઓલ્ડ કોર્ટ હાઉસ સ્ટ્રીટ, કલકત્તા.	રસાયણીક દવા બનાનાર અને વેચનાર વગેરે.	૧,૦૦,૦૦૦
૧૭.	કલકત્તા કેમીકલ કું ...	મેનેજીંગ એજન્ટો, ચારી એન્ડ કું, ૨ લેમોન્સરેજ કલકત્તા	ચામડાની ચીજો બનાવનાર.	૬,૦૦,૦૦૦
૧૮	બ્લાઇથ (ઇન્ડીયા) ...	૭૯ બેનટીન્ક સ્ટ્રીટ, કલકત્તા	લોઢાને લગતું ઠામકાજ કરનાર વગેરે અને મશીનરી બનાવનાર અને એને લગતા હથીયારો બનાવનાર.	૧૦,૦૦,૦૦૦
૧૯.	ઇન્ડીસ્ટ્રીયલસ	,,	સાબુ પરફ્યુમરી, તેલો વગેરે બનાવનાર.	૧,૦૦,૦૦૦
૨૦	ઇસ્ટ કેમીકલ વર્કસ ...	મેનેજીંગ એજન્ટો, એમ મેકગીનલી એન્ડ કું. ૭ ઓલ્ડ કોર્ટ હાઉસ સ્ટ્રીટ, કલકત્તા.	રસાયણીક પદાર્થો, દવા વેચનાર અને બનાવનાર	૨,૦૦,૦૦૦
૨૧.	ડોક એનજીનીયરીંગ કું ...	મેનેજીંગ એજન્ટો, કું મેન એન્ડ કું. ૨૨, એસરા મેનશન્સ કલકત્તા.	આર્યન ફાઉન્ડરસ, મીકેનીકલ એન્જીનીયરો વગેરે	૭,૦૦,૦૦૦
૨૨	બેન બોનીયર ...	૩૨, ડેલહાઉસી સ્કે વર કલકત્તા.	ચામડાના વેપારી	૧,૦૦,૦૦૦
૨૩	આયુર્વેદીક મહમનદલ કું.	મેનેજીંગ એજન્ટો, સુરેન્દ્રનાથદાસ ગુપ્ત, ૧૯, ગ્રે સ્ટ્રીટ, કલકત્તા	અસલ આયુર્વેદીક દવાઓ બનાવનાર અને વેચનાર વગેરે	૫૦,૦૦૦

નં૦ નામ અને જાત.	ઠેકાણું.	હેતુ.	થાપણ રૂ.
૨૪. આર વી. કે. વોટર વર્કસ.	બંગાલ.	જાહેર અને ખાનગી પ્રજાઓને પાણી પુરું પાડવું વગેરે.	૨,૦૦,૦૦૦
૨૫. કલકત્તા મેટલ વર્કસ ...	મેનેજીંગ એજન્ટો, છાપરી એન્ડ કું૰ ૨, લેયોન્સ રેન્જ કલકત્તા.	લોઢાને લગતું હરેક કામકાજ કરનાર.	૬,૦૦,૦૦૦
૨૬. વોટરસ રૂહુઅર્ટ એન્ડ કું૰ ...	મેનેજીંગ ડાયરેકટર, ચાર્લ્સ હેનરી રૂહુઅર્ટ, ૪ મીશનરી, કલકત્તા.	મીલ પુરી પાડનાર, બનાવનાર, અને ઇમપોરટરસ.	૫,૦૦,૦૦૦
૨૭. બંગાલ બ્રીજ એન્ડ બોલ્ટ કુંપની	મેનેજીંગ એજંન્ટ, જે. સી. બેનરજી ૨૦, સ્ટ્રેન્ડ રોડ, કલકત્તા.	એનજીનીયરીંગ, બીલ્ડીંગ અને કોન્ટ્રેકટનું કામ કરનાર.	૨૫,૦૦,૦૦૦
૨૮. બ્રેથવાઈટ	મેનેજીંગ ડાયરેકટર, સી. બ્રેથવાઈટ, ૮-૧, ડેકે લેન, કલકત્તા.	ઘોડાગાડી અને મોટર એ બેને લગતું હરેક કામકાજ કરનાર વગેરે.	૩,૦૦,૦૦૦,
૨૯. લોર્ડસ	ડાયરેકટર, એફ. એમ. લેસલી ૬, હેસ્ટીંગસ કલકત્તા.	બોર્ડીંગ, કનફેકશનર અને ઘરને લગતું કામકાજ કરનાર.	૩,૦૦,૦૦૦
૩૦. બ્રેથવેઈટ	મેનેજીંગ ડાયરેકટર, ડી. પી. રો. હેરીસ રો. કલકત્તા.	કેબીનેટ બનાવનાર.	૧,૦૦,૦૦૦
૩૧ બોગ્બે પરફ્યુમરી માર્ટ ...	મેનેજીંગ ડાયરેકટર, ધનજીભાંગી સોરાબજી પટેલ, મુંબાઇ	પરફ્યુમરસ અને જનરલ મરચન્ટો.	૫૫,૦૦૦
૩૨. બ્રેલાઇન્સ હોટેલસ કું૰. ...	દીલ્હી.	જમીનમાં કામકાજ કરનાર, હોટેલસ અને રેસ્ટોરા તૈયાર કરનાર વગેરે.	૫૦,૦૦૦

નં૦ નામ અને જાત.	ઠેકાણું.	હેતુ.	થાપણ રૂ.
૩૩. ફ્લાઈંગ એનજીનીયરીંગ અને મોટર વર્કસ	દીલ્હી.	મોટરકાર વગેરેમાં કામકાજ કરનાર.	૧૨,૦૦,૦૦૦
		બીજાઓ કુલ.	૧,૩૬,૭૫,૦૦૦
		ટ્રેડીંગ કુલ.	૧,૫૧,૭૮,૦૦૦
૩. મીલો અને પ્રેસો.			
(અ) કોટન મીલ.			
૩૪. એલફીન્સ્ટન સ્પીનીંગ અને વીવીંગ મીલો કું. ...	એજન્ટો, હાજી મેહોમદ એન્ડ હાજી ઇસ્માઈલ એન્ડ કું. ૩૭૫, હોર્નબી રોડ, ફોર્ટ, મુંબાઈ.	સુતર કાંતવાનું અને વણવાનું વગેરે.	૫૦,૦૦,૦૦૦
(બ) જ્યુટ મીલ.			
૩૫. બીહાર જ્યુટ મીલો કું ...	મેનેજીંગ એજન્ટ, એચ વી લો. એન્ડ કું. ૧૨, ડેલહાઉસી સ્કેવર કલકત્તા.	શણ, સુતર, જ્યુટ વગેરે બનાવનાર. ટ્રેડ	૧૪,૦૦,૦૦૦
(ક) કોટન અને જ્યુટ સ્પીનો અને પ્રેસો.			
૩૬. નેહપેટ જ્યુટ કું. ...	મેનેજીંગ એજન્ટો, ટી. એમ. થેડુસ એન્ડ કું. ૧૧-૨૫, રેડહો બઝાર સ્ટેન, કલકત્તા	ગાંસડી બાંધવાનું વગેરે અને જ્યુટમાં કામકાજ કરનાર.	૯,૦૦,૦૦૦
(ડ) આટાની મીલ્હો.			
(૩૫) દુકાન—અબદુલ રહેમાન સ્ટ્રીટ, અલાહી બાગ, મુંબઇ–૩.

THE BANK OF TAIWAN, LTD.

INCORPORATED BY SPECIAL CHARTER OF THE IMPERIAL JAPANESE GOVERNMENT, 1899.

Subscribed Capital	Yen.	30,000,000.
Paid up Capital	Yen.	27,500,000.
Reserve Fund	Yen.	6,530,000.

Head Offices—Taipeh, Formosa.

BRANCHES:

London	Taman	Makung	Ako
New York	Takow	Taitoh	Giran
Amoy	Shanghai	Shinchiku	Kagi
Canton	Hongkong	Taichu	Karenko
Foochow	Singapore	Tokyo	Keelung
Hankow	Soerabaya	Osaka	Tamsui
Kiukiang	Semarang	Kobe	Towen
Swatow	Batavia	Yokohama	Moji
			Bangkok

The Bank has also a large number of Correspondents at Home and abroad.

Current Deposit Accounts are opened and *Fixed Deposits* are received for one year and shorter periods on terms which may be ascertained on application.

Every description of BANKING and EXCHANGE business transacted.

K. TAKEMURA,
Manager.

56, *Esplanade Road, Fort, Bombay.*

ધી બેન્ક ઑફ્ ટાઈવાન લીમીટેડ.

૧૮૯૯ માં જાપાનની વડી સરકારના ખાસ ચાર્ટરથી ઇનકોરપોરેટ થયેલી.

ભરાયલી થાપણ ચેન	...	...	૩૦,૦૦૦,૦૦૦
પગાર કરેલી	,,	...	૨૭,૫૦૦,૦૦૦
રીઝર્વ ફન્ડ	,,	...	૬,૫૩૦,૦૦૦

વડી ઓફીસ—તાઈપેહ, ફારમોસા.

શાખાઓ.

લંડન, ન્યુયોર્ક, એમોય, કેન્ટન કુચાંઉ, હેંન્કો, કીલુંકીએંગ સ્વેટો, ટામાન, ટેકાક, શેંગાહી, હૉંગકૉંગ, સીંગાપોર, સેારાબાયા, સીમારાંગ, બટેવીઆ, ચેકંગ, તાઈટોહુ, શીન્ચીકુ, તાઇચુ, ટોકીઓ, ઓસાકા, કોબી, યોકેાહામા, આકેા, ગીરાન, કાગી, કારેન્કેા, કીલંગ, ટામસુઈ, ટોવન. મોજી, બાંકોક.

તે ઉપરાંત દેશ પરદેશ બેન્કના સંબ્યાબંધ કોરસપોન્ડન્ટો છે.

ગ્રાહકો માટે ચાલુ ખાતાંઓ ઉઘાડવામાં આવે છે અને બાંધી મુદતની ડીપોઝીટો એક વરસ અને તેથી ઓછી મુદત માટે લેવામાં આવે છે, જેની શરતો અરજ કીધાથી જણાવવામાં આવશે.

દરેક જાતનું ગ્રાહકી અને હુંડીનું કામકાજ કરવામાં આવે છે.

૫૬, એસ્પ્લેનેડ રોડ, ફોર્ટ—બુંબઇ,

કે. તાકેચુરા
મેનેજર.

નબળાં બૈરાં માટે.

—:o:—

આલટ્રેઝ કોરડીયલ રીયો એજ એના તમામ દરદોપર અકસીર અને રામબાણ ઇલાજ છે. ખાસ કરીને સ્ત્રીના ગરભાશયના તમામ દરદો દુર કરવાને અચુક શક્તિ ધરાવે છે. બધાંના ગરભાશયના થતા તમામ દરદો જેવાં કે મેનોરીયા, લ્યુકોરીયા, એમેનોરીયા અને એવાંજ દરદો દુર કરવાની તેમાં અદભુત શકિત છે. નબળી પડેલી અને લોહી વગરની ફીક્કી છોકરીઓ અને ગરભવંતી સ્ત્રીઓને ઉપલી ગયેલી શક્તિ પાછી લાવી આપે છે. આલટ્રેઝ કોરડીયલ રીયો ગરભાશયના ક્રમને બરાબર ઠેકાણે લાવે છે, અને કસુવાવડ થતી અટકાવે છે. પીડામોના દુખાવો, ચેકુમાં થતું દરદ અને કમ્મરમાં થતું અસહ્ય દુઃખ જે બૈરાંને થતું હોય તેને ઉપલી દવા આપવી. વૈદો તથા ડોકટરોને ઉપલી દવા ગરભાશય સંબંધી દરદોને દુર કરવાને ઘણી અકસીર થઇ પડશે.

જે બાળાઓ ૧૧ થી ૧૮ વર્ષની ઉમ્મરની અંદર હોય છે અને જેઓ બાળા મટીને સ્ત્રીની અવસ્થામાં આવતી હોય તો તેને ઉપલી આલટ્રેઝ કોરડીયલ રીયો તેઓના અવયવને બરાબર ખીલવવામાં ઘણી ઉપયોગી થઇ પડશે.

દવા લેવાની રીત:— દહાડામાં ત્રણ વખત ચાના એક ચમચાભર.

—:o:—

શક્તિની દવા.

સેલેરીન જેઓ ઘણાં નબળા હોય, જેઓને ઉંઘ આવતી ન હોય, જેને હિસ્ટીરીયા લાગુ પડયો હોય, જેને પચતું ન હોય અને જેઓ નબળાઇથી તવાઇને ક્ષીણ થઈ ગયા હોય તેઓએ ઉપલી દવા જરૂર લેવી.

દવા લેવાની રીત:— જમવા પહેલા અને સુવા જવા એક કલાક આગળજ એક ચાના ચમચાભાર દવા લેવી.

સેલેરીના લગભગ ૪૦ (ચાલીસ) વર્ષ થયાં નબળા પૂરૂષોને માટે શક્તિને માટે જગ જાહેર થયેલી છે.

ઉપલી આલટ્રોઝ કોરડીયલ રીયો અને સેલેરીના હિંદુસ્તાનમાં કોઇ પણ આબરૂદાર કેમીસ્ટ, ગાંધી અથવા દવા વેચનાર પાસેથી છુટક અથવા જથ્થાબંધ મળી શકશે. ઉપલી દવાની ઉપર જણાવેલાં દરદો દુર કરવાની અચળુચ શકિતને લીધે ઘણાં ધંધાદારી એની નકલ કરવા લાગ્યા છે; માટે જે કોઇપણ ઉપલી દવા જ્યારે પણ લે ત્યારે એનાપર લગાડેલું લેબલ જેના પર 'રીયો કેમીકલ કું.' નામ લખેલું છે તે વાંચવું.

ઉપલી દવાનો જેને પણ અજમાયેશ કરવો હોય તેને નીચે ઠેકાણેથી મફત મોકલવામાં આવશે.

THE RIO CHEMICAL CO.
79, BARROW STREET,
NEW YORK, U. S. A.

રીયો કેમીકલ કું.
૭૯, બારો સ્ટ્રીટ,
ન્યુ યાર્ક સીટી યુનાઇટેડ સ્ટેટસ, અમેરિકા.

વાંચો—

વેપારીઓ તથા સાહિત્યના શોખીનો માટે

ઉત્તમ સાધન.

આ ભયંકર લડાઈના વખતમાં દરેક ચીજ બેહદ ગોંઘી થઈ છે
તેવા વખતમાં
વેપારીઓને પોતાના માલ સારૂ જોઈતા
નવનવીન લેબલો
તથા વાર્તાઓ તથા સાહિત્યના પુસ્તકોમાં નાંખવા લાયક
ત્રણ રંગમાં તથા એક રંગમાં
૫૦૦ ઉપર ચિત્રોના બ્લોક અમારી પાસે તૈયાર છે,
જેમાંથી તમોને મનપસંદ કર જરૂર મળી શકશે.

એકવાર આવો અને ખાત્રી કરો.

ધી લક્ષ્મી આર્ટ પ્રીન્ટીંગ વર્કસ,
(૧૦) સાંકળી સ્ટ્રીટ, ભાયખલા, મુંબઈ.

THE LAKSHMI ART

ધી લક્ષ્મી આર્ટ ભાયખલા મુંબઈ

BOMBAY.

હીસ્ટિરિયા-વાયુ મુક્તા—

કીં. રૂ. ૫-૦-૦ પો. જુદું.

મૃગી-ફેફરૂં કે વાધથી આંકડી, તાણ, ખેંચ કે ઠાંકણી આવતાં બેશુદ્ધિ, દાંતખીલી શ્વાસ રૂંધાવો, થડાગાર બનવું, ઈંચના ફ્રીસોટા, પેટના દુખાવા ઇ૦ નવા કે જુના દર્દ માટે રામબાણ છે.

વળી ચિત્તભ્રમ-ઉન્માદ કે વેલછાને લીધે, રડવું, કુટવું, ધુણવું, નાસવું, બકવું, મૌન્યતા, વિચિત્ર ઝેવું, પ્રેતાદિચેષ્ટા વગેરે લક્ષણો ઉપર તેજદાર વસ્તુ છે.

ઉપયોગ કરેથી ખાત્રો. હવા મહિનાભરની-વનસ્પતિની-રિપ્લાય પત્રે જવાબ. વ્યાયામ કળાશાસ્ત્ર-શરીર કેળવવા ૩૫૦ કદનું રૂ. ૨, પો.)—દેશીનામું-નામું શિખવાનું ગવર્નમેન્ટ ટેકસ બુક કી ૦)ન્ના. પો.)—

છગનલાલ લલ્લુભાઈ શાહ દેશીનામાવાળા. સંગ્રોધિક હીસ્ટિરિયા-શેઠ શેરી-વડોદરા.
(૨૬)

" રેલ્વે મુસાફરમાંથી " પરાધીન મુંગા પર્દા ક્લાસ રેલ્વે મુસાફરોની મુશ્કેલીઓ દૂર કરવાને જે તમારે કાઇપણ પ્રકારના મદદ, બાતમી, અથવા સાદાચ્ય જોઇતી હોય અથવા તમારે તમારા હિંદના દેહલોક વધારે કેલાયલો જોવો હોય તો " ઇન્ડીયન ઓર્ડ ઓફ ડાઇરેક્ટરસ " ના ઉપરીપણા ન ચે સ્ટર મેનજમેન્ટ ઓફ રેલ્વેમો સ્થાપ વાનું દબાણ કરવું આ બાબતના કાયદાઓની કોપીઓ અને તેના રીપોર્ટ નીચે જણાવેલ સદ્ગૃહસ્થ પાસેથી મળશે:—

જીવરાજ જી. નેનસી

ધી ઇન્ડીયન પેસેનજરસ એન્ડ ટ્રાફીક રીલીફ એસોશીએશન,
બોરા બજાર સ્ટ્રીટ, ફોર્ટ, મુંબાઈ.

સ્વદેશી આગની વીમા કું.

ધી ઈન્ડીયન મર્કન્ટાઇલ ઈન્શ્યુરન્સ કુંપની લીમીટેડ.

(સને ૧૮૮૨ ના ૬ ઠા એકટની અને ૧૮૯૫ ના ૧૨ મા એકટની રૂએ રજીસ્ટર્ડ કરી છે.)

ફંડ રૂા૦ ૫૦,૦૦,૦૦૦ જે ૫૦,૦૦૦ શેરોમાં
વેહેંચાયેલું છે. દર શેર રૂ. ૧૦૦ નો,
ભરાયલી કેપીટલ રૂ. ૨૧,૧૫,૩૦૦,
રીઝર્વ ફંડ રૂ. ૨,૦૮,૦૦૦
મીલકતની કીંમતમાં ઘટાડાનુ રીઝર્વ ફંડ રૂ. ૫૦,૦૦૦
આગની નુકશાનીના દાવાની ભરેલી કુલ રકમ આશરે રૂા. ૨,૮૦,૦૦૦

ડીરેકટરો.

ઑન. શેઠ મનમોહનદાસ રામજી (ચેરમેન)
શેઠ માધવજી દામોદરદાસ ઠાકરસી
શેઠ માધવજી ઠાકરશી
શેઠ ઓસરજી વેલજી.
શેઠ જેઠાભાઇ વાલજી
શેઠ વાલજી સુંદરજી
શેઠ પરશોત્તમ કાનજી
શેઠ જગજીવન શેપકરણ

દરેક જાતનું આગના વીમાનું કામ (જેવું કે બીલ્ડીંગસપર, મીલોપર વિગેરે વિગેરે) હાથમાં ધરવામા આવે છે જાહેર પ્રજાને તથા વેપારી વર્ગને એસ્ટેમાસ કરવામા આવે છે કે આ સ્વદેશી કંપનીને પુરતું ઉત્તેજન આપવાની મેહેરણાની કરવી વધુ વિગત સારૂ આ કંપનીની ઓફિસમા લખવુ અથવા જાતે મળવુ

પેસ્તનજી એદલજી ધાલા.

સેક્રેટરી, ધી ઈન્ડીયન મર્કન્ટાઇલ ઇન્શ્યુરન્સ કું૦ લી૦
૧૯, ગેન્હામ્સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

ટુંકી જાહેર ખબરો.

પરચુરણ કામકાજ અને ધંધાદારીઓને માટે ટેલીગ્રાફ સીસ્ટમની (ટેલીગ્રાફ સીસ્ટમની) આ જાહેર ખબરો ચાર આનાના સોળ શબ્દ અને ઉપરાંત વધુના દરેક શબ્દ દીઠ એક પૈસાના ભાવથી લેવામા આવશે ૧૬ શબ્દ દીઠ ચાર આના અને તે ઉપરાંત દર શબ્દ દીઠ એક પૈસો લેવાનો વિચાર છે. ઉભાવનારાઓએ દરેક મહીનાની તા. ૨૦ મી સુધીમા લખાણ પૈસા સાથે નીચલે સરનામે મોકલી આપવા જોઇએ અને પૈસા સાથે પોસ્ટમા મોકલી આપવા

મેનેજરી, ઇંડીયન મર્ચન્ટસ ચેમ્બર એન્ડ બુરો,
ઓલ્ડ ટેલીફોન બિલ્ડીંગ્સ ૧૯,
બેંક સ્ટ્રીટ—ફોર્ટ—મુંબઈ.

કેલશાઇટ.

ધોળા, પીળા, અને રાતા, રંગનો જથ્થાબંધ તથા છુટક આખો તથા પાઉડર વેચવાનો છે લખો. યુ એસ. આચાર્ય, ગોંડલ (કાઠીઆવાડ.)

પ્રેમચંદ કરાનાજી મુરતવાલા.

બીજલીના દરેક જાતનો સામાન વેચનાર તથા રીપેરીંગ અને ફીટીંગ કામ કરનાર.

ગ્લોબ, સેન્ડ, તથા વાયરની ફ્રેાર, તથા ઝુમર, તથા બેટરી ટેબલફેન, વગેરે માલ ડીફેાયત ભાવે મળશે. એક વખત પધારી કામ પાડી ખાત્રી કરશેા.

ઠે૦ મુળજી જેઠા બીલ્ડીંગ, બીજે માલે, બ્લેાક નં. ૭, મુબઈ નં ૨

" લગ્નનું પત્રું " નામની ચોપડી એક આનાની ટીકીટ મોકલી મગાવો.

ડી. એન શાહ, બપાટીયા ચકલા
સુરત

સેવાના ઉદ્દેશ માટે દર માસે પ્રગટ થતું માસિક.

સેવક

(Sevak.)

સેવા' એજ 'જીવન' 'સેવા' એજ 'સ્વરાજ્ય'
સેવા' એજ' આનંદ' 'સેવા એજ 'સ્વાતંત્ર્ય'

'સેવક'ના ગ્રાહક થાઓ, અને ઠાવુ કાળી બેગી રહેવા કરતા ઉઠીને કાર્ય કરેા

'સેવક 'ના ગ્રાહક થાઓ અને નામરદપણુ કાયદર કરી ખરા મરદ બનેા,

'સેવક'ના ગ્રાહક થાઓ અને દરીદ્રતાને લાત મારી સાચા ધનવાન થાઓ,

'સેવક'ના ગ્રાહક થાઓ અને છ દફા વાર્ષિક કરી સદાનેા આનંદ મેળવેા,

'સેવક'ના ગ્રાહક થાઓ અને દેશની ભવિષ્યની પ્રજા માટે લાગણી બતાવેા,

વાર્ષિક લવાજમ { રૂ. ૨ સર્વ સાધારણ,
રૂ. ૧॥ સાર્વજનીક લાયબ્રેરીઓ,
સેવા સંસ્થાઓ તથા મુનિ મહારાજો વિગેરે,
રૂ. ૦-૩-૦ છુટક નમ્બર એકની કિમત,

લખેા—સેવક ઑફિસ.

ના, ૨૦૫ રીચરેાડ—અમદાવાદ,
(નેા.—જાહેર ખબરના અતિ મર્યાદમ દર પુછેા.)

" ટીકલી " બ્રાન્ડ લેમોનેડ.

જે હિંદુ ભાઇઓને અસ્વચ્છ બાટલીના પાણીની સુગ હોય તેઓને તથા મુસાફરી વેળા આ ઉનાળાના ઉકળાટથી જીવને રાહત આપવા, હમારી લેમોનેડ "ટીકલીઓ" ભારે આવકાર-યક્ષ પીણું છે. જે "ટીકલીઓ" બુકેડા કરી એક ટમ્બલર ઠંડા પાણીમાં નાખી તુરત સ્વાદિષ્ટ પીણું થાય છે. કી. ૧ રૂપીયના આના ૮.

હમારી શુગર કોટેડ ક્યીનાઇન કેસકેરા વેલ્ઠેબલ લેક્સેટીવ પરગેટીવ વગેરે "ટીકલીઓ" તાજી અને ગુણકારક, બનાવટો મુંબાઇ મધ્યે મારકીટમાં દવા વેચનારાઓને ત્યાંથી તથા હમારા ૧૧ એજન્સી મધ્યેના કારખાનાં મધ્યેથી મળશે.

ડૉ. ડી. રાઇટર એન્ડ કુંપની

(૨૧) " ટીકલી " બ્રાન્ડ ટેબ્લેટ બનાવનારા મુંબઇ. નં. ૪

ગાઉટી રીયુમ શાસ્ત્રો

સ્ત્રીના અને બાલકના દરેક માટે આ એક ઘણોજ અસરકારક રામબાણ અને જાપી ઇલાજ તે ઉપલા નામનુ તેલ છે એ તેલ વા, પેન મારતો વા, તમામ જાતનો સ્ત્રીનો, સાંધેગીકા, ગાઉટ, ગ્રહણી, કૃતલ, આકરો નસોનુ એંચાણું, કમર, છાતી, સાથા, હાડકા અને સરહનત દુખવુ, બરડાની ફાટ, બચાઓના નબળા પડેલા પગો ગુહ્યનો સોજો, સુજો તથા ગઇ ગયલા સાંધા અને હાડકા અકસ્માત, લમઝેલો, લકવો, લચક, ચસકે, વગેરે તમામ જાતના શરીરના જુના દુખારાને કાયમ સાજા કરી નબળા પડેલા અવયવોને તાકાત બક્ષી લોહી કરતું નવી જીંદગી બક્ષવાથી એ આ તેલના બાક્ષ ગુણો છે, બીજા કૃત રૂપીયા એક

સર્વે જાણીતા દવાના વેપારીઓ વેચે છે

બાહારગામવાળાઓએ નુચસારી લખવું

માલેક—એમ. એચ. શાસ્ત્રી.

હેડ ઓફીસ:—હોરડી સ્ટ્રીટ, નવસારી.

(૪૫)

રેટોલ

ગોળીઓ.

(રહસ્યમય)

આ ગોળીઓ ઉંદરની બુદ્ધી ઉપર આઘાત અસર કરે છે તેઓ આ ગોળીઓ એકદમ ઘણી ખુશીથી ખાઇ જાય છે, અને ખાધા પછી હમેશાને માટે ઘર, દુકાન, ગોડાઉન છોડી જાય છે, અને પાછા તે જગ્યાએ આવતા નથી.

રેટોલ મરકીને દુર રાખવાને માટે ઘણોજ અકસીર ઉપાય નીવડયો છે કારણ કે તે વાપરવાથી મરકીના ઉંદરો નહારી જાય છે. ઉંદરો મરકીનુ મુળ કારણ માટે તેમને દુર રાખ્યાથી મરકી પણ દુર રહે છે

વાપરવાની રીત

જે જગ્યાએ ઉંદરો માલમ પડતા હોય તે જગ્યાએ રેટોલની આસરે ૨૦ ગોળીઓ જુદી જુદી જગ્યાએ નાના પુડા ઉપર ત્રણ દીવસ લાગલાગટ ગણીને મુકવી. ચોથે દીવસે એક પણ ઉંદર માલમ પડશે નહીં.

કીમત ૧૫૰ ગોળીના ગ્રાહકના ૮ આના. મોટા જથ્થામાં મંગાવનારને માટે ખાસ ભાવ આપીશું.

ધી તેજપ્રેટ એન્ડ્રુક્ચરીંગ કું૰.

ના૰ ૧૮૨-૪, રીપન રોડ,—મુંબઇ.

(૧૮)

જો

તમારે ત્રીસ વર્ષના ઉતારૂઓની હાડમારી અને જુલમ અટકાવવા હોય, હીંદી વ્હેપાર ઉદ્યોગને થતી હાની બંધ કરવી હોય, દરવર્ષે લગભગ ૧,૫૬,૪૭,૨૬૭ પૌંડનો હીંદુસ્તાન ઉપર પડતો બસારો અટકાવવો હોય, હીંદીએ મટે રેલ્વેમાં સારા પગારની નોકરીઓ જોઈતી હોય, હીંદી ઉદ્યોગ હીંદનાજ લાભ માટે ખીલવવો હોય, લહેર પ્રજાની સગવડ મટે પૂરતી કાળજી રાખનાર સત્તા જોઈતી હોય અને હીંદીઓની લાગણી અને અભિપ્રાયને માન આપે એવો અમલ જોઈતો હોય,

તો

રેલ્વેનો સરકારી વહીવટ માંગો.

ઉપર દર્શાવેલ રેલ્વે સબંધી લડત ચલાવા માટે નાણાની મોટી અથવા નાની રકમની મદદ ફેરદુન દરશારૂપ દાદાભાનજી ૩૬૧, ફ્રોનજી રોડ, મુંબઇ, એ સરનામે મોકલવા વીનતી છે

"ઇનકમટેક્ષ."

અને

સુપર ટેક્ષ

નવા કાયદા પ્રમાણે ચોપડાઓમાથી આવક વેરા માટે હીસાણનાં પત્રકો (ડી. ફ્રોમ) તૈયાર કરી આપીએ છીએ. વધારે માહિતી માટે મળો અથવા લખોઃ—

બી. એલ. થોસર.

પબ્લીક એકાઉન્ટન્ટ
બોમ્બે કોમરશીયલ કોલેજ,
(૧૪) ૪૬, કાલબાદેવી રોડ, મુંબઇ.

દુશ્મન સામે હરીફાઈ કરનાર.

પાટણવાલા બામ,

રૂમેટીઝમનો કટ્ટો દુશ્મન, તથા સંધીવા, કમરનો દુખાવો, લકવો, વાયુરોગ, માથાનો દુખાવો, જખમ, લચક કપાળ તથા દમ, છાતીનો દુખાવો, ખાંસી, સરદી, ગળાંનો દુઃખાવો, દાંત તથા કાનનો દુ,ખાવો માખ, વીછુ, વગેરે ઝેરી દંખના ઉપર આ પાટણવાલા બામ વાપરવાથી તુરત આરામ થાય છે.
મટે એકજ વખત વાપરવાની ભલામણ કરવામાં આવે છે.
આ કીમતી તક જવા દેતા ના. જરૂર એક વખત પાટણવાલા બામની એક બાટલી મંગાવી ખાત્રો કરો કી. બા.–૧) ની રૂ. ૦૫.
વી. પી. ખરચ જુદું તે શીવાય



ઘણી જાતના ખુશબોદાર મધ મધતા તાળ પુડીમાંથી બનાવેલા ઉંચ ઓલ્ડો અત્તરો તથા ઓટો મલશે, અને દુનેક જાતના ઇ સ્પીશ ફ્રન્ટો લવંડર સાબુ હમારી પેટન્ટ બનાવેલી દવાઓ પણ મલશે.
વી. પી. થી મંગાવનારને અગાઉ એડવાન્સ મોકલવું.
એકલા બનાવનારઃ

ઈ. એસ. પાટણવાલા.

(૫૯) ભાજીપાલા લેન, પો. નં. ૩, મુંબઈ.

રંગુન સમાચાર પ્રેસમાંથી દર બુધવારે અને શનીવારે

પ્રગટ થતું શુદ્ધ ગુજરાતી વર્તમાનપત્ર

રંગુન સમાચાર

જેમાં રંગુન શહેરની તથા બર્મા ઇલાકાની બધી અગત્યની ખબરો, લાયસન્સ ફોર્મ ન ચુકાદાઓ, તથા સ્થાનીક વેપાર-ઉદ્યોગને લગતી બાબતો, દુનિયાની અને ખાસ કરીને હિંદુસ્તાનની ખબરો ઉપરાંત ઉદ્યોગ, ધાર્મીક, સામાજીક, નૈતીક વગેરે ઉન્નતિના માર્ગોનું અવલોકન અને ખાસ કરીને બંગાલાનાં ઉદ્યોગ અને વેપારને લગતા વિષયો વખતો વખત આપવામાં આવે છે.

વાર્ષિક લવાજમ

દેશાવરવાળાઓ પાસે પોસ્ટ સાથે રૂ. ૬।, છુટક નકલના રૂા. ૦-૨-૦ — શહેરવાળાઓ પાસે રૂ. ૪.

રંગુન સમાચાર પ્રેસ.
નવી નંબર ૨૭, ઘર નંબર ૫૩-રંગુન

એમ. એ. મામસા.
પ્રોપ્રાઇટર "રંગુન સમાચાર" પત્ર તથા "રંગુન સમાચાર" પ્રેસ.
હેડ ઓફીસ-નાં૦ ૪૨ ગલી નાં૦ ૨૭-રંગુન.

નોટ—આખા બર્મા ઇલાકામાં "રંગુન સમાચાર" ફક્ત એકલું એકજ ગુજરાતી પત્ર છે એટલે બર્માની વસ્તીના મોટા ભાગની ગુજરાતી ભાષા બોલતી વેપારી પ્રજામાં જાહેર ખબરો ફેલાવવા માટે આ પત્ર અતિ ઉત્તમ ઉપયોગી સાધન છે.



(૩૩)

દાવડાની પેટંટ અબરખની ચીમની.

દરેક ઘરમાં તેનો ફેલાવો થયો છે. એટલે તે ભાંગતી નથી, ફાટતી નથી, કાંચની ચીમની પચીશ ભાગી જાય ત્યાં સુધી આ ચીમની ચાલે છે.

ચીત્રો સાથનું ફેટલોક મફત. વેપારીઓને ભરપુર કમીશન.

ઠે૦ દાવડાની કું૦,
મંબ્માદેવીના કુવારા પાસે,
મુંબઈ ના૦ ૩.

કાચુ સોનું વેચવાનું છે.

અગીયાર વરસથી ચાલુ દાવડાનું અબરખની ચીમનીનું પેટંટ (માટીઠની બીજી શોધોની રોકાણોને બીધે) વેચવાનું છે. જેમાં ભરપુર નફો છે. ઉપરને ઠેકાણે અરજી કરો અથવા જાતે મળો.

ધી સેંટ્રલ બેંક ઑફ ઇન્ડિયા લીમીટેડ.

શેરો ભરાયલી થાપણ	.....	રૂ. ૧૦૦,૦૦,૦૦૦
પગાર થયેલી થાપણ	.....	રૂ. ૩૭,૪૬,૬૦૦
રીઝર્વ ફંડ	.....	રૂ. ૧૧,૦૦,૦૦૦

આ બેંકમાં ડીપૉઝીટ મુકેલી દરેક પાઈની સલામતી માટે ખાસ ગેાઠવણ બેંકની આરટીકલમાં કરવામાં આવેલી છે.

મેશર્સ એ. એફ. ફરગ્યુસનની કું. ચારટરડ એકાઉન્ટંટસ આ બેંકના હીસાબેા અને જમીનગીરીએા દર અઠવાડીએ તપાસે છે.

ત્રસીડ'સી બેંકેા માફક આ બેંક પેાતાના હીસાબનાં પખવાડીક સરવૈયાં બહાર પાડે છે.

દરેક રીતનું બેંકને લગતું કામકાજ કરવામાં આવે છે.

હાલમાં ટુંકી તેમજ લાંબી મુદતના વ્યાજના દરેા માટે મેનેજરને મળવું.

ચેકેા તથા બેંકને લગતેા પત્ર વ્યવહાર ગુજરાતીમાં પણ થઇ શકે છે.

વધી ઑફીસઃ–એલાફસ બીલ્ડીંગ, ફેાર્ટ, મુંબઈ.

શાખા ઑફીસેાઃ–ઝવેરી બજાર, મુંબઈની માંડવી, તથા શેરબજાર.

ચાલુ ખાતાંમાં રેાજની બાકી ઉપર વ્યાજ આપવામાં આવે છે.

જાનેવારીથી જુન..... ૩ ટકા.

જુલાઇથી ડીસેમ્બર..... ૨॥ ટકા.

૧૨ માસની ડીપૉઝીટ..... ૫ ટકા.

રૂ. ૫૦૦૦ થી વધુ રકમ માટે... ૫॥ ટકા.

ટુંકી મુદતના ભાવેા અરજ કરવાથી માલમ પડશે.
વધુ વીગતેા માટે મેનજરને મળવું.

સેારાબજી ન. પેાચખાનાવાલા
મેનેજર.

ઘણીક અમેરીકન તીજોરીઓ કચરા જેવી હોય છે એવું અમેરીકનોજ કહે છે.

—:o:—

વેલાતી બનાવટની તીજોરીઓ આગમાં કેવી ટકે છે તેના હીસાબ ગોદરેજે પ્રજાને આપ્યો છે. કોટની ઈવર્ટ લેધમની આફીસની આગમાં અને કાપડ બજારની મોટી આગમાં જુદા જુદા મેકરોની સંખ્યાબંધ તીજોરીઓમાં સઘળું બળી ગયું તેની ખબર મેળવવા પછી ઈવર્ટ લેધમવાળાઓએ તેમજ સર સાસુન જે૦ ઈવીડે પોતાની હજારોની કીમતની વેલાતી મોટા જાણીતા મેકરોની તીજોરીઓ લીલાંઉથી વેચી નાખી તેની જગ્યાએ ગોદરેજની તીજોરીઓ ખરીદી હતી.

હીંદુસ્તાન અને બરમાની સેર્વીંગ બેંકો માટે સરકારને ૩૭૨ તીજોરી જોઇતી હતી ત્યારે જુદા જુદા મેકરોની તીજોરીઓ આગમાં નાખી તપાસ કરી અને ફકત ગોદરેજનીમાં બાળજે સલામત રહેવાથી આખો ૩૭૨ તીજોરીનો ઓરડર ગોદરેજને આપ્યો હતો.

અમેરીકામાં સાન ફ્રાનસીસકોમાં થોડાં વરસ ઉપર મોટી આગ થઇ હતી અને હજારો ઘરો બળી ગયાં હતાં. તે આગમાં અમેરીકન તીજોરીઓએ જે દેખાવ કર્યો તે વિષે લખતાં અમેરીકાનું હુનરઉદ્યોગને લગતું સૌથી આગેવાન પોપાન્યું નામે સાયનટીફીક અમેરીકન તા૦ ૨૬ મી મે ૧૯૦૬ ના અંકમાં નીચે મુજબ કહે છેઃ—

“ મોટી દલગીરી સાથે કહેવું પડે છે કે, સાન ફ્રાનસીસકોની આગથી ઘણાક મેકરોની ફાયરપ્રુફ હોવાની ગેરંટી સાથ વેચેલી તીજોરીઓ કચરા સમાન પુરવાર થઇ છે. અમારી જાણમા એવી વાત આવી છે કે એ બળી ગયલી તીજોરીઓ જે કે લાકડાંની પેટી કરતાં વધુ સારી હતી નહીં, તોપણ તેના બનાવનાર યા વેચનારાઓએ ફાયરપ્રુફ હોવાની મોટી મોટી વાતો કરીને વેચી હતી. આવી કચરા જેવી ચીજને તીજોરીનુ નામ આપી વેચનારાઓનાં કારખાના અને દુકાનો સરકાર હમેશ માટે બંધ કરાવે એવું અમે ઇચ્છીએ છીએ.”

ગોદરેજનું - કારખાનું:—

(૪) ગેસ કંપની પાસે, પરેલ, મુંબઇ.

THE BOMBAY

MILL STORES SUPPLY AGENCY.

PROPRIETORS :

MESSRS. C. N. DAVAR & Co.

19. Bank Sreet, Fort, BOMBAY.

ESTABLISHED 1912

TELEPHONE No. 1211, *Telegrams* :—" TREMENDOUS BOMBAY."

We have in Stock for Immediate Delivery the following Goods.

LEATHER GOODS:—Best English and American Leather Belting, Hairy, Chrome and Plain Picking Bands, Spring Buffers, Buffalo Pickers, Drop Box Pickers, Roller Skins, Leather Laces, etc., etc., etc.

WOOLLEN GOODS:—Roller Cloth, Clearer Cloth and Sizing Flannels o best makes.

WEAVING ACCESSORIES:—Best English real Cornelwood Shuttles, Picking Sticks and Loom Sundries of all kinds.

BOBBINS:—Best English and Japanese Slubbing, Roving, Warper and Ring Rabbeth Bobbins of all Sizes.

SPINNING ACCESSORIES:—Spindles for Ring and Fly Frames, Rings, Inner Tubes, Flyers, Spindle and Bobbin Wheels, Twist Wheels, Stripping, Burnishing and Emery Fillets, Flat Tops, Card Combs, Card Cans, etc., etc., etc.

HEALDS AND REEDS:—Healds and Reeds of best well-known makes.

ROPES AND BANDINGS:—Lambeth Cotton Driving Ropes and Bandings.

CHEMICALS:—Chloride of Zinc, Chloride of Magnesium, Chinoy Clay, Epsom Salt, Glauber Salt, Farina, French Chalk, Tallow (Mutton and Vegetable) Sago Flour, Dextrines, Soluble Blue, Sodium Sulphide, Soft Soap, Maize and Rice Starches, etc., etc., etc.

If you do not see what you want in the above List of Materials, please write to us.

તમારા લાભનું.



ઈનામ રૂ. ૧૦૦૦

મેળવાની તમે ક્રોશેશ કરો.

કેશવકાન્ત—હેર ઓઇલ વ્હાઇટ ઓઇલ (ધાસલેટ) થી વદન રહિત છે. વ્હાઇટ ઓઇલના લાંબા વપરાસથી માથાને તથા ભાલને તે નુકસાન કરે છે. માટે જે કોઇ તેમ પુરવાર કરશે કે કેશવકાન્ત હેર ઓઇલમાં વ્હાઇટ ઓઇલ છે તેને ઉપર જણાવેલું ઇનામ અમે આપશું.

બાટલી ૧ ના રૂા. ૦-૧૨-૦.

દરેક જાણીતા વપારીઓ પાસેથી મળશે.

દ્વારકાદાસ જગમોહનદાસ એન્ડ કાં.

પ્રોપરાઇટર્સ

ધી હિંદ બટન ફેકટરી એન્ડ મેટલ વર્કસ.

ધી કેશવ પરફ્યુમરી વર્કસ, ૧૪૭, અબદુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઇ.



Registered No. B. 810.

THE JOURNAL OF THE INDIAN MERCHANTS' CHAMBER.

દેશી વેપારી ચેમ્બરનું માસિક.

પુસ્તક ૧૨મું. VOL. XII NOV. 1919. No. 5. નવેમ્બર ૧૯૧૯. અંક ૫ મો.

અનુક્રમણિકા

વિષય.	પાનું.
૧ ચેમ્બરનો વિભાગ	૧૯૪
૧. વાર્ષિક સભા	૧૯૪
૨. કમીટીની સભાઓ	૨૦૫
૩ પત્રવ્યવહાર	૨૧૦
૪. લાયબ્રેરીમાં નવાં પુસ્તકો	૨૧૧
૨. બીજો ચેમ્બરનો વિભાગ	૨૧૩
૩. વેપારી વિષયો	૨૧૪
૧. હૌદમાં ચામડાં ક્રોબવાનો ધંધોગ ...	૨૧૪
૨. હૌદમાં ઉગાડવામાં આવતા રતું ઔદ્યોગીક મહત્વ	૨૧૭
૩. પૂર્વ આફ્રીકાનું રૂ	૨૧૮
૪. અધિપતીની નોંધ	૨૨૦
૫. વિઝહ અને વેપાર: સરકારી જાહેરનામાં.	૨૨૬
૬. વેપારી અબરો	૨૨૭
૭. વેપારી આંકડાઓ.	૨૩૧
૧. ખાંડની જ્યાત વખતે આંકેલી કિંમત ...	૨૩૧
૨ ખાંડની આયાત	૨૩૨
૩. સુતર અને સુતરાઉ કાપડના આંકડાઓ ...	૨૩૩
૪. સુતરની આયાત	૨૩૪
૫. ઇ. સ. ૧૯૧૯ ના ઑગસ્ટ માસ માટે પોર્ટ ટ્રસ્ટની વેરહાકસીઝમાંના માલના વેપારને લગતા સરખામણી કરનારા આંકડા ...	૨૩૪
૬. નવાં પેટન્ટો	૨૩૫
૭. હિંદુસ્તાનનો દરીયાઇ વેપાર	૨૩૭
૮. વેપારી મુબ્બરછ	૨૩૯

હુન્ડીયામાં ફ્લોટીંગ ટાઇલનું બહોળું ખાતું—ધી બોમ્બે ટાઇલ માટ ૨૧ બેંક બીલ્ડીંગ, ફોર્ટ મુંબઇ.

અમે પોતે.

આ માસિકમાં બહારથી આવેલા લેખો માટે અમે જવાબદાર નથી.

આ માસિકનું લવાજમ મુંબઈના ગ્રાહકોને માટે વાર્ષિક રૂા. ૩–૮–૦ તથા બહાર ગામના ગ્રાહકો માટે વાર્ષિક રૂા ૪—૦—૦ પોસ્ટેજ સુદ્ધાં રાખવામાં આવ્યું છે. છુટક નકલ એકના આના ૬ છ. નમુનાની કોપી મફત મોકલવામાં આવતી નથી.

આ માસિકમાં જે જાહેર ખબરો છે તેમાં કંઈ ફેરફાર સુચવવો હોય યા તો કાઢી નાંખવી હોય તો આવી જાતની ખબર આગલા મહિનાની ૨૦ મી તારીખ પહેલાં આપવી જોઈએ નહિ તો તે પ્રમાણે કરવું બની શકશે નહિં.

અમારા જૂના કોન્ટ્રેક્ટો પૂરા થયા બાદ, રાઈટીંગ મેટરમાં અમે જાહેર ખબર લેવા માગતા નથી તેથી સર્વ જાહેર ખબર આપનાર ગૃહસ્થોને વિનંતિ કરવામાં આવે છે કે જેમણે પોતાની જાહેર ખબરો મેટરની આગળ યા પાછળ છપાવવા માટે આપવી

અમોને તા. ૧૦–૭–૧૯૧૮ના રોજ માસિકના લવાજમ પેટે રૂ ૩–૬–૦ મનીઓર્ડરથી મળેલ છે પરંતુ તેમા નામ બરાબર ઓકખું નહિ લખેલ હોવાથી તે માસિક કોને મોકલવું તે અમો સમજી શકતા ન હોવાથી જે ગૃહસ્થે ઉપરનો મનીઓર્ડર મોકલ્યો હોય છતાં માસિક ન મળ્યું હોય તેને તે વિષે અધિપતિને જણાવવા વિનંતી કરવામાં આવે છે.

આ માસીક દર મહીને પહેલી પાંચ તારીખોની અંદર પોસ્ટમાં રવાના કરવામાં આવે છે માટે જે ગ્રાહકોને આઠમી તારીખ સુધીમાં અંક ન મળે તેમણે અમને તુરત ખબર આપવી જથી જલદી તે બીશે તપાસ પણ કરી શકાય અને જરૂર હોય તો શીલીકમાંથી બીજી પ્રત પણ રવાના કરી શકાય. પાછળથી બધી પ્રતો બાકી નથી છે એટલે તે પછી કોઇની ફરીયાદ બરી હોય તો પણ તે માટે ઇલાજ કરવો અશકય થઇ પડે છે.

ચેમ્બરનો વિભાગ.

વાર્ષીક સભા.

આ ચેમ્બરની વાર્ષીક સભા શુક્રવાર તા. ૩૦ મી સપ્ટેંબર ૧૯૧૯ ને દીને મળી હતી જે વેળા એ. શેઠ ચુનીલાલ વીજભુખણદાસ મેહેતાએ સભાનું કામ શરૂ કરતાં પ્રમુખસ્થાનેથી નીચે પ્રમાણે ભાષણ કર્યું હતું:—

નવા પ્લાનોના બીલ્ડીંગમાં ટાઈલ્સ કોણ પુરી પાડે છે?

ઝૉ. શેઠ સી. વી. મહેતાનું ભાષણ.

ગૃહસ્થો.

ઇ. સ. ૧૯૧૮-૧૯ ના વર્ષ માટેના આ ચેમ્બરના બારમા વર્ષનો રીપોર્ટ બહાલ રાખવાની દરખાસ્ત મુકતા મને આનંદ થાય છે. આ વર્ષમાં ચેમ્બરે કરેલાં કામકાજનો સારાંશ આપને પુરો પાડવામાં આવેલો છે એ વીશેની સંપૂર્ણ હકીકત સહીતનો રીપોર્ટ હવે જેમ બને તેમ જલદી બહાર પાડવામાં આવશે. મારા ભાષણમા હું મુખ્ય આબતો વીશેજ બોલીશ. વર્ષ આખરે ઓધો ઠોડતી કોઇ પણ કમીટીને આમ સ્વાભાવીક રીતેજ લાગે કે અમારા વખતમા જે કામ થયાં તે ચેમ્બરની આણી ઠારકીર્દીમા મુખ્ય છે. તમે એટલુ તો સ્વીકારશો કે એવી લાગણીથી દોરવાઇ ગયા વગર પણ હું એમ કહી શકું કે આજે ઓધો ઠોડતી કમીટીએ કરેલાં કામો બાબ મહત્વનાં હતાં. યુરોપમાં ચાલેલા જે ભયંકર યુદ્ધથી ભારે ખુવારી થઇ અને વેપાર તથા ઉદ્યોગને જબરો ધોકો લાગ્યો તે યુદ્ધ ગયા નવેંબર માસમા એકદમ બંધ પડયું અને ઇગ્લંડ તથા મીત્ર રાજ્યોનો એવો સંપૂર્ણ વિજય થયો કે જે માટે અગાઉ કોઇએ વધી રાખી નહી હોય. એ લડાઇના છેવટના કટોકટીના વખતમાં તથા યુદ્ધ બંધ પડયા પછીની ઉથલ પાથલના વખતમા કમીટીએ કામ કર્યું છે. એમણે જે પ્રશ્નો વીચાર્યા છે તે અગાઉ કરતાં વધારે સંહેલા કે સાદા હતા એમ તો કોઇ પણ નહીં કહી શકે. હવે આપણી પહેલી ફરજ એ છે કે આ ભયંકર લડાઇનો અંત આવી સારી રીતે આવ્યો તે માટે પાડ માનવો. આપણું બીજું કર્તવ્ય એ છે કે હાલના અસાધારણ સંજોગોને પણ આપણી સ્થીતીને અનુકુળ કરી લેવા અને હાલના મુશ્કેલ મામલાને પહોચી વળવા માટે સર્વોત્તમ પ્રયત્ન કરવાની તૈયારી રાખવી.

લડાઇમાં જીત મળી તેથી હીંદમાં સર્વત્ર આનંદ થઇ રહ્યો હતો અને એ જીત મેળવી આપનારાઓ પ્રત્યે આભારની લાગણી પણ આપણે પ્રદર્શીત કરી ચુકયા છીએ ૧૯૧૮ ના નવેંબરથી ૧૯૧૯ ના જુન સુધીનો વખત એક સ્થીતીમાંથી બીજી પરાસ્થીતીમાં જતી વેળાની અસ્થીરતાનો હતો. એ દરમ્યાન, ખાસ કરીને શરૂઆતના ભાગમાં વેપાર ધંધામાં ભારે મંદી થઇ હતી તેનું કારણ એટલુંજ હતુ કે લડાઇ આમ એકાએક બંધ પડવાની કોઇએ વધી રાખી ન હતી. પણ એ મંદી બહુવાર ટકી નથી થોડાજ વખતમા આપણે સુધરી જઇને વેપાર ધંધામાં તેજી આવી છે. નડતરોમા મુખ્ય દુકાળ, સ્ટીમરોની તંગી, રેલ્વેના ગાડાની તગી તથા છેવટના ભાગમાં ઉપરથીત થયેલો હીંદી પ્રધાનની હુંડીના ભાવમા ઉછાળો છે. આ બધી નડતરો છતાં વેપાર ધંધામા જે નવુ જોમ આવ્યું છે તે એટલું જોરદાર છે કે આપણે બધા સટાના વમળમાં ઘસડાઇ જઇશું એમ ઘણાને ધાસ્તી લાગી છે અગાઉ શેરમેનીયા ચાલ્યો તે સમયની સાથે હાલના સમયને સરખાવવામા આવે છે પણ તે વેળા જે નથી કંપનીઓ ઠાઠવામા આવી તે માત્ર અસાધ્ય વસ્તુ સાધવા જનારના ઠોગ જેવી હતી તે ધ્યાનમા રાખીએ તો એ સરખામણી બરોબર નથી એમ લાગ્યા વગર રહેશે નહીં. તેમ છતા નવાં સાહસો ઉપાડવામા ઘણી સંભાળ રાખવાની જરૂર છે અને પડી જાણે એવાં સાહસને મુદલ ઉત્તેજન મળવું ન જોઇએ, કેમ કે એવા સાહસને પરીણામે લોકોને ઘણાને અને આમ કરીને ગરીબ તથા મધ્યમ વર્ગને બહુ નુકશાન પહોંચે છે. વેપારની ખીલવણી માટે આપણું આ મંડળ છે તે ખીલવણીને પણ એવાં અયોગ્ય સાહસના સટાથી નુકશાન થાય છે. હવે લડાઇના જમાનો ગયો છે એટલે વેપારની બાબદમાં સરકાર વચ્ચે પડે એ

ચોગ્ય નથી. વેપાર તથા ઉદ્યોગની બાબદમાં સરકારે વચે પડવું જોઇએ એવી માગણી કેટલેક ઠેકાણેથી કરવામાં આવે છે પણ મારો અંગત અભિપ્રાય એવો છે કે વેપાર તથા ઉદ્યોગની બાબદમાં સરકારે કાયદા રૂપે વચે પડવું એ યેાગ્ય નથી. જે ભય આપણે માથે ઝઝુમે છે તેને પહોંચી વળવા માટે સાધન એજ છે કે લોકોમાં નીતીની લાગણી ખીલવવી અને સમાજનેા અભીપ્રાય યેાગ્ય હોશમાં વાળવેા.

હાલની ઉદ્યોગ ધંધા સંબંધી ચળવળના સમયમાં જો નામદાર સરકારે હીંદી ઔદ્યોગીક કમીશનના રીપોર્ટ ઉપર વીચાર કરી પોતે શાં પગલાં ભરશે તે જાહેર કર્યું હોત તેા પ્રજાને ઘણી સહાય મળત. હજી પણ આપણે આશા રાખીયું કે એમા વધારે વાર લગાડવામાં નહી આવે. થેાડા વખતમા જે રાજકીય સુધારા કરવામાં આવનાર છે તે અને ઔદ્યોગીક ખીલવણીને લગતા આ સવાલેા એક બીજા સાથે ઘાડો સંબંધ રાખે છે. એમાં નામદાર સરકાર જે કાંઇ કરે તે કૃતેહવંત થાય ત માટે મને બે વાતની જરૂર લાગે છે અને તે એ છે કે દરેક પ્રાંતમાં વેપાર ઉદ્યોગને લગતાં ખાતાંનેા કારભાર યેાગ્ય હીંદી મીનીસ્ટરને સેાંપવેા અને હીંદને જકાત બાબદમાં સંપૂર્ણ સ્વતંત્રતા આપવી. આ બે થશે નહીં ત્યાં સુધી ઔદ્યોગીક ઉન્નતીની બાબદમાં સરકારના પ્રયત્ન જોઇએ તેટલા સફળ થશે નહી. જકાતના સંબંધમાં હીંદને સ્વતંત્રતા આપવાની બાબદમાં વમારૂં ધ્યાન એ ચાયું હશે કે કાચાં ચામડાંની નીકાશ ઉપર પંદર ટકાની જકાત નાંખવા માટે કાયદામાં હાલમાં ફેરફાર કરવામા આવ્યેા છે અને એમા એવી ગેાઠવણ છે કે બ્રીટીશ સામ્રાજ્યમાં જે ચામડા કેળવાય તે જો હીંદથી નીકાશ કરવામાં આવેલાં હોય તેા એ જકાતના પંદર ટકામાંથી દસ ટકા જેટલી વળતર આપવામાં આવશે. જકાતને લગતા એવા ફેરફારેાના સંબંધમાં સરકારની રાજનીતી કેવી છે તે જાહેર કરવાની વીનંતી આ ચેમ્બર ઘણા વખતથી કરે છે એટલું જ નહીં પણ જકાતમાં વખતેા વખત યેાગ્ય ફેરફાર કરવાની સત્તા હીંદને આપવાની કેટલી જરૂર છે તે વીશે રાજકીય મંડળીએ તથા વેપારી ટ્રેાને નામદાર હીંદી પ્રધાન મી. મેાંટેગ્યુ અને નામદાર વાઇસરાય લેાર્ડ ચેમ્સફર્ડ સન્મુખ આગ્રહપૂર્વક વીવેચન કર્યું હતું અને એમ પણ જણાવ્યું હતું કે એ હક હીંદને આપવામાં નહીં આવે તેા એકલા રાજકીય સુધારાથી ધારેલેા અર્થ સરશે નહીં. પ્રજામાં આવેા એકત્ર અભિપ્રાય છે તે છતાં એ બાબદમાં નામદાર સરકારે કાંઇપણ કર્યું નથી એટલું જ નહીં પણ ચામડાં ઉપરની નીકાશની બાબદમાં જકાતને લગતી જુદીજ રાજનીતીમાં હીંદને ઉતારી છે એટલું જ નહીં પણ એકંદરે નવી રાજનીતી કેવી રાખશે તે પણ જણાવ્યું નથી. હીંદી ઉદ્યોગેાને રક્ષણ આપવા માટેની રાજનીતી પ્રત્યે ચેમ્બરે પસંદગી દર્શાવી છે કારણ કે તેથી ઉદ્યોગેા ખીલવાની આશા રહે છે પણ સામ્રાજ્યને ઉત્તેજન આપવા માટેની આ રાજનીતી પ્રત્યે ચેમ્બરે વાંધેા ઉઠાવ્યેા છે કારણ કે ચામડાં ઉપરની જકાતમાંથી વળતર આપવાની આ ગેાઠવણ માત્ર બ્રીટીશ સામ્રાજ્યને અન્ય દેશેા કરતાં વિશેશ લાભ આપવાની રાજનીતી દાખલ કરવાનું આડકતરૂં પગથીયું છે. આવેા મહત્વનેા ફેરફાર આવી રીતે કરવેા યેાગ્ય નથી. મી૦ ચેમ્સફર્ડ ચેમ્બરહેન જેવાને પણ આ ફેરફાર માટેની હીલચાલ કાજે ત્રણ કે ચાર વર્ષ સુધી અથાગ મહેનત કરવી પડી ત્યારે એ માટેની દરખાસ્ત પ્રજા સન્મુખ રજુ કરવાનું બની શકયું હતું. તે છતાં હીંદી પ્રજા સન્મુખ અથવા ઠાઇ નહીં તેા નામદાર વાઇસરાયની ધારાસભા સન્મુખ એ આખેા પ્રશ્ન રજુ કરી ઠરાવ ઉપર આવવાને બદલે આવેા મહાન ફેરફાર આવા અડકતરા માર્ગે દાખલ કરવાનું

હૂંડી સરકારે ચેલ્ચ્ય ગણ્યું છે. એ વીશે પ્રજાને પોતાનો અભિપ્રાય રજુ કરવા માટે છ આપવી ઘટતી હતી. અત્યાર સુધી હૂંડીને પોતાના અરીઆરીયા તરીકે ગણવાની રહેજ પણ વલણ કોઈ પણ બ્રીટીશ સંસ્થાને ગતાવી નથી તો પછી જકાતને લગતી બાબતમાં હૂંડીને લાભ થાય એવી ગોઠવણ રાખવાની તો વાતજ શી કરવી ? દક્ષીણ આફ્રીકામાં હૂંડીઓને જે થોડા પણ હક્ક હતા તે પણ ઝુંટવી લેવા માટે બનતા પ્રયત્નો ત્યાં કરવામાં આવે છે અને તે માટે મંડળ પણ સ્થાપ્યું છે. એમ જણાવવામાં આવે છે કે આ કાયદામાં માત્ર એવી સત્તા હૂંડી સરકારને આપવામાં આવી છે કે જેની રૂએ સરકાર બ્રીટીશ સામ્રાજ્યમાંથી જે જે ભાગને વાણતરનો લાભ આપવા માગે તે તે ભાગને એ લાભ આપી શકે અને જો દક્ષીણ આફ્રીકાને એવો લાભ આપવો નહીં એમ લાગે તો તેમ પણ કરી શકે આટલું છતા અમને એમ લાગે છે કે હૂંડી સરકાર ઉપર એ બાબતમાં જે દબાણ ચલાવવામા આવે તેને આધીન થઇને એવાં સંસ્થાનોને પણ આ લાભ હૂંડી સરકાર આપશે કે જેઓ હૂંડીના લાભ પ્રત્યે સુહલ દરકાર રાખતાં ન હોય આ સંજોગોને લીધે હૂંડીને માટે જ્યાત સંબંધી એવી સ્વતંત્રતા આપવું હજી પણ મુશ્કેલ છે કેમકે એક નીશ્ચિત રાજનીતી જાહેર રીતે ધારણ કરી શકાય. જ્યાં સુધી હૂંડી સરકારનું બંધારણ હાલ છે તેવું રહેશે ત્યાં સુધી હૂંડી પ્રજાની લાગણી અને લાભ પ્રત્યે યોગ્ય રીતે ધ્યાન આપવામાં આવે એવી બહુ આશા નથી.

ચલણને લગતી યોગ્ય વ્યવસ્થા તો વેપારી કોમનો શ્વાસપ્રાણ છે અને તેમ છતાં હૂંડી પ્રધાને કેટલાક મહીનાથી ચલણના સંબંધમા જે રીતે કામ લેવા માંડયું છે એ દલગીર થવો જેવું છે કેમ કે તેથી વેપારી કોમને ઘણું નુકશાન થાય છે અને એ કોમમાં ઘણો ખળભળાટ થઇ રહ્યો છે. કરન્સી કમીટીની નેમ બહુજ થંઇ ત્યારે આપણને આશા રાખવાનું કારણ મળ્યું કે હુંડીના ભાવ સ્થીર થશે અથવા કાંઇ નહીં તો એ કમીટી રીપોર્ટ કરશે ત્યાં સુધી તેમાં ફેરફાર કરવામાં નહીં આવે; પણ તેમ છતાં તે વખતથી હુંડીના ભાવમા વધારો કરવામાં આવતો રહ્યો છે અને તેને પરીણામે વેપાર ઘણો અરથીર થઈ પડયો છે. કમીટીના કામમાં લાંબો ખચકો પડયો છે અને તે દરમ્યાન ભાવ બે વાર બબે પેન્સ વધીને બે શીલીંગ સુધી ગયો છે. એથી હૂંડીનો માલ નીકાશ કરનારાઓને ભારે ખોટ ગઇ છે અને આપણા નીકાશ વેપારમાં પણ ઘટાડો થયો છે જેને પરીણામે ખેડુતોને ભારે નુકશાન મોડે કે વહેલે થશેજ. એમ જણાવવામાં આવે છે કે હુંડીના ભાવના વધારા સામેનો આ પોકાર માત્ર માલ નીકાશ કરનારાઓના તથા વચગાળેના વેપારીઓ તરફનોજ છે કેમકે તેમનેજ એ વધારાથી ખોટ જાય એમ છે. ખેડુતોને તો બધી વસ્તુઓ કોઇ વેળા મળી ન હતી એટલી સસ્તી મળશે. પણ આ દલીલ ખોટી છે કારણ કે નીકાશ કરનારાઓ અને વચગાળેના વેપારીઓ તો પોતાનો નફો ગમે તેમ કરીને પણ કહાડશે-/ અને તરેહવાર મુકતી વાપરીને પણ આ ખોટ છેવટે ખેડુતને માથે ઢોળી પાડશે. એ રીતે ખોટ છેવટે ખેડુતોજ ભોગવવી પડશે. તેમની પેદાશના ભાવ અત્યારથીજ નીચા ગયા છે એટલુંજ નહીં પણ આયાત થતા માલમાં તેના જેટલો ઘટાડો થશે કે કેમ તે કહી શકાય એમ નથી. પશ્ચીમના દેશોમાં હુંડીના ભાવમાં થયેલા વધારા ધ્યાનમાં લઇને ચીજોના ભાવ વધારવાની શરૂઆત થઇ ચુકી છે. હીંદમાં સોનું કે ચાંદી આયાત કરવાની મનાઇ ઘણા વખત અગાઉ કહાડી નાંખવી જોઇતી હતી. સરકારે સોનું વેચવાનું શરૂ કર્યું છે પણ તેથી હુંડીના ભાવ ઉપર એવી અસર પહોંચનાર નથી કે જેવી અસર શીરસ્તા પ્રમાણે વેપાર મારફે સોનું આયાત કરવાની છુટ આપવાથી

થાય. તમારી કમીટીએ એવી ભલામણ કરી છે કે જો બીજા ઇલાજ નીકળ જાય તો ત્રણ રૂપયાની કીંમતનો નવો સીક્કો કઢાડવો જેમાં ચોખી ચાંદીનું પ્રમાણ ઓછું રાખવું. ચલણી નોટને બદલે રૂપયા આપવાની જે ફરજ નામદાર સરકારને માથે છે તે થોડા વખત સારૂ જરૂર લાગે તો દુર કરવાની સત્તા નામદાર સરકારને આપવામાં આવે તો તેથી ચાંદી એકહાથ કરવા માટેના પ્રયત્ન કરનારાઓ ઉપર તથા ચાંદીના ભાવપર તેની શી અસર થાય એ પણ વીચારવા જેવો પ્રશ્ન છે. સર્વ લોકો અત્યારે તો હુંડીના ભાવની સ્થીરતા માગે છે અને ચલણને લગતી કમીટીનો રીપોર્ટ મળવાની રાહ ઘણીજ આતુરતાથી જુએ છે.

નામદાર હુંડી પ્રધાન તથા નામદાર વાઇસરાય રાજકીય સુધારા વીશે હુંડીની પ્રજાનો અભિપ્રાય સાંભળવા માટે હુંડીના જુદા જુદા ભાગોમાં સાથે સાથે ફર્યા તે વખતથી તમારી કમીટીએ હુંડી ધારાસભામાં તથા પ્રાંતીક ધારાસભામાં હુંડી વેપારીઓનું પ્રતીનીધીત્વ કેટલું રહે છે તે વીશેની ચર્ચા ઉપર ધ્યાન આપ્યું છે. એ ખુશી થવા જેવું છે કે સાહેબ બહાદુર કમીટીએ આપણી ચેમ્બરને એક સભાસદ પ્રાંતીક ધારા સભામાં અને એક સભાસદ હુંડી ધારા સભામાં મોકલવાનો હક આપવાની ભલામણ કરી છે. આપણે આશા રાખીશું કે મુંબઈની મ્યુનીસીપાલીટીના નવા બંધારણમાં વીસ સભાસદો નેમવાની સત્તા નામદાર સરકારે પોતાના હાથમાં રાખી છે તો આ ચેમ્બર તરફથી પણ ચોગ્ય સંખ્યામાં પ્રતીનીધીઓ મોકલવામાં આવે તે માટેની ગોઠવણ કરવામાં આવશે. હવે જે વખત આવે છે તે દરમ્યાન વેપાર તથા ઉદ્યોગોમાં ઝડપથી ઘણો વધારો થવાની આપણે આશા રાખીએ છીએ અને તેથી એવા ઘણા સવાલો ઉપસ્થીત થશે કે જે સ્થાનીક તેમજ હુંડી ધારાસભાનામાં ચર્ચાશે. તે વેળા આપણી હુંડી વેપારી કોમ તરફથી પ્રતીનીધીઓ મોકલવાના હકની જેમ માગણી કરીએ છીએ તેજ પ્રમાણે એ બાબતમાં આપણી જોખમદારીનો પણ વિચાર આપણે ભુલી જતાં નથી. એ કારણથીજ ચેમ્બરના નીયમો આપણે સુધાર્યા છે, સભાસદોની ફી વધારી છે તથા બીજા ફેરફાર પણ એવા કર્યા છે કે જેથી ચેમ્બરની મહત્તા વધે અને આ દેશોપયોગી સંસ્થા જે ગત્યાર સુધીમાં દેશના જાહેર જીવનમાં ચોક્કસસ્થાન પ્રાપ્ત કર્યું છે તેની લાગવગમાં હજી પણ વધારો થાય.

જેમ વધારે સવાલો આ ચેમ્બરનું ધ્યાન ખેંચશે તેમ તેમ કમીટીની જોખમદારી વધતી જશે અને મારી ખાત્રી છે કે હું નવી કમીટીની વતી કહી શકું કે તેઓની ઉપર નામદાર સરકાર તરફથી કે વેપારીઓ તરફથી ગમે તેટલો બોઝો આવી પડે તોપણ તે સર્વને પહોંચી વળવાને જેઓ તૈયાર છે. તે માટે ચેમ્બરની આવક વધારી છે ચેમ્બરના "સ્ટાફ"માં વધારો કર્યો છે અને બીજા પણ જરૂર જોગા ફેરફાર કર્યા છે. હું આશા રાખું છું કે થોડા વખતમાં ચેમ્બરની ઑફીસ માટે મકાનનો સવાલ કમીટી પાસે ઉપસ્થીત થશે. આ સવાલ ઘણોજ અગત્યનો છે. અત્યાર સુધીમાં કમીટીએ નીયમોમા કરવાના સુધારા વીશે તથા આપણી કામ કરવાની પદ્ધતી ઉપર સંપૂર્ણ તપાસ કરી વીચાર કર્યો છે તેમણે હવે પછી આપણે કામ કરવાની પદ્ધતી એવી બદલી છે કે આ શહેરમાં રહેતી વેપારી કોમના વિવિધ વર્ગોની સાથે વધારે સીધા અને ઘાડા સમાગમમાં આપણે આવી શકીએ. જુદા જુદા જે જે ધંધામાં પડેલા આપણા સભાસદોની સંખ્યા દસ કરતાં વધારે હશે તે પ્રત્યેક ધંધાને લગતી બાબતમાં સલાહ આપવા માટેની સળ કમીટીઓ નેમવામાં આવે એવી જે ચોજના આપણા નવા બંધારણમાં છે તે આવતા માસથી કમીટી અમલમાં લાવશે. એ સળ કમીટીઓની મદદથી વધારે સારી વ્યવસ્થા થઇ વધારે સારૂં કામ થશે.

કરનીચરના માટે ફ્રેન્સી ટા મોટો જથ્થો ક્યાં છે ?

વળી ચેમ્બરના સભાસદોની મીટીંગ દર ત્રણ મહીને મેળવવાની જે ગોઠવણ ચેમ્બરના નવા કાનુનથી હમણા કરવામાં આવી છે તેને લીધે ચેમ્બરના સભાસદો પણ ચેમ્બરના કાર્યમાં વધારે રસ લેતા થશે. સભાસદોએ આ નીયમો સુધારવામાં કીમતી મદદ આપી છે તેમનો હું આ તકે આભાર માનું છું. હું ઈગ્લંડ ગયો તે દરમ્યાન ત્રણ માસ સુધી મી. જહાંગીર બમનજી પીટીટે માંથી વતી પ્રમુખ તરીકેની ઝોખમદારીવાળી ફરજો બજાવી તે માટે હું એમનો આભાર માનું છુ અને હવેનું વર્ષ જે વધારે કામથી ફળદાયક થશે એવી આશા છે તે વર્ષના ચેમ્બરના પ્રમુખ તરીકે ચુંટાયા તે માટે એમને મુબારકબાદી આપું છું. ચેમ્બરના ઉપપ્રમુખ તરીકે ચુટી કઢાડાયા તે માટે મી૦ વોર્ડને હું અભીનંદન આપું છું.

ચેમ્બરની ઑફીસમા કામ કરનારાઓનો પણ હું આ તકે આભાર માનુ છું તેમણે પોતાનું કામ ઉત્સાહથી અને સારી રીતે કર્યું છે. મી૦ મેહેતાની સેક્રેટરી તરીકેની કીમતી સેવા ફરીથી ચેમ્બર મેળવી શકી છે તેથી મને આનંદ થયો છે એમણે અગાઉ ચેમ્બરનું કામ કેવી કુશળતાથી કર્યું છે તે તમે સૌ જાણો છો. સીમલા ખાતેના ન્યુનીશન બોર્ડે એમની સેવા આપણી પાસે ઉછીની લીધી હતી. ત્યા સેવા બજાવી વિશેશ અનુભવ મેળવી એઓ પાછા અહીં આવ્યા છે તે આ ચેમ્બરને વિશેશ ઉપયોગી થઇ પડશે એવી મારી ખાત્રી છે.

છેવટે નવી કમીટીને તેમનાં વિવિધ ઠાર્યોમાં આજથી શરૂ થતા નવા વર્ષમા વીશેશ યશ મળે એવી મારી પ્રાર્થના છે.

શેઠ જે. બી. પીટીટનું ભાષણ.

શેઠ જહાંગીરજી બમનજી પીટીટે તે પછી આપેલું ભાષણ નીચે મુજબ છે:—

મે. પ્રમુખ સાહેબ તથા સદ્ગૃહસ્થો,

આ ચેમ્બરનો તા૦ ૩૧ મી ઓગસ્ટ સને ૧૯૧૯ સુધીનો જે રીપોર્ટ અને હીસાબ આપની મંજુરીને સારૂ રજુ થયો છે તેને હું આનંદપુર્વક ટેકો આપું છું.

તે ઉપરાંત આપ સર્વની સંમતીથી જે વીશેષોનું વાર્ષીક રીપોર્ટમાં ધ્યાન કરવામાં આવ્યું છે અને જે વીશેષોને મે. પ્રમુખ સાહેબના વીદ્વતાભરેલા ભાષણમા સ્થાન મળ્યું નથી તે વીષયો સબંધી હું ડેટલીક ટુંક સામાન્ય પ્રકારની સુચનાઓ કરવાની રજા લઉં છું.

ગયું વર્ષ અનેક રીતે પ્રખ્યાત થયેલુ છે. દુનીઆના સહુથી મોટા યુધ્ધનો અંત આવ્યો તેથી કરીને ધણાજ મહત્વના વેપારી, ઉદ્યોગીક અને આર્થીક પ્રશ્નો ઉદ્ભવ્યા છે કે જે વર્ષના એકત્ર બળે કરીને ચેમ્બરના જીવનમા ગયું વર્ષ સહુથી મહત્વનું નીવડ્યું છે.

ભયાનક અને વરણુવી ન શકાય એવા ચાર વર્ષના બનાવોમાથી પસાર થયને દુનીયામાં શાંતી થઇ છે પણ કમભાગ્યે એ શાંતી અસ્થીર છે, અને પ્રજાસત્તાક વર્ગને માલુમ પડવા માંડે છે કે અમેરીકાના એક અપવાદ શીવાય તમામ યુધમાં જોડાયલા મીત્ર રાજ્યોએ (ઈગ્લંડ સુધા) પ્રેસીડંટ વીલસનના ૧૪ મુદ્દાનો અને તેના હેતુનો અનાદર કર્યો છે. આપણી નજદીક જોઇએ તોપણ અસર તેવીજ થવાનો સંભવ છે, ટરકી, પરશીયા ઇજીપ્ત, અને હીંદુસ્થાનના બનાવો, અને ખાસ કરીને યુરપ આફ્રીકાના બ્રિટીશ સંસ્થાનમાં જે વર્ણ ભેદને લીધે ઉદ્ભવેલા વીરસ્કારને ઉતેજન આપવામાં આવે છે તે બનાવો, અને તેથી પણ વધારે જન્સમાજની ન્યાય બુધીને આઘાત થાય તેવા હીંદુસ્થાનના બનાવો (દાખલા તરીકે જન સમાજની સ્વતંત્રતા ઉપર ગેરવ્યાજબી અંકુશ મુકનારો રોલેટ એકટ અને પંજાબની નીરદોશ અને અશસ્ત્ર પ્રજા સામે જુલમ.) આ સર્વ બનાવો સ્વતંત્ર રીતે બતાવી આપે છે કે હજી પ્રજા સત્તાના દીવસો ઘણાજ દુર છે.

અને જોહુકમીનું સામરાજ્ય યુદ્ધ પહેલાં જેવું બળવાન હતું તેવું હજી પણ છે. વળી તે બનાવો સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે હજી દુનીઆમાંથી રાજ્યદ્વારી વિરૂદ્ધ તત્વનું નીકંદન થયું નથી. તેમ ન્યાય સમભાવ મૈત્રી, વગેરે શબ્દો પ્રકૃત શબ્દો તરીકેજ પ્રચારમાં છે પણ તે શબ્દોને અંગે રહેલા ભાવ બીલકુલ આચારમાં નથી.

હવે આપણે એક ક્ષણ આપણા દેશના ઉદ્યોગ અને વેપાર ઉપર યુદ્ધની શી અસર થઇ છે તેનો વીચાર કરીએ. ઉદ્યોગને લગતું કમીશન નીમવામાં આવ્યું હતું તેનો રીપોર્ટ બહાર પાડવાને આજ લગભગ વર્ષ થયું છે. તે રીપોર્ટમાં એવી સરકારવા યોગ્ય સુચનાઓ થયલી કે વેપારના સંબંધમાં સરકારે હાલ પર્યંત જે વીરોધી વૃતી બતાવેલી તે વૃતી દુર રાખીને ઉદ્યોગનો વીકાસ થાય તેવાં સાધનો જોજવાં. આવી ભલામણને લઇને તે રીપોર્ટને લોકોએ ટેકો આપેલો પણ જે આપણે એ રીપોર્ટની મુખ્ય સુચનાઓનો વીચાર કરીએ તો દલગીરીથી કહેવું પડે છે કે તે સુચનાઓને હજી કાંઇ સરકારે આચારમાં મુકી નથી તેમ હાલ તુરત ભવિષ્યમાં તેમ કરવાને સરકારનો કાંઇ વીચાર હોય તેમ પણ જણાતું નથી. આ બનાવથી જે લોકમત મળ્યો હતો તે વધારે ઘટ થતો જાય છે અને તે એજ છે કે જ્યાં સુધી વડી ધારાસભામાં લોકના પ્રતીનીધીઓની સત્તા જામશે નહી ત્યાં સુધી લોકહીતવર્ધક સુધારા અમલમાં મુકવા અશક્ય છે.

આ પ્રકારની ન્યાયી માગણી તરફ સરકાર તદન ઉદાસીન વૃતી રાખે છે તે પણ સરકાર પક્ષતી કૃએજ છે.

જ્યાં સુધી લોકમતની સત્તા ધારાસભામાં જામશે નહી અને બાહોશ અને દુરંદેશી એક હીંદવીર ઉદ્યોગખાતા માટેના સલાહદ તરીકે નીમાશે નહી ત્યાં સુધી બીજાનો મત ગમે તે હો પણ હું તો ઘણોજ શક રાખું છું કે ઉદ્યોગ કમીશનના ભવ્ય રીપોર્ટનું કાંઇ પણ ફળ નહીં આવે.

હીંદુસ્થાનના વેપાર અને ઉદ્યોગ તરફ સરકારની આજ સુધી શી નીતી ચાલતી આવી છે તેનું જો આપણે બારીકાઇથી અવલોકન કરીશું તો સ્પષ્ટ જણાશે કે (બીલાયતની અને હીંદી) બંને સરકારે બીજા વધારે મહત્વના સ્વાર્થો આગળ હીંદુસ્થાનના વેપારી સ્વાર્થ ઉપર બીલકુલ લક્ષ આપ્યુંજ નથી. આથી કરીને હીંદુસ્થાનનું વેપારી જીવન ઘણે અંશે નિર્બળ થઇ ગયું છે એટલુંજ નહી પણ ભવીષ્યમાં પણ કેટલીક ઉછરતી હુન્નરકળાઓનું પોશણ થવાનો સંભવ નથી. અને વધારામાં તેમનું તાત્કાળ અવસાન થવાની ધારતી રહે છે.

સુલેહની "કોનફરન્સ" યુરોપમાં મળી તે વેળા ત્યાંની બેઠકોમાં હીંદુસ્થાનનું વેપાર ઉદ્યોગને લગતું ભવીષ્ય હમેશને સારૂ આંઠવાની ચર્ચા થતી હતી. અને તે વખતે બેઠક હીંદુસ્થાનવાસીઓ તરફથી પોઠાર થયો હતો કે બ્રીટીશ સરકાર હીંદના લોકોના નામે જે વ્યવસ્થા "કોનફરન્સ" માં બહારોબહાર કરે છે તે તદન ગેરવ્યાજબી છે. પણ તે પોકાર છતાં હીંદના વેપારીઓ તથા ઉદ્યોગવાળાઓના એ કે પ્રતીનીધીને સુલેહ કોનફરન્સમાં મોકલવામાં આવ્યો નથી.

હીંદુસ્થાનની "આર્થીક સ્વતંત્રતા" ના સંબંધમાં પણ જે માગણી જોરી છે તેનો કાંઇ હજી સરકાર તરફથી ઉતર મળ્યો નથી. ઉદ્યોગ કમીશનના કાર્યક્ષેત્રમાંથી આ બાબત કયાં હેતુથી પડતી મુકવામાં આવી હતી તે હું તો સમજી શકતો નથી.

હીંદુસ્થાનના ઉદ્યોગ અને હુન્નરનો વીકાસ થવાને સારૂ ખાસ જરૂરીઆતની બાબત એ છે કે કરવું બધારવું અને તેની વ્યવસ્થાની સંબંધમાં હીંદુસ્થાનને સ્વતંત્ર

બનાવવું અર્થાત સર્વ આર્થીક વીધ્યેામાં એને સ્વતંત્ર ગણવું. આ પ્રકારની સ્વતંત્રતા જે કાંઇ પંણ રીતે ન્યુન થાય તેા વેપાર ઉદ્યોગમાં પણ તેટલેા અંશે નબુનત્વ સ્વભાવીક રીતે થાય.

આ પ્રકાર સર્વમાન્ય મત હેાવા છતાં પણ સરકાર હીંદુસ્થાનની આર્થીક સ્વતંત્રતા સ્વીકારવાને તૈયાર નથી તેા તે પરથી તેમની ગાય બુધીના ખ્યાલજ કરવેા બસ છે.

બ્રીટનના દરેકે દરેક સંસ્થાનને કર બ્યવસ્થાની સ્વતંત્રતા છે તેા ફકત હીંદુસ્થાનને સ્વતંત્રતામાંથી શા માટે દુર રાખવું જોઇએ?

જ્યાં સુધી આ પ્રકારની સ્વતંત્રતા હીંદુસ્તાનને મળે નહી ત્યાં સુધી સરકાર હીંદુસ્તાનના વેપાર પ્રત્યે માયાળુ લાગણી ધરાવે છે એ જે કહેવાય છે તે તરફ શક અને અણુવીશ્વાસની નજરથી પ્રજા જુવે તેા તે દોષ તેને શીર નથી.

દુકાળમાં અધીક માસ જેવી બીજી મહીના એ જોવામાં આવે છે કે વડી ધારા સારૂ સરકારે ફકત હિંદુસ્થાનનાં ચામડાંના ઉદ્યોગને સરકારી મદદથી ઉત્તેજન આપ્યું હોય તેા વધારે ન્યાયસર ગણાત, પણ તેથી કરીને આ "ઇમપીરીયલ પ્રેફરંસ" ની જે નીતી સ્વીકારમાં આવેલી છે. અને જેને લીધે દસ ટકાની વળતર આપવાનું ઠરાવવામાં આવ્યું છે તેવી ગેરવ્યાજબી એક છુટી બાબદ હેાય તેમ આડકતરી રીતે દાખલ કરવી તે તદ્દન ન્યાયથી વીરૂધ છે અને તેમ કરવામાં હિંદને ઘણેાજ ગેરલાભ થયેા છે. આવી અગત્યની બાબતમાં આડકતરી રીતે ધારા પસાર થાય અને હિંદુસ્થાન કે જેનેા એમાં અરધ સમાયેલેા છે તેનેા અભીપ્રાય તેા લેખામાંજ નહિ. આ અન્યાયની પરાકાષ્ટાજ છે.

વડી ધારાસભામાં સરકારના આ ઠરાવ સામે એ પંડીત મદનમેાહન માલવીયા અને ઑ. મી૦ શર્માએ ઘણીજ લડત ચલાવી હતી જે સારૂ તમને જેટલેા ધન્યવાદ આપીએ તેટલેા ઓછેા છે.

"ઇમપીરીઅલ પ્રેફરન્સ" નેા સવાલ

ફરજીઆત રીતે પોતાનો કાચો માલ ગ્રેટબ્રીટનને સસ્તે ભાવે વેચવો અને પોતાને અપત સારૂ જે તૈયાર માલની જરૂર પડે તે માલ "યુનાઈટેડ કીંગડમ" અને તેના સંસ્થાનોમાંથી મોંઘે ભાવે ખરીદવો અને બ્રીટીશ સામ્રાજ્ય શીવાય દુનીયાના ઢેઈ પણ ભાગમાંથી મોંઘે ભાવે હીંદુસ્થાનનો કાચો માલ લેવાની માગણી થાય અગર તો તેને તૈયાર માલ સસ્તે ભાવે આપવાની માગણી થાય તો તે લાલચમાંથી હીંદુસ્થાને દુર રહેવું.

એક ક્ષણ વાદવીવાદની ખાતર આપણે કદાચ એમ માનીએ કે બ્રીટીશ સામ્રાજ્યની આબાદીની ખાતર પરસ્પર મદદ અને પરસ્પર લોભની જરૂર છે તો પણ દક્ષીણ આફ્રીકા અને નાતાલ જેવાં સંસ્થાનો કે જેઓ આપણા દેશી ભાઈઓ પ્રત્યે ઘણીજ જંગલી રીતે વર્તે છે તેમને ૧૦ ટકા વળતરમાંથી કેમ બાતલ ઠરવા ન જોઈએ.

બીજું પણ એક પગલું સરકારે એવું લીધું છે કે જેથી હીંદુસ્થાનનો વેપાર ક્ષીણ થયા વીના રહે નહીં અને તે એ છે કે હીંદુસ્થાનમા સરકાર પરવાનગી સીવાઈ "યુનાઈટેડ કીંગડમ"ની બહાર જે રંગ બનતો હોય તેના આયાત થઈ શકે નહીં.

યુદ્ધ બંધ થયું છે તેમ છતાં પણ વેપાર ઉપર આ પ્રકારના અંકુશ મુકવામાં આવે એ પરથી હું તો એટલેજ અર્થ કરૂં કે સરકારનો હેતુ ફક્ત એટલેજ છે કે હીંદુસ્થાનને પોતાના સ્વાર્થનો ગમે તેટલો ભોગ આપવો પડતો હોય પણ બ્રીટીશનો રંગનો ઉદ્યોગ ખીલવવો. આ બહારને માટે જ્યાં સુધી સરકાર બીજું વધારે સંતોષકારક કારણ બતાવે નહી ત્યાં સુધી હીંદુસ્થાન જે સરકારને માથે એવો આક્ષેપ મુકે કે સામ્રાજ્યના વેપારના હીત આગળ હીંદુસ્થાનના વેપારીયોનું હીત કાંઇ હીસાબમાં નથી તો તેમાં હું કાંઇ ગેરવ્યાજબી જોતો નથી. અહરથી, આપની કમીટીએ આ ઠરાવ સામે પણ સખ્ત પોકાર નોંધાવ્યો હતો પણ લખતાં દીલગીરી થાય છે કે હજી કાંઇ જવાબ મળ્યો નથી.

યુદ્ધને પ્રસંગે હીંદુસ્થાનને અનેક પ્રકારની સંકડામણ વેઠવી પડી હતી અને તે વખતે વપરાતી ઘણીખરી ચીજોપર સરકારી જપતો હતો. અને હું ઘણી મગરૂરીથી જણાવું છું કે તે વેળા હીંદુસ્થાને માણસ, પઇસો અને માલથી ખુવાર થવામાં કાંઇ બાકી રાખી નહોતી. તમને સર્વને માલુમ છે કે ખોરાક વીગેરે રોજની જરૂરીઆત ચીજો પણ સરકારે કાબુમાં લીધી હતી. અને તેમ થવાથી કાંઇ લોકને ખોટી હાડમારી પડી નહોતી પણ લડાઇ દરમીયાન લોકોએ કાંઇ પણ અસંતોષ બતાવ્યો નહોતો. હવે સુભાગ્યે યુદ્ધનો અંત આવ્યો છે તો સરકારે પ્રથમ એ કરવાની જરૂર છે કે એક હેવાલ બહાર પાડવો અને તેમાં નીચે પ્રમાણે વીગત જણાવવી.

(૧) યુધ્ધ દરમીયાન કયા કયા ખોરાકો સરકારે કાબુમા લીધા હતા?

(૨) તે ખોરાકોની શું કીંમત આવી હતી?

(૩) તે ખોરાકોનો કેવે પ્રકારે ઉપયોગ થયેલ હતો? વીગેરે વીગેરે.

સરકારના હીતને સારૂ આ પ્રકારનો હેવાલ કાયદાકારક છે કારણ કે લોકોમા એવી માન્યતા છે કે સરકાર હીંદુસ્થાનમાથી ખોરાકનો ઉઠાવ કરે છે તે ફક્ત યુધ્ધનાં ક્ષેત્રોને સારૂ નથી પણ બ્રીટીશ સામ્રાજ્યના બીજા ભાગોમાં પણ આપવાને સારૂ છે. ઉપર જણાવ્યા પ્રમાણેનું વીગતવાર પત્રક બહાર પડયું હોય તેમ માની જાણમાં નથી અને જો મારી એ સમજુત ખરી હોય તો આશા છે કે સરકાર જલદીથી તેનું પત્રક બહાર પાડશે.

બીજી ગંભીર બાબત જે લડાઈમાથી ઉપસ્થીત થઈ હતી તે ઈંગ્લંડ અને હીંદ

વચેની હુંડીના ભાવમાં થયેલો વધારો હતો. આ સવાલની વીવીધ બાજુથી તમે વાકેફ છો અને જે જુદા જુદા તબક્કામાંથી પસાર થઈને એ સવાલ હાલની સ્થીતીએ જે શીઘ્રીગના દરે પહોંચ્યો છે તેની વીગત પણ તમારાથી અજાણી નથી એટલે એ વીશે વીગતમાં ઉતરવાની જરૂર નથી. આ અગત્યના અને ગુચવણ ભરયા સવાલ વીશે ચેમ્બરનો અભીપ્રાય યાદીના રૂપમાં રજુ થયો છે એ યાદી જે કરન્સી કમીટી હાલ ઈગ્લંડમાં કામ કરે છે તેના ઉપર તમારી વતી મોકલવામા આવી છે. સવાલ ગુચવણ ભરયો અને મુશ્કેલ છે તેની કોઇ ના પાડી શકશે નહીં પણ જે ગોહદ રીઝર્વ ઈગ્લંડમાં છે તે હુંડયામણના નકામાંથી એકકું થયલું છે અને તેનો ઉપયોગ ચાંદીના ભાવના વધારાની અસર હુંડી ઉપર થતી અટકાવવા માટે કેમ કરવામાં નથી આવ્યો તે હુ સમજી શકતો નથી. મને સમજાતુ નથી કે માત્ર આપ અખત્યારીથી હુંડીના ભાવ નક્કી કરવોજ પડે એમ હતું તો હુંડીના ભાવે સોનું હીંદમાં શા માટે આયાત થવા દેવામાં આવ્યું નહીં અને એમ શા માટે કહેવામાં આવે છે કે હીંદમા સોના ચાંદીની આયાત થતી અટકાવવામાં આવી તે પગલું માત્ર હીંદના લાભ કાજેજ અને હુંડીને અંગે થયેલી મુશ્કેલીઓને પહોંચી વળવા માટેજ હતું, હુ માત્ર સાદો સવાલ પુછવા માગું છું. હીંદ સ્વતંત્ર દેશ હોત અને હીંદ તથા ઈગ્લંડ વચેના વેપારની સ્થીતી આવારે છે તેવી હોત તો કેવી રીતે કામ લેવામાં આવત? એમ હોત તો હીંદમાંથી પરદેશ ખાતે આયાત કરવાં વધારે માલ મોકલીને ઉભું કરવામાં આવેલું લહેણું જે અસ્વભાવીક અને આપખુદી ભરેલી રીતે ઘટાડી નાંખવામા આવ્યું છે તેવી રીતે કામ લેવાની હીંમત પણ સરકાર કરી શકત કે? હાલની સ્થીતી સાદા શબ્દોમા નીચે પ્રમાણે વર્ણવી શકાય એમ છે. યુનાઇટેડ કીંગડમને હીંદનો કાચો માલ જોઇએ છે પણ તેની કીંમત આપવાની ઇચ્છા નથી. ગ્રહસ્થો, મને તો લાગે છે કે ચલણ તથા હુંડીને લગતી જે રાજનીતી આ દેશમાં લડાઇ દરમ્યાન ચલાવવામાં આવી છે અને જે હજી પણ અમલમાં ચાલુ છે અને જેને લીધે ચલણ તથા હુંડી બાબદમાં ગુંચવાડો થયો છે તેનું કારણ એજ છે. દલગીર થવા જેવું એ છે કે જે વેળા હીંદ સંપૂર્ણ હૃદયથી અને સ્વેચ્છાથી ઈગ્લંડની મદદે ખરી કટોકટીના વખતે પોતા નાથી બનતી સઘળી સહાય આપતું હતું તે વેળા ચલણની બાબદમાં અપકાર આવા પગલા ભરતી હતી. ચલણને લગતી કમીટી નેમાઇ તે પછી એનો રીપોર્ટ આવતાં સુધી વધારે ફેરફાર કર્યો ન હોત તો કદાચપણ ભયું ગણાત. વેપારી વર્ગને એટલી તો આશા હતી. હુંડીના ભાવમા સ્થીરતા લાવવા માટે પગલાં ભરવાની જરૂર હતી અને તે હેતુથી સરકારે થોડા વખત સુધી પોતે કંઇ રાજનીતી પાળશે તે જાહેર કરવાની ખાસ જરૂર હતી એવી કાઇક સત્તાવાર ખબર બહાર પાડવા માટે દેશમા એક કરતાં વધારે ડેકાણેથી માગણી આવી હતી પણ તેની ઉપર હજી સુધી મુલ્લમાં ધ્યાન આપવામાં આવ્યું નથી. તેની બેરહાજરીમા દેશમા સઘળે અસ્થીરતા પ્રસરી છે. પોતાની સ્થીતી કેવી છે કે પોતે હવે શું કરશે તે કોઇને પોતાને સમજાતુ નથી. પરીણામે વેપારને તથા ઉદ્યોગોને હાની પહોચી છે અને મુખ્ય બજારોમાંથી કેટલાકમાં તો એવી મંદી થઇ છે કે જે થોડા વખતમાં ગંભીર રૂપ લેવાની ચીંતા રહે છે.

પ્રમુખ સાહેબ અને ગ્રહસ્થો, જો તમે હીંદી સરકારના આવક ખર્ચના અડસટા ગયા માર્ચ માસમાં હીંદી ધારાસભામાં રજુ કરવામાં આવ્યા તે પ્રત્યે નજર કરશો તો જોઇ શકશો કે હીંદી સરકારની આવક ૮૫૨૫ લાખ પાઉંડ હતી તેમાંથી ૪૪૦ લાખ

પાઉંડ અથવા ૫૧ ટકા જેટલો ભાગ લશ્કરી ખર્ચમાં ગયો અને ૧૨૦ લાખ પાઉંડ અથવા ૧૪ ટકા જેટલી રકમ લડાઇને લગતા ખર્ચમાં ઇંગ્લંડની સરકારને હીંદ તરફથી આપેલી મદદમાં ગઇ જેથી ફેળવણી, નેહેરો, સુખ-શાંતી વગેરે ખાતાં માટે બહુજ થોડી રકમ રહી. હાલ આવી રીતે શ્રમ થાય છે તે જોતાં તમને પણ લાગશે કે ધારાસભાઓમાં સુધારા કરો તોપણ તેઓ તમારા ઉદ્યોગોને ખીલવવાને માટે શકતીવાન થશે નહી. પ્રમુખ સાહેબ, અરી વાત એ છે કે આ આ દેશની સરકાર તેના સાધનના પ્રમાણમાં અતીશય ઉદાર અને અતીશય ખરચાલુ છે. તેમાં જુદાં જુદાં ખાતામાં ઉપરી તરીકે અમલદારો છે તેમનો ખર્ચ બહુ વધારે છે અને તેને મુળમાંથી સુધારી નાખવામાં નહી આવે અને જે સુત્ર ઉપર એનું બંધારણ ઘડવામાં આવ્યું છે તેમાં સંપુર્ણ રીતે સુધારો નહી થાય ત્યાં સુધી અને તો ઘણીજ ધારતી આપણા ઉદ્યોગો માટે રહેશે. વરસીમાં દરેક મનુષ્ય દીઠ બે પાઉંડ વાપીંકે આવક હોય એવા દેશ તરફથી દશ કરોડ પાઉંડ જેટલી રકમ બક્ષીસ આપવા અગાઉ તેની કોઇ પણ સરકાર ઘણીવાર અચકાયા વગર ન રહે. એટલી રકમ આજથી પાંચ વરસ અગાઉ તો આખા વર-સની આવક જેટલી થઇ હોત; પણ હીંદી ધારાસભાએ પોતાની હુશીયારી વાપરીને જુદોજ વીચાર કર્યો અને તેને લીધે સુપરટેક્ષ અને બીજા વધારાના કર આ દેશની ઓછાં સાધનવાળી રૈયત ઉપર ઘણા વરસ સુધી નાખવા પડે એમ હોવા છતાં એટલી મોટી રકમ આપી દેવા ઠરાવ કર્યો છે. એ ઠરાવ કરવામાં તેમણે ગંભીર ભુલ કરી હતી અને તે એ હતી કે દેશનાં સાધનો ગોયા પચીસ વરસ માટે ગીરો મુક્યા જેવું કર્યું છે જો કે એ સાધનોની દેશના બહુજ મોટા લાભ માટે ઘણીજ જરૂર છે. પણ એ પછી બીજી વધારાની મદદ માટે જેમણે ધારાસભા પાસે માગણી કરી તેમને માટે શું કહેવું તે મને સુઝતું નથી અને મારે શરમ સાથે કબુલ કરવું જોઇએ કે ધારાસભા મધેના આપણા પ્રતીનીધીઓએ પોતાની જોખમ દારીનો યોગ્ય ખ્યાલ વીસરી જઇને અને પોતાના કાર્યથી દેશની ઉન્નતીમાં કેટલા વખત સુધી ઢીલ થશે તેનો વીચાર પણ કર્યા વગર આંખ મીચીને વધારાની રકમ આપી છે. એ વધારાની મદદની રકમ પસાર કરવાની જોખમદારી જે રીતે ધારાસભાના હીંદી સભાસદો ઉપર નાખવામા આવી તે તથા તેને પરીણામે જે રીતે વધારાના નફા ઉપરનો કર આ દેશ ઉપર નાંખવામાં આવ્યો તે બે એવા તાજા અને જાણીતા બનાવો છે કે જે વીશે અત્યારે કાંઇ પણ કહેવાની જરૂર નથી. તેમ છતાં હું એટલું કહિશ કે આ બે મદદ અને તેને પરીણામે દેશ ઉપર નાંખવામાં આવેલા કરને લીધે દેશના સાધનો એવા બંધાઇ ગયાં છે કે હવે પછી જેમને મીનીસ્ટરની પદવી આપવામા આવે તેઓ હીંદી કે અંગ્રેજ ગમે તે હો તોપણ તેમને નહેરો વચ્ચેરે બાધ-કામની, ફેળવણી વીશેની, સુખશાંતી માટેની તથા એવી બીજી ચોજનાઓ જે આ દેશના લાભ માટે તદન જરૂરની છે તેને માટે જોઇતાં નાણાં ભેગાં કહાડવાં એ લગભગ અશક્ય છે એમ લાગશે.

ગ્રહસ્થો જેમ પ્રમુખ સાહેબે જણાવ્યું છે તેમ તમારી કમીટી ચેમ્બર માટે એવું યોગ્ય મકાન મેળવવાની તજવીજમાં છે કે જ્યાં ચેમ્બરની ઑફીસ રાખી શકાય અને તેના હાલને બીલ્લવી શકાય હું પ્રમુખ સાહે બના અભીપ્રાય સાથે મળતો થાઉં છું કે એ માટેના તમારી કમીટીના પ્રયત્નો ફતેહમંદ થાય એવી આશા છે.

પ્રમુખ સાહેબની ગેરહાજરી દરમ્યાન મેં કામ કર્યું તે માટે એમણે જે માયાળુ શબ્દો વાપરયા છે તે માટે હું તેમનો

આભાર માનું છું અને ગ્રહસ્થો તમે એમના ઉદગારને જે રીતે વધાવી લીધા તે માટે તથા આવતા વરસ માટે મને પ્રમુખ નીમ્યો તે માટે તમારો આભાર માનું છું.

આટલા શબ્દો બોલી, ગ્રહસ્થો, પ્રમુખ સાહેબે ગયા વરસ માટેનો રીપોર્ટ બહાલ રાખવાની જે દરખાસ્ત મેલી છે તેને ઘણા આનદપુર્વક હું અનુમોદન આપું છું.

શેઠ સોરાબજી વાર્ડનનું ભાષણ.

મી સોરાબજી એદલજી વોર્ડને તે પછી જણાવ્યું કે મને આવતા વર્ષ માટે ઉપપ્રમુખ નીમ્યો તે માટે હું આપનો આભાર માનું છું અને હું આપને ખાત્રી આપું છું કે જેમ છેલા દસ વર્ષમા મેં કર્યું છે તેજ પ્રમાણે હવે પછી પણ ચેમ્બરને મારી સર્વ સેવા અર્પીશ અને એનું કામ વધે અને વધારે ઉપયોગી થાય અને હીંદની ઉન્નતીમાં મદદ રૂપ થાય તે માટે મારાથી બનતી સર્વ મદદ આપીશ.

આ ચેમ્બરનું કામ જોતાં મને સારી રીતે આશા રહે છે કે વખત જતાં આ ઇન્ડીયન ચેમ્બર સરકારને ઘણી મદદ રૂપ થઇ પડશે અને હિંદના લાભ ઉત્તમ પ્રકારે સંભાળશે ચેમ્બરની સઘળી અરજીઓ ઉપર નામદાર મુંબઇ સરકાર તેમજ હીંદી સરકાર સારી રીતે ધ્યાન આપે છે તે માટે આપણે આભારી છીયે સરકારી અમલદારો તથા વેપારીઓ વચે વીચાર વીનીમય થાય છે તો તેથી ઘણા મતભેદના સવાલોનું નીરાકરણ થઇ જાય છે. વળી જ્યારે રાજકીય સુધારાનું બીલ પાસ થશે ત્યારે બ્રીટીશ સામ્રાજ્યમાં હિંદ પણ સારી જગા લેશે એવી આશા છે. એ સ્થીતી જલ્દ લાવવા માટે હિંદની વેપારી ઉન્નતી માટે આપણે સર્વેએ એકત્ર થઇને કામ કરવું જોઇએ કેમકે એમ કહેવાય છે કે પ્રજાનું ખરૂં બળ વેપારમાં છે.

શેઠ હુંસરાજનું ભાષણ.

તે પછી શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરસીએ એ દરખાસ્તને ટેકો આપતાં જણાવ્યું કે હું બે ત્રણ બાબતો પ્રત્યે આપનું ધ્યાન ખેંચવા માગું છું. તેમાંહેલી એક રૂના વેપાર વીશે છે. જ્યારે રૂનો સટ્ટો જોશમાં ચાલ્યો અને ભાવ બહુજ ઉંચે ગયા ત્યારે સરકારે કેટલીક સંસ્થાઓને વીનંતી કરીને વચે નાંખી અને રૂના સટાને કાબુમાં રાખવા માટેની ગોઠવણ કરવા જણાવ્યું. તે પછી મી. નાગ્યેલ વીલ્કીન્સનની ભલામણથી કલીયરીંગ હાઉસ ઠહાડયું અને કોટન કંટ્રોલ કમીટી નેમી પણ જે હેતુથી એ સર્વ કર્યું તે હેતુ પાર પાડયો હોય એમ લાગતું નથી અને હજી રૂના વેપારમાં સટાનું તત્વ ઘણું છે જેથી રૂના ભાવનો આધાર ખપ અને છત ઉપર નહિં રહેતાં મોટા સટોરીયાઓની ઉપર રહે છે દર પખવાડીયે પતાવટ કરવાનું રાખવાથી તો સટ્ટો વધ્યો છે બીજી બાબત સુરત જીલ્લામાં હલકા પ્રકારનું રૂ સારી જાતના રૂ સાથે ભેગી નાખવામાં આવે છે તે છે. આ ઉપરાંત ચલણ તથા હિંદી પ્રધાનની હુંડીના ભાવમાં થયેલા વધારા વીશે પણ એમણે વીવેચન કર્યું હતું.

કમોટીની સભાઓ.

ધી ઇન્ડીયન મર્ચંન્ટસ ચેમ્બર ઍન્ડ બુરાની કમીટીની એક સભા બુધવાર તારીખ ૨૪ મી સપ્ટેમ્બરને રોજ બપોરે ૩ વાગે ચેમ્બરની ઑફીસમાં શેઠ જહાંગીરજી બમનજી પીટીટના પ્રમુખપણા હેઠળ મળી હતી જે વેળા નીચે જણાવેલા ગ્રહસ્થો હાજર હતાઃ—

શેઠ દેવીદાસ માધવજી ઠાકરસી	શેઠ સોરાબજી એદલજી વાર્ડન
,, વસનજી ઠાકરસી હાલાઇ	,, મોતીલાલ વલ્લભજી .

પાઉંડ અથવા ૫૧ ટકા જેટલો ભાગ લશ્કરી ખર્ચમાં ગયો અને ૧૨૦ લાખ પાઉંડ અથવા ૧૪ ટકા જેટલી રકમ લડાઇને લગતા ખર્ચમાં ઇંગ્લંડની સરકારને હીંદ તરફથી આપેલી મદદમાં ગઇ એવી કેળવણી, નેહેરુ, સુખ-શાંતી વગેરે ખાતાં માટે બહુજ થોડી રકમ રહી. હાલ આવી રીતે કામ થાય છે તે જોતાં તમને પણ લાગશે કે ધારાસભાઓમાં સુધારા કરો તોપણ તેઓ તમારા ઉદ્યોગોને ખીલવવાને માટે શકતીવાન થશે નહી. પ્રમુખ સાહેબ, બરી વાત એ છે કે આ આ દેશની સરકાર તેના સાધનના પ્રમાણમાં અતીશય ઉડાઉ અને અતીશય બરચાલુ છે. તેમાં જુદાં જુદાં ખાતામાં ઉપરી તરીકે અમલદારો છે તેમનો ખર્ચ બહુ વધારે છે અને તેને મુળમાંથી સુધારી નાખવામાં નહી આવે અને જે સુત્ર ઉપર એનું બંધારણ ઘડવામાં આવ્યું છે તેમાં સંપુર્ણ રીતે સુધારો નહી થાય ત્યાં સુધી અને તો ઘણીજ ધારતી આપણા ઉદ્યોગો માટે રહેશે. વરસીમાં દરેક મનુષ્ય દીઠ બે પાઉંડ વાર્ષીક આવક હોય એવા દેશ તરફથી દશ કરોડ પાઉંડ જેટલી રકમ બક્ષીસ આપવા અગાઉ તેની કોઇ પણ સરકાર ઘણીવાર અચકાયા વગર ન રહે. એટલી રકમ આજથી પાંચ વરસ અગાઉ તો આખા વર-સની આવક જેટલી થઇ હોત; પણ હીંદી ધારાસભાએ પોતાની હુશીયારી વાપરીને જુદોજ વીચાર કર્યો અને તેને લીધે સુપરટેક્ષ અને બીજા વધારાના કર આ દેશની ઓછાં સાધનવાળી સ્થીતી ઉપર ઘણા વરસ સુધી નાખવા પડે એમ હોવા છતાં એટલી મોટી રકમ આપી દેવા ઠરાવ કર્યો છે. એ ઠરાવ કરવામાં તેમણે ગંભીર ભુલ કરી હતી અને તે એ હતી કે દેશનાં સાધનો ગોવા પચીસ વરસ માટે ગીરો મુક્યા જેવું કર્યું છે જો કે એ સાધનોની દેશના બહુજ મોટા લાભ માટે ઘણીજ જરૂર છે. પણ એ પછી બીજી વધારાની મદદ માટે જેમણે ધારાસભા પાસે માગણી કરી તેમને માટે શું કહેવું તે મને સુજતું નથી અને મારે શરમ સાથે કબુલ કરવું જોઇએ કે ધારાસભા મથેના આપણા પ્રતીનીધીઓએ પોતાની જોખમ દારીના યોગ્ય ખ્યાલ વીસરી જઇને અને પોતાના કાર્યથી દેશની ઉન્નતીમાં કેટલા વખત સુધી ઢીલ થશે તેનો વીચાર પણ કર્યા વગર આંખ મીચીને વધારાની રકમ આપી છે. એ વધારાની મદદની રકમ પસાર કર-વાની જોખમદારી જે રીતે ધારાસભાના હીંદી સભાસદો ઉપર નાખવામા આવી તે તથા તેને પરીણામે જે રીતે વધારાના નફા ઉપરનો કર આ દેશ ઉપર નાંખવામાં આવ્યો તે બે એવા તાજા અને જાણીતા બનાવો છે કે જે વીશે અત્યારે કાંઇ પણ કહેવાની જરૂર નથી. તેમ છતાં હું એટલું કહેીશ કે આ બે મદદ અને તેને પરીણામે દેશ ઉપર નાંખવામા આવેલા કરને લીધે દેશના સાધનો એવા બંધાઇ ગયાં છે કે હવે પછી જેમને મીનીસ્ટરની પદવી આપવામા આવે તેઓ હીંદી કે અંગ્રેજ ગમે તે હો તોપણ તેમને નહેરુ વચ્ચેરે બાધ-કામની, કેળવણી વીશેની, સુખશાંતી માટેની તથા એવી બીજી યોજનાઓ જે આ દેશના લાભ માટે તદન જરૂરની છે તેને માટે જોઇતાં નાણાં ગોધી કહાડવાં એ લગભગ અશક્ય છે એમ લાગશે.

ગ્રહસ્થો જેમ પ્રમુખ સાહેબે જણાવ્યું છે તેમ તમારી કમીટી ચેમ્બર માટે એવું યોગ્ય મકાન મેળવવાની તજવીજમાં છે કે જ્યાં ચેમ્બરની ઑફીસ રાખી શકાય અને તેના કામને ખીલવી શકાય હું પ્રમુખ સાહે બના અભીપ્રાય સાથે મળતો થાઉં છું કે એ માટેના તમારી કમીટીના પ્રયત્નો ફલેહમંદ થાય એવી આશા છે.

પ્રમુખ સાહિબની ગેરહાજરી દરમ્યાન મેં કામ કર્યું તે માટે એમણે જે ભાષાળુ શબ્દો વાપર્યા છે તે માટે હું તેમનો

આભાર માનું છું અને ગ્રહસ્થો તમે એમના ઉદ્ગારને જે રીતે વધાવી લીધા તે માટે તથા આવતા વરસ માટે મને પ્રમુખ નીમ્યો તે માટે તમારો આભાર માનું છું.

આટલા શબ્દો બોલી, ગ્રહસ્થો, પ્રમુખ-સાહેબે ગયા વરસ માટેના રીપોર્ટ બહાલ રાખવાની જે દરખાસ્ત મેલી છે તેને ઘણા આનંદપુર્વક હું અનુમોદન આપું છું.

શેઠ મોરાબજી વાર્ડનનું ભાષણ.

મી મોરાબજી એદલજી વોર્ડને તે પછી જણાવ્યું કે મને આવતા વર્ષ માટે ઉપપ્રમુખ નીમ્યો તે માટે હું આપનો આભાર માનું છું અને હું આપને ખાત્રી આપું છું કે જેમ છેલા દસ વર્ષમા મેં કર્યું છે તેજ પ્રમાણે હવે પછી પણ ચેમ્બરને મારી સર્વ સેવા અર્પીશ અને એનું કામ વધે અને વધારે ઉપયોગી થાય અને હીંદની ઉન્નતીમાં મદદ રૂપ થાય તે માટે મારાથી બનતી સર્વ મદદ આપીશ.

આ ચેમ્બરનું કામ જોતાં મને સારી રીતે આશા રહે છે કે વખત જતાં આ ઇન્ડીયન ચેમ્બર સરકારને ઘણી મદદ રૂપ થઇ પડશે અને હિંદના લાભ ઉત્તમ પ્રકારે સંભાળશે ચેમ્બરની સઘળી અરજીઓ ઉપર નામદાર મુંબઇ સરકાર તેમજ હીંદી સરકાર સારી રીતે ધ્યાન આપે છે તે માટે આપણે આભારી છીયે સરકારી અમલદારો તથા વેપારીઓ વચે વીચાર વીનીમય થાય છે તો તેથી ઘણા મતભેદના સવાલોનું નીકારણ થઇ જાય છે. વળી જ્યારે રાજદ્વીય સુધારાનું બીલ પાસ થશે ત્યારે બ્રાંટીશ સામ્રાજ્યમાં હિંદ પણ સારી જગા લેશે એવી આશા છે. એ સ્થીતી જટ લાવવા માટે હિંદની વેપારી ઉન્નતી માટે આપણે સર્વેએ એકત્ર થઇને કામ કરવું જોઇએ કેમકે એમ કહેવાય છે કે પ્રજાનું ખરૂં બળ વેપારમાં છે.

શેઠ હુંસરાજનું ભાષણ.

તે પછી શેઠ હુંસરાજ પ્રાગજી ઠાકરસીએ એ દરખાસ્તને ટેકો આપતાં જણાવ્યું કે હું બે ત્રણ બાબદો પ્રત્યે આપનું ધ્યાન ખેંચવા માગું છું. તેમાંહેલી એક રૂના વેપાર વીશે છે. જ્યારે રૂનો સટો જોશમાં ચાલ્યો અને ભાવ બહુજ ઉંચે ગયા ત્યારે સરકારે કેટલીક સંસ્થાઓને વીનંતી કરીને વચે નાંખી અને રૂના સટાને કાબુમાં રાખવા માટેની ગોઠવણ કરવા જણાવ્યું. તે પછી મી. નોએલ વીલ્કીન્સનની ભલામણથી કલીયરીંગ હાઉસ કહાડયું અને કોટન કંટ્રોલ કમીટી નેમી પણ જે હેતુથી એ સર્વ કર્યું તે હેતુ પાર પાડયો હોય એમ લાગતું નથી અને હજી રૂના વેપારમાં સટાનું તત્વ ઘણું છે જેથી રૂના ભાવનો આધાર ખપ અને છત ઉપર નહિં રહેતાં મોટા સટોરીયાઓની ઉપર રહે છે ૬૨ પખવાડીયે પતાવટ કરવાનું રાખવાથી તો સટો વધ્યો છે બીજી બાબત સુરત જીલ્લામાં હલકા પ્રકારનું રૂ સારી જાતના રૂ સાથે ભેળી નાખવામાં આવે છે તે છે. આ ઉપરાંત ચલણ તથા હિંદી પ્રધાનની હુંડીના ભાવમાં થયેલા વધારા વીશે પણ એમણે વીવેચન કર્યું હતું.

કમીટીની સભાઓ.

ધી ઇન્ડીયન મર્ચન્ટસ ચેમ્બર ઍન્ડ બુરોની કમીટીની એક સભા બુધવાર તારીખ ૨૪ મી સપ્ટેમ્બરને રોજ બપોરે ૩ વાગે ચેમ્બરની ઑફીસમાં શેઠ જહાંગીરજી બમનજી પીટીટના પ્રમુખપણા હેઠળ મળી હતી જે વેળા નીચે જણાવેલા ગ્રહસ્થો હાજર હતાઃ—

શેઠ દેવીદાસ માધવજી ઠાકરસી — શેઠ મોરાબજી એદલજી વાર્ડન
,, વસનજી ઠાકરસી હાલાઇ — ,, મોતીલાલ વલભજી

શેઠ નારણદાસ પુરૂષોત્તમ
,, લાલજી ગોવિંદજી
,, હંસરાજ પ્રાગજી ઠાકરસી.

શેઠ વિઠ્ઠલદાસ દામોદર ગોવિંદજી
,, ગુલાબચંદ દેવચંદ જવેરી

નીચે પ્રમાણે ઠામઠાજ કરવામાં આવ્યું હતું:—

૧ ગઇ તા. ૨૭-૮-૧૯, તા. ૮-૯-૧૯ તથા તા. ૧૯-૯-૧૯ ને રોજ મળેલી કમીટીની મીનીટો પસાર કરવામાં આવી હતી.

૨ મેસર્સ અબદુલ કાદર નુરમાઇ ઍન્ડ સન્સ તરફથી તેઓને આ ચેમ્બરના મેમ્બર તરીકે કાયમ રહેવાની ઇચ્છા છે એવો પત્ર આવેલો તે ઉપર એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે તેમણે હમેશના રિવાજ મુજબ અરજી કરવી.

૩ ઇન્ડીયન ક્રોમશી અલ ક્રોમ્પ્રેસ ઇ. સ. ૧૯૨૦ ના જાન્યુઆરી માસમાં ભરવી એ મતલબનો પત્ર એસોસીએટેડ ઇન્ડીયન ચેમ્બર આફ્ કોમર્સના સેક્રેટરી તરફથી આ ચેમ્બરના સેક્રેટરી ઉપર આવેલો હતો તે પર એમ લખવાનો ઠરાવ કર્યો હતો કે કમીટી તે ચોજનાને પસંદ કરે છે અને ક્રોગ્રેસમાં ડેલીગેટો મોકલશે.

૪ સ્ટેટ બેંકના સંબંધમાં આ ચેમ્બરે ના. સરકારને પત્ર લખેલો તેનો જવાબ આવેલે. કે સરકારે કૂકત એમ જણાવેલું કે ત્રણ બ્રાંચોની બે'ક બેઠકી કરવી તે પરથી કાંઇ એમનો સ્ટેટ બેંક સ્થાપવાનો વીચાર છે એવું અનુમાન કરવું વ્યાજબી નથી. કમીટીએ તેની નોંધ લીધી હતી.

૫ મી. બી. એન. અનંતાની તરફથી એવો કાગળ આવ્યો હતો કે જરમન ઇસ્ટ આફ્રીકામાં ઘણા હિંદીઓ પાસે જરમન સરકારની નોટો છે તે બજારમાં ચાલતી નથી તો તે બાબત તરફ ના. સરકારનું ધ્યાન ખેંચી દાદ માગવી આ ઉપર એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે નામદાર સરકારને પાસે આ વિષે તપાસ કરવી.

૬ દારૂ અને દવાની બનાવટોને લગતા આંકડાના સંબંધમાં આંકડા ખાતાના ડીરેક્ટર તરફથી પત્ર આવ્યો હતો કે એ બાબત ધ્યાનમાં છે અને થોડા વખતમાં કાંઇ નીર્ણય ઉપર આવશે. આ પત્રની નોંધ લીધી હતી.

૭ ચામડાની નીકાશ ઉપર અંકુશ મુકવામાં આવ્યો હતો તે સંબંધમાં પંજાબ ચેમ્બર ઑફ કોમર્સના સેક્રેટરી તરફથી એવી મતલબનો પત્ર આવ્યો હતો કે એ લોકોએ સરકારને તારથી ખબર આપી છે અને વાંધો ઉઠાવ્યો છે અને આ ચેમ્બરે પણ જો તેવો અભિપ્રાય હોય તો તેમ કરવું પણ ત્યાર બાદ સરકારે એ પદ્ધતી ફેરવી હતી. તેથી કાંઇ પગલા લેવાં એ આ ચેમ્બરને જરૂરી લાગતું નથી એવો ઠરાવ કમીટીએ કર્યો હતો.

૮ ઉદ્યોગોને લગતા પ્રાંતીક ખાતાના સંબંધમાં કેટલીક ભલામણ કરેલી તેના જવાબમાં એમ જણાવવામા આવ્યું હતું કે જે જે વિષયોમાં ચેમ્બરનો અભીપ્રાય લેવાનું સરકારને વ્યાજબી લાગશે તે તે બાબત પર અભીપ્રાય લેવાશે એટલે તે સંબંધમાં ચેમ્બરે નિર્ભય રહેવું તેની નોંધ લીધી હતી.

૯ આયાતની એક સામાન્ય તારીખના સંબંધમાં ઑગ્એ પોર્ટ ત્રસ્ટે આ ચેમ્બરનો અભીપ્રાય માગ્યો હતો તે ઉપર એવો મત આપવાનું નક્કી થયું હતું કે હાલ વેપાર સ્થીર

નથી ત્યાં સુધી એ ચેાજના અનુકુળ છે કે નહીં તે કાંઇ કહી શકાય નહી તેથી વેપાર સ્થિર થયા પછીથી અભીપ્રાય આપી શકાય.

૧૦ મુંબઇ કમરશીયલ મુનીયમના સેક્રેટરી તરફથી એવેા પત્ર આવ્યેા હતેા કે તેમને હરકેાઇ પ્રકારે બનતી મદદ કરવી. તે ઉપર એવેા ઠરાવ કર્યો હતેા કે આ ચેમ્બર એ પ્રયાસેાને બનતું ઉત્તેજન આપશે. એ પત્ર આ ચેમ્બરના માસીકમાં છપાવવાનેા ઠરાવ થયેા હતેા.

૧૧ ભાગીદારી રજીસ્ટર કરવાના સંબંધમાં નામદાર સરકારે આ ચેમ્બરનેા અભીપ્રાય માગ્યેા હતેા અને તે પ્રમાણે અભીપ્રાયનેા સબ કમીટીએ તૈયાર કરેલેા ખરડેા મેાકલાવી આપવાનેા ઠરાવ થયેા હતેા.

૧૨ હીંદુસ્થાનમાં વીમાનની ખીલવણી સંબંધી સરકાર તરફથી પત્ર આવ્યેા હતેા તે ઉપરથી એવેા ઠરાવ કરવામા આવ્યેા હતેા કે તે પત્ર સભાસદેામાં ફેરવવેા અને ત્યારબાદ એ બીજી કમીટીની મીટીંગ પાસે રજુ કરવેા.

૧૩ મુંબઈ સરકાર તરફથી એવું પુછાવવામા આવ્યુ હતું કે આ ચેમ્બરના સભાસદેાના નેાકરેાને કયા કયા તહેવારેા પાળવા દેવામાં આવે છે તેનેા જવાબ આપવાનેા ઠરાવ કરવામા આવ્યેા હતેા (જુઓ ચેમ્બરનેા પત્રવ્યવહાર).

૧૪ મી. બ્રેાસની તરફથી પત્ર આવ્યેા હતેા કે તેમને આ ચેમ્બર તરફના ખબર પત્રી તરીકે વગર પગારે ટેાદીન્ટેામાં કામ કરવા ખુશી છે તે પર એવેા ઠરાવ કરવામા આવ્યેા હતેા કે એમનેા એ પ્રમાણેની નેાકરીની આ ચેમ્બરને હાલ જરૂર નથી એવેા પત્ર એમને લખવેા.

૧૫ મસુરની નીકાલના સંબંધમા એક નનામેા પત્ર આવ્યેા હતેા પણ તે નનામેા હેાવાથી તેપર ધ્યાન આપવામા આવ્યું ન હતું.

ધી ઇન્ડીઅન મર્ચન્ટસ ચેમ્બર અને બુરેાની કમીટીની એક સભા બુધવાર તા. ૮ મી ઓકટેાબર ૧૯૧૯ ને દીવસે ૨—૩૦ (સ્ટા. ટા.) મે ભરવામા આવી હતી જે વખતે નીચે જણાવેલા ગૃહસ્થેા હાજર હતા:—

શેઠ જહાંગીરજી એમ. પીટીટ (પ્રમુખ)
,, મનસુખલાલ આત્મારામ મારફત
,, વલ્લભદાસ ચતુરભૂજ શીવજી
,, જેઠમલ નારણદાસ
,, એ. મર કૃષ્ણલાલ ઝરીમલાઇ
,, દેવીદાસ માધવજી ઠાકરસી
,, હંસરાજ પ્રાગજી ઠાકરસી
એ. શેઠ ચુનીલાલ વી. મેહેતા
શેઠ ભાવજી ગેાવીંદજી
શેઠ સેારાબજી એદલજી વેારડન (ઉપ-પ્રમુખ)
,, પી. જે. બીલીમેારીઆ
,, સુરજમલ લલ્લુભાઇ
,, પીઠલદાસ હાંમેાદર ગેાવીંદજી
,, મેાતીલાલ વલભજી
એ. શેઠ પુરૂશેાત્તમદાસ ઠાકેારદાસ
શેઠ ગુલાબચંદ દેવચંદ
,, લાલજી ગેાવીંદજી

૧. ૨૪ મી સપ્ટેમ્બર ૧૯૧૯ ને રેાજ ભરાયેલી કમીટીની સભાની મીનીટેા જે સભાસદેામાં ફેરવવામાં આવી હતી. તે પસાર કરવામાં આવી હતી.

૨. નીચે જણાવેલા ગૃહસ્થો અને પેઢીઓ તરફથી ચેમ્બરમાં સભાસદ તરીકે દાખલ થવાને અરજીઓ આવી હતી. જેમને રાખેતા મુજબ બેલટ ઉપર મોઢતવાનો ઠરાવ થયો હતો. બેલટ માટેના દીવસો તા. ૧૫ ઓકટોબર થી તા. ૨૨ ઓકટોબર સુધીના મુકરર ઠરવામાં આવ્યા હતા. સ્કુટીનીઅર તરીકે શેઠ મોતીલાલ વલ્લભજીને નીમવામાં આવ્યા હતા.

૧ શેઠ મુળજી રણછોડ વેદ.
૨ શેઠ મોરારજી મુળજી ખટાઉ.
૩ મેસર્સ પાલનજી એદલજી એન્ડ સન્સ.
૪ મેસર્સ એફ્. એમ. ચીનાઇ એન્ડ કું.
૫ મેસર્સ કે. જી. એ. દેમતુલ્લા મુળજી એન્ડ કું. ૬ મેસર્સ નપ્પુ નેણસી એન્ડ કું.

૩. આધા ઓરાટીની ચીલ્લેને એક ઇલાકામાંથી બીજા ઇલાકામાં લાવવાઇજ્ઞ ઠરવામાં હાલ જે અંકુશ સરકાર તરફથી ચાલુ છે તે અંકુશ ખસેડવાને અરજી કરવાને માટે શેઠ લાલજી પદમશી તરફથી જે સુચના ઠરવામાં આવી હતી તે ઉપર વીચાર કરવામાં આવતાં એમ ઠરાવ ઠરવામાં આવ્યો હતો કે તે સંબંધમાં ના. સરકારને લખવું.

૪ એ. સર ફાજલભાઇ કરીમભાઇ તરફથી એમ પત્ર આવ્યો હતો કે કમીટીની મીટીંગો મુંબ અને ગુરૂવારે ભરવામાં આવે તો તેઓથી તેમાં હાજર રહેવાનું બની શકતું નથી આ બાબત ઉપર એમ ઠરાવ કરવામાં આવ્યો હતો કે હવેથી રાખેતા મુજબ કમીટીની સભાઓ દર મહીનાના બીજા અને ચોથા મંગળવારે ૧—૩૦ (મું. ટા.) એ ભરવી.

૫. ઇસેન્શીઅલ ઓઇલ્સની આયાત અને નીકાસના વધારે વીગતવાર આંકડાઓ નામદાર સરકાર તરફથી પ્રસીદ્ધ થતાં આંકડાઓનાં પુસ્તકોમાં અપાવાં જોઇએ તે મતલબની કમીટીએ કરેલી સુચનાનો આંકડા ખાતાના ડીરેકટર તરફથી એમ જવાબ વાળવામાં આવ્યો હતો કે આ સુચના ઉપર ના. સરકાર વીચાર ચલાવે છે. આ જવાબની નોંધ લેવામાં આવી હતી.

૬. સોનાની આયાત, વગર અંકુશે આ દેશમાં થવા દેવા માટે કમીટીએ ના. સરકારને સુચના કરી હતી. તે બાબતમાં ના. સરકારનો જવાબ આવ્યો હતો કે હાલ તેમ થવા દેવું એ અશકય છે. આ બાબતમાં એમ લખવાનો ઠરાવ થયો હતો કે આ મતલબના ઠરાવ માટેનાં સરકાર પાસે શું કારણો છે તે જણાવવાં કે જેથી કરીને વેપારી કોમના મનનું સમાધાન થાય.

૭. ચેમ્બરના નીયમ નં. ૨૫ માં પ્રમાણે કમીટીના સભાસદો તરીકે નીચે જણાવેલા પાંચ ચેમ્બરના સભાસદો નીમવામાં આવ્યા હતા.

૧. શેઠ નારણજી હરીભાઇ (ગ્રેઇન મર્ચન્ટસ એસોસીએશન,)
૨. શેઠ લક્ષ્મીચંદ માણેકચંદ ઓખાણી (બોમ્બે ક્રોક્ રેસોસીએશન).
૩. ,, મથુરાદાસ કાનજી મટાણી (બોમ્બે રાઇસ મર્ચન્ટસ એસોસીએશન.)
૪. ,, બી. એફ્ માદન.
૫. ,, એન. એમ. મજુમદાર

૮, ચેમ્બરના નીયમ નં. ૨૩ પ્રમાણે જુદા જુદા ધંધાને લગતી સણ કમીટીઓ બનાવવાને માટે જુદા જુદા ધંધાઓમાં ચેમ્બરના કયા કયા સભાસદો છે તે બાબતનું લીસ્ટ તપાસવા માટે નીચે જણાવેલા ગૃહસ્થોની સણ કમીટી નીમવામાં આવી હતી.

પ્રમુખ, ઉપ પ્રમુખ, શેઠ સુરજમલ લલ્લુભાઇ તથા શેઠ લાલજી ગોવીંદજી.

મારસેલ્સની રંગીન લાદીઓ મજબુત અને મજબુત.

૯. મેશર્સ એમ. એમ. સંજાણા એન્ડ કંપની લીમીટેડે તરફથી પત્ર આવ્યો હતો કે મેસર્સ એમ એમ બોટલવાળાની કંપની જેઓ આ ચેમ્બરના સભાસદ છે તેઓનું ગુડવીલ તેઓએ (મેસર્સ સંજાણાની કંપનીએ) લઇ લીધું છે અને તેથી તેઓને આ ચેમ્બરના સભાસદ તરીકે જાહુવા. આ બતલબનો સુધારો ચેમ્બરના રજીસ્ટરમાં કરવાનો ઠરાવ થયો હતો.

૧૦. શેઠ આર ઈ. દાદાચાનજી તરફથી પત્ર આવ્યો હતો જેમાં જણાવવામા આવ્યું હતું કે એકરચેજ ઉંચી જવાથી તેઓના વેપારમાં તેઓને મોટી નુકશાની ગઇ હતી. આ પત્રની નોંધ લેવામાં આવી હતી તથા જે સભાસદોને વાંધવો હોય તેઓને માટે ટેબલ ઉપર મુકવાનો ઠરાવ થયો હતો.

૧૧. ગ્રેટબ્રીટન શીવાય બીજા દેશોથી આવતા રંગની આયાત સામે ના. સરકાર તરફથી જે અંકુશ મુકવામાં આવ્યો હતો તેની સામે કમીટીએ પોતાનો પ્રોટેસ્ટ રજુ કર્યો હતો તથા ચામડાની નીકાસ જકાતમાંથી અપાવાની રીબેટ બાબત પણ પ્રોટેસ્ટ મોકલાવ્યો હતો. ના. સરકાર તરફથી એમ જવાબ આવ્યો હતો કે રંગોની આયાત માટે લાઇસેન્સ બહુ છુટથી આપવામાં આવશે કે જેથી હીંદુસ્તાનના લોકોને નુકશાન ન જાય. ચામડા ઉપરની નીકાશ જકાતમાંથી અપાવાની રીબેટને "ઇમ્પીરીઅલ પ્રેફરન્સ"સાથે કાંઇ સંબંધ નથી એ પ્રમાણે ના સરકારે જણાવ્યું હતું. ના. સરકારના જવાબના આ બીજા ભાગની નોંધ લેવામાં આવી હતી તથા રંગવાળી બાબતના જવાબને માટે વધુ વીચાર કરવાને માટે નીચે જણાવેલા ગ્રહસ્થોની સબ કમીટી નીમવામા આવી હતીઃ—પ્રમુખ, ઉપ પ્રમુખ, ઓ. શેઠ પુરૂશોત્તમદાસ ઠાકોરદાસ, ઓ. સર ફાઝલભાઇ કરીમભાઇ, મી. બી એફ. માન્ન, મી. એન. એમ. મજુમદાર.

૧૨. ઈગ્લાંડથી આ દેશમાં આવવા માટે સ્ટીમરના પેસેજીઝ બાબત ના સરકારે કરેલી ગોઠવણના સંબંધમાં તેઓ તરફથી એક પત્ર આવ્યો હતો, તે ચેમ્બરના સભાસદોમા ફેરવવાનો ઠરાવ થયો હતો.

૧૩. ઓ. શેઠ પુરૂશોત્તમદાસ ઠાકોરદાસે ચેમ્બરના પ્રમુખ ઉપર એક પત્ર લખ્યો હતો જેની બતલબ તેઓએ જાતે કમીટીમા કહી સંભળાવી હતી. ભાવાર્થ એ હતો કે હીંદુસ્તાનની વેપારી કોમના લાભ બરાબર સચવાઇ શકે તથા આ ચેમ્બર પોતાનું કેટલુંક કામ વધારે સારી રીતે કરી શકે તે માટે લંડનમાં ચેમ્બર તરફથી એક શાખા Branch Office રાખવાની ખાસ જરૂર છે. આ યોજના અમલમાં મુકવી હોય તો તેને કેવું જાતનું રૂપ આપવું તથા ખર્ચ માટે શું બંધોબસ્ત કરવો તે બાબત ઉપર નીચે જણાવેલા ગ્રહસ્થોની સબ કમીટી નીમવામાં આવી હતીઃ—

૧ પ્રમુખ.
૨ ઉપ પ્રમુખ.
૩ ઓ. શેઠ પુરૂશોત્તમદાસ ઠાકોરદાસ
૪ ઓ. સર ફાઝલભાઇ કરીમભાઇ
૫ શેઠ ભાવજી ગોવીંદજી
૬ ,, મોતીલાલ વલ્લભજી
૭ ઓ. શેઠ ચુનીલાલ વી મહેતા,
૮ શેઠ કેવીદાસ માધવજી ઠાકરશી
૯ ,, એન એમ. મુજુમદાર

૧૪. ઓ. શેઠ પુરૂશોત્તમદાસ હાકોરદાસે કમીટીનું ધ્યાન એ ખેચ્યું હતું કે ઓસ્ટ્રેલીયાને એક બ્રીટીશ સંસ્થાનં તરીકે જરમની તરફથી મળનારી "ઇન્ડેમનીટી" માં ભાગ મળવાનો છે એમ વર્તમાનપત્રોમારથી જણાય છે. આ બાબતમાં ના. સરકારને પત્ર લખી ખરી હકીકત પુંછાવવાનું નક્કી થયું હતું.

પત્રવ્યવહાર.

(૧)

નામદાર મુંબઇ સરકારનાં સામાન્યખાતાંના
સેક્રેટરી જોગ

વહાલા સાહેબ,

તમારા તા૦ ૧૭ મી સપ્ટેંબર ૧૯૧૯ના પત્રના જવાબમાં જણાવવાની રજા લઉં છું કે આ ચેમ્બરના સભાસદોના નોકરોને તેહેવારોનો લાભ મળવાનો આધાર તેમનું કામકાજ અંગ્રેજી રૂઢી પ્રમાણે કે હીંદી રૂઢી પ્રમાણે ચાલવા ઉપર છે. સાધારણ રીતે પહેલા વર્ગમાં ગણાવેલી ઑફીસો બધા બેન્કના તેહેવારોને દીને તથા રવિવારે બંધ રાખવામાં આવે છે અને તે ઉપરાંત સંક્રાત, મહા એકાદશી વગેરે કેટલાક ખાસ તેહેવારો પણ પાળે છે જો કે એવા ખાસ તેહેવારોની સંખ્યા ઘણી મોટી નથી દેશી રૂઢી પાળનારા સભાસદો અમાસને દીને તથા પોતાના ધંધાને લગતી મંડળી ઠરાવે તે તહેવારોને દીને ઑફીસ બંધ રાખે છે. એવા તેહેવારો ઘણું ખરૂં બેંકના માટે ઠરાવેલા તેહેવારો હોય છે પણ સામાન્ય રીતે પારસીઓના તથા મેહોમેદનોના તેહેવારો બજારમાં તથા વેપારી મંડળોમાં પળાતા નથી. આ શીવાય કાંઇ વધારે ખબર જોઇતી હશે તે આ ચેમ્બરની કમીટી ખુશીથી પુરી પાડશે.

હીં૦ આજ્ઞાંકીત,
જે. કે. મેહેતા,
સેક્રેટરી.

(૨)

ઇંડીયન મર્ચંટસ ચેમ્બરના સેક્રેટરી જોગ
સાહેબ

વેપારને લગતા આંકડા તથા હિસાબો છાપવામાં વરસ જનેવારી માસથી શરૂ કરવા વીશે તમારો તા. ૧૭ મી મે ૧૯૧૯નો પત્ર મળ્યો હતો તે વીશે જણાવવાનું કે તેર ચેમ્બર ઓફ કોમર્સનો એ વીશે અભિપ્રાય લેવામાં આવ્યો હતો તેમાંથી માત્ર એક શીવાયની બધી ચેમ્બરોનો અભિપ્રાય જનેવારી માસથી વરસ શરૂ કરવાની તરફેણમાં મળ્યો હતો.

૧૯૨૦ ના એ માસમાં ઇમ્પીરીયલ સ્ટેટીસ્ટીકલ કોન્ફરન્સ લંડનમાં મળવાની છે તે બીના ધ્યાનમાં લઇને હીંદી સરકારે ઠરાવ્યું છે કે એ કોન્ફરન્સ મળે ત્યાં સુધી આ ફેરફાર મુલતવી રાખવા.

લી. આજ્ઞાંકીત સેવક,

કલકત્તા } (સહી) જી ફ્રીલે .શીરાસ
૨૭-૯-૧૯ } ડીરેકટર ઑફ સ્ટેટીસ્ટીકસ.

(૩)

ફ્રીલેંડની સરકાર તરફથી મુંબઇ ખાતે વાઇસ કોન્સલ નેમવામાં આવનાર છે એમ જણાવનારો પત્ર આ ચેમ્બરને ગઇ તા૦ ૩૦-૭-૧૯ ને દિને મળ્યો હતો તે પત્ર રદ કરવામાં આવ્યો છે એમ હમણાં મુંબઇ સરકાર તરફથી મળેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે.

ચેટેલીક શીલીંગની સારી ડીઝાઈન ગમશે કે ?

(૪)

હીંદુસ્થાનમાં લશ્કરી શીવાય બીજા

તમામ કામસર આકાશ માર્ગે મુસાફરી કરવા બાબત વીશે હીંદી સરકાર તરફથી એક પત્ર આવ્યો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે આકાશ માર્ગે મુસાફરીની યોજના કરતા પહેલાં બે મુદ્દા ખાસ ધ્યાનમાં રાખવાના છે. પહેલો મુદ્દો એ છે કે આકાશની મુસાફરી એ એક એવી ખરચાળ બાબત છે કે તેનો નીભાવ સાધારણ રીતે કરવો અશક્ય છે. પણ તેને અંગે બીજી સંતોષકારક બાબત એ છે કે તેવી મુસાફરીને સારૂ જે એક મથક ખોલ્યું હોય તો પછી નજદીકમાં બીજું મથક ખોલવાની જરૂર રહેતી નથી. અર્થાત એ મથકો ઘણે દુર હોય તો પણ બસ છે. આવા હેતુથી સરકારનો હાલ હીંદુસ્થાન અને બર્મા બેમાં મળીને નીચેના સ્ટેશને મથકો ખોલવાનો વીચાર છે:— મુંબાઈ, કલકત્તા, મદ્રાસ, કરાચી, દીલ્હી, નાગપુર, રંગુન

ઉપર પ્રમાણે ઘણાંજ જુજ મથકો ખોલવામા સરકારનો એવો હેતુ છે કે ઘણાં મથકો પણ નબળાં થોડે થોડે અંતરે રાખવાં તેના કરતાં જુજ પણ મજબુત મથકો વધારે અંતરે રાખવાથી ખર્ચમાં વધારે પોસાણ થાય તેમ છે. બીજો મુદ્દો યંત્રોની રચના સંબંધી છે. આ સંબંધમા સરકારનો એવો અભીપ્રાય છે કે યંત્રો દીવસે દીવસે એટલાં તો યુક્તીવાળાં થતાં જાય છે કે એ યુક્તી શીખરે પહોંચી એમ કોઇ પણ કહી શકે નહી. એ પરથી સરકારનો બીજો વીચાર એ છે કે યંત્રોની પસંદગીમાં બીલકુલ અંકુશ ન હોવો જોઇએ. ઉપર બતાવેલા બે મુદ્દા ધ્યાનમાં લઇને સરકારને ગમે તે કંપનીને આકાશ માર્ગ ચલાવવાનો મંજુરો અમુક વર્ષ સુધી આપવાનો વીચાર છે એ હકની રૂએ કંપની આકાશ માર્ગે ટપાલ લઇ જશે. અને તેના દર સરકાર નક્કી કરશે. માલ અને મુસાફર લાવવા લઇ જવામાં કંપનીને પોતાની ઇચ્છા પ્રમાણે દર નક્કી કરવા દેવામાં આવશે. ઉપર પ્રમાણે કોઇ પણ કંપનીને મંજુરો આપતાં પહેલાં સરકારની એવી ઇચ્છા છે કે જે જે કંપનીઓને આ યોજના સાથે કાંઇ સંબંધ હોય, અગર તો આ યોજનાના સંબંધમાં કાંઇ ખાસ ભલામણ અગર સવતો લખી જણાવવા ઇચ્છા હોય તે તે કંપનીઓને તેમ કરવાની તક મળે. વધારામાં સરકાર ખાસ કરીને જણાવે છે કે આ સંબંધમાં પત્રવહેવાર કોઇને આનગી રાખવાની ઇચ્છા હશે તો તેને માન આપવામાં આવશે.

ચેમ્બરની લાયબ્રેરીમાં વધારવામાં આવેલાં પુસ્તકો.

G. 1449 Report on the Operations of the Paper Currency Department in the Bombay and Karachi Circles and on the Movement of Funds in the Presidency of Bombay including Sind for the year 1918-19.

,, 1450 Report on the Working of the Dawood Sassoon Industrial and Reformatory Institution for the year 1918-19.

,, 1451 Bombay Port Trust Docks by-laws

,, 1453 Report on Sanitation, Dispensaries and Jail is Rajputana for 1918 and on Vaccination for the year 1918-19.

,, 1454 The International Customs Journal 17th Supplement No. 1 (February) 1916)

,, ,, A ,, ,, ,, ,, 18 (March 1917).

,, ,, B ,, ,, ,, ,, No. 8 year 1918-19 Belgium.

,, ,, C ,, ,, ,, ,, France 3 Supplement to No. 22 (April 1919.)

,, ,, D ,, ,, ,, ,, No. 2 year 1919-20 United Kingdom.

,, 1455 Bombay Port Trust Administration Report 1918-19.

C. 796 The Unrepeled General Acts of the Governor-General-in-council From Act I of 1919 to Act XI of 1919 Vol VIII.

,, 797 ધી ઓગ્યે આર્યન મરચન્ટસ એસોસીએશનનો પ્રથમ વાર્ષીક કામકાજનો રીપોર્ટ ઈ. સ. ૧૯૧૮.

,, 798 કન્ટ્રોલની હાટમારી વિષે રામસ્વરૂપ બાલચેરીનું ભાષણ

,, 798a ,, ,, ,, ,, ,, ,,

,, 799 The National Self—Government, Its Growth and Principles—the culmination of Modern History by Ramsay Muir,

,, 800 The British and Foreign Guide to the Banking & Insurance Merchants Shippers &c. of the World for 1915.

,, 801 The London Banks and Kindred Companies and Firms 1916-17.

,, 802 The British Mercantile Guide For the year 1916.

મારસેલ્સની રંગીન સાદીઓ સફાઇદાર અને મજબુત.

બીજી ચેમ્બરનો વીભાગ.

રેલ્વેના દર સંબંધમાં હીંદી ઔદ્યોગીક કમીશને કરેલી ભલામણના સંબંધમાં લંડન ચેમ્બર ઓફ કોમર્સના ઇસ્ટ ઇંડીયા વીભાગ તરફથી એવો વાંધો લેવામાં આવ્યો હતો કે એ ભલામણો હીંદના ઉદ્યોગોને ખાસ ઉત્તેજન આપવા માટે કરવામાં આવી છે અને તેથી કાચી જણસોની નીકાશમાં ઘટાડો કરવાનો તથા હીંદના ઉદ્યોગો માટે પરદેશી તૈયાર માલ ઉપરની આયાત જકાત જેવુજ રક્ષણ આપવાનો એમાં ઉદ્દેશ રહેલો લાગે છે એ વીશે હીંદની વેપારી આલમનો અભિપ્રાય લેવા કરવાની વીનંતીનો પત્ર એમણે બંગાલ ચેમ્બર ઓફ કોમર્સને મોકલ્યો હતો જેણે એ પત્રની નકલ હીંદના કેટલાંક વેપારી મંડળો ઉપર મોકલી હતી. તેમના જવાબ મળ્યા પછી બંગાલ ચેમ્બરે પોતાની વરફથી લંડન ચેમ્બરને ગયા ફેબ્રુઅર માસમાં જવાબ વાળ્યો હતો જેમાં જણાવ્યું હતું કે પરદેશી માલની હીંદમાં થતી આયાત ઘટે એવી રીતે હીંદના ઉદ્યોગોને રક્ષણ આપવાનો હીંદી ઔદ્યોગીક કમીશનનો હેતુ કે અભિપ્રાય નથી. સર્વને એક સરખો ન્યાય આપવાનીજ એની ઇચ્છા છે. તેના રીપોર્ટમાં ૨૭૨મા પેરેગ્રાફમાં જણાવેલું છે કે એક સરખો માલ અમુક બંદરથી એક સરખા અંતર વચે લાવવાનો કે લઇ જવાનો હોય તો તે માટેનું તુર પણ સરખુંજ રહેવું જોઇએ. એ પ્રમાણે દર સરખા કરવા હોય તો જે ઓછા હોય તેને વધારીને પણ થાય અને જે વધારે હોય તેને ઘટાડીને પણ થાય પણ એ બે માર્ગમાંથી પહેલો માર્ગ કદાચ વધારે સારો થઇ પડશે એમ લાગે છે. આમાં કોઇ અમુક પેદાશને કે ઉદ્યોગને અંગત છુટ આપવાની વાતજ નથી એવી છુટ આપવી નહીં જોઇએ એવો અમારો અભિપ્રાય છે.

આ ઉપરાંત ૨૭૮ મા પેરેગ્રાફમાં પણ જણાવ્યું છે કે નાણાં સંબંધી સ્થિતિનો વિચાર કર્યા વગર ઉદ્યોગોને મદદ કરવાનાં સાધન વરીંદે રેલ્વેનો વહીવટ કરવાની એક વરપી રાજનીતીની હીમાયત અમે કરતા નથી.

આ ઉપરથી માલમ પડે છે કે લંડન ચેમ્બરના ઇસ્ટ ઇંડીયા વીભાગે રાખેલી ભીતી ખોટી છે તેમ છતાં જો ભવિષ્યમાં કોઇ વેળા હીંદના ઉદ્યોગોને પરદેશી હરીફાઇ સામે ખાસ રક્ષણ આપવા માટે રેલ્વેના દરમાં વધઘટ કરવામાં આવે એવો પ્રસંગ ઉપસ્થીત થશે તો લંડન ચેમ્બરે ઉઠાવેલા વાંધા પ્રત્યે બંગાલ ચેમ્બર ધ્યાન આપશે.

COMMERCIAL SUBJECTS.

વ્હેપારી વિષયો.

હીંદમાં ચામડાં કેળવવાનો ઉદ્યોગ.

હીંદમાં ચામડાં કેળવવાના ઉદ્યોગ વીશે હીંદી ઔદ્યોગીક કમીશને નીચે પ્રમાણે વીવેચન કર્યું છેઃ—

એવી ગણતરી કરવામાં આવી છે કે હીંદમાં ૮૭૦ લાખ ઘેટાં તથા બકરાં છે અને ૧૮ કરોડ બીજાં ઢોર છે એમના ચામડાં કેટલા ઉતરે તે વીશે માત્ર અટકળજ ઠરી શકાય પણ હીંદમાંથી જે ચામડાં પરદેશો ખાતે નીકાશ થાય છે તેની જાત, કીંમત વગેરે વીશેની બારીક વીગત એકઠી કરવામાં આવેલી છે. છેલ્લાં ચાર વરસમાં નીકાશ થયેલાં ચામડાંની વીગત નીચે પ્રમાણે છેઃ—

વરસ.	નીકાશ થયેલાં ચામડાંની કીંમત.		
	કાચાં	કેળવાયલાં	કુલ.
	લાખ રૂ.	લાખ રૂ.	લાખ રૂ.
૧૯૧૪-૧૫	૭૮૨	૪૭૬	૧૨૫૮
૧૯૧૫-૧૬	૯૭૯	૫૬૪	૧૫૪૩
૧૯૧૬-૧૭	૧૪૪૧	૯૪૪	૨૩૮૫
૧૯૧૭-૧૮	૭૮૪	૬૩૭	૧૪૨૧

આ ઉપરાંત એ વીશે ઘણી બારીક વીગત સરકારી આંકડાઓનાં પુસ્તકોમાં છે પણ તે એ ધંધામાં પડેલા ન હોય તેમને રસ પડે એવી નથી. પરદેશો સાથેના વેપારના આંકડામાં દેખાતી વધઘટ મોટે ભાગે જકાતને લીધે હોય છે. કેળવાયલાં ચામડાંનો મોટો ભાગ ઈંગ્લંડ જાય છે. કાચાં ચામડાં એવા દેશોમાંજ જાય છે કે જ્યાં ચામડાં કેળવવાના ઉદ્યોગને રક્ષણ આપવાના હેતુથી કાચાં ચામડાની આયાતને ઉતેજન આપવા માટે કેળવાયલાં ચામડાં ઉપર આયાત જકાત નાંખવામાં આવી હોય લડાઈ અગાઉ કાચાં ચામડા મુખ્ય ઠરીને જરમની, આસ્ટ્રીયા તથા ઇટલી ખાતે જતા હતાં જ્યે કે બાતળાં ચામડાંનો લગભગ ચોથો ભાગ યુનાઇટેડ સ્ટેટસ ખાતે જતો હતો. હીંદમાજ ચામડા કેટલાં વપરાઈ જાય છે તે વીશેની વીગત મળતી નથી. ઘણું કરીને જાડાં ચામડાનો અડધો ભાગ અને પાળાતાં ચામડાંનો નવદશાંશ ભાગ નીકાશ થાય છે

૨. ચામડાંની પેદાશ માટે કોઇ ખાસ પ્રયત્ન કરવામાં આવતા નથી. ખેતી માટે ઢોર પાળવામાં આવે તે મરી જાય ત્યારે ચામડાં ઉતરે એથી ચામડાં માટેની લેવાળી કે ઉંચા ભાવની અસર એની પેદાશ ઉપર થતી નથી. તેમ છતાં ચામડાંની નીકાશમાં એક સરખી રીતે વધારો થતો રહ્યો છે તેમાં પણ ચામડાંની સંખ્યા અને વજન કરતા વીશેશ વધારો ભાવમા થયો છે. હુન્યાંમાં ચામડાંના બજારમાં હીંદી ચામડાં મુખ્ય ભાગ લે છે. ભાવમાં થતા રહેલા વધારાને લીધે હીંદમાં ચામડાંના સ્થાનીઠ વપરાશ ઉપર પણ અસર થઇ છે પણ તે વીશેનું વીવેચન પછી કરીશું.

૩ ઇ. સ. ૧૮૪૬-૪૭ માં મદ્રાસથી નીકાશ કરવામાં આવેલાં ૪૮૨૧૨ જાડાં ચામડાંની કીંમત રૂ. ૨૨૪૨૩ ની હતી. દરેક ચામડાંની કીંમત એ રીતે માત્ર લગભગ સાડાસાત આનાની થઇ પણ ૧૯૧૨-૧૩ માં નીકાશ થયેલાં ૧૩૪ લાખ ચામડાની કીંમત રૂ. ૮૦૫ લાખ રૂપયાની હતી જે રીતે દરેકની કીંમત લગભગ છ રૂપયાની થઇ. કાચા પાતળાં ચામડાંની કીંમત પણ ૧૮૪૬-૪૭ માં દરેકની સવાત્રણ આના જેટલી હતી તે ૧૯૧૩-૧૪ માં રૂ. ૧-૯-૬ ની થઇ હતી. આમ થવાનું પરીણામ એ આવ્યું છે કે અગાઉ ચામડાં એકઠાં કરવા માટે ઓછી હરકાર રાખવામા આવતી હતી તેને બદલે હવે વધારે સંભાળ રાખવામાં આવે છે. અગાઉ તો એવાં બધા ચામડાં ઉપર ચમારોનો હક ગણાતો હતો અને એને કેળવવાનું કામ ચમારોજ પોતાની અસલી રીત પ્રમાણે કરતા હતા પણ જ્યારે એના ભાવ સારા આવવા લાગ્યા ત્યારે ચામડાં કેળવવાને બદલે એમને એમ વેચી દેવાનું ચમારોએ શરુ કર્યું અને આવાં ચામડાં લઇ જવાનો ચમારોનો હક સ્વીકારવાની લોકોએ ના પાડી. હાલમાં અમારો માત્ર ચામડાં વેચવા માટેના આહત્યા તરીકેજ કામ મેળવે છે. હવે લોકો પોતે પણ ચામડાં કેળવવા માટે સ્થપાયેલાં કારખાનાંઓમાંથી કેળવાયલાં ચામડાં બારોબાર ખરીદે છે અને તેમાંથી બુટ વગેરે બનાવવાનુ કામ ચમારોને સોપાય છે.

૩ જુદી જુદી જગાનાં ઢોરનો શરીરનો બાંધો જુદા જુદા પ્રકારનો હોવાથી હીંદી ચામડાનો વાપ ઘણા પ્રકારે નાનો મોટો રહે છે. ઢોરના શરીર નબળાં હોવાથી ચામડાં પણ ઉતરતા પ્રકારનાં હોય છે. ઢોરને ઓળખવા માટે અથવા અન્ય કારણથી ડામ દઇને છાપ પાડવામા આવે છે તેને લીધે ચામડાં ખરાબ થઇ જાય છે વળી ઢોર પાસે હળ તથા ગાડાં એ'વા માલની લાવલક્ષ્મી કરવી વગેરે તરેહવાર પ્રકારનું કામ લેવામાં આવતું હોવાથી તેમનાં ચામડાં જુદે જુદે ઠેકાણે ઓછા કે વધારે ઘસારો દેખાડે છે. માણસને માટે ખોરાક પુરો પાડવા કાજે સારાં ઢોરને મારી નાંખવામાં આવતાં હોય એવું તો માત્ર મોટાં શહેરોમાં કે લશ્કરી છાવણીઓમાંજ બને છે. તે શીવાય જે ચામડા ઉતરાય છે તે તો રોગથી, ઘડપણથી કે વાગવાથી મરી ગયેલાં ઢોરનાં હોય છે. કસાઇખાનું શબ્દ ખરી રીતે તો જે ઢોરને ખાસ આવા હેતુથી ઉછેરેલાં હોય તેનાં

ઢોરોના વધની જગા માટે વપરાવો જોઈએ પણ તેને બદલે તે એવી જગા માટે પણ વપરાયછે કે જ્યાં સાધારણ ઢોર કુદરતી રીતે મરણ પામેલાં હોય તેનાં ચામડાં ઉતારવામાં આવતાં હોય. કસાઈખાનાંમાંથી જે ચામડાં વેચાય તે ઘણું ખરૂં ઉંચા પ્રકારનાં હોય છે, અને તે જો ગાયનાં હોય તો ખુટનાં વળીયાં (સોલ) માટે વાપરી શકાય એવાં હોય છે પણ એવાં ચામડાંની સંખ્યા બહુ થોડી રહે છે. હીંદુઓ ઢોરને મારવાની વીરૂધ હોવાથી ઢોરો માંદગી અને ઘડપણથી હેરાન થતાં રહે છે તેથી તેમનાં ચામડાંની જાત બગડી જાય છે. એ કરતાં વધારે નુકશાન ઢોરોને દેવાતા ડામથી થાય છે. હજારો ચામડાં એવી રીતે તદન ખરાબ થઇ જાય છે એવા ચામડાંની કીંમત અરધો ભાગ જેટલી પણ ઉપજતી નથી. એવા ડામ દેવાનાં કારણોમાં મુખ્ય તો સુતપ્રેતના વહેમનું હોય છે અને તેથી ઓછે દરજ્જે રોગ મટાડવા માટેના ઉપાય તરીકે હોય છે. તેમ છતાં ઢોરો નકામાં પડે તે પછી તેમને મારી નાંખવાની વીરૂધમાં હીંદુઓ જે સુગ ધરાવે છે તે હીંદના બધા ભાગોમાં એક સરખી નથી; મધ્યપ્રાંતોમાંથી તથા સંયુક્ત પ્રાંતોમાંથી માંસ નીકાશ બહુ થાય છે તેમાં ઘણો ભાગ આવાં ઢોરમાંથી મેળવેલો હોય છે. આગ્રા દાણીહ, રહાતગઢ, ખુરાઇ, વગેરે મથકો ખાતે કસાઇખાના છે અને ચીકાગોમાં જેમ માસ નીકાશ કરનારાઓનો જુદો ધંધો જામી ગયો છે તેવીજ રીતે આવાં મથકો ખાતે પણ થવા લાગ્યું છે. તેને પરોક્ષ્યમે આવાં સ્થળોએ ચામડાં વધારે સારી જાતનાં મળે છે જો કે બીજા કામ માટે નીરૂપયોગી થઇ પડેલાં ઢોરનેજ ત્યાં મોકલવામાં આવે છે.

૪ "પાતળાં ચામડાં" શબ્દો માટે ઘેટાં કે બકરાંનાં ચામડાં માટેજ વપરાય છે તેમાં પણ બકરાંનાં ચામડાં વજનદાર, મોટાં અને સારી જાતનાં હોય છે. જાડાં ચામડાંના કરતાં આમાં ઘણાજ પ્રકાર છે. આ ચામડાં સાધારણ રીતે એવાં ઘેટાં કે બકરાંનાં હોય છે કે જેમને માંસ મેળવવા માટેજ ખાસ મારેલાં હોય છે તેથી તે ચામડાં દુનીયાંના બીજા મુલકોનાં ઘેટાંના કે બકરાંના ચામડાં કરતાં વધારે સારી જાતનાં હોય છે. ચામડાં કેળવવાનો ઉદ્યોગ મુખ્ય કરીને મુંબઇ તથા મદ્રાસ ખાતે છે. એ ચામડાંમાં જે ચામડાં મળે છે તે બીજી ઋતુઓમાં મળેલાં ચામડા સાથે સરખાવતાં વધારે હલકા પ્રકારનાં હોય છે કારણ કે તે ઢોરને તાવ આવ્યો હોય અગર બીજા કોઇ પ્રકારની માંદગી થઇ હોય છે. વળી ઠંડીના વખતમાં શરીર ઉપર વાળ કે રૂંવા વધારે થાય છે જેથી ચામડું પાતળું પડે છે. એવાં ચામડાંમાંથી મોટો ભાગ કેમ કરવા માટે અમેરીકા કે યુરોપ ખાતે મોકલવામાં આવે છે. બાર ચામડાં પાથરવાં જો પંચોતેર ચોરસ ફુટ જગા ન રોકાય તો એ ચામડાં સંતોષકારક ગણાતાં નથી. દરેક ચામડું એકવીસ ઇંચ પહોળું હોય તોજ એ પરદેશોમાં ઉપયોગી થઇ શકે છે.

(અપુર્ણ)

મેટલીક શીલીંગથી બીલ્ડીંગના ઓઢણા શોધે છે.

હીંદમાં ઉગાડવામાં આવતા રૂનું ઔદ્યોગીક મહત્વ.

હીંદમાં ઉગાડવામાં આવતા રૂનું ઔદ્યોગીક મહત્વ કેટલું છે.? તે વીશે હીંદી ઔદ્યોગીક કમીશને કરેલી ટીકા નીચે પ્રમાણે છેઃ—

હીંદમાં રૂ વધારે ઉગાડી શકાય એમ છે કે નહીં તે સવાલ પ્રથમ વીચારવા જેવો છે. હુનયાંમાં રૂની પેદાશ કેટલી છે તે વીશે પ્રોફેસર ટોનના આંકડા નીચે આપ્યા છેઃ—

દરેક પાંચસો રતલની એવી હજાર ગાંસડી

વરસ	૧૯૦૭-૮	૧૯૦૮-૯	૧૯૧૩-૧૪
પેદાશ	૧૮૬૪૦	૨૨૩૭૧	૨૭૭૦૩
વપરાશ	૨૧૦૫૩	૨૨૩૮૭	૨૭૮૦૦

આ આંકડા પ્રમાણે વપરાશ કરતાં રૂની પેદાશ ઓછી છે એ અછત દર વરસે વધતી જાય છે. જો રૂની પેદાશ વધારે થાય તો વધારે કાપડ વેચીને વેચી શકાય હાલ દુનયાંમાં રૂની પેદાશ ઓછી હોવાથી દુખ ભોગવવું પડે એવી સ્થીતી ઇંગ્લંડની વીશેશ કરીને છે કેમકે ઇંગ્લંડની મીલોમાં ૪૩ લાખ ગાંસડી રૂ વપરાય છે જેમાંથી ૩૭ લાખ ગાંસડી અમેરીકાથી, પોણુછ લાખ ગાંસડી ઇજીપ્તથી, ચાલીસ હજાર ગાંસડી હીંદથી અને બાકીની બીજા દેશોથી મેળવવામાં આવે છે. યુનાઇટેડ સ્ટેટસમાં રૂનો સ્થાનીક વપરાશ ૧૯૧૧ ના વરસમાં ૪૩ લાખ ગાંસડી જેટલો હતો તે ૧૯૧૫માં વધીને સાઠલાખ ગાંસડી જેટલો થયો હતો. રૂની પેદાશનો ઉપ ટકા જેટલો ઉપયોગ ૧૯૧૧ માં હતો તે વધીને ૧૯૧૫ માં પીસ ટકા જેટલો થયો હતો. એ પાંચ વરસમાં યુનાઇટેડ સ્ટેટસમાં રૂની પેદાશ સાઠ લાખ ગાંસડી જેટલી વધી તેમાંથી ૨૭૩૦૦૦૦ ગાંસડી સ્થાનીક વપરાશમાં ગઇ અને ૨૬૩૦૦૦૦ બીજા દેશોમાં ગઇ જેથી ઇંગ્લંડને એ સાઠ લાખમાંથી માત્ર ૬૪૦૦૦૦ ગાંસડી રૂ વધારે મળ્યું. યુનાઇટેડ સ્ટેટસમા રૂનો સ્થાનીક વપરાશ વધતો જવાનો સંભવ બહુ છે અને એ જેટલો વધે તેટલો ઇંગ્લંડને ઓછો મળે આમ હોવાથી બ્રીટીશ સામ્રાજ્યમાં રૂની પેદાશ વધારવાના પ્રયત્નો કરવામા આવે છે. આફ્રીકામાં વધારે રૂ પેદા કરી શકાય પણ તેની લાવલઇજા માટે રસ્તાઓની સગવડ હીંદ કરતાં ઓછી છે. ત્યાંના ખેડુતો કરતાં હીંદના ખેડુતો વધારે હોશીયાર છે અને હીંદમા રૂના પાકનો વીસ્તાર પણ મોટો છે. તેથી હીંદમાં રૂની પેદાશ વધારવાનું વધારે સહેલું પડશે એમ માની લેવામાં આવ્યું છે. હુનયાંના કાપડ બનાવવાના ઉદ્યોગની સ્થીતી જોતાં એવો વધારો કરવાની તાકીદ બહુ છે. આફ્રીકામાં એવા પ્રયત્નોનું પરીણામ એટલું તાકીદે લાવી શકાય તેમ નથી. આ સ્થીતીમાં હીંદી ખેડુતોને માત્ર એટલુંજ કહેવાની જરૂર છે કે વધારે રૂ પેદા કરશો તો વધારે લાભ મેળવશો. એ શીવાય બીજી કોઇ રીતે તેમના ઉપર હુમાયુ વાપરવાના માર્ગ વીચારવાની અમારી ફરજ હોય એમ અમને લાગતું નથી. અનાજના ભાવો વધે અને રૂના પાકનો વીસ્તાર સહેલાઇથી વધારી શકાય તે કરતાં પણ વીશેશ વધારવાના પ્રયત્નો થાય તો તે નીષ્ફળ જવાની ખાતરીજ રહે. સુધારો વધારો થઇ શકે એવું હજી બહુ છે. એકર દીઠ રૂની ઉતર હીંદમાં માત્ર ૯૮ રતલ છે છે જ્યારે અમેરીકામાં બસો રતલ અને ઇજીપ્ત સાડાચારસો રતલ છે.

(અપુર્ણ)

પૂર્વ આફ્રિકાનું કપાસ.

(લેખક—બિહારીલાલ નારાયણ અંતાણી) જગબ્યાર.

જર્મન પૂર્વ આફ્રીકાને હિન્દી સંસ્થાન બનાવવા માટેનો પોકાર લાંબા સમયથી થયા કરે છે. શહેનશાહત પોતાના વિચાર પ્રમાણે જે વધારે ઉપયોગી વિષયો છે તે વિચારવામાં અને તેનું ચોગ્ય નિરાકરણ કરવામાં રોકાયલ છે. હિન્દુસ્થાન પોતાને દુઃખકર તેમજ સ્થાનિક તાત્કાળિક લાભદાયી વિષયોનું મંથન કરવામાં મશગૂલ છે; એવા વિપરીત સમયમા મને તો ધારતી લાગે છે કે અમો પૂર્વ આફ્રીકા વાસીઓનો આ પોકાર કેવળ અરણ્ય રૂદન સમાનજ થશે તે છતા પણ નહિ માના કરતાં કાણો મામો સારો એ ન્યાયે હિન્દુસ્થાન હાલે વાત્કાળીકજ આ મુલકમા લાભ લઇ શકે એવા વિષય પર અત્રેના વ્યાપારીઓનું લક્ષ ખેંચવાનો આ પ્રયત્ન છે. અને તે પૂર્વ આફ્રીકામા ઉગતું "ઇજીપ્શીઅન" સ્ટેપલનુ કપાસ છે.

જર્મન પૂર્વ આફ્રીકામાં જર્મનોની અસામાન્ય વ્યાપારી કુનેહથી અદ્યાપિ સેંકડો વર્ષો થયા તે મુલકમાં વસવાટ કરતા હિન્દી વ્યાપારીઓને માહિતી પણ નહતી કે કપાસ જેવી વસ્તુ ત્યા ઉગે છે. જ્યારે લડાઇ જાગી ત્યાર પછીજ અમારા જાણવામાં આવ્યું કે આફ્રીકાની અંદર વધારેમાં વધારે અને સુંદરમા સુંદર કપાસ જે કોઇ પણ મુલક ઉત્પન્ન કરી શકે તો તે જર્મન પૂર્વ આફ્રીકાજ છે. તેઓ તો વ્યાપારમા એવા કુનેહબાજ હતા કે પોતાના અદ્દના મુલકમાં માઇલોના માઇલોના વિસ્તારવાળા પ્લેનટેશનોમાં પોતાનું કપાસ ઉગાડતા અને ત્યાં જર્મનો અને સ્વાહીલીઓ શિવાય બીજી કોઇ પણ પ્રજાને ભાગ્યેજ વસવા દેતા જે જગોએ કપાસ ઉગતું તેજ જગોએજ પોતાના જીનો અને પ્રેસો રાખતા; પ્રેસ અને પેક પણ ત્યાંજ કરતા; અને સ્ટીમર પર લોડ કરવાને માટે છીછરાં પાણીમા વરી શકે તેવા મછવાઓ બનાવી છેક પ્લેન્ટેશનો સુધી મોકલતા. આજે તે માટેનું કંઇ નથી અને વિના લાભ લીધે મુલક જેમનો તેમ પડયો છે. વાજબીમા વાજબી વાત તો એજ થઇ શકે કે હિન્દીઓએજ તેનો લાભ લેવો જોઇએ. હક પણ તેમનોજ છે. સ્વાભાવિક પણ તેમને માટેજ છે. પણ હિન્દમા વસતા હિન્દવાસીઓને સટા શિવાય બીજો સ્વભાવિક વ્યાપાર જોઇએજ કયાં છે?

આ કપાસની ત્રણ ક્વૉલીટી છે અને તે અમાસી, મિટાફીફી અને અપલેન્ડ નામે ઓળખાય છે. સ્ટેપલ ઇજીપ્શીઅન છે. અને ગઇ સાલના અમારા અખતરા પછી અમોએ જોયું છે કે મુંબાઇમાં વધારેમાં વધારે કપાસે ઉપજાવેલો ભાવ એક ખાંડીના રૂા. ૧૫૦૦૦) છે.

એમ મનાય છે કે આખો પૂર્વ આફ્રીકા લેવામાં આવે તો તેનો વિસ્તાર ભારત વર્ષના વિસ્તાર જેવડો છે. બીજાં અનેક ફળદાયી વાવેતરોની સાથે કપાસનું વાવેતર મુખ્ય થઇ

મેટલીક શીલીંગથી બીલ્ડીંગનો ઓરડો, શોભે છે.

શકે તેમ છે. યુગાન્ડાનું કપાસ પણ તેવું જ સુંદર છે. અને તેનો લાભ હિન્દી સાહસોને અભાવે યુરોપીઅન સિન્ડીકેટો લેવા લાગી છે. એકલા યુગાન્ડામાં વાર્ષિક અર્ધી લાખ ગાંસડીઓ પેદા થઇ શકે છે. અને આ સઘળી વસ્તુઓ પર હિન્દી પ્રજાનો સહુ કરતાં પહેલો અને સ્વાભાવિક હક હોવા છતાં હિન્દીઓ છાશ ખાય છે. જ્યારે બીજાઓ માખણ ખાઇ આપણા પર હસે છે. હિન્દુસ્થાનની ગીલો ચેતે ઇજીપ્શીઅન સ્ટેપલનું કપાસ હજી બહુ ઓછાં પ્રમાણમાં વાપરી શકે છે એ વાત સાચી છે. પણ હિન્દુસ્થાનમા વધતા જતા ઉદ્યોગોની સાથે એ વસ્તુસ્થિતી હમેશને માટે ટકી શકશે નહિ તો પછી હિન્દુસ્થાન જેટલું પરંતુ જે હિન્દુસ્થાનના મીલ માલેકો જો સ્વતંત્ર રીતે આ મુલકોમાં સહર્હું કપાસ માટે પોતાનાંજ વાવેતરો કરવા માટે જમીનો મેળવે અને જો સ્વતંત્ર રીતે ન બની શકે તો બ્રાઝીની વિદેશી કંપનીઓ સ્થપેલ સાહસ જેવા જોઇતાં જોઇતરટોક સાહસો બનાવી સહર્હું હેતુ સાધે તો તે શું ધ્યેય નથી? હિન્દુસ્થાનથી તે જેટલું વાપરી શકાય તેટલું વાપરે અને પછી વિદેશને આપી તેનાં નાણાં હિન્દુસ્થાનમાં આપે. ભારત વર્ષનાં બચ્ચા માટે મીઠું અને ઘઉં મોંઘાં કરી આપણે આપણું અનાજ બહાર જવા દઇએ છીએ એવાતો આપણે ઉદાર છીએ. શા માટે પૂર્વ આફ્રિકા આપણે આપણા કબજામાં ન લઇએ અને લીગ ઑફ્ નેશન્સ પોતાના ખરીતાઓ બહાર પાડે તે પહેલાં વ્યાપારથીજ આપણે તે મુલકને આપણુંજ કોલોની બનાવીએ અને તે માર્ગમાં જો કંઇ કૃત્તિમ હરકતો નાંખવામાં આવે તે સામે હકથી પ્લેટફાર્મો ગજાવીએ. યુરોપીય પ્રજાઓના હિન્દુસ્થાનમાંના વસવાટ પછીથી તેમનુ હિન્દુસ્થાનમાં સામ્રાજ્ય સ્થપાયું તેમાથી ભારત વર્ષની પ્રજાએ કંઇપણ અન્ત પાઠ શીખવાનો હોય તો તે વ્યાપાર છે અને પૂર્વ આફ્રીકામાં આપણું સામ્રાજ હકથી સ્થાપવું હોય તો તે પણ વ્યાપારજ છે. અને તેનું મુખ્ય અંગ આ કપાસ છે.

બીજે સમયે આ ઉપરાત પૂર્વ આફ્રીકાના વ્યાપારનાં બીજાં અંગો ઉપર યથાશક્તિ ચર્ચા કરવાનો અભિલાષ છે

પી ઓરીએ ટાઇલ માર્ટ ૨૧ બેંક સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

અધિપતિની નાંધ.

હીંદી ચલણને લગતો મામલો અત્યારે ખાસ અભ્યાસ કરવા લાયક થઇ પડયો છે તેથી તેને લગતી નીચે જણાવેલી કેટલીક હકીકત પ્રત્યે વાંચનારનું ધ્યાન ખેંચીએ છીએઃ— (૧) અગાઉ હીંદી પ્રધાન પોતાના ખપ જોગાં નાણાં માટેજ હુંડીઓ લખતો હતો તે હાલ કેટલાંક વરસથી વેપારીઓની સગવડ માટે વધારે હુંડીઓ પણ લખે છે. એનું પરીણામ એટલું જ કોઇ શકે કે એક મોટી થાપણવાળી નવી બેંકનો હીંદનું અગર કોઇ પણ દેશનું પરદેશો સાથેનું લ્હેણું દેવું પમુલ કરવા અથવા ચુકાવી આપવા તૈયાર થાય તો જેમ તે દેશનો પરદેશો સાથેનો શરાણી વહીવટ એ બેંકના હાથમાં જાય તેજ પ્રમાણે હીંદનો પરદેશો સાથેનો લ્હેણાદેણાનો સંબંધ થોડે ઘણે દરજ્જે પણ અગાઉ કરતાં વધારે પ્રમાણમાં હીંદી પ્રધાનના હાથમાં ગયો છે. (૨) અગાઉ હીંદમાં ઇંગ્લંડના લોકોએ બજાવેલી નોકરી બદલનું તેમનું પેન્શન, તેમણે હીંદને ધીરેલાં નાણાંનું વ્યાજ તથા હીંદના વેપારમાં તેમણે હીધેલા ભાગને અંગે તેમને થયેલો નફો તથા સ્ટીમરોનું તુર આ ચાર રકમો હીંદે ઇંગ્લંડને આપવાની રહેતી અને હીંદની આયાત કરતાં નીકાશ લગભગ એટલીજ વધારે થતી જેથી એ રકમોની આપ લે થયા પછી નીશેષ રકમ હીંદની લ્હેણી રહેતી નહીં. એ મામલો છેલ્લાં થોડાંક વરસોથી બદલાયો છે. હાલમાં તો આયાત પેટે તથા ઉપર ગણાવેલી રકમો માટે આપવાની કુલે રકમ બાદ કરતાં પણ નીકાશને અંગે હીંદનું લ્હેણું બહુ રહે છે (૩) ઇંગ્લંડમાં માલ બનાવવાનો ખર્ચ લડાઇ અગાઉ જેટલો થતો હતો તેના કરતાં હાલમાં લગભગ બમણો થાય છે એમ જણાવવામાં આવે છે; અને ભાવમાં તો એવો વધારો થયેલો આપણે જોઇ શકીયે છીએ તેથી જો હીંદી પ્રધાનની હુંડીનો ભાવ અગાઉ જેટલો રહે તો આયાત બહુ ઘટી જાય અને નીકાશ બહુ વધી જાય પણ હીંદમાં પણ માલ બનાવવાનો ખર્ચ અને તેને પરીણામે

હીંદનાં બજારોમાં હીંદી માલના ભાવ કરીને અગાઉ કરતાં દોઢા થયા છે. ઇંગ્લંડમાં માલના ભાવમાં જે વીશેશ વધારો થયો છે તેટલોજ વધારો હીંદી પ્રધાનની હુંડીના ભાવમાં થયો છે અને તેથી એ હુંડીના હાલના ભાવે એટલે કે બે શીલીંગની બરોબર એક રૂપયાને ભાવે વેપારનું સમતોલપણું અગાઉ બાકી જળવાશે એમ જણાવવામાં આવે છે. આ અભિપ્રાય ખોટો છે એમ આ ચોખણનું માનવું છે. (૪) દેશ-પરદેશો વચેની હુંડીઓના ભાવ અગાઉ

હીવાળીના માટે ફેન્સી ટાઇલ્સની છેલ્લી ડીઝાઇનો જોઇએ કે ?

પણ એક બીજા ઉપર અસર કરતા હતા પણ મુખ્ય લેણદાર દેશ ઈંગ્લંડ હોવાથી ઈંગ્લંડ સાથેના હુંડીના ભાવમાં થતા ફેરફારોનાં કારણો સમજાય તો બીજા દેશોમાં સ્થીતી કેવી છે તે વીશેના ખાસ અભ્યાસની વીશેશ જરૂર રહેતી નહીં. હાલમાં અમેરીકાના યુનાઇટેડ સ્ટેટસનું બીજા દેશો પાસે લ્હેણું વીશેશ હોવાથી એ દેશ અને બીજા દેશો વચેની હુંડીના ભાવમાં વધઘટ થાય તેની અસર ઈંગ્લંડને થતી થાય છે. દ્રષ્ટાંત તરીકે જોઇએ કે અગાઉ ઈંગ્લંડના એક પાઉંડ બરોબર ત્યાંના લગભગ ૪–૮૭ ડાલરનો ભાવ રહેતો હતો જે હાલ માત્ર ૪–૧૫ ડાલરનો છે જો એ વધીને અસલ સ્થીતીએ આવે તો હુંડી પ્રધાનની હીંદ ઉપરની હુંડી ઉપર પણ તેની અસર થયા વગર રહે નહીં. આટલા વીવેચનથી વાંચનારને સમજાયું હશે કે હુંડી પ્રધાનની હુંડીમાં વધઘટ થવાનો સંભવ કેટલો છે તેનો અભ્યાસ કરવા ઇચ્છનારે આટલી બાબતો ઉપર ધ્યાન રાખવું જોઇએ:—(૧) હીંદના પરદેશો સાથેના વેપારમાં લ્હેણી પડતી રકમ (૨) હુંડી પ્રધાન વેપારીઓની સગવડ માટે વચે પડે એવી એની શકતીમાં થતી વધઘટ (૩) અમેરીકાનાં યુનાઇટેડ સ્ટેટસ સાથેના ઈંગ્લંડના હુંડીના ભાવની વધઘટ (૪) યુનાઇટેડ સ્ટેટસ, મેકસીકો તથા ચીન જેવા દેશો ખાતે ચાંદીના ભાવમાં થતી વધઘટ. આ ઉપરાત વીચારવા જેવી બીજી પણ કેટલીક બાબતો છે જે વીશે કોઇ બીજે પ્રસંગે વીવેચન કરીશું. હાલતો નોંધ લેવા જેવી વાત એ છે કે (૧) હુંડીની આયાત ઉપરાંતની નીકાશ પેટે લેણી પડેલી રકમમાં દર ગહીને મોટો વધારો થવાનું છેલ્લા કેટલાક માસથી ચાલુ છે (૨) હવે વધારે હુંડીઓ વેચવાને બદલે ઈંગ્લંડ ઉપરની હુંડી હીંદમાં વેચવાનું શરૂ કરવાની સરકારને થોડા વખત માટે જરૂર પડી છે અને (૩) ન્યુયોર્ક તથા લંડન વચેનો હુંડીનો ભાવ જ્યારે ૪'૧૫ ડાલરનો છે ત્યારે ન્યુયોર્કમાં ચાંદીનો ૧'૧૩ ડાલરનો છે.

જકાતને લગતી રાજનીતી હીંદી સરકારની કેવી છે તે વીશેનો ઇતીહાસ જાણવા જેવો છે. ૧૮૫૭ ના બળવા વેળા હીંદની સઘળી આયાત ઉપર પાંચ ટકાની જગાત હતી. બળવાને લીધે થયેલા ખર્ચને પહોંચી વળવા માટે એને વધારીને દસ ટકા કરી અને થોડીક ચીજો ઉપર જકાત વીસ ટકા જેટલી પણ કરી. ૧૮૬૪ ના વરસ સુધી એ પ્રમાણે ચાલ્યું પછી જકાતનો સામાન્ય દર સાડાસાત ટકા કર્યો. ૧૮૬૭ માં પહેલીવાર જરૂરની થોડીક ચીજોને વગર જકાતે હીંદમાં આયાત થવા દેવાનું શરૂ કર્યું. સામાન્ય દરમાં ઘટાડો કરીને ૧૮૭૫ માં પાંચ ટકાનો કર્યો. ૧૮૮૨ માં સામાન્ય આયાત જકાત ઠાઠી નાંખી પણ ચલણની મુશ્કેલીને લીધે ૧૮૯૪ મા, પાછી પાચ ટકા જેટલી સામાન્ય જકાત નાંખી જે ૧૯૧૯-૧૭ માં વધારીને સાડાસાત ટકા કરવામાં આવી હતી. રાજકીય કારણોને લીધે હથીયારો તથા દારૂગોળા સંબંધે, અને નૈતીક કારણોને લીધે દારૂ તથા અફીણ સંબંધે કામ લેવાની રીત જુદીજ પડે તેમાં નવાઇ નથી કાપડ તથા ખાંડ એ બે ચીજો માટે ખાસ પ્રકારનું વર્તન ધ્યાન ખેંચે તેવું છે.

૧૯૭૫માં આયાત જકાત પાંચ ટકાની કરી તે ત્રણ વરસ સુધી ચાલુ રહી પણ ૧૮૭૮મા જાડા કાપડ ઉપરની જકાત ઠાઠી નાંખવામાં આવી. ૧૮૮૨માં સઘળી આયાત જકાત ઠાઠી નાખ્યા પછી બાર વર્ષે ૧૮૯૪ માં જ્યારે ફરીથી પાંચ ટકા જેટલી આયાત જકાત નાંખવામાં આવી ત્યારે ઈંગ્લંડમાં તેની વીરૂદ્ધ ઘણો વાંધો લેવાયો જેને પરીણામે કાપડ ઉપરની જકાત ઘટાડીને સાડાત્રણ ટકાની કરી અને હીંદમાં જે કાપડ ગને તેના ઉપર પણ સાડા ત્રણ ટકા જકાત લેવાનું ઠરાવ્યું અને સુતર તથા ટવીસ્ટ ઉપર જકાત તદન માફ થઇ. કાપડ ઉપરની આયાત જકાત વધારવાના પ્રયત્ન ૧૯૧૫-૧૬ માં થયા પણ તે નીષ્ફળ ગયા અને ૧૯૧૮ માં એવાજ પ્રયત્ન ફરીથી થયા ત્યારે કાપડ ઉપરની આયાત જકાત વધારીને સાડાસાત ટકા કરવામાં આવી. અગાઉ ખાંડ ઉપરની જકાત બીજી સાધારણ ચીજે ભારે જ હતી પણ જરમની તથા આસ્ત્રીયાની બીટ-માંથી બનાવેલી ખાંડની આયાત બહુ વધી ગઇ અને તેનું કારણ એમ સમજાયું કે પરદેશમાં વધારે સસ્તે ભાવે એ વેચાય તે માટે એ બનાવનારાઓને ખાસ મદદ મળતી હતી. આથી એ મદદ જેટલી આયાત જકાત નાંખવામાં આવી પણ તેટલાંથી એ ખાંડની આયાત ઘટી નહીં ત્યારે ૧૯૦૦ માં એ વધારી છતાં તેનું પરીણામ હીંદમાં ખાંડ બનાવવાના ઉદ્યોગને ઉત્તેજન આપવાનું નહીં પણ જરમની તથા આસ્ત્રીયાની બીટની ખાંડને જોગે ચીન, જાવા તથા મોરીશસની ખાંડને ઉત્તેજન આપવામાં આવ્યું. એ આયાત ત્યાર પછી કેટલી વધી છે તે વાચનારાઓ જાણે છે. નીકાશ ઉપર ત્રણ ટકા જેટલી સામાન્ય જકાત ૧૮૬૦ના વર્ષ સુધી હતી પણ તેમાંથી ધીમે ધીમે કેટલીક ચીજોને મુક્ત કરવામાં આવી જેથી ૧૮૭૫ માં માત્ર ચોખા, તેલ, ગળી, તથા લાખ ઉપરજ નીકાશ જકાત લેવાની રહી તેમાંથી પણ છેલ્લી ત્રણ ચીજો ઉપરની જકાત ૧૮૮૦ માં કાઢી નાંખવામાં આવી જેથી તે પછી માત્ર ચોખા ઉપરજ નીકાશ જકાત લેવાતી રહી. ૧૯૧૬-૧૭ માં ચા તથા જુટ ઉપર નીકાશ જકાત નાંખાઇ અને હમણાં ચામડાંની નીકાશ ઉપર જકાત નંખાયલી આપણે જાણીએ છીએ.

દેશના કે સામ્રાજ્યના ઉદ્યોગોને રક્ષણ આપવાની પદ્ધતી હીંદમાં અંગ્રેજના રાજ્યમા કોઇ કાળે ન હતી એમ ઉપર આપેલા ઇતીહાસ ઉપરથી સ્પષ્ટ જણાશે ઇંગ્લંડમા સરહદે વ્યાપારની નીરંકુશતાની રાજનીતી ૧૮૪૬ મા સ્વીકારી તેને પોણોસો વરસ થયાં નથી. ૧૮૪૦ ના વરસ અગાઉ લગભગ સઘળી વસ્તુઓ ઉપર ભારે આયાત જકાત લેવાતી જેને લીધે ચોરીછુપીથી વસ્તુઓ આયાત કરનારાઓનું જોર વધી પડયું હતું તે એટલે સુધી કે આવી "આડતરી રીતે" માલ લાવવા માટેના ભાવ જાહેર રીતે જુદા બોલાતા. તે વેળા આયાત જકાત માટે કાંઇ ધોરણ ન હતું. જકાત માટે ઠરાવેલા જુદા જુદા દરની સંખ્યા ૧૧૫૦ (અગ્યારસો પચાસ) ની હતી જેમાં ઘણીક તો તે માલની આયાત તદન અટકાવી દેવા માટેજ હતી. આવક ઉપરનો ઠર ઇંગ્લંડમાં દર પાઉંડે સાત પેન્સનો ૧૮૪૨ માં નંખાયો ત્યાર પછી આયાત જકાતની રૂઢીમાં સુધારો કરવાનું શરૂ થયું. તે અગાઉ

જકાતની રૂઢી એવી હતી કે ચીજનો ભાવ જેમ વધારે હોય તેમ તેની ઉપરની જકાતનું પ્રમાણ ઘટે જેથી તે ભાવ અમુક હદ સુધી વધે તો આયાત જકાત તદન બંધ પડે પણ ભાવ સસ્તા થવાથી પરદેશી માલની આયાત વધે ત્યારે જકાત પણ વધીને અંતરાયરૂપ થાય જેથી દેશના ઉદ્યોગોને રક્ષણ મળે. ૧૮૪૨માં જકાતની પ્રઢતી સુધારવાની શરૂઆત વેળા પણ ઈંગ્લંડના વડા પ્રધાન સર રોબર્ટ પીલે એટલી કબુલાત આપવી પડી હતી કે દેશના ઉદ્યોગને રક્ષણ આપવાનો નીયમ હું નહીં તોડું; તેમ છતાં આયાત જકાત ચાલુ હતી તે ૧૯૨૯ મા રદ થઇ. વેપારનું છુટાપણું અને રક્ષણની ગેરહાજરીનો ખરો સ્વીકાર એ વરસે થયો ગણીએ તો તેને પચાસ વર્ષ પણ થયા નથી. એટલામાં રક્ષણની રાજનીતીનો ઈતીહાસ તાજો કરવાનો પ્રસંગ આવ્યો છે. ઈંગ્લંડની સરકારે હમણાંજ જાહેર કર્યુ છે કે ઈંગલંડના ખેતીના ઉદ્યોગને મદદ કરવાનાં પગલાં ભરવામાં આવશે. એવી રીતે સરકારી ઉત્તેજન લડાઈ દરમ્યાન પણ અપાયું હતું જેને પરીણામે ઈંગલંડની પ્રજાનો ૪૦ ટકાને બદલે સાઠ ટકા જેટલો ભાગ સ્વદેશી અનાજ ઉપર જીની શકે એટલો અનાજ વધ્યો હતો. પણ ઓગણીસમાં સૈકાના પુર્વાર્ધ માં જે વેળા એવુંજ રક્ષણ આપવામાં આવતું હતું તે વેળાના અનુભવે એક વાત એ બતાવી કે જ્યારે દેશમાં કોઈ કારણથી પાક ઓછો થાય અથવા ન થાય તે વેળા ગમે તેટલા ઉત્તેજન છતાં પરદેશથી માલ મંગાવવાના પ્રયત્નો સફળ થતા નથી. હવે ફરીથી એવો વખત આવે તે વેળા એવીજ મુશ્કેલી નડે છે કે કેમ તે જોવાનું છે; પણ હીંદમાંથી અનાજ પરદેશ મોકલવાને પરીણામે પાછળથી પરદેશી અનાજ હીંદમાં આયાત કરવાની જરૂર ગયે વરસે પડી ત્યારે આવી મુશ્કેલી નડી હતી અને સરકારના ખાસ પ્રયત્નો ન હોત તો આટલો માલ પણ ન આવત એમ લાગ્યા વગર નહીં રહે.

ઔદ્યોગીક સંરક્ષણની રાજનીતી પાળવા જતાં શી શી મુશ્કેલીઓ નડે છે તેનો કાંઇક ખ્યાલ ઈંગ્લંડના છેલ્લા પંદર વર્ષ ના ઈતીહાસમાથી મળે છે. ઈંગ્લંડની સરકાર જ્યાં દેશના ઉદ્યોગોને આવું રક્ષણ આપવાને તૈયાર થઇ કે તુરત નીચે પ્રમાણે પ્રશ્નો ઉદ્ભવ્યાઃ—(૧) રક્ષણ આપવાની પદ્ધતી કઈ રાખવી? આયાત અથવા નીકાશ ઉપર જકાતથી એવું રક્ષણ આપવું કે આવક વેરા-માથી મુકતી રૂપે કે ખાસ સરકારી મદદ રૂપે? (૨) કયા ઉદ્યોગોને રક્ષણ આપવું? જે ઉદ્યોગોમા આવકનું પ્રમાણ ઘેાડું હોય તેને, કે જેમાં દેશના મજુર વર્ગનો ઘણો ભાગ રોજી મેળવતો હોય તેને, કે જેની પેદાશ ઉપર અન્ય ઉદ્યોગોનો આધાર હોય તેને, કે જેની પેદાશ ઉપર દેશના લશ્કરી સંરક્ષણનો આધાર હોય તેને? પરદેશી કાચા માલમાંથી તૈયાર માલ બનાવનારને કે દેશી કાચો માલ વાપરનારને? પેાતાનો માલ દેશમાજ ખપાવનારને કે પરદેશ ખાતે માલ નિકાશ કરનારને? હીંદમા ઔદ્યોગીક સરક્ષણની રાજનીતીની હીમાયત કરનારે આ અને આવા બીજા જે જે પ્રશ્નો નિકળે તેનો જવાબ આપવાને તૈયાર રહેવું જોઇશે.

સામ્રાજ્યના ઉદ્યોગોને મદદ આપવાની રાજનીતીની હીમાયત મરહુમ જોસફ ચેમ્બરલેને શરૂ કરી તેને લગભગ વીસ વર્ષ થયા છતાં આ સામ્રાજ્યના સર્વ વિભાગોના કોઇ પણ એક અથવા અમુક ઉદ્યોગોને એક સરખી રીતે લાગુ પડે એવી રીતના કર કે ઉત્તેજનના પ્રકાર હજી સુધી સુચવાયા નથી. સામ્રાજ્યના વિભાગો એટલા છુટા છવાયા છે કે તેમાંથીજ માલ આયાત કરવાને બદલે પાસે આવેલાં પરરાજ્યોનો માલ આયાત કરવાનું

વધારે પરવડે; વળી વ્યુટ તથા લોખંડની ચીજો શીવાય કોઈ બીજો કાચો પદાર્થ પુરતા પ્રમાણમાં સામ્રાજ્યમાં પેદા થતો હોય; કદાચ બીજા કોઈ એવા પદાર્થો હશે તો પણ એમ જોવું પડશે કે એમાંથી બનેલો માલ સામ્રાજ્યમાંજ ખપી જશે કે પરદેશમા ખપાવવો પડશે પરદેશમાં ખપાવવા જતી વેળા હરીફાઈ તથા તે દેશની સરકાર જે જકાત નાંખે તેની અસરનો પણ વીચાર રાખવો પડે. આ સર્વ સંજોગોનો વીચાર કરીને નવી રાજનીતીની વીરૂધમાં હીંદી સરકારે ૧૯૦૩માં અભિપ્રાય આપ્યો હતો તે બદલવાને હાલમાં કાંઇ કારણ મળ્યાં હોય એવું આપણા જાણવામાં નથી અને તેમ છતાં સરકારે નવી રાજનીતી સ્વીકારી છે. રંગની આયાત યુનાઈટેડ કીંગડમમાંથીજ કરવી એમ ઠરાવ્યું છે, ચામડાની નીકાશ જકાતના પંદર ટકામાથી દસ ટકા જેટલો ભાગ સામ્રાજ્યના ઉદ્યોગ માટે વળતરરૂપે આપવાનું ઠરાવ્યું છે અને ગળી બનાવવાના હીંદના ઉદ્યોગને આવક વેરામાથી માફી આપી છે. હીંદી પ્રજા એ સર્વ માટે વાધો લે એમાં નવાઇ નથી કારણ કે એમાં નથી થયો હીંદના હીતનો વીચાર કે નથી લેવાઇ સામ્રાજ્યના હીતનો સાંગોપાંગ તપાસ; અધુરા, ઉપલકીયા, અને છુટક પ્રયત્નોનું પરીણામ હીતકારક થવાને બદલે નુકશાનકારક વધારે નીવડે તો આશ્ચર્ય પામવાનું કારણ નથી.

કુતરાના ગુચ્છા દારવાળ ઉનને બદલે વાપરી શકાય એવા હોય તે એકઠા કરી તેનો પણ કાપડ બનાવવા માટે ઉપયોગ કરવા ફ્રાંસે ઈંગ્લંડમાં એક મંડાણ સ્થપાયું છે જેનું નામ બ્રીટીશ ડૉગ્સવુલ એસોસીએશન છે બીજી ઈંડીયન ટેક્સ્ટાઈલ જર્નલના જુલાઇ માસના અંકમાં ૧૮૮મે પાને એ વીશે એવી ટીકા કરવામા આવી છે કે કાપડ વણવા કરતાં ભોજન ગુંથવા જેવાં કામમાં એ વધારે ઉપયોગી થઇ પડશે. હિંદમાં એવાજ પ્રયોગો કોઇએ કર્યા હોય તેમના અનુભવની વીગત અમને જો કોઇ લખી મોકલશે તો અમે અમારા માસીકમાં ખુશીથી છાપીશું.

હીંદુસ્તાનમાં આવેલી દરેક જગાને લગતી બને તેટલી સંપુર્ણ માહીતી પુરી પાડવાના હેતુથી 'ઈંડીયન ગાઇડ એંડ ડીરેક્ટરી' નામનું પુસ્તક મેશર્સ આનોલ્ડ વ્હાઇટ એંડ કંપનીએ બહાર પાડયુ છે. વેપારીઓને તે ઘણું ઉપયોગી થઇ પડવાનો સંભવ ધારીશકાય છે કેમકે તેમાં એ દરેક જગાને લગતો વેપાર મ્યુનીસીપાલીટીઓ, કોરટો, સ્કુલો, કોલજો, છાપાંઓ, હોટેલો, ડાક, મંગલાઓ, દેવળો, હોસ્પીટલો, મંડળીઓ, મુસાફરો માટે આવજા સગવડ પડતા માર્ગો, વગેરે તમામ પ્રકારની વીગત રજુ કરવાનો એમાં ઉદ્દેશ છે. કીંમત રૂપયા છ છે. જો પુસ્તક મંગાવવા પછી પસંદ ન પડે તો નાણા પાછાં આપવાને અને પોસ્ટનો ખર્ચ આપવાને પણ મેશર્સ આર્નોલ્ડ વ્હાઇટ કું. તૈયાર છે.

ખેતીવાડીને લગતા ૧૯૧૬-૧૭ ના વરસ માટેના આંકડાનું જે પુસ્તક થોડા માસ ઉપર બહાર પડયું છે તેમાંથી કેટલીક હકીકત આ માસીકના સપ્ટેંબર માસના અંકમાં ૧૧૧ મે પાને આપી છે. ખેડવા લાયક પણ ન ખેડાયલી જમીનનો વીસ્તાર દરેક વિભાગમા કેટલો છે તે એમા બતાવ્યું છે. ઘાસ ઉગાડવામાં આવતું હોય એવી જમીનના વીસ્તારને લગતી હકીકત આ અંકમાં આપી છે અને તે સાથે ઢોરની સંખ્યા પણ આપી છે તે ઉપરથી ઢોરોના ચારા માટે જે જમીન છે તે પુરતી છે કે ઓછી છે તે માલમ પડશે.

બ્રીટીશ ઇંડીયા સ્ટીમ નવીગેશન કંપનીના એજંટો મેશર્સ બીની એંડ કંપની સામે મી૦ વી. ટી. કૃષ્ણસ્વામી આયરે મદ્રાસની

હાઇ કોર્ટમાં દાવો માંડયો હતો જેમાં સ્ટીમર "મરકેયા" મારફતે ફરયાદીએ ચઢાવેલી ભોંયસીંગના પાંચસો કોથળામાંથી ગુમ થયેલા ૮૮ કોથળાઓ માટે નુકશાનીનો મહલો માગ્યો હતો બચાવ પક્ષની દલીલ એ હતી કે બીલ ઓફ લેડીંગની શરતો પ્રમાણે આવી નુકશાનીનો હક્ક ફરયાદીને નથી કેમકે એ માલ મેળવી લીધો ન હતો અને આ પ્રમાણે માલ ઘટી પડવા સંબંધી ખબર ત્રીસ દીવસની અંદર આપી ન હતી. નામદાર મી૦ જસ્ટીસ કુટસ ટ્રોટરે ચુકાદો આપતાં જણાવ્યું કે બીલ ઑફ લેડીંગમાં એ વીગેની કલમ એવી નાના અક્ષરે અને એવી રીતે છાપવામાં આવેલી છે કે તે વીશે માલ મોકલનારનું ધ્યાન ખેંચાય નહીં અને તેથી એવી કલમ બીલ ઑફ લેડીંગમાં દાખલ કરવાથી માલ મોકલનારને બંધન કર્તા ગણી શકાય નહીં. ગુમ થયેલા ૮૮ કોથળા ભોંયશીંગની કીંમત દર મણે સવાઅગ્યાર રૂપ્યા લેખે ગણીને સ્ટીમર કંપનીએ ફરયાદીને આપવી તથા વકીલનો ખર્ચ પણ આપવો એવો ફોર્ટે હુકમ ફરમાવ્યો હતો.

હીંદની બહારના મુલકમાંથી પોતાને થયેલી આવક માટે હીંદમાં વેપાર કરનારી પેઢી આવક વેરો આપવાને બંધાયલી છે કે નહીં તે પ્રશ્નનો ચુકાદો થોડા વખત ઉપર મદરાસની હાઇકોર્ટની કુલ બેંચે આપ્યો હતો મી. રામાનુજમ ચેટીયરની પેઢી હીંદમાં તેમજ ફ્રેંચ કોચીન ચાયનામાં વેપાર કરતી હતી. હીંદની બહારના ભાગોમાં તેને થયેલી આવક ઉપર આવક વેરો મદરાસ ધલાકાની બ્રીટીશ સરકારનાં મેહેસુલ-ખાતાંએ માગવાથી આ મુકદમો ઉભો થયો હતો. નામદાર વડા જજે ચુકાદો આપતાં જણાવ્યું કે આવક વેરા સંબંધી ૧૯૧૮ ના જે કાયદો હાલ હીંદમાં પ્રવર્તે છે તે બાંધનારાઓની જો એવી ઇચ્છા હોય કે હીંદની વેપારી પેઢીઓ પરદેશમાં જે આવક કરે તેની ઉપર પણ આવક વેરો લેવાય તો તેમણે કાયદામાં વધારે સ્પષ્ટ રીતે એ હેતુ દર્શાવવો ઘટતો હતો. એ કાયદો હાલ છે તે પ્રમાણે લેતાં પરદેશમાં થયેલી આવક ઉપર વેરો લઇ શકાય નહીં મદ્રાસ હાઇકોર્ટની કુલબેંચે ચુકાદો આપતાં જણાવ્યું કે પરદેશો ખાતે થયેલી આવક હીંદમાં લાવવામાં આવી ન હોય ત્યાં સુધી તેના ઉપર હીંદમાં આવક વેરો લઇ શકાય નહીં.

ગળીના પાકવીશેના પ્રથમ વર્તારો

૧૯૧૯-૨૦ ના વરસ માટેનો હિંદી સરકારના આંકડા ખાતાએ તા. ૧૭-૧-૧૯ને દીને બહાર પાડયો છે જે ઉપરથી જણાય છે કે બ્રીટીશ હીંદુસ્થાનમાં એ પાકનો વીસ્તાર ૨૦૮૧૦૦ એકર જેટલો છે તે ગયા વરસ કરતાં સેંકડે ૨૬ ટકા જેટલો ઓછો છે. એમાંથી ૨૭૩૦૦ હુ ડ્રેવેટ ગળી નીકળવાની ગણતરી ગણવામા આવે છે જે ગયા વરસ કરતા સેંકડે ૧૫ ટકા જેટલી ઓછી છે. મદ્રાસ તથા સ યુકત પ્રાંતો શીવાય સઘળે હવાપાણી અનુકુળ હતા અને પાકની સ્થીતી એકંદર સારી છે એકર દીઠ પાકની ઉતર ગયા વરસ કરતાં સહેજ વધારે થવાની વકી છે. એનો વીસ્તાર માત્ર બેરપુર રાજ્યમા ૪૭૦૦ એકર અને સીધના બીજા ભાગોમાં મલીને મુંબઇ ઇલાકામા કુલ ૭૫૦૦ એકર જેટલો છે જે ગયા વરસ કરતા સેકડે ૧૧ ટકા જેટલો વધારે છે એ પાક સીંધમાં છે અને ત્યા ની સ્થીતી સારી છે મુંબઇ ઇલાકા માટેની મેની ઉતર ૧૬૦૦ હુંડ્રેવેટ જેટલી થવાની વકી લખવામાં આવે છે ગયે વરસે એ ઉતર ૧૦૦૦ ડ્રેડવેટ જેટલી હતી.

૧૯૧૯-૨૦ ના રૂના પાક માટે મુંબઇ સરકારના ખેતીવાડી ખાતાએ બીજી યાદી તા૦ ૧૯-૧૦-૧૯ ને દીને બહાર પાડી છે જેમા તા૦ ૧-૧૦-૧૯ સુધીની ખબરો આપવામા આવી છે અને તે અધુરી છે હજી વાવણીનું કામ ચાલે છે અત્યાર સુધીમાં બ્રીટીશ મુલકમા ૨૭,૮૭,૦૦૦ એકર અને દેશી રાજ્યોમા ૨૧,૫૭,૦૦૦ એકર જગામા રૂના પાક માટે વાવણી કરવામા આવી છે. સીધમાં એનો વીસ્તાર ફક્ત ૩૨,૮,૦૦૦ એકર છે એ રીતે મુંબઇ ઇલાકા માટે કુલ ૫૨,૭૨,૦૦૦ એકર વીસ્તાર છે તે ગયા વરસ કરતાં ૨૩ ટકા જેટલો વધારે છે પછ છેલા દશ વરસ માં તા૦ ૧ લી આકટોબરે જે વીસ્તાર હતો તેવી સરશાશ કરતાં પાચ ટકા જેટલો ઓછો છે. ગયે વરસે રૂના ભાવ ઉંચા હતા તેને લીધે વધારો થયો છે ગુજરાતમા રૂનો શરૂઆતનો પાક જુનના પખવાડયામાં અને પાછોતરનો પાક જુલાઇની આખેરમાં વાવવામાં આવે છે. પખવહાલમા બેજ વધારે હોવાથી ફરી પાક કરવો પડયો હતો તે શીવાય ગુજરાતમાં રૂના પાકની સ્થીતી બધે સારી છે સપ્ટેંબરમાં અતીશય વરસાદ પડયો તેની અસર ખાનદેશ જીલામા થઇ છે અહમદનગર તથા શોલાપુર જીલામાં વરસાદના અછતથી પાકને સહેજ નુકશાન થયું હતું પછ પાછળથી વરસાદ પડવાથી ઘોડો સુધારો થયો છે. ખાનદેશમા પાક તૈયાર થવા માંડયો છે એકંદરે પાકની સ્થીતી સારી છે. કર્નાટકમા વરસાદની તંગીને લીધે પાકને બે ત્રણ અઠવાડયા જેટલી ઢીલ થઇ છે. એ પાકને ફણગા ફુટવા માંડયા છે. સીધમાં થર અને પારકર જીલ્લામા એપ્રીલમા અને બાકીના સઘ જીલામા જુનમા વાવણી કરવામાં આવી હતી. એની સ્થીતી સારી છે. રૂના પાકનો વીસ્તાર જુદી જુદી જાત પરત્વે નીચે પ્રમાણે હતો:—

	એકર
બંગાળા રજપુતાના	૪૦૦૦૦
ધોળેશ	૧૭૫૨૦૦૦
ભરૂચ	૧૧૦૩૦૦૦

ખાનદેશ	૧૩૫૪૦૦૦
અહમદનગર	૧૯૯૦૦૦
વેસ્ટર્ન	૬૧૦૦૦
કુમટા ધારવાડ	૪૩૫૦૦૦
સીંધી	૩૨૮૦૦૦

તલના ૧૯૧૯—૨૦ના વરસના પાક માટે મુંબઇ સરકારના ખેતીવાડી ખાતાએ તા. ૧-૧૦-૧૯ સુધીની હકીકત ઉપરથી બીજી યાદી તા. ૧૩-૧૦-૧૯ ને દીને બહાર પાડી છે જે ઉપરથી માલમ પડે છે કે મુંબઇ ઇલાકામાં ખરીફ તથા રબીના પાકનો વીસ્તાર નીચે પ્રમાણે હતોઃ—

	બ્રિટીશ મુલક	દેશી રાજ્યો
	એકર	એકર
સીંધ	૩૧૦૦૦	૧૦૦૦
બીજા વિભાગો	૧૨૫૦૦૦	૩૩૦૦૦૦
કુલ મુંબઇ ઇલાકો	૧૫૬૦૦૦	૩૩૧૦૦૦

આ બેઉ મળી કુલ ૪૮૭૦૦૦ એકર જેટલો વીસ્તાર થયો તે ગયા વરસ કરતાં સેકડે ૧૩૧ ટકા જેટલો વધારે છે પણ છેલાં દસ વરસમાં તા. ૧ લી ઓકટોબરે હતો તેની સરેરાસ કરતાં ૪૫ ટકા જેટલો ઓછો છે. અનાજના પાક માટે વધારે જમીન જવાથી આ પાકનો વીસ્તાર જોઇએ તેટલો વધી શકયો નથી. સીંધમાં નહેરોની સગવડ થયું આ પાકના વીસ્તારનો વધારાનું કારણ છે. પંચમહાલમાં ભારે વરસાદથી નુકશાન થયું છે તે શીવાય ગુજરાતમાં બધે તલનો શરૂઆતનો પાક સારો છે. ખાનદેશ તથા નાશકમાં એની સ્થીતી સારી છે બાકી દક્ષણમાં એની સ્થીતી સારી નથી. કચ્છ ઓકમાં કેટલેક સ્થળે ચીમળાયો છે બાકી બધે તેની સ્થીતી ઠીક છે. કોંકણમાં પાક સારો છે. કરાંચી ખાતે અતી વરસાદથી અને થરપારકર જીલામાં વરસાદની અછતથી એને નુકશાન થયું છે. સીંધના બીજા ભાગોમાં એની સ્થીતી સારી છે. ખાનદેશમા કાપણી કરવામાં આવે છે બાકીના ભાગમાં પાકને કુલ આવ્યાં છે અને કેટલેક ઠેકાણે હુંડાં બાજયાં છે.

૧૯૧૯-૨૦ ના શેરડીના પાક વીશેનો બીજી યાદી મુંબઇ સરકારનાં ખેતીવાડી ખાતાંએ તા. ૧૩-૧૦-૧૯ ને દીને બહાર પાડી છે જે ઉપરથી જણાય છે કે એનો વીસ્તાર સીંધમાં ૭૦૫૦૦ એકર જેટલો છે જે ગયા વરસ કરતા ૨૮ ટકા જેટલો ઓછો છે. પાકની સ્થીતી બધે સારી છે.

ઘાસ ચારો અને ઢોર.

ઘાસચારો ઉત્પન્ન કરવામાં આવતો હોય એવી જમીનનો વીસ્તાર તથા ઢોરોની સંખ્યા ૧૯૧૫-૧૬ ના વરસમાં કેટલી હતી તે વીગત છેલા સરકારી પુસ્તક ઉપરથી નીચે દર્શાવી છેઃ—

જીલ્લો.	વીસ્તાર		ઢોરોની સંખ્યા. (૧૦૦૦)			
	હજાર એકર.	બળદ.	ગાય.	ભેંશ	વાછરડાં	બીજાં
અમદાવાદ	૧૩૫	૧૨૧	૯૭	૧૦૦	૧૬૭	૧૪૪
ખેડા... ...	૧૦૭	૧૦૪	૩૪	૧૧૮	૧૬૨	૭૨
પંચમહાલ ...	૮૭	૧૨૪	૮૪	૪૧	૧૩૯	૮૦
ભરૂચ ...	૫૧	૫૮	૧૪	૩૦	૪૯	૪૯

જીલ્લો.	વીસ્તાર. હજાર એકર.	બળદ.	ગાય.	ઢોરોની સંખ્યા. (૧૦૦૦) ભેંશ.	વાછરડાં.	બીજાં.
સુરત ...	૨૮૦	૧૧૫	૭૦	૫૨	૧૩૬	૧૦૧
ખાનદેશ ...	૬	૩૯૫	૨૧૧	૧૨૧	૩૧૫	૪૦૫
નાશક ...	૯૦	૨૬૯	૨૦૩	૬૩	૧૬૮	૨૫૭
અહમદનગર ...	૧૧	૨૯૧	૧૮૯	૩૨	૧૯૧	૬૫૬
પુના ...	૯૩	૨૫૬	૧૭૦	૫૧	૧૬૭	૪૨૬
સોલાપુર ...	૧૨૪	૧૭૬	૧૦૭	૩૪	૧૩૬	૪૭૧
સતારા ...	૩૩૧	૨૩૪	૧૪૬	૧૦૬	૧૬૫	૪૭૭
બેલગામ ...	૮૮	૧૭૮	૬૬	૧૨૪	૧૭૩	૨૮૨
બીજાપુર ...	૬	૧૮૬	૬૧	૭૧	૧૬૩	૩૪૭
ધારવાડ ...	૫૩	૨૧૬	૧૦૫	૧૦૬	૧૮૭	૨૦૧
થાણા ...	૧૩૨	૧૫૬	૧૨૧	૭૭	૧૩૮	૭૫
કોલાબા ...	૨૮	૧૦૦	૮૫	૭૨	૬૬	૩૫
રત્નાગીરી ...	૩૮	૬૬	૪૪	૩૬	૫૬	૧૬
કાનરા ...	૪૨	૮૫	૬૭	૪૬	૮૪	૩
કુલ મુંબઇ ઇલાકો.	૧૭૧૨	૩૨૦૮	૧૬૫૦	૧૩૦૪	૨૭૪૨	૨૫૪૬
સીંધ ..	૩૭	૬૧૬	૭૦૪	૨૮૬	૫૬૫	૧૬૩૧
સંયુક્તપ્રાતો ..	૧૧૮૬	૧૦૬૧૩	૬૮૫૩	૪૬૬૬	૬૬૦૩	૧૩૫૧૬
બીહાર-ઓરીસા	૩૬	૬૫૧૬	૫૮૧૬	૨૨૮૦	૫૪૭૬	૧૬૭૪૩
પ જાબ ...	૪૦૫૬	૪૫૮૬	૩૬૬૬	૩૧૮૬	૪૦૪૧	૧૦૫૭૬
બરમા ...	૮૪	૧૪૧૬	૧૩૮૦	૮૫૬	૧૬૪૧	૩૪૬
મધ્યપ્રાતો ...	૪૬૩	૩૨૪૦	૨૬૪૪	૧૧૨૩	૨૭૧૬	૧૩૮૬
બ ગાલ ...	૧૮૭	૮૬૦૨	૭૦૬૫	૬૪૨	૮૩૮૩	.. ..
મદ્રાસ ...	૩૪૭	૬૭૪૮	૫૩૮૧	૩૭૫૦	૫૮૭૮	૧૮૩૮૦
બ્રીટીશ હીંદમાં કુલ.	૮૧૬	૪૬૪૧૬	૩૭૬૧૬	૧૬૭૮૪	૪૩૧૧૨	૬૦૦૭૬

ગારસેલ્સની ૨ ગીત, લાંદીઓ. સફાઇદાર અને મજબુત.

વેપારી આંકડાઓ.

ખાંડની જગાત વખતે આંકેલી કિંમત.

ઇ. સ. ૧૯૧૧ ની સાલના કસ્ટમ સરકયુલર નંબર ૫ મા માં બતાવેલી રૂઢી પ્રમાણે ખાંડ ઉપર કેટલી જગાત થશે, તે અંદાજ કાઢવો સહેલો થઇ પડે તેવા હેતુથી આ કોષ્ટક તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં પ્રથમ સપ્ટેંબર ૧૯૧૯ માસ દરમ્યાન કેટલી આયાત થઇ પડી હતી તે તથા કસ્ટમ હાઉસના રીટર્ન પ્રમાણે તેની એક હંદ્રવેટની સરેરાશ શી કિંમત હતી તે આપવામાં આવ્યું છે, અને બીજા કોલમમાં વરસની શરૂઆતથી આજ સુધી થયેલી કુલ આયાત તથા તેટલા વખત દરમ્યાન તેની સરેરાશ કિંમત શી રહી છે તે પણ આપેલું છે.

ખાંડની જાત.	ઇ. સ. ૧૯૧૯ ના સપ્ટેંબર માસમાં થયેલી આયાત.		૧૯૧૮ ની પહેલી ઑકટોબર પછી થયેલી આયાત.	
	જથ્થો.	દર હંદ્રવેટની સરેરાશ કીંમત.	જથ્થો.	દર હંદ્રવેટની સરેરાશ કીંમત.
	હંદ્રવેટ.	રૂા. આ.	હંદ્રવેટ.	રૂા. આ.
ખાંડ ગાંગડીવાળી ૧૬ જાતની	.....	.....	૨૬	૨૫—૦
,, ,, સુંવાળી ચીનમાં સુધારેલી	૩૨,૭૬૦	૨૯—૧૨	૧,૨૯,૨૯૬	૨૭—૪
,, ,, સુંવાળી ૧૬ જાતમાંથી	.....	.....	.....	.....
,, ,, જાવાની અથવા જાપાનની ૨૩ ડચ સ્ટેન્ડર્ડની તથા ઉપરની	૪,૮૮,૩૬૧	૨૫—૧૨	૬૧,૧૧,૨૦૮	૧૮—૮
,, ,, જાવાની અથવા જાપાનની ૧૬ થી ૨૨ ડચ સ્ટેન્ડર્ડની	૧,૭૫,૯૨૭	૨૨—૪	૧૬,૬૩,૨૨૮	૧૭—૪
,, ,, જાવાના અથવા જાપાનની ૧૫ ડચ સ્ટેન્ડર્ડની અને હલકી	.....	.....	૬,૭૩૩	૨૩—૦
,, ,, મોરીસીયસની ૧૬ ડચ સ્ટેન્ડર્ડની બરોબરી કરે એવી	૧૧	૨૭—૪	૧૨,૫૧,૧૫૭	૧૭—૪

IMPORTS OF SUGAR.

ખાંડની આયાત.

બ્રિટીશ હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોમાં ૧૯૧૯ ના આગસ્ટ મહિનામાં શેરડીની ખાંડ નીચે પ્રમાણે આયાત થઇ હતી:—

	શેરડીના પાક	
	૧૯૧૮	૧૯૧૯
	હંદ્રવેટ	હંદ્રવેટ.
બંગાળા	૨,૯૧,૩૧૨	૩,૩૨,૭૫૮
મુંબઇ	૧,૧૮,૮૪૧	૨,૩૧,૧૯૨
સિંધ	૫૨૦	૧,૫૧,૨૬૮
મદ્રાસ	૧,૮૦,૫૦૧	૫,૬૯૪
બર્મા	૧૬,૭૮૦	૬,૮૨૫
	૬,૧૬,૬૫૪	૭,૨૮,૦૩૯

જુદા જુદા દેશોથી શેરડીની ખાંડની આયાત કેટલી થઈ હતી તે દર્શાવવા માટે એપ્રીલથી આગસ્ટ સુધીના પાંચ માસ માટેના આંકડાં નીચે આપ્યા:—

	હંદ્રવેટ.	
	૧૯૧૮	૧૯૧૯
યુનાઇટેડ કીંગ્ડમ	૭	૧,૭૨૬
સીલોન	૬	૬૫
સ્ટ્રેટ સંસ્થાનો	૭,૬૫,૬૨૫	૧,૭૫,૭૪૦
જાવા	૨૧,૮૬,૬૧૭	૨૨,૬૩,૪૪૮
ચીન	૧૪,૦૭૭	૬૭,૩૬૨
જપાન	૫,૨૬૨	૧
ઇજીપ્ત	૬,૬૭૮	૨૧,૭૬૬
મોરેશસ	૪,૭૦,૬૬૪	૧,૭૮,૨૩૯
યુનાઇટેડ સ્ટેટસ	૨,૦૦૬	૩,૦૮૯
બીજા દેશો...	૨૮૯	૧૪
	૩૪,૫૦,૬૭૬	૨૭,૭૧,૪૮૦

સુતર અને સુતરાઉ કાપડના આંકડાઓ.

ઇ. સ. ૧૯૧૯ ના જુલાઇ માસમાં હિંદુસ્તાનની મીલોમાં નીચે પ્રમાણે સુતર તથા સુતરાઉ કાપડ બનાવવામાં આવ્યાં હતાં:—

સુતર (રતલ ૧૦૦૦)

	૧૯૧૮	૧૯૧૯
બ્રિટીશ ઇન્ડીયા		
મુંબઇ	૩૭,૭૭૫	૪૨,૪૪૯
મદ્રાસ	૩,૮૮૮	૩,૯૮૬
બંગાળા	૨,૬૩૦	૩,૦૩૬
યુનાઇટેડ પ્રૉવીન્સીઝ	૨,૭૦૨	૩,૩૩૦
અજમેર મેવાડ	૧૯૪	૧૮૪
પંજાબ	૩૮૭	૨૭૧
દીલ્હી	૨૪૬	૨૮૧
મધ્ય પ્રાંતો તથા બિરાર	૩,૦૪૫	૩,૧૦૨
બ્રિટીશ ઇંડીયામાં કુલ	૫૦,૯૫૧	૫૬,૬૪૪
દેશી રાજ્યો	૩,૦૧૪	૩,૦૮૩
એકંદર કુલ	૫૩,૯૬૫	૫૯,૭૨૭

કાપડ

		રતલ વાર (૧૦૦૦)	રતલ વાર (૧૦૦૦)
બ્રિટીશ ઇન્ડીયા		૧૯૧૮	૧૯૧૯
મુંબઇ	રતલ	૨૬,૧૭૮	૨૭,૧૧૮
	વાર	૧,૧૩,૦૩૮	૧,૧૯,૭૬૨
મદ્રાસ	રતલ	૧,૫૭૯	૧,૨૧૦
	વાર	૩,૮૪૯	૩,૬૬૨
બંગાળ	રતલ	૩૫૪	૪૬૦
	વાર	૧,૮૬૦	૨,૩૫૮
સંયુકત પ્રાંતો	રતલ	૮૮૮	૧,૧૧૩
	વાર	૨,૦૬૯	૩,૮૦૭
અજમેર મેવાડ	રતલ	૧૧૫	૬૬
	વાર	૪૦૧	૩૩૦
પંજાબ	રતલ	૧૦૭	.....
	વાર	૪૨૨	૩
દીલ્હી	રતલ	૭૫	૬૮
બાઇફોકલ ફ્રેમ તથા તોરીક (દુર તથા નજીક જોવા માટે સાંધા વગરનાં) લેન્સીસ તથા ઉંચી કવોલીટીના ગ્રેફીલીઅન પેબલસના તેમજ આંખને ઠંડક આપનારા સફેદ તથા રંગીન ફાઉન ગટાપરના સીલીનડરીકલ તથા કમપાઉન્ડ સીલીનડરીકલ પ્રીજમેટીક વગેરે દરેક જાતના લેનસીસ બનાવી આપીએ છીએ. ઉતમ માલ છતાં ભાવ વ્યાજબી દીક્ષાયત.

"વી વી"

આંખનાં ટીપાં

આંખ દુઃખવા આવવી, પાણી જવું, ખીલ વગેરે દરદો માટે ઠંડો ખાત્રીપુર્વક ઇલાજ કીંમત આના ૧૨.

આંખની સંભાળને લગતી કીંમતી નુસખાઓ સાથની ચોપડી મુફત મળશે.

નબળાં બૈરાં માટે.

—:o:—

આલટ્રેઝ કોરડીયલ રીયો એજ સ્ત્રીના તમામ દરદોપર અકસીર અને રામબાણ ઈલાજ છે. ખાસ કરીને સ્ત્રીના ગરભાશયના તમામ દરદો દુર કરવાને અચુક શક્તિ ધરાવે છે. બધાંના ગરભાશયના થતા તમામ દરદો જેવાં કે મેનોરીયા, લ્યુકોરીયા, એમેનોરીયા અને એવાંજ દરદો દુર કરવાની તેમાં અદભુત શકિત છે. નબળી પડેલી અને લોહી વગરની ફીક્કી છોકરીઓ અને ગરભવંતી સ્ત્રીઓને ઉપલી ગયેલી શક્તિ પાછી લાવી આપે છે. આલટ્રેઝ કોરડીયલ રીયો ગરભાશયના ક્રમને બરાબર ઠેકાણે લાવે છે, અને કસુવાવડ થતી અટકાવે છે. પીઠમાંના દુખાવો, પેઢુમાં થતું દરદ અને કમ્મરમાં થતું અસહ્ય દુઃખ જે બૈરાંને થતું હોય તેને ઉપલી દવા આપવી. વૈદો તથા ડોકટરોને ઉપલી દવા ગરભાશય સંબંધી દરદોને દુર કરવાને ઘણી અકસીર થઇ પડશે.

જે બાળાઓ ૧૧ થી ૧૮ વર્ષની ઉમ્મરની અંદર હોય છે અને જેઓ બાળા મટીને સ્ત્રીની અવસ્થામાં આવતી હોય તો તેને ઉપલી આલટ્રેઝ કોરડીયલ રીયો તેઓના અનયવને બરાબર ખીલવવામાં ઘણી ઉપયોગી થઇ પડશે. દવા લેવાની રીત:— દહાડામાં ત્રણ વખત ચાના એક ચમચાભર.

—:o:—

શક્તિની દવા.

સેલેરીન જેઓ ઘણું નબળા હોય, જેઓને ઉંઘ આવતી ન હોય, જેને હિસ્ટીરીયા લાગુ થયો હોય, જેને પચતું ન હોય અને જેઓ નબળાઇથી તવાઇને ક્ષીણ થઈ ગયા હોય તેઓએ ઉપલી દવા જરૂર લેવી. દવા લેવાની રીત:— જમવા પહેલા અને સુવા જવા એક કલાક આગગ્રજ એક ચાના ચમચાભાર દવા લેવી.

સેલેરીના લગભગ ૪૦ (ચાલીસ) વર્ષ થયાં નબળા પૂરૂષોને માટે શક્તિને માટે જગ જાહેર થયેલી છે.

ઉપલી આલટ્રેઝ કોરડીયલ રીયો અને સેલેરીના હિંદુસ્તાનમાં કોઇ પણ આબરૂદાર કેમીસ્ટ, ગાંધી અથવા દવા વેચનાર પાસેથી છુટક અથવા જથ્થાબંધ મળી શકશે. ઉપલી દવાની ઉપર જણાવેલાં દરદો દુર કરવાની અચબુચ શક્તિને લીધે ઘણાં બેદાદારી એની નકલ કરવા લાગ્યા છે; માટે જે કોઇની ઉપલી દવા જ્યારે પણ લે ત્યારે એનાપર લગારેલું લેબલ જેના પર 'રીયો કેમીકલ કું.' નામ લખેલું છે તે વાંચવું.

ઉપલી દવાનો જેને પણ અજમાયેશ કરવો હોય તેને નીચે ઠેકાણેથી મફત મોકલવામાં આવશે.

THE RIO CHEMICAL CO.
79, BARROW STREET,
New York, U. S. A.

રીયો કેમીકલ કું.
૭૯, બારો સ્ટ્રીટ,
ન્યુયોર્ક સીટી યુનાઇટેડ સ્ટેટસ, અમેરિકા.

વાંચો—

ધી લક્ષ્મી આર્ટ

T HE LAKSHMI ART

વેપારીઓ તથા સાહિત્યના શોખીનો માટે

ઉત્તમ સાધન.

આ ભયંકર લડાઈના વખતમાં દરેક બીજ બેહદ મોંઘી થઈ છે
તેવા વખતમાં
વેપારીઓને પોતાના માલ સારૂ જોઈતા

નવનવીન લેબલો

તથા વાર્તાઓ તથા સાહિત્યના પુસ્તકોમાં નાંખવા લાયક

ત્રણ રંગમાં તથા એક રંગમાં

૫૦૦ ઉપર ચિત્રોના જીવોક અમારી પાસે તૈયાર છે,
જેમાંથી તમોને મનપસંદ જરૂર મળી શકશે.

એકવાર આવો અને ખાત્રી કરો.

ધી લક્ષ્મી આર્ટ પ્રીન્ટીંગ વર્કસ,
(૧૦) સાકલી સ્ટ્રીટ, ભાયખલા, મુંબઈ.

B O M B A Y.

ધી લક્ષ્મી આર્ટ ભાયખલા મુંબઈ

હીસ્ટરિયા-વાયુ મુક્તા—

કીં. રૂ. ૫-૦-૦ પો. જુદું.

મૂર્ગી-ફેફરૂં કે વાઇથી આંકડી, તાણ, બેંચ કે ઠંડીથી આવતાં બેશુદ્ધિ, દાંતખીલી શ્વાસ રૂંધાવો, થંડાગાર બનવું, ફીણના ફીણેટા, ચેટના દુખાવા ઇ૦ નવા કે જુના દરદ માટે રામબાણ છે.

વળી ચિત્તભ્રમ-ઉન્માદ કે ચેસ્કાને લીધે, રડવું, કુટવું, ધુણવું, નાસવું, બકવું, મૌન્યતા, વિચિત્ર ભ્રમ, પ્રેતાદિચેષ્ટા વગેરે લક્ષણો ઉપર તેજહાર વસ્તુ છે.

ઉપયોગ કરેથી આવ્યો. હવા મહિનાભરની-વનસ્પતિની-રિપ્લાય પત્રે જવાબ, વ્યાયામ કળાશાસ્ત્ર-શરીર કેળવવા ૩૫૦ કહેતું રૂ. ૨, પો.)ક્રૂ-દેશીનામું-નામું શિખવાનું ગવર્નમેન્ટ ટેકસ બુક કી ૦)ક્રા. પો-)ક્રૂ

છગનલાલ લલ્લુભાઈ શાહ દેશીનાવાળા. અશોધિક હીસ્ટિરિયા-શેઠ શેરી-વડોદરા.
(૨૬)

પ્રેમચંદ કરનાજી સુરતવાલા.

વીજળીના દરેક જાતના સામાન વેચનાર તથા રીપેરીંગ અને ફીટીંગ કામ કરનાર.

સ્ટોવ, સેન્ડ, તથા વાયરની ટોર, તથા ઝુમર, તથા બેટરી ટેલફેન, વગેરે માલ ફીક્ષાયત ભાવે મળશે.

એક વખત પધારી કામ પાડી ખાત્રી કરશો.

ઠે૦ મુળજી જેઠા બીલડીંગ, બીજે માલે, બ્લોક નં. ૬, મુંબઇ નં. ૨.

સ્વદેશી આગની વીમા કું.

ધી ઈન્ડીયન મર્કન્ટાઇલ ઈન્શ્યુરન્સ કુંપની લીમીટેડ.

(સને ૧૮૮૨ ના ૬ ઠા એકટની અને ૧૮૯૫ ના ૧૨ મા એકટની રૂએ રજીષ્ટર્ડ કરી છે.)

ફંડ રૂા૦ ૫૦,૦૦,૦૦૦ જે ૫૦,૦૦૦ શેરોમાં
વેહેંચાયેલું છે. દર શેર રૂ. ૧૦૦ નો,
ભરાયલી કેપીટલ રૂ. ૨૧,૧૫,૩૦૦,
રીઝર્વ ફંડ રૂ. ૨,૦૮,૦૦૦
મીલકતની કીંમતમાં ઘટાડાનું રીઝર્વ ફંડ રૂ. ૫૦,૦૦૦
આગની નુકશાનીના દાવાની ભરેલી કુલ રકમ આશરે રૂા. ૨,૮૦,૦૦૦.

ડીરેકટરો.

ઑનરેબલ શેઠ મનમોહનદાસ રામજી (ચેરમેન.)
શેઠ માધવજી દામોદરદાસ ઠાકરશી.
શેઠ માધવજી ઠાકરશી.
શેઠ મારારજી વેલજી.
શેઠ જેઠાભાઇ વાલજી.
શેઠ વાલજી સુંદરજી.
શેઠ પરશોત્તમ કાનજી.
શેઠ જગજીવન શેષકરણ.

દરેક જાતનું આગના વીમાનું કામ (જેવું કે ણીહીડીંગ્સપર, મીલોપર વિગેરે વિગેરે) હાથમા ધરવામાં આવે છે. જાહેર પ્રજાને તથા વેપારી વર્ગને એલ્તેમાસ કરવામાં આવે છે કે આ સ્વદેશી કંપનીને પુરતું ઉત્તેજન આપવાની મેહેરબાની કરવી. વધુ વિગત સારૂ આ કંપનીની ઓફિસમાં લખવું અથવા જાતે મળવું.

ચેસ્તનજી એદલજી ધાલા.
સેક્રેટરી, ધી ઈન્ડીયન મર્કન્ટાઇલ ઇન્શ્યુરન્સ કું૦ લી૦
૧૯, એન્ડરઓટ, કોટ, મુંબઇ.

૬-૧૧

ટુંકી જાહેર ખબરો.

પરચુરણ કામકાજ અને ધંધારોજીઓને માટે ટૂંકે ખરચની (ટેલીગ્રાફ સીસ્ટમની) આ જાહેર ખબરો ચાર આનાના સોળ શબ્દ અને ઉપરાંત વધુના દરેક શબ્દ દીઠ એક પૈસાના ભાવથી લેવામાં આવશે. ૧૬ શબ્દ દીઠ ચાર આના અને તેથી ઘણાં શબ્દ દીઠ એક પૈસો લેવાનો રિવાજ છે. છપાવનારાઓએ દરેક મહીનાની તા ૨૦ મી સુધીમાં લખાણ પૈસા સાથે નીચેને સરનામે મોકલી આપવા જોઈએ. અંદર લખાણ અને પૈસા સાથે પોસ્ટમાં મોકલી આપવાં.

સેક્રેટરી, ઈંડીયન મર્ચન્ટસ ચેમ્બર એન્ડ બુરો,
ઓલ્ડ ટેલીફોન બિલ્ડીંગ્સ ૧૯,
બૅંક સ્ટ્રીટ—ફોર્ટ—મુંબઈ.

ચરોતરની તપખીર—ચરોતરની સર્વોત્તમ તમાકુનાંથી શ્રીમંતો માટે આસ હાથે ઘુંટા બનાવેલી.—કીંમત રતલના રૂપીયા ચાર—નમુનો મફત ચરોતર એજન્સી,
(૬૨) નડીયાદ.

" લગ્નનું પહલું " નામની ચોપડી એક આનાની ટીકીટ મોકલી મંગાવો.
ડી. એન. શાહ, ખપાટીયા ચકલા
સુરત.

ચાવાપિ બહાર નજ પડેલી એવી મુંબઈ ઈલાકાની છુપોળાની પ્રશ્નોત્તરમાળા—ચાર આના બીલ ધીરણ માટે અંકગણીતનાં મનોયત્ન ચાર આના અને દરેક ચોપડીને હીકેટ્શન શિક્ષક તૈયાર છે.

છગનલાલ મોતીરામ શાહુ.
(૬૩) શાહુબાર—સુરત.

" રેલ્વે ભુલભમાંથી " પરાધીન મુંગા યર્ કલાસ રેલ્વે મુસાફરોના મુશ્કેલીઓ દુર કરવાને તે તમારે કોઇપણ પ્રકારની મદદ, બાતમી, અથવા સાહાય્ય જોઇતી હોય અથવા તમારું તમારા હિંદને લેવામાં વધારે ફેલાવો જોવો હોય તો " ઇન્ડીયન ઓર્ડ ઓફ્ ડાઇરેક્ટરસ " ના ઉપરીપણા નીચે સ્ટેટ મેનજમેન્ટ ઓફ્ રેલ્વેઓ સ્થાપમામાં આવ્યું કરવું. આ બાબતના કાયદાઓની કોપીઓ અને તેનો રીપોર્ટ નીચે જણાવેલ સદૃગૃહસ્થ પાસેથી મળશે:—

જીવરાજ જી. તેનસી
ધી ઇન્ડીયન પેસેનજરસ એન્ડ ટ્રાફીક
રીલીફ્ એસોશીએશન,
બોરા બજાર સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ.

અમારાં ધરાકો કોણ છે ?

હીમ હાઇનેસ ધી નવાબ સાહેબ સર, જી. સી. આઈ. ઇ, હીઝ હાઇનેસ મેજર નવાબ સાહેબ સર, કે. સી. આઇ. ઇ, હીઝ હાઇનેસ મહારાજા ધીરાજ સાહેબ સર, કે. સી. આઇ. ઇ, હીઝ હાઇનેસ ઠાકોર સાહેબ, જી. એસ. આઇ, અને બીજા રાજ મહારાજાઓ, નવાબ સાહેબો, નામદાર સરકારના ધારા સભાના મેમ્બર ઓનરેબલ સર, તથા બીજા ઓનરેબલ મેમ્બરો, મુખ્યાલા હાઇ કોર્ટના નામદાર જજ સેસન્સ જજો, કમીશ્નરો, કમાન્ડીંગ ઓફીસરો, લેફ્ટેનન્ટ કર્નલો, મેજરો, કેપ્ટનો, નામદાર વાઈસરોય સાહેબના ઓનરરી એ. ડી. સી. લેફ્ટેનન્ટ, માઇમ મીનીસ્ટરો, નામદાર ઇન્ડીયા સરકારના હોમસ અને ઇન્ડસ્ટ્રીયલ ડીપાર્ટમેન્ટના આસીસ્ટંટ, પોલીટીકલ એજન્ટ, સરકારી સીવીલીયન ઓફીસરો, રેપ્યુટી કમીશ્નરો, કલેક્ટરો, મુખ્તેદારીજ એજ્યુકીયરસ, મુખ્તેદારીજ વાઇસરીગલ અસ્ટંટ, (દીલ્હી) રેલ્વે મેનેજરો એકઝીક્યુટીવ એન્જીનીયરો દીવાન બહાદુરો, રાવ બહાદુરો, જસ્ટીસ ઓફ ધી પીસ, મુખ્તના માજી પોલીસ કમીશ્નર, ઇન્ડીયન નેશનલ કોન્ગ્રેસના રીસેપ્શન કમીટીના પ્રમુખ, બેરીસ્ટરો, ડેપ્યુટી રજીસ્ટર જનરલ ઓફ પોસ્ટ ઓફીસ ઇન્ડીયા, ઓનરેબલ સરજ્યન જનરલ સર ક્યુથેસ પાકી. કે સી એસ. આઇ, એમ ડી. લંડ ડીરેક્ટર જનરલ ઓફ ઇન્ડીયન મેડીકલ સરવીસવાલા પ્રમુખ હતા તે સ્પેશીયલ રેડ ક્રોસ વોર હોસ્પીટલ, કે જેમાં મેજર ઓનરેબલ સર, એફ્. સ્ટર્લ્ હી આઇ. ઇ. કલકત્તા તથા મેજર એ ઇ વાલ્ટર આઈ. એમ એમ. જેવા મોટા નામાંકિત સરકારી ઠાકરો વ્યવસ્થાપક હતા તે એ ધી સરકારી હોસ્પીટલ, (યુરોપીયન સીવીલ સરજ્યનો. લેફ્ટેનો, કેપ્ટનો) (આઇ એમ. એસ.) એમ. ડી અને વિવાધ ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો, ક્રોકેજેના પ્રીન્સીપલો, યુરોપીયન તથા દેશી અમલદારો અને ગૃહસ્થો તથા બહાર બહાર દેશોના મોટી પદવીના અમલદારો અને ગૃહસ્થો વગેરે.—

આદશાહો ચાકુતી.

અમે તે કારણથી ઝુમાવેલી તાકાત પાછી લાવે છે પુરવાતન કાયમ રાખે છે આ રાજવંશી યાકુતી વર્ય ચિકારના તમામ બ્યાધી મટાડે છે અને વીર્યં વૃદ્ધ બનાવી ઝટ પુરવાતન આપે છે. ખરી મરદાઇ આપનાર અને નબળા માણસને પણ લુગાવનારી માફક એરોવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી આસ ભલામણ છે આ દવા વાપરવામાં કોઇ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળાની ડબ્બી એકના રૂા. ૬૬.

ડાકટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

" ટીકલી " બ્રાન્ડ લેમોનેડ.

જે હિંદુ ભાઇઓને ગરમ છ ગાટલીના પાણીની સુગ હોય તેઓને તથા મુસાફરી વેળા ઉનાળાના ઉકળાટથી જીવને રાહત આપવા, હમારી લેમોનેડ "ટીકલીઓ" ખારે આવકાર પીણું છે. બે "ટીકલીઓ" ભુકો કરી એક ટમ્બલર ઠંડા પાણીમાં નાખી તુરત સ્વાદિષ્ટ થાય છે. કી. ૧ ટ્યુણના આના ૮.

હમારી શુગર કોટેડ કવીનાઇન કેસકેરા વેજીટેબલ લેકસેટીવ પરગેટીવ વગેરે "ટીકલીઓ" અને ગુણકારક, બનાવટો મુંબઇ મધ્યે મારકીટમાં હવા વેચનારાઓને ત્યાંથી તથા હમારા ૧૧ વાડી મધ્યેના કારખાનાં મધ્યેથી મળશે.

ડૉ. ડી. રાઇટર એન્ડ કુંપની

૨૧) "ટીકલી" બ્રાન્ડ ટેબ્લેટ બનાવનારા મુબઇ. નં. ૪

ગાઉટી રીયુમ શાસ્ત્રો

સંધીવા અને ગાઉના દરદો માટે આ એક ધણુજ અસરકારક રામબાણ અને ઝટપી ઇલાજ તે હવા નામનુ છે. એ તેલ વા, ચેન મારનો વા, તમામ જાતનો સંધીવા, સાએટીકા, ગાઉ, ઝડની, કરતલ, આકાર નસોનુ ચાણું, કમર, છાતી, સાથા, હાડકા અને ગરદનનુ દુખવું, બરડાની ફાટ, બથાઓના નબળા પડેલા પગો ગુહ્યનો ગ્રંથિ, સુજેલા તથા ગઠ્ઠા ગયલા સાધા અને હાડકા અકરસાત, લમબેગો, લકવો, લચક, ચસકે, વીગેરે તમામ જાતના વીરતા જુના દુખાવાને ઝટપટ સાજા કરી નબળા પડેલા અવયવોને તાકાત બક્ષી લોહી કૃત્તુ કરી નવી જીંદગી બક્ષનારી : આ તેલના ખાસ ગુણો છે. કી મત ફકત રૂપીઓ એક.

સર્વે જાણીતા દવાના વેપારીઓ વેચે છે જાહારગામવાળાઓએ નવસારી લખવું

માલેક—એમ. એચ. શાસ્ત્રો.

હેડ ઓફીસ:—દેારડી સ્ટ્રીટ, નવસારી.



રેટોલ ગોળીઓ.

(રજીસ્ટર્ડ.)

આ ગોળીઓ ઉંદરની બુદ્ધી ઉપર આગાહ અસર કરે છે. તેઓ આ ગોળીઓ એકદમ ઘણી ખુશીથી ખાઇ જાય છે, અને ખાધા પછી હમેશને માટે ઘર, દુકાન, ગોડાઉન છોડી જાય છે, અને પાછા તે જગ્યાએ આવતા નથી.

રેટોલ મરકીને દુર રાખવાને માટે ધણોજ અકસીર ઉપાય નીવડયો છે કારણ કે તે વાપરવાથી મરકી ઉંદરો નહાશી જાય છે. ઉંદરો મરકીનું મુળ કારણ માટે તેમને દુર રાખવાથી મરકી પણ દુર રહે છે.

વાપરવાની રીત.

જે જગ્યાએ ઉંદરો માલમ પડતા હોય તે જગ્યાએ રેટોલની આસરે ૨૦ ગોળીઓ જુદી જુદી જગ્યાએ જાડા પુઠા ઉપર ત્રણ દીવસ લાગલાગાત ગણીને મુકવી. ચોથે દીવશે એક પણ ઉંદર માલમ પડશે નહીં.

કીંમત ૧૫૦ ગોળીના ગ્રાહકના ૮ આના. મોટા જથ્થામાં મંગાવનારને માટે ખાસ ભાવ આપીશું.



ધી તેબ્લેટ મેન્યુફેક્ચરીંગ કુંપ.

ના૦ ૧૮૨-૪, રીપન રોડ,—મુબઇ.

જો

તમારે ત્રીસ વર્ષના હતાશ્રોની હાડમારી અને નુકસાન અટકાવવાં હોય, હીંદી વ્હેપાર સહેલાઈને યતી હાની બંધ કરવી હોય, દરવર્ષે લગભગ ૧,૫૬,૪૭,૨૬૭ પોંડની હીંદુસ્તાન ઉપર પડતો બસારો અટકાવવો હોય, હીંદીએ માટે રેલ્વેમાં સારા પગારની નોકરીઓ જોઈતી હોય, હીંદી વેપાર હીંદિતાજ લાભ માટે ખીલવવો હોય, બહેર પ્રજાની સગવડ માટે પૂરતી કાળજી રાખનાર સત્તા જોઈતી હોય અને હીંદીઓની લાગણી અને અભિપ્રાયને માન આપે એવો અમલ જોઈતો હોય,

તો

રેલ્વેનો સરકારી વહીવટ માંગો.

ઉપર દર્શાવેલ રેલ્વે સંબંધી લડત ચલાવા માટે નાણાની મોટી અથવા નાની રકમની મદદ ફ્રેદુન દૂરાશરૂપ હાદાયાનજી ૩૬૧, ઠોર્નબી રોડ, મુંબઇ, એ સરનામે મોકલવા વીનંતી છે.

"ઇનકમટેક્ષ."

અને

સુપર ટેક્ષ

નવા ઠાયદા પ્રમાણે ચોપડાઓમાંથી આવક વેરા માટે હીસાબનાં પત્રકો (ડી. ફોર્મ) તૈયાર કરી આપીએ છીએ. વધારે માહિતી માટે મળો અથવા લખોઃ—

બી. એલ. થોસર.

પબ્લીક એકાઉન્ટન્ટ
ઓગ્લે કોમરશીયલ કોલેજ,
(૧૪) ૪૧, કાલબાદેવી રોડ, મુંબઇ.

દુશ્મન સામે હરીફાઈ કરનાર

પાટણવાલા બામ,

રૂમીટીઝમનો કટ્ટો દુશ્મન, તથા સંધીવા, કમરનો દુખાવો, લકવો, વાયુરોગ, માથાનો દુખાવો, જખમ, લચક કપાળ વધા ઘમ, છાતીનો દુખાવો, આંખી, સરદી, ગળાંનો દુઃખાવો, દાંત તથા કાનનો દુઃખાવો ખાળ, વીછુ, વગેરે ઝેરની દુઃખના ઉપર આ પાટણવાલા બામ વાપરવાથી તુરત આરામ થાય છે.
માટે એકજ વખત વાપરવાની ભલામણ કરવામાં આવે છે.

આ કીમતી તક જવા દેતા ના. જરૂર એક વખત પાટણવાલા બામની એક બાટલી મંગાવી ખાત્રી કરેજ. ડી. બા.-૧) ની રૂ. ૦॥.
વી. પી. ખરચ જુદું તે શીવાય



ઘણી જાતના ખુશબોદાર મધ મધતા તાજા પુલેલમાંથી બનાવેલા સેર આઉલો અત્તરો તથા ગોટો મલશે, અને દરેક જાતના ઈંગ્લીશ સ્પેશ્યલ લવંડર શાબુ હમારી પેટન્ટ બનાવેલી દવાઓ પણ મલશે.
વી. પી. થી મંગાવનારને અગાઉ ઓરડાન્સ મોકલવું.
એકલા બનાવનાર:

ઈ. એસ. પાટણવાલા.

(૫૯) ભાજીપાલા લેન, પો. નં. ૩, મુંબઈ.

રંગુન સમાચાર પ્રેસમાંથી દર બુધવારે અને શનીવારે

પ્રગટ થતું શુદ્ધ ગુજરાતી વર્તમાનપત્ર

રંગુન સમાચાર

જેમાં રંગુન શહેરની તથા બર્મા ઇલાકાની બધી અગત્યની ખબરો, જાહેરાતો, કોર્ટ મુકદમાઓ, તથા સ્થાનીક વેપાર-ઉદ્યોગને લગતી બાબતો, દુનિયાની અને ખાસ કરીને હિંદુસ્તાનની ખબરો ઉપરાંત ઉદ્યોગ, ધાર્મીક, સામાજીક, નૈતીક વગેરે ઉન્નતિના માર્ગોનું અવલોકન અને ખાસ કરીને અવેરાતનાં ઉદ્યોગ અને વેપારને લગતા વિષયો વખતો વખત આપવામાં આવે છે.


વાર્ષિક લવાજમ

દેશાવરવાળાઓ પાસે પોસ્ટ સાથે રૂ. ૬।, છુટક નકલના રૂા. ૦-૨-૦ — શહેરવાળાઓ પાસે રૂ. ૪.

રંગુન સમાચાર પ્રેસ.
નવી નંબર ૨૭, ઘર નંબર ૫૩-૨ ગુન

એમ. એ. મામસા.
પ્રોપ્રાઇટર "રંગુન સમાચાર" પત્ર તથા "રંગુન સમાચાર" પ્રેસ.
હેડ ઓફીસ-નાં૦ ૪૨ ગલી નાં૦ ૨૭-રંગુન.

નોટ—આખા બર્મા ઇલાકામા "રંગુન સમાચાર" ફક્ત એકલું એકજ ગુજરાતી પત્ર છે એટલે બર્માની વસ્તીના મોટા ભાગની ગુજરાતી ભાષા બોલતી વેપારી પ્રજામાં જાહેર ખબરો ફેલાવવા માટે આ પત્ર એક ઉત્તમ ઉપયોગી સાધન છે.



(૩૩)

દાવડાની પેટંટ અબરખની ચીમની.

દરેક ઘરમા તેનો ફેલાવો થયો છે. એટલે તે ભાંગતી નથી, ફાટતી નથી, કાંચની ચીમની પચીશ ભાગી જાય ત્યા સુધી આ ચીમની ચાલે છે.

ચીત્રા સાથેનું કેટલોક મફત. વેપારીઓને ભરપુર કમીશન.

ઠે૦ દાવડાની કુંઠ,
મમ્બાદેવીના કુવારા પાસે,
મુંબઇ ના૦ ૩.

કાચુ સોનું વેચવાનું છે.

અગીયાર વરસથી ચાલુ દાવડાનું અબરખની ચીમનીનું પેટંટ (માલીકની બીજી શોધોની રોકાણોને લીધે) વેચવાનું છે. જેમાં ભરપુર નફો છે. ઉપરને ઠેકાણે અરજી કરો અથવા જાતે મળો.

ધી સેંટ્રલ બેંક ઑફ ઇન્ડિયા લીમીટેડ.

શેરો ભરાયલી થાપણ ..... રૂ. ૧૦૦,૦૦,૦૦૦
પગાર થયેલી થાપણ ..... રૂ. ૪૯,૫૯,૯૦૦
રીઝર્વ ફંડ ..... રૂ. ૧૧,૦૦,૦૦૦

આ બેંકમાં ડીપૉઝીટ મુકેલી દરેક પાઈની સલામતી માટે ખાસ ગેાઠવણ બેંકની આરટીકલમાં કરવામાં આવેલી છે.

મેશર્સ એ. એફ. ફરગ્યુસનની કું. ચારટરડ એકાઉન્ટંટસ આ બેંકના હીસાબેા અને જામીનગીરીએા દર અઠવાડીએ તપાસે છે.

ગ્રેસીઅસી બેંકેા માફક આ બેંક પેાતાના હીસાબનાં પખવાડીક સરવૈયાં બહાર પાડે છે.

દરેક રીતનું બેંકને લગતું કામકાજ કરવામાં આવે છે.

હાલમાં ટુંકી તેમજ લાંબી મુદતના વ્યાજના દરેા માટે મેનેજરને મળવું.

ચેકેા તથા બેંકને લગતેા પત્ર વ્યવહાર ગુજરાતીમાં પણ થઇ શકે છે.

વડી ઑફીસઃ—એલાફસ બીલ્ડીંગ, ફેાર્ટ, મુંબઇ.

શાખા ઑફીસેાઃ—ઝવેરી બજાર, મુંબઇની આંડવી, તથા શેરબજાર.

ચાલુ ખાતાંમાં રેાજની બાકી ઉપર વ્યાજ આપવામાં આવે છે.

જાનેવારીથી જુન..... ૩ ટકા.
જુલાઈથી ડીસેમ્બર..... ૨॥ ટકા.
૧૨ માસની ડીપૉઝીટ..... ૫ ટકા.
રૂ. ૫૦૦૦ થી વધુ રકમ માટે... ૫॥ ટકા.

ટુંકી મુદતના ભાવેા અરજ કરવાથી માલમ પડશે.
વધુ વીગતેા માટે મેનેજરને મળવું.

સેારાબજી ન. પેાચખાનાવાલા
મેનેજર.

TELEPHONE No. 1211. *Telegrams* :—"TREMENDOUS" BOMBAY.

THE

Bombay Mill Stores Supply Agency.

PROPRIETORS

MESSRS. C. N. DAVAR & Co.

19, Bank Sreet, Fort, BOMBAY.

All kinds of Mill and Factory Stores always kept ready for immediate delivery.

Lambeth Cotton Ropes and Bandings,
Leather, Hair and Balata Beltings,
Hairy and Plain Ox Chrome Picking Bands
Chrome Spring Buffers,
Leather T. Buffers,
Welsh Roller Skins,
Buffalo Pickers, raw hide & lime,
Leather Laces,
Egyptian Healds,
Best Steel Reeds,
Shuttles,
Picking Sticks,
Slubbing and Roving Bobbins,
Roller Cloth,
Clearer Cloth,
Sizing Flannel,
Ring Travellers,
Rubber Valves and Sheets,
Asbestes Millboards & Packings,
Canvas Hose, etc., etc., etc.,

If you do not see what you want in the above List of Materials, Please write to us

Registered No. B. 810.

THE JOURNAL OF THE INDIAN MERCHANTS' CHAMBER.

દેશી વેપારી ચેમ્બરનું માસિક.

પુસ્તક ૧૨મું, VOL. XII. FEBRU. 1920. No. 8. ફેબ્રુ. ૧૯૨૦, અંક ૮ મો.

અનુક્રમણિકા

વિષય	પાનું
૧ વેપારી વિષયો	૩૩૮
૧ ચીનાઈ તુર્કસ્તાન સાથેનો વેપાર ..	૩૩૮
૨ આસ્ટ્રેલીયાનો ન્યુઝિ સાથેનો વેપાર...	૩૪૦
૩ બ્રીટીશ પુર્વ આફ્રીકાનો વેપાર ..	૩૪૧
૪ પૂર્વ આફ્રીકાના નંગબાર સરવાલમા કોપરા	૩૪૨
૫ ખાંડનો ઉદ્યોગ	૩૪૪
૬ ગ્રેઇન્ડ સ્ટોક કમ્પનીઓ	૩૪૬
૨ ચેમ્બરની કમિટીની સભાઓ ...	૩૫૫
૧ „ વેપારને લગતી સબ-કમીટીઓ ...	૩૬૦
૨ „ લાયબ્રેરીમા આવેલા પુસ્તકો ..	૩૬૧

વિષય.	પાનુ
૩ હુનર ઉદ્યોગની પરીષદ અને વેપારી કોંગ્રેસ	૩૬૨
૩ વેપારી ખબરો	૩૮૨
૧ કાપડની પેદાશ તથા આયાતની સરખામણી	૩૮૨
૨ ખાંડની આયાત	૩૮૪
૩ કાપડની પેદાશ	૩૮૫
૪. સુતરની નંબરવાર પેદાશ	૩૮૫
૫ સુતરની પ્રાંતવાર પેદાશ	૩૮૬
૬. સુતરની આયાત	૩૮૬
૭ હિંદુસ્તાનનો હરીયાળ વેપાર	૩૮૭

ઇન્ડીયામાં ફ્રેલોર્સીંગ ટાઇલનું જનરીતું આનું—પ્રી બોમ્બે ટાઇલ માર્ટ ૨૧ બેંક આર્ક, ફ્રી. મા...

અમે પોતે.

આ માસિકમાં બહારથી આવેલા લેખો માટે અમે જવાબદાર નથી.

આ માસિકનું લવાજમ મુંબઈના ગ્રાહકોને માટે વાર્ષિક રૂા. ૩–૮–૦ તથા બહાર ગામના ગ્રાહકો માટે વાર્ષિક રૂા. ૪—૦—૦ પોસ્ટેજ સુદ્ધાં રાખવામાં આવ્યું છે. છુટક નકલ એકના આના ૬ છ. નમુનાની કોપી મફત મોકલવામાં આવતી નથી. આ માસિકમાં જે જાહેર ખબરો છે તેમાં કંઈ ફેરફાર સુચવવો હોય યા તો કાઢી નાંખવી હોય તો આવી જાતની ખબર આગલા મહિનાની ૨૦ મી તારીખ પહેલાં આપવી જોઈએ નહિ તો તે પ્રમાણે કરવું બની શકશે નહિ.

રીહીંગ મેટરમાં અમે જાહેર ખબર લેવા માગતા નથી તેથી સર્વ જાહેર ખબર આપનાર ગૃહસ્થોને વિનંતિ કરવામાં આવે છે કે તેમણે પોતાની જાહેર ખબરો મેટરની આગળ યા પાછળ છપાવવા માટે આપવી. આ માસીક દર મહીને પહેલી પાંચ તારીખોની અંદર પોસ્ટમાં રવાના કરવામાં આવે છે માટે જે ગ્રાહકોને આઠમી તારીખ સુધીમાં અંક ન મળે તેમણે અમને તુરત ખબર આપવી જેથી જલદી તે વીશે તપાસ પણ કરી શકાય અને જરૂર હોય તો શીલીકમાંથી બીજી પ્રત પણ રવાના કરી શકાય. પાછળથી બધી પ્રતો ખપી જાય છે એટલે તે પછી કોઇની ફરીયાદ ખરી હોય તો પણ તે માટે કશાજ કરવો અશક્ય થઇ પડે છે. અમોને તા. ૧૦–૭–૧૯૧૮ ના રોજ માસિકના લવાજમ પેટે રૂ ૩–૬–૦ મનીઓર્ડરથી મળેલ છે પરંતુ તેમાં નામ બરાબર ચોકખું નહિ લખેલ હોવાથી તે માસિક કોને મોકલવું તે અમો સમજી શકતા ન હોવાથી જે ગૃહસ્થે ઉપરનો મનીઓર્ડર મોકલાવ્યો હોય છતાં માસિક ન મળ્યું હોય તેને તે વિષે અધિપતિને જણાવવા વિનંતી કરવામાં આવે છે.

વેપારી વિષયો.

ચીનાઇ તુર્કસ્તાન સાથેનો વેપાર.

બદક્શાન, અફઘાનીસ્તાન, હીંદુસ્તાન, ચીન, તથા રશીયા સાથેના ચીનાઇ તુર્કસ્તાનનો વેપાર કેવો ચાલે છે તે વીશેના તા૦ ૩૧ ૩ ૧૯ ને દીને પુરા થયેલાં વરસ માટેના આંકડા વગેરે વીગત ઇંડીયન ટ્રેડ જર્નલના તા. ૨૮–૧૧–૧૯ ના અંક સાથેના સપ્લીમેંટમા આપવામાં આવી છે, તે ઉપરથી માલમ પડે છે કે રશીયાની હાલની અવ્યવસ્થાને લીધે રશીયા અને ચીનાઇ તુર્કસ્તાન વચેનો વેપાર લગભગ બંધ પડયો છે અને તેને લીધે ત્યા અનાજના ભાવ પણ વધ્યા છે. ખાંડના અને તેલના ભાવ આઠ ગણા થયા છે. રશીયા તથા મધ્ય એશીયામાં રાજય વ્યવસ્થા સારી થશે ત્યાં સુધી એ ભાવ ઘટવાનો સંભવ નથી. એ દેશમાંથી હીંદમા આવતી મુખ્ય ચીજ ચરસ છે. એ માલ યારકંદથી ખરીદ કરી કોશીયારપુર લાવવાનો અરચ સાથે લેતાં તેની પડત કીંમત સો રતલના સીતેરથી સો રૂપયા જેટલી થતી હતી ત્યારે તે વેચતાં અઢીસોથી સવા ત્રણસો રૂપયા ઉપજતા હતા. એ પ્રમાણે વધારે નફો થતો હોવાથી એનો વેપાર પણ વધ્યો છે અને ગયા વરસ કરતાં એક હજાર મણ જેટલી ચરસની આયાત વધી છે. તેની ઉપરની આયાત જકાતમાં થોડો વધારો

ઉંચી ચોલીસી કરેલાં ટેબલ ટોપ ખરીદ કરવા કયા જોશો?

કરવા બીજે સરકાર વીચાર ચલાવે છે. વેપારની બીજી વસ્તુ રેશમની છે તેની આયાત પણ હીંદમાં વધી છે તેજ પ્રમાણે ચાંદીના ભાવ પણ ચીનાઈ તુર્કસ્તાન કરતાં હીંદમાં વધ રે હોવાથી કેટલીક ચાંદી પણ ત્યાંથી હીંદમાં આયાત થઈ હતી. રશીયન રૂબલ નોટ એ દેશથી હીંદમાં આવતી હતી પણ તેના ભાવ હીંદમાં ઘટી ગયો તેથી તથા એની આયાત માટે મનાઈ ઠરનારો હુકમ હીંદી સરકારે બહાર પાડયો તેને લીધે એમાં ઘટાડો થયેલ હતો. ઈંડીયન ટ્રેડ જનરલમાં લખી મોકલનાર જણાવે છે કે હજી છાની રીતે એ રૂબલ નોટો હીંદમાં લાવવામાં આવતીહશે. એવું લાગે છે. હીંદથી એ ચીનાઇ તુર્કસ્તાન ખાતે નીકાશ થતા માલમાં પરદેશથી આવેલું કાપડ મુખ્ય જગા લે છે. તેની નીકાશ આ ૧૯૧૮-૧૯૧૯ ના વરસમાં વધી હતી. જ્યારે હીંદમાં બનેલા કાપડની નીકાશ ઘટી હતી, ગળીની નીકાશ આગલે વરસે ૪૫૩ મણ જેટલી હતી તે ૧૯૧૮-૧૯૧૯ ના વરસ દરમ્યાન વધીને ૧૦૯૩ મણ જેટલી થઈ હતી અને તે પછી પણ એની માગણી વધતી જતી હતી. ચાનો વેપાર પણ વધ્યા જાય છે અને હજી વધવાની આશા છે. જે માલ હીંદથી ત્યાં જાય તેનીવેપારની બાજીનો બદલો આપવાની ચીલ્લેમાં સોનું રૂપું તથા રૂબલ નોટો હતી તેમાંથી રૂબલ નોટોની આયાત માટે હીંદમાં મનાઇ થઇ અને સોનાના ભાવમાં પણ ત્યાં વધારો થયો હતો; એટલે વેપાર બાજીની પલાવટનું આધન માત્ર ચાંદી રહી હતી. જેટલી ચાંદી કારગરમાં એક સો વીસ રૂપિયામાં મળતી તેના હીંદમાં એકસો સીતેર રૂપિયા ઉપજતા હતા. અફીણના વેપાર માટે મનાઇ હોવા છતાં બદકશાન તથા અફઘાનીસ્તાન માર્ગે છેક ઇરાનથી અફીણ આયાત કરવામાં આવે છે. ૨૨૫૦ મણ જેટલું અફીણ રીપોર્ટવાળા વરસમાં આયાત કરવામા આવ્યું હતું અને તે માટે સરેશરા દર રતલ દીઠ પંદર ટેલ જેટલી કીંમત આપવામાં આવી હતી. ૧૯૧૭-૧૮માં એ ભાવ ચાળીશથી પીસતાળીસ ટેલ જેટલો હતો. એ આટલો ઘટવાનું કારણ એ છે કે કાંગસુ બાતે અફીણનો પાક ઘણો કરવામાં આવે છે. અને રશીયાનાં કાકાકુલ પ્રાંતમાં પણ અફીણનો પાક વધારે થાય છે. રશીયાની સ્થીતી અવ્યવસ્થિત હોવાથી ચીન સાથેનો વેપાર વધ્યો છે. એ વેપારમાં આયાતની મુખ્ય ચીલ્લે કાળી ચા, રેશમ, ભારતકામ, ચીનીકામ, કાપડ, અનાજ અને આચાર મુરબ્બા વગેરે તથા શાક હોય છે. હાલ ત્યાં ખાંડના ભાવ પણ ઘણા વધી ગયા છે અને તેથી તેની આયાત વધી છે; પણ હવે અંદરના ભાગમાંથી ખાંડ આયાત થવા લાગી છે અને હીંદથી આવતી ખાંડના કરતાં ઓછે ભાવે વેચાય છે. ચીની કામ રશીયાથી આવતું હતું પણ ત્યાં રાજ્યની અવ્યવસ્થા થવાથી એ વેપાર ઘટી ગયો છે. રેશમી માલની આયાત ચીનથી થાય છે તેના ભાવ પણ વધ્યા છે અને તેની આયાતનો માલ પણ વધ્યો છે. ભાવ વધ્યા છતાં લેવાલી ઘટી નથી. જાપાન સાથેના વેપારની હરીફાઇ વધી છે. ચીનના પુર્વ ભાગમાં જેમ પોતાનો વેપાર વધારવા માટે જાપાન પ્રયત્ન કરે છે, તેજ પ્રમાણે ચીનના પશ્ચીમ ભાગમાં તથા ચીનાઇ તુર્કસ્તાનમાં વેપાર પોતાને હાથ કરવા માટે પણ તે અતીશય પ્રયત્ન કરે છે. હીંદનો વેપાર પણ થોડે ભાગે હાથ કરવાને જાપાન શક્તીવાન થયું છે. તે ચીલ્લેમાં હાલ છીંટ, રેશમ, કટલરી, સોય, દીવાશળી, સેંટ, દવા, આચાર અને મુરબ્બા, બ્રશ અને કાંશકીઓ, તથા છાપેલાં કાપડ, મુખ્ય છે. એનીલાઇન તથા એલીઝરાઇનના નકલી રંગો જાપાનથી આયાત થાય છે પણ તે ઉતરતા પ્રકારના હોવાથી બજારને વશ કરી શકતા નથી. બીજી જે ચીલ્લે ઉપર ગણાવી છે તેમાં બજારને પોતાના કાબુમાં લેવાના પ્રયત્નોમાં જાપાનને કૃતેહ મળી છે અને હવે જો વેળાસર ઇલાજ નહીં લેવાય તો તે મુલકો સાથેના હીંદના વેપારને ધક્કો લાગશે.

આસ્ત્રેલીયાનો હીંદ સાથેનો વેપાર.

૧૯૧૮ માં આસ્ત્રેલીયાનો હીંદ સાથેનો વેપાર કેવો હતો તે વીશેના સતાવાર રીપોર્ટમાં કરવામાં આવેલું વીવેચન ઈંડીયન ટ્રેડ જર્નલમાં હાલમાં પ્રગટ થયેલા એક લેખમાં આપવામાં આવ્યું છે તેમાં જણુ વવામાં આવ્યું છે કે—

લડાઇને લીધે આસ્ત્રેલીયા સાથેનો હીંદનો વેપાર વધ્યો છે. ૧૯૧૩ માં એ વેપાર હતો તે કરતાં ઘણોજ વેપાર ૧૯૧૭-૧૮ ના વરસમાં ચાલ્યો હતો.

વરસ.	હીંદથી આયાત હજાર પાઉંડ.	હીંદ આતે નીકાશ. હજાર પાઉંડ	કુલ. હજાર પાઉંડ.
૧૯૧૩	૩૦૮૨	૧૨૩૬	૪૩૧૯
૧૯૧૪-૧૫	૨૮૮૪	૧૪૧૮	૪૩૦૩
૧૯૧૫-૧૬	૩૬૭૯	૧૭૪૦	૫૪૨૦
૧૯૧૬-૧૭	૩૮૬૬	૨૬૪૨	૬૫૩૯
૧૯૧૭-૧૮	૪૭૬૮	૪૩૦૭	૯૧૦૫ *

* આ આંકડામાં સોનાની ગણુતરી ગણુવામાં આવી નથી.

આ વેપારમાં મુખ્ય ચીજો નીચે પ્રમાણે હતી:—

	પાઉંડ કીંમત.		પાઉંડ કીંમત.
ચોખા તથા શાકભાજી.	૩૬૧૨૧૯	અળસી.	૨૫૧૬૪૪
ચા.	૬૧૬૫૩૪૪	હેશીયન.	૪૩૮૪૫૬
ચામડાં.	૨૦૫૦૩૧	મીણ.	૧૧૨૨૧૦
શણ.	૮૭૧૪	કોંથળા વગેરે.	૨૬૪૬૨૬

હીંદથી આસ્ત્રેલીયા આતે જતો માલ વધે એવા ઉપાય આ લેખ લખનારને જડ્યા નથી. રેશમ તથા આસ્ત્રેલીયાના લોઢાને અનુકુળ આવે એવી લેસ, ગાલીચા, શાલ, કારીગરી વાળી લાકડાનો અથવા ધાતુની ચીજો, અને ફેન્સીમાલ એટલી વસ્તુઓની નીકાશ વધારી શકાય તેમ છે. હીંદમાં કયો માલ બને છે તે વીશે ત્યાંના લોઢાને કાંઇ માહીતી નથી તેથી હીંદમાં બનતી ચીજો વેચવા મટેનો એક સ્ટોર ત્યાં ખોલવામાં આવે અને એવી ચીજોનું પ્રદર્શન મેલબોર્ન તથા સીડની આતે રાખવામાં આવે તો તે ઘણું ઉપયોગી થઇ પડે. આસ્ત્રેલીયાથી હીંદમાં આયાત થતી ચીજોમાં ૧૯૧૭-૧૮ માં ટીનના ડબામાં સચવાણી રાખેલું માંસ ૧૦૬૩૧૨૬ પાઉંડ કીંમતનું અને વજનમાં ૧૮૧ લાખ રતલ હતું. ૧૯૧૩ માં એના રતલ ૩૬૨૧૬૬ અને કીંમત ૬૨૦૨ પાઉંડ હતી. અર્થાત ૧૯૧૩ માં જેની કીંમત લગભગ તેર પેન્સ હતી તેની કીંમત આજકાલ ઘટીને લગભગ ચાર પેન્સ થઇ છે. એ સીવાય બીજી ચીજો નીચે પ્રમાણે ૧૯૧૭-૧૮ માં હતીઃ—

	કીંમત પાંઉંડ.		પાઉંડ કીંમત.
બીસ્કીટ.	૨૦૪૯૫૩	ઉન	૬૬૭૮૦
દુધ અને મલાઇ.	૨૧૪૧૩૪	ત્રાંબુ.	૫૬૫૮૭૭
શાકભાજી.	૧૧૬૫૬૨	ચાંદી.	૮૬૪૫૩૬
ઘઉં	૫૪૩૪૬	ચામડાં.	૪૯૭૬૪
ચોડા.	૪૭૬૫૨૦		

આમાં ઘણી ચીજો માત્ર લશ્કરી કામ માટે હતી. સાધારણ સમયમાં આસ્ટ્રેલીયાથી ઉન કે ઘઉં શીવાય બીજી કોઇ ચીજ આયાત કરી શકાય એમ કોઇ જાણતું પણ ન હતું પણ ત્યાંથી બીજી કેટલી ચીજો હીંદમાં આયાત કરી શકાય તેમ છે તે ઉપર દર્શાવી છે અને તે શીવાય પણ ઘણી હશે જે પ્રયત્ન કર્યા પછીજ જાણી શકાય.

બ્રીટીશ પુર્વ આફ્રીકાનો વેપાર.

બ્રીટીશ પુર્વ આફ્રીકાના વેપાર વીશે વીવેચન કરતાં ઇંડીયન ટ્રેડ જરનલમાં જણાવવામાં આવે છે કે એ વેપાર મોટે ભાગે હમણાં ઇંગ્લંડના હાથમાં છે પણ બધે હરીફાઇ વધતી જાય છે. તેજ પ્રમાણે અહીં પણ વેપારની સ્થીતી બદલાતી જાય છે. લડાઇ અગાઉ હરીફાઇ જરમનો સાથે હતી અને તેઓ આફ્રીકાના પુર્વ કીનારા તરફના ભાગોમાં મજબુત ઘર કરી બેઠા હતા. બહુ જુના કાળથી સ્થપાયલી અને પ્રથમ પંકતીની ગણાતી પેઢીઓ ત્યાં વેપાર ચલાવતી હતી. તેઓ પોતાનો વેપાર વધારવાની બેઠક પણ તક ખાલી જવા દેતી નહતી. યુરોપ સાથેનો તેમનો વહેવાર સંભાળવા માટે સ્ટીમરની આવજાની ગોઠવણ સારી હતી. દર મહીને ચાર સ્ટીમરો યુરોપ જતી અને દર પખવાડીયે એક સ્ટીમર મુંબઇ માટે ઉપડતી. જરમન સ્ટીમર પાસેથી બીજી સ્ટીમરો કરતાં ઓછા ભાડા સરકાર દેતી હતી અને વેપારીઓને જરમન બેંકો પાસેથી ઘણી સગવડ મળતી હતી. હીંદ સાથેનો વેપાર યુરોપ તરફના વેપાર સાથે મજબુત હરીફાઇ કરતો હીંદના ઉધોગો જેમ જેમ વધે તેમ તેમ એ હરીફાઇ વધતી જાય એવો પાકો સંભવ છે. આ પ્રોટેકટરેટના વેપરમાં હીંદી વેપારીઓ ઘણો આગેવાન ભાગ લે છે. સર્વ મુખ્ય મુખ્ય શહેરોમાં હીંદી વેપારીઓની પેઢીઓ છે અને મોંબાસા, નેરોબી તથા કેમુસુ એ ત્રણ મુખ્ય મથકો આતે હીંદી પેઢીઓ આગેવાન ભાગ લે છે. ત્યાં યુરોપી અનોની સંખ્યા ઓછી છે. હુન્નીયાના સર્વ દેશો સાથ હીંદી પેઢીઓ બહોળો વેપાર ચલાવે છે અને પુર્વ આફ્રીકા તથા યુગાન્ડાની સર્વ પેદાશનો વેપાર એઓ કરેછે લડાઇ પછી દક્ષીણ આફ્રીકામા બનતા માલના વેપારમા પણ તેઓ ધ્યાન આપવા લાગ્યા છે. એ ચીજોમા બીસ્કીટ, તંબાકુ, સીગારેટ, મીઠાઇ, દારૂ, કુળ અને મેવા, ચોકોલેટ, વગેરે છે. દક્ષીણ આફ્રીકામા માલની પેદાશ વધતી જાય છે તેથી તેનો વેપાર એની આસપાસના મુલકોમાં ફેલાવાનો ઘણો સંભવ છે. વેપારના માર્ગોમાં મુખ્ય દરવાજા જેવું મથક મોંબાસા છે. ત્યાંથી માલ પુર્વ આફ્રીકામા તથા યુગાન્ડામા જાય છે. એનું કામ એટલું વધ્યું છે કે એની પશ્ચીમ બાજુ ઉપર કીલીન્ડીનીનું નવું બંદર હવે અગત્યનો ભાગ લેવા લાગ્યું છે. મોંબાસાનું બારૂં એવું સાંકડું છે કે તેનો લાભ હવે માત્ર નાનાં બારકસોજ લે છે. મોંબાસામાં એ બંદરે વહાણોને દરીયો બહુ પજવે છે. જમીન ઉપર ઉતરવાની સગવડ પણ ત્યાં કરવાની તેવી

નથી. ગાહાંથી કામ ત્યાં લઇ શકાય એવી જગા નથી એટલે માલ ઉતર્યા પછી અંદર લઇ જવાનું કામ મજુરો પાસે કરાવવું પડે છે. રેલ્વેની સગવડ પણ બંદરની પાસે નથી. તેનું કારણ જમીનના ઢાળ ટેકરાનું છે. રેલ્વેનો છેડો બંદરથી એક માઇલ દુર છે. ૧૯૧૧-૧૨ માં એ બંદરે પચાસ હજાર પેકેજ આવ્યાં હતાં જેનું કુલ વજન લગભગ પાંચ હજાર ટન જેટલું હશે. લહાઇ દરમ્યાન લાલ લઈજ વધારે હતી પણ તેના આંકડા અસાધારણ સ્થીતીને આભારી હોવાથી આપ્યા નથી. આ, સાબુ, દુધ, ચીણુપત્તી, દારૂ અને એવીજ ચીજોનાં પેકેજીસની લાલ લઈજ ત્યાં મોટે ભાગે હોય છે. ફ્રેંચ-ચીનીનું બંદર ઘણી સગવડવાળું છે. આ પૂર્વ આફ્રીકામાં તેમજ યુગાંડામાં માલ લાવ લઇજ ઠરવાની સગવડ માત્ર યુગાંડા રેલ્વેથી છે. તે શીવાયના રસ્તાઓ સારા છે. ઉનાળામાં મોટરો આવજા કરી શકે છે. ચોમાસામાં ઘણી અગવડ પડે છે. ચલણમાં બ્રીટીશ પાઉંડ તથા હીંદી રૂપીયા અથવા તે લઇને સરકાર આપે તે ચલણી નોટ વપરાય છે. નીકલના સીક્કા પરચુરણની ગરજ સારે છે. ચલણમાં મુખ્ય ભાગ એ નીકલના સીક્કા તથા નોટોનો હોય છે. બીજા સીક્કા ઘણા નજરે પડતા નથી. દેશનો નાણાં સબંધી વહીવટ ઘણે ભાગે બેંકોના હાથમાં છે. ઓંગીણાનની નોટ કે જરમન રૂપયા ચાલતા નથી. વેપારની ચીજોમાં હમારની લાકડાં મુખ્ય છે. રેલ્વેની તથા સ્ટીમરોની સગવડ વધે તો એ વેપાર ઘણો વધી શકે તેમ છે. ત્યાંથી નીકાશ થતી ચીજોમાં ચામડાં, રેસા, અનાજ, તેલનાં બીયાં, કોફી, કોપરાં, સોડા, ઓશગટ, હાથીદાંત, ઉન, બટાટા, અને રબર, મુખ્ય છે.

પૂર્વ આફ્રિકાનાં જંગબાર સંસ્થાનમાં કોંપરાં.

(લેખકઃ—બિહારીલાલ નારાયણજી અનંતાણી–જંગબાર.)

એક સમય એવો હતો કે વ્યાપારીઓ એમ સમજતા કે પોતાની દુકાન યા યોગ્ય બન્દરો શિવાય રાજ્યદ્વારી ચર્ચા ચલાવવી એ તેઓનું કર્તવ્ય નથી. એ વકીલો કે અસંતોષી ગ્રેજ્યુએટોનું કામ છે. મધ્યમ જમાનામાં તે જ્યાલ હતો. હવે પ્રસંગ એવો આવ્યો છે કે નામદાર આગાખાન જેવાં નરરત્નો પણ કહેવા લાગ્યાં છે કે રાય હો કે રંક હો, વ્યાપારી હે, વૈદ્ય હો, વકીલ હો, મજુર હો, કે કરાણી હો પરંતુ "એક સુરત અને રાજ્યદ્વારી અાત્મારહીત પ્રજા વધારે અને વધારે કંગાળીયત અને અજ્ઞાનમાં દુબવને ખાસ લાયક છે" જો આ શબ્દો અને પ્રમાણ સાચું હોય તો અમને તો એમ સ્પષ્ટ થાય છે કે ભારતના કંગાળીયત અને અજ્ઞાનનું ગમે તે કારણ હોય પરંતુ માત્ર એક સદી પુર્વ જે પ્રજા ભારત જેટલા મહાન વિસ્તારવાળાં સંસ્થાનની માલીક ગની—સમ્રાટની સરહારના વિસ્તારને ખીલવવાનું મહાન શાહી સાહસ ખેડી રહી હતી, જે પ્રજાએ વાસ્કેડીગામા નાવિકની પૂર્વે આફ્રિકાના સંસ્થામા ભારતનો જલમાર્ગ દેખાડયો હતો—જે પ્રજાએ કોઇપણ યુરોપીયન પ્રજાના ત્યાંના વસવાટ પહેલાં ભારતની સભ્યતા અને સાહસને પૂર્વ આફ્રિકાનાં જંગલોનાં હૃદયમાંથી પ્રવેશ કરી કોગો સુધી પોતાની શાખ, વ્યાપારી આંટ અને હુંડીઓ પહોંચાડી હતી, જે પ્રજાએ લિવિંગસ્ટન રૂઝવેલ્ટ, કિચનર અને વિલ્સન જેવા મહારથીઓના મુકત કંઠથી સાહસ અને સભ્યતા માટે શાબાશીના ઉદગાર કઢાવી ઠહેરાવ્યું હતું કે "જે જગોએ એક પણ ગોરો જઇ શકે નહિ અથવા જે ભાગમાં એક પણ ધોળો માણસ પોતાનું ગુજરાન કમાવી શકે નહિ એવી દરેક જાતની જમ્યા-

ઓમાં આગળ ધસી અને ત્યાં પોતાને સ્થિર ઠરી કોઇ પણ બીજા માણસ કરતાં વધારે હિંદી વ્યાપારીઓજ પૂર્વ આફ્રિકામાં વ્યાપારની પહેલી બીલવણી કરેલ છે અને વ્યવહારના પહેલાં સામાન્ય માર્ગો ખોલ્યા છે—" તે પ્રજાનાં કપાળમાં અનીતીનું મળું કલંક નાખનારા—ઇકોનોમિક કમિશનનો રિપોર્ટ હાલ છાપવામાં આવ્યો છે—જે કથે છે કે " અમને તે હિન્દી પ્રજાની ત્યાં જરૂર પણ ન હતી—તે કઢી અમારા પેહલાં ત્યાં હતી પણ નહિ. તેઓ તો ગુન્હા વધારનારી, વ્યભીચાર, અનીતી પોશનાર અને રોગને ઉતેજનારી હલકી જાત છે, આફ્રિકામાંની કાળી જાની પણ તેના સંસર્ગથી અનીતીમાન બને છે " આવી ટીકાનું કારણ તો એજ જણાય છે કે અમે વ્યાપારમાં ગમે તેટલા આગળ વધ્યા પણ તેનાં ચક્રરૂપ રાજ્ય રેણાની ગતી પર જાગૃત જાપ્તો ન રાખ્યો.

તેઓને જે કેહવું હોય તે કહે પણ સત્ય છે તે છુપું રહી શકે તેમ નથી અને તે પ્રમાણે જણાવવું જરૂરનું છે કે હિન્દીઓના આરબો સાથેના વસવાટની સાથેજ લવંગની ખેતીની સાથે નાળીએરની ખેતી પણ તે મુલકનાં ફ્રેન્દરથાન જંગણારસ્થાનમાં કરવામાં આવી હતી. આ ખેતી એવી છે કે જેમાં પરમાત્માની કૃપા સિવાય બીજી કશી અગત્ય પડતી નથી અને એક વખત જંગણારનાં ઠોપરાં મલબાર કોચીનનાં બીટમેની ટોપરાં કરતાં પણ વધારે વખણાવા લગ્યાં અને મારસેલ્સ, જીનોવા વગેરે ટોપરાં ઉપાદનાર મહાન હોવાની સબળ જુબાની વ્યાપારી પેઢીઓને ત્યાંથી બોલી. પરંતુ ગયા અંકમાં જોયું છે તે પ્રમાણે લવંગની પેદાયશથી પ્રજાની નજર નાળીએરની ખેતી તરફ વધારે ઠરી નહિં. છતાં તેનો વેપાર બહુ ધીકતો થયો અને છેલ્લી નિકાશ ૨૧૯૮૪૨ પૌંડનાં ટોપરાંની જંગણારથી બહાર થઇ હતી આ તો ખુદ ટોપરાં પરંતુ ત્રણ ચાર મિલો તેને પીછી તેલ કહાડે છે તેનો સમાવેશ આ આંકડામાં થતો નથી.

નાળીએરનો પાક વર્ષમાં ત્રણ વખત ઉતરતો હોવાથી તરત નાણાં કમાવાની-જલ્દી ધનવાન બનીજવાની વૃત્તિએ જંગણારની ભોળી પ્રજામાં પણ જરા વાસ કરવાથી નાળીએરને બહુ ઉંચી અવસ્થામાં નીચે ઉતારી લેવામાં આવે છે. તેને ધુમાડાથી સૂકવવાની તરત ચડાવી દેવાની વૃત્તિ થાય છે અને તેને પરીણામે એ ધુમાડેથી કોપરાં-મારસેલ કવોલીટી જાતમાંજ જાય છે. પરીણામે વિના કારણે મલબારનાં ટોપરાં કરતાં ૩૦ થી ૪૦ રકા ભાવ તે ના પડી જાય છે અને પાશ્ચાત્ય હુશીઆર પ્રજાના ભોગ અમે બનીએ છીએ. જ્યારે શાન્તાથી ધીરજથી જે કોપરાં સૂર્યના તાપથી અથવા વૈજ્ઞાનિક ભઠ્ઠીથી સૂકવવામાં આવે છે કે જે જેમ જર્મન પૂર્વ આફ્રિકાના મુલક ચોલા વગેરેમા સુકવવામાં આવતાં હતા યા આવે છે તો અમારાં આ સંસ્થાનમા આ પેદાશ પણ બહુજ નમુનેદાર થઇ શકે તેમ છે. એક ઝાંક ખેડુને આ અખતરો ઘોડો સમય થયાં શરૂ કર્યો છે અને હિન્દી વ્યાપારીઓની નજર હજુ તે તરફ ગઇ નથી એ અમારી કથા છે.

પરંતુ પ્રશ્ન એ પણ થાય છે કે હિન્દી મૂડીથી કોપરાં પીશી તેની પેદાયશ પણ સંપૂર્ણ રીતે આ મુલકમાં આપણાં સાહસર્થજ શા માટે ન કરવામાં આવે? જેમ મેસર્સ તાતા સન્સની પેઠીએ તેવી એક ફેક્ટરી કોચીન ખાતે ઠાઠો છે તેમ એકાદ મોટી મીલની ત્યાં પણ સંપૂર્ણ અપેક્ષા છે. નામદાર સરકાર તેવાં સાહસને મદદ પણ આપવા તત્પર છે કારણ કે જે મિલો છે તે બહુજ નાનાં પ્રમાણમાં અને તેની વ્યવસ્થા આધુનિક અપેક્ષાઓને સંતોષે તેવી નથી. જો આમ કરવામાં આવે તોજ વાણિજ્યનું આ સારૂં અંગ આપણા હાથમાં સારી રીતે ફળદાઈ થાય.

પરંતુ જે ખેતી નાણાંએરની કરવામાં આવે છે તે બહુજ ઓછી છે. આ સંસ્થાનનો વિસ્તાર ૧૦૨૦ ચોરસ માઇલનો લેખવામાં આવે છે તેના બહુજ બહેાળા વિભાગમાં આ ખેતીને માટે સ્થાન છે-નવાં ખીલતાં જર્મન પૂર્વ આફ્રિકાનાં સંસ્થાનમાં તેા મહાન ક્ષેત્ર છે અને જેટલી ખેતી અને ઉદ્યોગ આ દિશામાં ખીલવવા હોય તેમાં બે હરીફ સ્થાન છે અને બે વૈજ્ઞાનિક માર્ગે મુકવામાં આવે તેા ખેતીવાડી ખાતાંના ખેલા રિપોર્ટો એમ કહે છે કે બ્રિટિશ મહારાજ્યનાં કોપરાં પેદા કરનાર પ્રસિદ્ધ સંસ્થાનોનાં ટોપરાંની જાતને પણ ટક્કર મારે તેવાં કોપરાં જંગાર સંસ્થાનમાંથી પેદા થઇ શકે અને તેની સાથે બે ઉદ્યોગ ખીલવવામાં આવે તેા જીનેવા અને ફ્રાન્સ અને છેલ્લે દક્ષિણ આફ્રિકાનેા પગ પેસારેા અમારા ઘરમાંથી નીકળી શકે. નહીતર અમારી સુસ્તીને કારણે અમારી લાખી પ્રજાનાં હિતને વિરોધક તત્વેા આવી રીતે ઉંડાં પેસી જાય છે.

કહેવાઇ ગયું છે કે હિંદુસ્તાને બે સંસ્થાનના વ્યાપાર તરફ નજરજ ફેંકવી હોય તેા પૂર્વ આફ્રિકા હિંદુસ્તાનનું પહેલું સંસ્થાન છે. સરકારના કેાઇ સ્ટેટ્સમેન તેમાં જરૂર નથી કમીશનેા કે જુળ નીએાની અગત્ય નથી માત્ર હિંદુસ્તાનનાં વ્યાપારી ક્ષેત્રનાં રત્નેાની ખીણી નજર તે તરફ ફરવાની અગત્ય છે—જ્યારે એ દીવસ ઉગશે ત્યારે સાત ઠકેાનેામિક કમીશનેાના સ્વાર્થાંધ રિપોર્ટ પણ આપણને ગલાતી-ગુરસાં કે વૃથા પેદા કરવાને બદલે હાસ્યજનક અરણ્ય રૂદન સમાન લાગશે. પરમાત્મા એ દિવસ કયારે બતાવશે ? કવિ તેા કહે છે-કે

" પેખ ઉદયેાગિ ઠરી દૃષ્ટિ ઉંચી કરી, સુર્ય ધીમે ધીમે આમ આવે."

ખાંડનેા ઉદ્યોગ.

ખાંડના ઉદ્યોગ વીશે " વર્લ્ડ સેલ્સમેન " નામના માસીકમાં નીચે પ્રમાણે લેખ આવ્યેા છેઃ-

જાવા વગેરે હેાલેંડનાં સંસ્થાનેામાં ખાંડનેા વેપાર મુખ્ય છે. એ વેપાર ઉપર એ સંસ્થાનની આબાદી અત્યારે આધાર રાખે છે. ખાંડ બનાવવા માટેની મીલેા યુરેાપીયનેા, ચીનાએા તથા જાપાનીઝના હાથમાં છે. એવી મીલેાની સંખ્યા ૧૮૮ છે. એમને માટે સાડાત્રણ લાખ એકર જેટલી જગામાં શેરડીનેા પાક કરવામાં આવે છે. નેહેરેામાંથી પાણી એ જમીનમાં પહેાંચાડાય છે. એની પેદાશ સેાળ લાખ ટન જેટલી છે. તેની કીમત ચાર કરેાડ પાઉંડ જેટલી છે. છેલ્લાં કેટલાંક વરસેામાં થયેલી ખાંડની નીકાશ નીચે પ્રમાણે હતીઃ—

વરસ	ટન (હજાર કીલેાસ	વરસ	ટન (હજાર કીલેાસ
૧૯૧૩	૧૪૯૮૦૦૦	૧૯૧૬	૧ ૬૨૦૦૦
૧૯૧૪	૧૪૮૮૦૦૦	૧૯૧૭	૧૨૬૬૦૦૦
૧૯૧૫	૧૩૭૦૦૦૦	૧૯૧૮	૧૫૭૦૦૦૦

૧૯૧૫ તથા ૧૯૧૭ ના વરસેામાં સ્ટીમરેાની તંગી નડવાથી નીકાશ ઘટી હતી પણ તે પછી સ્ટીમરેા મળી હતી. ગે-નવેંબર ૧૯૧૯ ના પાકની ઉતર ઓછી જણાયે કારણ કે ઘણીક મીલેાએ આગલે વરસે પાક માટે ઓછા વીસ્તારની જમીન રોકી હતી. તેમ છતાં ખાંડની કીંમત વધારે હેાવાથી ઘણીક મીલેા અગાઉ કેાઇ વાર નહી કરેલેા એવેા નફેા કરશે. આ ભાગેામાં શેરડીનેા પાક કરવાનું તથા તેમાંથી 'ખાંડ મેળવવાનું કામ શાસ્ત્રીય પદ્ધતીથી કરવામાં આવે છે અને તેને પરીણામે દર એકર દેાઢ સાડાચાર ટન ખાંડ મેળવાય છે. એ ધંધામાં ત્રણ હજાર યુરેાપીયનેા રેાકાયલા છે. એમને મેનેજર તરીકે નીમતા પહેલાં ઘણી અઘરી પરીક્ષાઓ પસાર કરવી પડે છે. ખાંડ ત્રણ જાતની બને છે તેમાંથી પહેલીને પહેલાં

ઉકાળાની ખાંડ કહીને ઓળખાવવી ઠીક પડશે. તેનો રંગ ઘેરો બદામી કે તપખીરીયા હોય છે. આશ્રી પંદર નંબર સુધીની એ હોય છે. પીળી ખાંડને સોળથી પચીસ સુધીના નંબર અપાય છે, એ નંબર આપવા માટેના નમુના દર બે વરસે બદલાય છે. ફીજી ઉકાળાની ખાંડ સફેદ હોય છે. ખાંડ પરદેશ મોકલવા માટે હવે ગુણોનો ઉપયોગ ઠરાય છે. દરેક ગુણમાં ૨૨૫ પાઉંડ વજન જેટલી ખાંડ ભરાય છે. એ માલ સ્થાનીક બજારમાં વેચાતા નથી. પરદેશ ખાતે નીકાશ કરનારઓ ઉપર એ માલ મોકલાય છે અને તેઓ એમાંથી જુદાજુદા પ્રમાણે વિભાગ છુટા કરી તેને અનુકુળ દેશ ખાતે મોકલે છે. એ રીતે જુદા જુદા દેશો ખાતે મોકલાતી ખાંડનો જથ્થો એક સરખી રીતે વંચાયલો રહેતો નથી. છતા સામાન્ય રીતે એમ કહી શકાય કે એમાંથી ત્રીસ ટકા જેટલી ખાંડ યુરોપ ખાતે, ત્રીસ ટકા જેટલી હીંદુસ્તાન ખાતે, ત્રીસ ટકા જેટલી ચીન ખાતે અને દસ ટકા જેટલી જાપાન ખાને જાય છે. બે ઉકાળાથી ખાંડ કાઢી લીધા પછી રહેલા કુચામાંથી ગોળ જેવો જે પદાર્થ મેળવાય છે તે તથા પીળી ખાંડ યુરોપ ખાતે ઘણી જાય છે. ઉંચી સફેદ જાતની ખાંડ હીંદુસ્તાનમાં જાય છે. બીજા પ્રકારની તથા કાળી ખાંડ ચીન તથા જેપાન જાય છે જ્યાં તેનો કેટલોક ભાગ એમને એમ વપરાય છે અને કેટલોક ભાગ સાફ કરવામાં આવે છે. ખાંડ બનાવતાં મળેલો છેવટનો ગોળ જેવો પદાર્થ દારૂ ગાળવા માટે હીંદમાં સીધામમાં તથા ચીનમા વપરાય છે. હીંદમાં અગાઉ જાવાની ખાંડ આવતી ન હતી તે ચેળા આસ્ત્રીયાથી આવતી ખાંડ હિંદમાં વપરાતી, પણ પાછળથી રંગુન, કલકતા, મદ્રાસ, મુંબઇ તથા કરાંચી ખાતે જાવાથી સ્ટીમરો આવતી થઇ તે પછી જાવાની ખાંડ હીંદમાં ઘણી વપરાવા લાગી છે. હીંદમાં હવે ખાંડ જાવા તથા મોરીસસથી આવે છે, ચીનમાં તથા જાપાનમાં જાવાની ખાંડ મોકલવા માટેની સ્ટીમરોની સગવડ વધવાથી એ દેશો ખાતે પણ જાવાની ખાંડની નીકાશ નીયમીત રીતે થવા લાગી છે, પણ ચીનમાં એનો ઉઠાવ બહુ વધી જવાની વધી રાખવામાં આવે છે.

જાવામાં શેરડીને પાકી થતાં અઢાર માસ લાગે છે. દર વરસે નવી જમીન પાક માટે કામે લેવાય છે અને એ રીતે દર ત્રણ વરસે એ જમીનમા નવો પાક થાય છે. જલદી પાકે એવી શેરડીને માટે કયારા રાખવામાં આવે છે. શેરડીમાથી નવથી બાર ટકા જેટલી ખાંડ મળે છે. અગ્યાર ટકા કરતા વધારે ખાંડ ઉતરે તે વરસે ખાંડની મીલવાળાઓ પોતાને ભાગ્યશાળી ગણે છે. બહારના લોકો સાથે એ મીલવાળાઓ સોદા કરતા નથી. સોદા એકી વેળા ઓગણીસ હજાર પીકલ જેટલી ખાંડ માટે થાય છે એ સોદા માટે આશ્રી દસ, બારથી પંદર, સોળથી ચોવીસ, અને પચીસ અથવા વધારે એ પ્રમાણે નંબરો નોંધાય છે પછી તેમાં જે માલ મળે તેને માટે નંબરો જુદા પાડવાનું કામ ખરીદનારાઓ કરે છે, જો મીલમાંથી મળેલી ખાંડનો રંગ વધારે ખુલો હોય છે તો ખરીદનારને લાભ વધારે થાય છે. એની નીકાશના કામકાજ માટે બેંકો તરફથી નાણાંની સગવડ થતી મળે છે. નીકાશ માટેનાં બંદરો સૌર ભાયા, સેમારાંગ, ચેરીબોન, ટેગલ, પેકાલેંગન, પાસોરીયન, બેલેવાંગી વગેરે છે પણ તે માટેના સોદા કરનારા વેપારીઓની પેઢીઓ સૌરાબાયા, સેમારાંગ તથા બટેવીયા ખાતેજ છે. એ વેપારીઓની મદદ વગર કામકાજ કરવાની ગોઠવણ જો પરદેશના માલ મંગાવનારાઓ કરે તો તેમાં તેમને ઘણો લાભ થાય પણ તેમણે માલ રાખવા માટેની પુરકળ જગા, નાણાંની સારી સગવડ અને માલ ખરીદવા તથા સ્ટીમર ઉપર ચઢાવવા માટેના આડત્યો એટલાં સાધનો સારી રીતે રાખવાં જોઈએ.

જોઇંટ સ્ટોક કંપનીઓ.

માઇસોર સ્ટેટ અને બ્રિટિશ હિંદુસ્તાનમાં સપ્ટેંબર ૧૯૧૯માં થયેલી જોઇન્ટ સ્ટોક કંપનીઓનાં નામ ઠેકાણાં વીગેરે હકીકત નીચે પ્રમાણે છેઃ—

નંબર નામ.	અગ્રેસર અને ઠેકાણું.	હેતુ.	થાપણ રૂ. ૧,૦૦૦
બેંકીંગ લોન અને ઇન્સ્યુરન્સ.			
૧. ઉણન્ધ નરમા બેંકીંગ અને ટ્રેડીંગ કું.	ડાયરેકટર, જાદણચંદ્ર મન્ડલ, ગૈમન્ધ બંગાલ.	બેંકનું અને ધીરધારનું.	૫૦
૨. ગોઆ બેંકીંગ અને ટ્રેડીંગ કું.	મેનેજીંગ ડાયરેકટર રાજેન્દ્રકુમાર, ગોઆ બંગાલ.	,,	૧,૦૦
૩. ઇન્ડીયન ઇન્ડસ્ટ્રીયલ બેંક...	મેનેજીંગ એજન્ટો એસ. એન. બન્ડો, ૩ થી ૬ હેર સ્ટ્રીટ, કલકત્તા.	,,	૫૦,૦૦૦
૪. યુનીયન બેંક ઓફ ઇન્ડીયા.	મુંબાઇ.	,,	૫૦,૦૦૦
૫. કોઇમણ્ડુર અનુપરપલયામ બેંક	સેક્રેટરી, સી. એમ. નાગે નેડુ કોઇમણ્ડુર મદ્રાસ.	,,	૧૦૦
૬. કનજાપનીશ્રી ગણેશ સહાયનીધી	સેક્રેટરી, ઉથાન્ડી ચેટ્ટી કનજાપ ટ્રી. અવનાશી વાલુક, કોઇમણ્ડુર, મદ્રાસ.	,,	૫૦
૭. કોલેગલ શ્રીમદ્ વૈશ્યનગ વંશ ભી વર્ધનનીધી ...	સેક્રેટરી, એ. બી છેતીવીર ચેટ્ટી કોલેગલ, કોઇમણ્ડુર. મદ્રાસ.	,,	૫૦
૮. મરચન્ટસ બેંક... ...	ડાયરેકટર, એસ. આઇ એમ. મુથુસ્વામી ઐયર, ટાનજોર, મદ્રાસ.	,,	૨૦૦
૯. પીલામેડુ કરીવરધરાજા વૈષ્ણવા પરીપાલનાનીધી..	સેક્રેટરી, જી. રંગસ્વામી નેડુ, કોઇમણ્ડુર મદ્રાસ.	,,	૧૦૦

નં૦	નામ.	અગ્રેસર અને ઠેકાણું.	હેતુ.	થાપલ રૂ. ૧,૦૦૦
૧૦.	રેલ્વે ઇન્સ્યુરન્સીસ. ...	મેનેજીંગ એજન્ટો, ફ્રોરી વધ્રૂ એન્ડ મુ., ૧ એ, વેનીસીથર ૮ રો, કલકત્તા.	વીમો.	૨,૫૦૦
૧૧.	આરગસ ઇન્સ્યુરન્સ. ...	એજન્ટો, એમ. એમ. હવે એન્ડ કું., ૧૧૮૬, રીચી રોડ, અમદાવાદ, મુંબાઇ.	,,	૫,૦૦૦
૧૨.	બેંગાલ શીપ બીલ્ડીંગ અને નેવીગેશન કું.	મેનેજીંગ એજન્ટો, ઇસ્ટર્ન એજન્સી એન્ડ કું૨ અને ૩, લાલ બજાર સ્ટ્રીટ, કલકત્તા.	વહાણો, ખરીદવા, ચાર૨ કરવા, ભાડે આપવા અને બાંધવા વગેરેનું કામકાજ.	૧૦,૦૦૦
૧૩.	ડેમોક્રેટ	૧ પ્રયાગ સ્ટ્રીટ, અલ્લા હાબાદ	પુસ્તકો છાપવા વગેરે.	૧૦૦
૧૪.	શ્રી ભારત આર્ટ પ્રીન્ટીંગ વર્કસ	એજન્ટો, કનૈયાલાલ મણીલાલ જૈન એન્ડ કું. અમદાવાદ મુંબઇ	,,	૧૦૦
૧૫.	નેશનલ ડેમેક્રેટીક પબ્લીશીંગ કું.	એજન્ટો, પંચાર પીર ભાઇ એન્ડ કું. મુંબઇ	,,	૧,૦૦૦
૧૬.	હોમ ઇન્ડ્રી, કવીવે ૧૫ અને ટ્રેનીંગ કોરપોરેશ ...	ડમરેડ્ર, યતીન્દ્રનાથ ચક્રવર્તી બારાસલ બંગાલ.	વેપારીઓ, ગૃહો અને મધ્યમ વર્ગના લોકોને મદદ કરવી અને વેપાર કરવો.	૧૦૦
૧૭.	ફ્રુટીઅર સીન્ડીકેટ ...	૯ હેસ્ટીંગ્સ સ્ટ્રીટ, કલકત્તા.	આમદાની વેપારી અને પરચુરણ ધંધા કરનાર	૨,૦૦૦
૧૮.	ઇન્ડો-જનરલ ઇન્વેસ્ટમેંટ કોરપોરેશન	૩૨ ડેલહાઉસી સ્કેવર કલકત્તા.	પરચુરણ વેપારીઓ, અને બનાવનારાઓ	૧,૫૦૦
૧૯.	ઓરીયન્ટલ ઇન્વેસ્ટમેંટ અને ઇન્ડસ્ટ્રીયલ ટ્રસ્ટ ...	,,	,,	૩,૦૦૦

નં૦ નામ.	અગ્રેસર અને ઠેકાણું.	હેતુ.	ભાપણ રૂ. ૧,૦૦૦
૪૦. ફીલાચંદ દેવચંદ એંડ કું...	ફીલાચંદ દેવચંદ મુંબઇ	સામાન્ય વેપાર.	૩,૦૦૦
૪૧. ગોભાઇ કરંજીયા ...	એમ. એન. ગોભાઇ એંડ કું. મુંબઇ.	,,	૧૦,૦૦૦
૪૨. સીવીલ એન્જીનીયર્સ ...	ડી. જી. સેવાની મુંબઇ.	સીવીલ એન્જીનીયર્સ એંડ સર્વેયર્સ.	૧૦૦
૪૩. કરાંચી મોટર ટ્રાન્સપોર્ટ કું ..	બી. આર. હર્ખાન એંડ મોહટા, કરાચી	મોટર ભારકને લાવ લઇજા કરવી.	૫૦૦
૪૪. ઇંડીયન યુનીવર્સલ સ્ટોર્સ.	હુસેનભાઇ દલસુખભાઇ એંડ કું. મુંબઇ.	બધી ચીજોનો સ્ટોર્સ.	૨૦,૦૦૦
૪૫. બ્રીટીશ ન્યુપોર્ટ એંડ જનરલ એડકેટ કું. ...	રેજીનાલ્ડ એસકેથેલ લુજીસ રોડ મુંબઇ.	બીમાનને લગતા સામાનનો વેપાર.	૫,૦૦૦
૪૬. ઇંડીયન સ્ટીલ વાયર પ્રોડકટસ	લલુભાઇ વાલચંદ ફાયડીય એંડ કું. ૬૫ એપોલો સ્ટ્રીટ મુંબઇ,	સ્ટીલના તાર વગેરેનો વેપાર.	૫,૦૦૦
૪૭. ઇસ્ટર્ન આર્ટ ઇંગ્રીઝ એંડ મેન્યુફેકચરીંગ કું. ...	ઓઝા એંડ કું. મુંબઇ.	છબીઓ જડવાની ફ્રેમો બનાવવી વગેરે.	૫૦૦
૪૮. ભારત ઑઇલ પેન્ટ એંડ ઇંડઓયલ કું.	જે. ડી. સંઘવી એંડ કું. મુંબઇ.	કપાસીયા તેલ રંગ વાર્નીશ વગેરેનો વેપાર.	૨,૪૦૦
૪૯. લક્ષ્મીપુર બેનાની ટ્રેડીંગ કું.	શીવનારાયણ બેનાની, ગાયબંધ, બંગાલ.	વેપાર, શરાફી વગેરે.	૧૦૦
૫૦. મશીનરી મેન્યુફેકચરીંગ કું.	અંબાલાલ એમ પટેલ એંડ કું. અમદાવાદ.	એન્જીનો વગેરે બનાવવા.	૫૦૦
૫૧. માર્ક કલીકર્ડ	એ. બી. પંડયા, મુંબઇ.	સામાન્ય વેપાર અને આડત.	૨૦
૫૨. આઇડીયલ ટ્રાન્સપોર્ટ કું....	સી. કે. લાલન એંડ કું. મુંબઇ.	લાવલઇજા કરવાનું.	૨,૫૦૦

દીવાલના માટે ફ્રેન્સી ટાઇલ્સની છેલ્લી ડીઝાઇનો જોશો કે?

નં૦	નામ	અગ્રેસર અને ઠેકાણું:	હેતુ.	થાપણ રૂ. ૧,૦૦૦
૫૩.	ચેની-રબુસર ટ્રેડીંગ કું. ...	દવે પારેખ એંડ કું. મુંબઈ.	વેપાર.	૫૦૦
૫૪.	અમદાવાદ ગ્લાસ વર્કસ ...	દવે અધ્યારૂ એંડ કું. મુંબઈ.	કાચનો માલ બનાવવો.	૫૦૦
૫૫.	ઓગ્મે એક્સપોર્ટ ઇમ્પોર્ટ એંડ મેન્યુફેક્ચરીંગ કું. ...	નીડ એંડ કું. મુંબઈ.	રેશમ રૂ, વગેરેનો માલ બનાવવો તથા તેના માલની આયાત નીકાશ વગેરેનું કામ કરવું.	૫૦૦
૫૬.	હીરાલાલ રણછોડદાસ એંડ કંપની	હીરાલાલ રણછોડદાસ એંડ કું. અમદાવાદ.	વેપાર તથા આડત.	૩૦૦
૫૭.	ઓગ્મે આફ્રીકા ટ્રેડીંગ કું...	ડબલ્યુ. એચ. બ્રાડી એંડ કું. મુંબઈ.	,,	૩,૦૦૦
૫૮.	ભારતખંડ સ્વદેશી સ્ટોર્સ એંડ ઇંડસ્ત્રીયલ કું ...	મોતીલાલ દામોદરદાસ રાવલ એંડ કું.	સ્વદેશી માલ બનાવવો અને તેનો વેપાર કરવો.	૫૦૦
૫૯.	હીંદુસ્તાન ટેનરીઝ ...	પીરભાઇ ફેાચર એંડ કું. મુંબઇ.	ચામડાં તથા તેમાંથી બનેલી ચીજોનો વેપાર.	૫,૦૦૦
૬૦.	એકમી મેન્યુફેક્ચરીંગ કું...	જે. ગોવર્ધનદાસ એંડ કું લેમીંગ્ટન રોડ, મુંબઇ.	મોટરકાર બાઇસીકલ વગેરેનો વેપાર.	૨,૦૦૦
૬૧.	ઇશ્વર એંડ કું.	ઓ. વી સુબ્રમણ્ય ફ્રોઇ. ગ્મટુર.	વેપાર.	૫૦
૬૨.	જનરલ વેરહાઉસ કું. ...	પી. ઇ. રાગીયર ફ્રોઇ. ગ્મટુર.	,,	૫૦
૬૩.	ઇંટરનેશનલ કૉમર્સ કૉરપોરેશન	આર. કેાલમેન એંડ કું. મદ્રાસ.	ઇમ્પોર્ટ તથા એક્સપોર્ટ.	૫૦૦
૬૪.	રતન કોમ ટેનરીઝ ...	લક્ષ્મીરતન, મદ્રાસ.	ચામડાં ફેાળવવાં તથા તેનો વેપાર.	૫૦૦

નં૦ નામ.	એડ્રેસ અને ઠેકાણું.	હેતુ.	થાપણ રૂ. ૧,૦૦૦
૬૫. સુરત ઇંડસ્ત્રીયલ મીલ્સ કું.	નગીનલાલ મગનલાલ એંડ બ્રધર્સ, વીરમગામ.	કાપડ સુતર બનાવવું.	૧,૨૦૦
૬૬. વીરમગામ ઇંડસ્ત્રીયલ મીલ્સ કુંપની	ચુનીલાલ જેચંદ એંડ સન્સ, વીરમગામ.	,,	૫૦૦
૬૭. ગોકાક મીલ્સ	ફ્રેંચીસ ફ્રેંચીસ ટ્રેડપ-બેલ એંડ કું. મુંબઇ.	મીલો તથા કારખાનાં કાઢવાં વગેરે.	૪,૮૦૦
૬૮. વર્ધા મીલ્સ કું.... ...	રતનજી ગોવર્ધનદાસ એંડ કું. મુંબઇ.	કાપડ સુતર બનાવવાનું.	૫,૦૦૦
૬૯. સર હુકમચંદ એંડ હાલમીયા કૉટન ઑઇલ મીલ્સ ...	સર હુકમચંદ બાબા કીશનદાસ એંડ કું.	સુતર, ઉન રેશમ વગે-રેની મીલોનું કામ.	૩,૫૦૦
૭૦. એલ્ગીન મીલ્સ કું. ...	એંડ્રયુલ એંડ કુંપની કલકત્તા.	જુટ વગેરે રેસામાંથી માલ બનાવવો	૨,૬૦૦
૭૧. બનારસ કૉટન એંડ સીલ્ક મીલ્સ કું.	બનારસ એંક ખીલર્ડીંગ્સ, બનારસ.	રૂ. સુતર, રેશમ વગેરે સાફ કરવાનું તથા તે ઉપર રંગ ચઢાવવાનું.	૭,૫૦૦
૭૨. સુર્યપુર મીલ્સ કું. ...	સાંકળીયા દલાલ એંડ કું. મુંબઇ.	સુતર કાંતવાનું કાપ-વાનું વગેરે.	૧,૦૦૦
૭૩. ગંગા રાઇસ મીલ્સ ..	બી. રાય એંડ કું. ૪, મીરાનરો, કલકત્તા.	ચોખા તથા અનાજ સાફ કરવાની મીલ.	૬૦૦૦
૭૪. પુર્નીયા રાઇસ મીલ્સ કું...	ડેવનપેર્ટ એંડ કું. કલકત્તા.	,,	૨,૦૦૦
૭૫. બાહરગંજ રાઇસ મીલ્સ કું	મુનાઇટેડ ફ્રેંડસ એંડ કું. કલકત્તા.	,,	૫,૦૦૦
૭૬. બાસામ પ્લેંટર્સ રાઇસ મીલ્સ... ...	એસ સેન, બાબુ હા હસલેન કલકત્તા.	ચોખા વગેરે અનાજની મીલ ચલાવવી તથા પાક કરવો.	૧૦૦
૭૭. હાવરા ફ્લોર મીલ્સ ...	રૂપચંદરાય સ્ટ્રીટ, કલકત્તા.	ઘઉં ચોખા વગેરેનો આટો કરવો	૧,૫૦૦

નં॰ નામ.	અગ્રેસર અને ઠેકાણું.	હેતુ.	થાપણ રૂ. ૧,૦૦૦
૭૮. હીલાલી ઑઇલ મીલ્સ ...	ઇ. સોલોમન એંડ કું. રાધાબજાર સ્ટ્રીટ, કલકત્તા.	ઑઇલ મીલ માટેનાં સાધનો ખરીદવાં.	૩૦૦
૭૯. હાર્વીકુલ ઑઇલ કું. ...	એંડર્સન રાઇટ એંડ કું. કલકત્તા.	તેલ બનાવવાં તથા તેનો વેપાર કરવો.	૨,૦૦૦
૮૦. હુગલી ઑઇલ મીલ્સ ...	એસ. ચકરબર્તી એંડ કું. કલકત્તા.	,,	૬,૦૦
૮૧. ઑઇલ એંડ ઇંડસ્ત્રીયલ ...	સતીશચંદ્ર સરકાર ના ટોર, બંગાળ.	,,	૧૫૦
૮૨. ચીલ્હતટી પરા ટી કું. ...	નેશનલ પ્લાંટર્સ એજંસી, બંગાળ.	ચા વગેરેનો વેપાર.	૨૦૦
૮૩. ઓરાંગ ટી કું.	શો વૉલેસ એંડ કું. કલકત્તા.	ચા વગેરેનો પાક કરવો તથા વેપાર કરવો.	૧૮૦૦
૮૪. મતીધર ટી કું.	જે. સી. બેનરજી કલકત્તા.	,,	૩૦૦
૮૫. વીક્રમપુર ટી એંડ ઇંડસ્ત્રી કું.	લોગેશચંદ્ર ઘાટક. સુનશીગંજ.	,,	૩૦૦
૮૬. સેંટ્રલ આસામ ટી કું. ...	ડીગન એંડ કું. કલકત્તા.	,,	૩૦૦
૮૭. ઑકલેંડ ટી. કું... ...	,,	,,	૩૦૦
૮૮. ગોલકપુર ટી કું... ..	ગોલકપુર એજન્સી કું. બંગાળ.	,,	૧૦૦
૮૯. ઇસ્ટ બંગાલ હીંદુ મોરલેમ પ્લેંટર્સ	અબદુલ ગફુર એંડ ફ્રેંડસ કરીમગંજ આસામ	,,	૧૦૦
૯૦. ક્રસ્ટનંદી કોલ એંડ કું. ...	પીલ્યર એંડ કું.	કોલસાની ખાણનું.	૯૦૦
૯૧. સેંટ્રલ જેમીદારી કોલ કું...	ઉમાલ જમાલ એંડ સન્સ કલકત્તા.	,,	૫૦૦

નં૦ નામ.	અગ્રેસર અને ઠેકાણું.	હેતુ.	થાપવુ રૂ. ૧૦૦૦.
૯૨. લંડન બર્મા ડેવલપમેન્ટ કું.	બંગાળ.	તેલની તથા કોલસાની ખાણો શોધવા વગેરે.	૫૦
૯૩. જેસીનીયા મીનરલ્સ માઇનીંગ કું.	માથર એંડ કુંપની કલકત્તા.	અભરકની ખાણોનું.	૧,૦૦૦
૯૪. ઈંડીયન મીનરલ્સ એકસ-પ્લોરેશન સીંડીકેટ ...	પેસ્તનજી ધનજીશાહ પટેલ ૩૦૮ હોર્ન બીલ રોડ મુંબઇ.	ખાણોનું.	૧૦૦
૯૫. યુકુનોમીક લેંડ બીલ્ડીંગ એંડ સ્ટોર્સ	એમ. જે. વર્ધમાન એંડ કું.	જમીન લેવી, મકાનો બાંધવાં.	૫,૦૦૦
૯૬. બોર્ણીન્સ	ડબલ્યુ. ક્રીમેન એંડ કું. કલકત્તા.	જમીન લેવી મકાન બાંધવા તથા બોણીન બનાવવાં વગેરે.	૨,૦૦૦
૯૭. બંગાલ હાઉસ એંડ એસ્ટેટ સીન્ડીકેટ ...	સેહાના એંડ કું.	જમીન વેચાતી અથવા પટે લેવી વગેરે.	૨,૫૦૦
૯૮. બીલ્ડીંગ કું	એફ. જી. હુસેન એંડ કું. મુંબઇ.	જમીન લેવી તથા મકાન બાંધવાં.	૨૧,૦૦૦
૯૯. કુરતીયા શુગરકેન મીલ્સ ...	રાયચન્ત એંડ કુંપની કુરતીયા બંગાળ.	બાંડ બનાવવી.	૨૫૦
૧૦૦. બેરોની એંડ કું. .	કલકત્તા.	શેરો, સ્ટોક વગેરેનું કામકાજ.	૧,૫૦૦

ચેમ્બરની કમીટીની સભાઓ.

ધી ઇન્ડીઅન મર્ચન્ટસ ચેમ્બર અને બુરાની કમીટીની એક સભા મંગળવાર તા. ૨૩ મી ડીસેમ્બર સને ૧૯૧૯ ને રોજ સાંજના બે કલાકે (સ્ટા. ટા.) ભરવામાં આવી હતી જે વખતે નીચે જણાવેલા ગૃહસ્થો હાજર હતા:—

(૧) સોરાબજી એદલજી વૉર્ડન.
(૨) ઓ. શેઠ પુરૂષોતમદાસ હાકોરદાસ.
(૩) ,, ,, ચુનીલાલ વી. મેહતા.
(૪) શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરસી.
(૫) ,, સુરજમલ લલ્લુભાઈ.
(૬) ,, લખમીદાસ રવજી તેરસી.
(૭) ,, વલ્લભદાસ ચતુરભુજ શીવજી.
(૮) શેઠ વિઠલદાસ દામોદર ગોવિંદજી.
(૯) ,, ગુલાબચંદ દેવચંદ જવેરી.
(૧૦) ,, ફીરોજ જે. બીલીમોરીયા.
(૧૧) ,, કાજલભાઇ ઇબ્રાહીમ રહીમતુલ્લા
(૧૨) ,, લાલજી ગોવિંદજી.
(૧૩) બી. એફ્. માદન.
(૧૪) ,, એન એમ. મજુમદાર

૧. તા. ૯ મી ડીસેમ્બર ૧૯૧૯ ને રોજ ભરાયેલી કમીટીની સભાની મીનીટો જે સભાસદોમાં ફેરવવામાં આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

૨. નીચે જણાવેલા ગૃહસ્થો તથા પેઢીઓ તરફથી ચેમ્બરમાં સભાસદ તરીકે દાખલ થવાની અરજીઓ આવી હતી જેમને રાખેતા મુજબ બેલટ ઉપર મોકલવાનો ઠરાવ થયો હતો. બેલટ માટેના દીવસો તા. ૧૦ જાન્યુઆરીથી તા. ૧૭ જાન્યુઆરી સુધીના મુકરર કરવામાં આવ્યા હતા રકુટીનીઅર તરીકે શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરસીને નીમવામાં આવ્યા હતા.

૧ શેઠ દ્વારકાદાસ જેકીસનદાસ
૨ ,, મેસર્સ હંસરાજ એન્ડ કું.
૩ મેસર્સ ચેનીરામ જસરાજ એન્ડ કું.
૪ ,, કાશીનાથ. ડી. ખોટે એન્ડ કું.

૩ વર્કમેન્સ બ્રીચ ઓફ કોન્ટ્રાક્ટ એક્ટની કલમ બે અને ત્રણ મુજબ, જે સજા ફરમાવી શકાય છે તે સામે અપીલ કરવાનો હક આપવો કે કેમ તે સંબંધમાં ના. સરકાર તરફથી પત્ર આવ્યો હતો અને કમિટીનો અભીપ્રાય માગ્યો હતો. કમીટીએ તે સંબંધમાં ઠરાવ કર્યો હતો કે હક આપવો જોઈએ અને તે પ્રમાણે નામદાર સરકારને લખી જણાવવાનો ઠરાવ થયો હતો.

૪. રેલ્વે વેગનની તંગાશના સંબંધમાં કમીટીએ જે પત્ર લખ્યો હતો તેના જવાબમાં નામદાર હીંદી સરકારના વેપાર અને ઉદ્યોગ ખાતા તરફથી પત્ર આવ્યો હતો કે એ બાબત ઉપર નીર્ણય કરી આ ચેમ્બરને લખી જણાવશે. આ પત્રની નોંધ લેવામાં આવી હતી.

૫ સ્ટોર્સ પરચેઝ કમીટીના સેક્રેટરી તરફથી એક પત્ર આવ્યો હતો અને તેમા સ્ટોર્સ પરચેઝ કમીટીનાં "વીટનેસ" તરીકે જે બે સભાસદોના નામ આ ચેમ્બર તરફથી મોકલવામાં આવ્યાં હતાં તેઓ ઉપર ડેટલાક સવાલો મોકલવામાં આવ્યા હતા અને તેના જવાબ બનતી ઉતાવળે મંગાવ્યા હતા. પત્ર કમીટી આગળ રજુ થતાં એવો ઠરાવ થયો હતો કે એ પત્રની નકલો કમીટીના સભાસદોમાં ફેરવવી.

૬ ગોઝારે પોર્ટ ટ્રસ્ટ રેલ્વે ઉપર માલ ચઢાવતી વખતે વધારાનો "વારફેજ ફી" લેવાના ચાલના સંબંધમાં પડતી મુશ્કેલીઓ વર્ણવનારો એક પત્ર મેશર્સ એચ. જે. હોરમસજી તરફથી આવ્યો હતો અને તે સાથે પોર્ટ ટ્રસ્ટ રેલવેના મેનેજર પર તેઓએ જે પત્ર લખ્યો હતો તેની એક નકલ બીડવામાં આવી હતી. આ સંબંધમાં પોર્ટ ટ્રસ્ટ રેલ્વેના મેનેજર તરફથી ખુલાસો બતાવનારો એક પત્ર પણ આ ચેમ્બર પર આવ્યો હતો. પત્ર કમીટી આગળ રજુ થતાં એવો ઠરાવ થયો હતો કે મેશર્સ એચ. જે. હોરમસજીને લખી પુછાવવું કે તેઓને પોર્ટ ટ્રસ્ટ રેલ્વેના મેનેજર તરફથી જે ખુલાસો મળ્યો છે તે તેઓને માન્ય છે કે કેમ ?

૭ ગુણીના વેપારને આવક વેરામાંથી માફી આપી હતી તેના કારણો જાણવાને આ ચેમ્બર તરફથી ના. સરકારને અરજ કરેલી તેના જવાબમાં વીગતસર કારણો દર્શાવનારો એક પત્ર ના. હીંદી સરકાર તરફથી આવ્યો હતો. આ પત્રની નોંધ લેવામાં આવી હતી.

૮ ના. હીંદી સરકાર તરફથી વેપારી ખબર એકઠા કરવાના સંબંધમાં ઇન્ડીઅન ઇન્ડસ્ટ્રીઅલ કમીશનની ફેડરલીક ભલામણો દર્શાવનારો જે પત્ર ના. મુંબઇ સરકાર ઉપર મોકલેલો તેની એક નકલ આ ચેમ્બરપર મોકલવામાં આવી હતી અને તેમાં જણાવેલી સુચનાઓપર ચેમ્બરનો અભીપ્રાય તા. ૨૩ મી ડીસેમ્બર સને ૧૯૧૯ આખરે માગેલો હતો પત્ર કમીટી આગળ રજુ થતાં એવો ઠરાવ થયો હતો કે મુદત ઘણી ટુંકી હોવાથી તે મુદત તા. ૧૫ મી જાન્યુઆરી સને ૧૯૨૦ સુધી વધારી આપવાની ના. સરકારને અરજ કરવી.

૯ પંજાબ ગવર્નમેન્ટના ફીનાન્સ ખાતાના સેક્રેટરી તરફથી પંજાબ ગવર્નમેન્ટના પત્ર નંબર ૧૫૦૧૬ તા. ૫ જુન ૧૯૧૯ ની નકલ આ ચેમ્બરપર મોકલી હતી અને તે સાથે "પંજાબના ધોરી રસ્તા" ના સબંધમાં ઓ. મી. એચ. જે. મેનાર્ડની નોટની પણ એક નકલ બીડેલી હતી. આ પત્રો કમિટી આગળ રજુ થતાં એવો ઠરાવ થયો હતો કે તે પત્રો કમીટીના સભાસદોમાં ફેરવવા.

૧૦ "સીવીલ એવીએશન"ના સંબંધમાં ના. સરકારનો પત્ર આવ્યાને ઘણો વખત થયો હતો પણ તે બાબત શેઠ બાલચંદ હીરાચંદ વીલાયતથી હીંદુસ્થાનમાં પાછા આવે તે ઉપર મુલતવી રાખવાનો ઠરાવ થયો હતો. તેઓ હીંદુસ્થાનમાં આવેલા હોવાથી કમીટીએ તૈયાર કરેલો ખરડો એમના અભીપ્રાય સારૂ તેઓના તરફ રવાના કર્યો હતો. તેઓની ભલામણો તથા પ્રથમનો ખરડો કમીટી આગળ રજુ થતાં પસાર થયો હતો અને તે મુજબ ના. સરકારને આ ચેમ્બરનો અભીપ્રાય લખી જણાવવાનો ઠરાવ થયો હતો.

૧૧ મેશર્સ ઠાકરસી ગુલજી એન્ડ કું. તરફથી પત્ર આવ્યો હતો કે નીઝામ સરકારના રાજ્યમાં "કરોડગીરી" નો વેરો જે લેવામાં આવે છે તે આ વર્ષથી બમણો કર્યો છે અને તેથી કરીને રૂના વેપારીઓને ઘણું નુકશાન થવાનો સંભવ છે. આ સંબંધમાં તેઓએ દાદ માગી હતી. પત્ર કમીટી આગળ રજુ થતાં એવો ઠરાવ થયો હતો કે ના. નીઝામ સરકારના વેપાર અને ઉદ્યોગ ખાતાના ડીરેક્ટરને અરજ કરવી.

૧૨ શેઠ સુરજી વલ્લભદાસ તરફથી એક પત્ર આવ્યો હતો કે એલીઝરાઇન અને એની લાઇન રંગની આયાત કરવામાં "ઇમ્પોર્ટ પરમીટ" મેળવણ બાબત ઘણીજ મુશ્કેલી પડે છે. આ પત્ર કમીટી આગળ રજુ થતા એવો ઠરાવ થયો હતો કે તેમના તરફથી વધુ માહીતી મેળવીને ના. સરકારને અરજ કરવી.

૧૩ મા. વી. પા. વેધ તરફથી પત્ર આવ્યા હતો કે સર એસ. પી. સીંહ તથા એ. મી. ભુપેન્દ્રનાથ બસુ વીલાયતથી આ તરફ આવે તે વખતે મુંબઇમાં તેઓને એક માનપત્ર આપવું. આ સુચના કમીટી આગળ રજુ થતાં ઠરાવ થયો હતો કે તે સુચના અમલમાં મુકવી અને તે પહેલાં તેઓને સ્ટીમર ઉપર તારથી આમંત્રણ સ્વીકારવાની વીનંતી કરવી અને પુછી જણાવવું કે કયે દીવસ અને સમય તેઓને અનુકુળ થશે.

૧૪ શેઠ ડબ્લ્યુ. ટી. હાલાઇ વીગેરે કેટલાક સભાસદો તરફથી રૂબલનોટ ઓરડીનન્સના સંબંધમાં ચર્ચા કરવા સારૂ કમીટીની એક મીટીંગ ભરવાની વીનંતી કરવામાં આવી હતી. આ પત્ર કમીટી આગળ રજુ થતાં ઠરાવ થયો હતો કે એ વીષય કમીટીની ત્રીમાશીક મીટીંગ જે જાન્યુઆરી માસની તા૦ ૧૦ ને રોજ ભરાવવાની છે, તે ઉપર મુલતવી રાખવો.

૧૫ દર કમીટીની મીટીંગમાં થનારા કામકાજની નોંધ ગુજરાતીમાં છાપવામાં આવે તો વધારે સારૂં એવી સુચના કેટલાક સભાસદો તરફથી થવાથી તે વીશય કમીટી આગળ રજુ કર્યો હતો. કમીટીએ એવો ઠરાવ કર્યો હતો કે થનારા કામકાજની ટુંકનોંધ ગુજરાતીમાં છપાવવી પણ કાંઇ બાબત ઉપર વીગતવાર માહીતીની જરૂર હોય અને તેનો જો ગુજરાતીમાં તરજુમો કહેલાઇથી ન થઇ શકે તેમ હોય તો તેવી વધારાની વીગત ઇંગ્રેજીમાં છપાવવી.

૧૬ ચેમ્બરના સભાસદોની ત્રીમાશીક મીટીંગની તારીખ મુકરર કરવાનું કામ કમીટી આગળ રજુ થતાં ઠરાવ થયો હતો કે તે મીટીંગ જાન્યુઆરી તા૦ ૧૦-૧-૧૯૨૦ ને રોજ ભરવી.

ધી ઇન્ડીઅન મર્ચન્ટસ ચેમ્બર અને બુરોની કમીટીની એક સભા મંગળવાર તા. ૧૩ જાન્યુઆરી સને ૧૯૨૦ ને રોજ સાંજના બે કલાકે (સ્ટા. ટા) ભરવામાં આવી હતી જે વખતે નીચે જણાવેલા ગ્રહસ્થો હાજર હતા:—

(૧) શેઠ જહાંગીરજી ભમનજી પીટીટ	(૧૧) શેઠ ફીરોજ જે. બીલીમોરીયા.
(૨) ,, સોરાબજી એદલજી વૉર્ડન	(૧૨) ,, ફાજલ ઇબ્રાહીમ રહીમતુલ્લા
(૩) એ. શેઠ ચુનીલાલ વા. મહેતા	(૧૩) ,, ગીરધરદાસ બી. ત્રીવેદી.
(૪) ,, ,, લલ્લુભાઇ શામળદાસ	(૧૪) ,, મનસુખલાલ આ. માસ્તર.
(૫) શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરસી.	(૧૫) ,, માવજી ગોવિંદજી
(૬) ,, સુરજમલ લલ્લુભાઇ.	(૧૬) ,, રેવાશંકર જગજીવન
(૭) ,, લખમીદાસ રવજી તેરસી.	(૧૭) ,, મથુરાદાસ કાનજી મટાની.
(૮) ,, વલભદાસ ચતુરભુજ શીવજી	(૧૮) ,, બી. એફ. માદન.
(૯) ,, વિઠ્ઠલદાસ હામીદર ગોવિંદજી	(૧૯) ,, એન. એમ. મજુમદાર.
(૧૦) ,, ગુલાબચંદ દેવચંદ ઝવેરી.	

૧. તા. ૨૩ મી ડીસેમ્બર ૧૯૧૯ ને રોજ ભરાએલી કમીટીની સભાની મીનીટો જે સભાસદોમાં ફેરવવામાં આવી હતી, તે પસાર કરવામાં આવી હતી.

૨. નીચે જણાવેલા ગ્રહસ્થો તથા પેઢીઓ તરફથી ચેમ્બરમાં સભાસદ તરીકે દાખલ થવાની અરજીઓ આવી હતી જેમને રાખેતા મુજબ બેલેટ ઉપર મોકલવાનો ઠરાવ થયેા હતેા. બેલટ માટેના દીવસેા તા. ૨૩ જાન્યુઆરીથી તા. ૩૦ જાન્યુઆરી સુધીના મુકરર કરવામાં આવ્યા હતા, સકુટીનીઅર તરીકે શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરસીને નીમવામાં આવ્યા હતા.

---

૧. મેસર્સ વર્ધમાન બ્રધર્સ
૨. શેઠ ચત્રભુજ ગંગારામ
૩. મેશર્સ સુરજી વલ્લભદાસની કુા.
૪. ,, દ્વારકાદાસ જગમોહનદાસની કું.
૫. મેસર્સ પ્રાગજી સુરજી ગોધુની કું.
૬. ,, સુરજી ગોધુની કું.
૭. શેઠ કપીલરામ એચ. વકીલ
૮. મેશર્સ વલ્લભરામ રણછોડની કું.

૩. કરન્સી નોટસના સંબંધમાં ના. મુંબાઈ સરકારના નાણાં ખાતા તરફથી પત્ર આવ્યો હતો કે જુદીજુદી ઠીંમતની નોટો સહેલાઈથી ઓળખી શકાય તે સારૂ રંગીન કાગળ વાપરવા વીશે વીચાર ચલાવવામાં આવે છે. વળી પત્રમાંએમ જણાવવામાં આવ્યું હતું કે ના. સરકારને એમ જણાવવામાં આવેલું છે કે હુરો રંગ હીંદુ કોમમાં અપશુકનીઆળ મનાએલો છે, અને તેથી કરીને તેવા રંગની નોટોનાં ચલણમાં વાધો પડે. લોકોની આ માન્યતા કેટલે અંશે ખરી છે, તે વીશે ચેમ્બરનો અભીપ્રાય માગેલો હોવાથી તે પત્ર કમીટી આગળ રજુ થતાં એવો ઠરાવ થયો હતો કે આસમાની રંગ વાપરવાની ના. સરકારને ભલામણ કરવી.

૪. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એક્ટની રૂએ પળાતા તહેવારો સંબંધી ના. મુંબાઈ સરકારના નાણા ખાતા તરફથી પત્ર આવ્યો હતોકે તે રૂએ પળાતા તહેવારો હાલમાં ૨૮ છે અને તે સંખ્યા વધારે લાગવાથી તેમાંથી કપાત કરવાનો વીચાર ચાલે છે. આ વીશેય પર ચેમ્બરનો અભીપ્રાય માગેલો હોવાથી તે પત્ર કમીટી આગળ રજુ થતાં એવો ઠરાવ થયો હતો કે પળાતા તહેવારોમાંથી કમી કરવા વ્યાજબી નથી.

૫. મી. લક્ષ્મીચંદ માણેકચંદ ઓખાણીના તા. ૨૮-૧૦-૧૯ ને રોજના પત્ર ઉપરથી કમીટીએ રેલવે સત્તાવાળાઓને વીરમગામથી બે ટ્રેન અડધા કલાકને અંતરે દોડાવાની ભલામણ કરેલી તેના જવાબમાં બી. બી. એન્ડ સી. આઈ. રેલવેના ટ્રાફીક મેનેજર તરફથી પત્ર આવ્યો હતો કે તે પ્રમાણે હાલ બની શકે તેમ નથી. આ પત્રની નોંધ લેવામાં આવી હતી.

૬. શેઠ કરશનદાસ માવજી તરફથી પત્ર આવ્યો હતો કે એનીલાઈન રંગની આયાત કરવાને સારૂ "ઈમ્પોર્ટ પરમીટ" મેળવવા માટે ઘણી મુશ્કેલીઓ પડે છે. આ પત્ર "ડાઈઝ અન્ડ કેમીકલ્સ" ના ધંધાને લગતો હોવાથી તે ધંધાની સણ કમીટીમાં રજુ કરવાને ઠરાવ થયો હતો.

૭. રંગની આયાતના સંબંધમાં કમીટીએ તા. ૨૭-૧૨-૧૯ ને રોજ કલેકટર ઑફ કસ્ટમ્સને પત્ર લખેલો તેના જવાબમા તેઓ તરફથી પત્ર આવ્યો હતો કે યુનાઈટેડ કીંગડમમાં બનતા રંગ હિંદી વેપારીઓને પુરતા જથામાં મળતા નથી એ વાત ખરી નથી. આ પત્ર પણ ડાઇઝ અને કેમીકલ્સના ધંધાને લગતો હોવાથી તે કમીટીના સભાસદોમાં ફેરવાનો ઠરાવ થયો હતો.

૮. ઈન્ડીઅન ટેરીફ એક્ટમાં બાંહની આયાત જકાત જે પદ્ધતી ઉપર નક્કી કરવામાં આવી છે તે બાબત ઉપર ચેમ્બરનું લક્ષ ખેંચવામાં આવ્યું હતું. આ બાબત ઉપર પક્ષ. વીચાર કરવા સારૂ નીચે જણાવેલા ગૃહસ્થોની સણ કમીટી નીમવામાં આવી હતી:—

૧. શેઠ સોરાબજી એદલજી વૉરડન.
૨. ઓ. શેઠ લલ્લુભાઈ શામળદાસ
૩. શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી.
૪. ,, એન. એમ. મજમુદાર.

૯. રૂબંલ નોટ ઑરડીનન્સના સંબંધમાં હીંદી સરકારના નાણા ખાતા તરફથી પત્ર આવ્યો હતો અને તે સાથે ના. સરકારે લોકોની માહીતી માટે જે 'નોટ' બહાર પાડેલી તેની એક નકલ બીડેલી હતી. આ પત્ર કમીટી આગળ રજુ થતાં તેની નોંધ લેવાનો ઠરાવ થયો હતો.

૧૦. ના. હિંદી સરકાર તરફથી વેપારી બાબત એકઠી કરવાના સંબંધમાં ઇન્ડીઅન ઇન્ડસ્ટ્રીઅલ કમીશનની ક્વેસ્ટીક બલાંમણ્યો દર્શાવનારા પત્રની એક નકલ મોકલવામાં આવી હતી. આ પત્રમાં જણાવેલી સૂચનાઓ પર કમીટીનો અભીપ્રાય માગેલો હોવાથી તેનો એક ખરડો તૈયાર કરવાનો ઠરાવ થયો હતો.

૧૧. પંજાબ ગવર્નમેન્ટના ફીનેન્સ ખાતા તરફથી પત્ર આવ્યો હતો અને તે સાથે પંજાબના "ઘોરી રસ્તા" ના સબંધમાં એ મી. એચ. જે. મેનાર્ડની "નોટ" ની એક નકલ બીડેલી હતી. આ પત્રની નોંધ લેવામાં આવી હતી.

૧૨. જરમન કરન્સી નોટસના સંબંધમાં મી. બીહારીલાલ એન. અનન્તાની તરફથી પત્ર આવ્યો હતો કે ઑ. સર બી. રોબર્ટસન જેઓ દક્ષીણ આફ્રીકામાં જનાર છે તેઓ ઇસ્ટ આફ્રીકામાં પણ જાય અને જરમન નોટસના સંબંધમાં તપાસ કરે એવી ના. હીંદી સરકારને અરજ કરવી. આ પત્ર કમીટી આગળ રજુ થતાં ઠરાવ થયો હતો કે તે મતલબનો પત્ર ના. સરકારને લખી જણાવવો.

૧૩. "કરાડગીરી" વેરાના સંબંધમાં કમીટીએ જે પત્ર ના. નીગામ સરકારના વેપાર અને ઉદ્યોગ ખાતાના ડીરેક્ટર પર લખેલો તેના જવાબમાં પત્ર આવ્યો હતો કે તે બાબત ઉપર નીર્ણય થયેથી જણાવવામાં આવશે. આ પત્રની નોંધ લેવામાં આવી હતી.

૧૪. ઇસ્ટ આફ્રીકામાં ચાલતા હીંદી સીક્ષાઓને બદલે બ્રીટીશ નાણું દાખલ કરવાની એક યોજના તરફ મી. જી. બી. ત્રીવેદીએ કમીટીનું ધ્યાન ખેંચ્યું હતું. આ બાબત ઉપર ઠરાવ થયો હતો કે ના. સરકાર પાસે ખુલાસો મંગાવવો કે આ પ્રમાણે ઠરવાના શાં કારણો છે.

૧૫. માલની આયાત અને નીકાશ ઉપર હાલ જે અંકુશ છે તે અંકુશ થોડા પ્રમાણમાં કમી કરનારો ના. હીંદી સરકારનો તા. ૨૦ ડીસેમ્બર ૧૯૧૯ નો જાહેર ઠરાવ કમીટી આગળ રજુ થતાં એવો ઠરાવ થયો હતો કે એ ઠરાવની રૂએ હીંદુસ્થાનમાં માલ આમાત કરવા દેવાનાં પગલાં ના. સરકારે લીધાં છે કે કેમ તે પુછાવવું.

૧૬. મેશર્સ એલેક્ષણીક કેમીકલ વર્કસ તરફથી પત્ર આવ્યો હતો કે તેઓની ફેકટરીમાં બનતા રપીરીટસની બીન જકાતે પરદેશ નીકાશ કરવાની જે ના. સરકારે રજા આપી છે તે સાટ તેઓ ના. સરકારના અને આ ચેમ્બરના આભારી છે. વધારામાં તેઓને પહતી ક્વેટલીક મુશ્કેલીઓ પણ જણાવેલી હતી અને તે બાબત કમીટીની દાદ માગી હતી. પત્ર રજુ થતાં એવો ઠરાવ થયો હતો કે એ પત્ર એઓના ધંધાને લગતી સબ કમીટી આગળ રજુ કરવો.

૧૭. રટેક્ષ પરચેઝ કમીટીના સેક્રેટરી તરફથી આ ચેમ્બરના બે વીટનેસ ઉપર જે સવાલો મોકલેલા તેના જવાબ રવાના કરવાની તે સેક્રેટરી તરફથી વીનંતી થવાથી તેનો એક ખરડો તૈયાર કરવાનો ઠરાવ થયો હતો.

૧૮. ગવર્નમેન્ટ સીક્યુરીટી બીલ ઉપર આ ચેમ્બરનો અભીપ્રાય માંગેલો હોવાથી તે સંબંધમાં વીચાર કરતાં એવો ઠરાવ થયો હતો કે તે બીલ પસાર થાય તો તેમાં કાંઇ બાધ કર્તા નથી એ મતલબનો ના. સરકારને પત્ર લખી જણાવવો.

૧૯. સર વીઠ્ઠલદાસ દામોદર ઠાકરશી તરફથી પત્ર આવ્યો હતો કે ઓપોલી અને આંધ્રા-વલી વર્કસમાંથી નકામા વહી જતા પાણીનો સ્વતંત્ર વાપરનો હક એક યુરોપીઅન કંપનીને આપેલો છે. તે બાબતમાં કમીટી તરફથી યોગ્ય પગલાં લેવાં જોઇએ. આ બાબત ઉપર કમીટીએ એવો ઠરાવ કર્યો હતો કે તે સંબંધમાં ના. સરકારને "પ્રોટેસ્ટ" મોકલવો અને વધુ ખબર જણાવવાની વીનંતી કરવી.

ચેમ્બરની વેપારને લગતી સબ-કમીટીઓ.

ચેમ્બરના નીયમોમાંથી ૨૩ મી કલમની રૂએ આ વરસમાં નીચે પ્રમાણે વેપારને માટે સબ-કમીટીઓ નીમવામાં આવી છેઃ—

૧ કાપડના વેપારીઓની સબ-કમીટી.

૧ શેઠ દેવીદાસ માધવજી ઠાકરશી — ૨ શેઠ મોતીલાલ વલ્લભજી
૩ ,, વલ્લભદાસ ડી. ગોવિંદજી — ૪ ,, લાલજી ગોવિંદજી
૫ ,, મોતીલાલ કાનજી

૨ મીલ એજન્ટોની સબ-કમીટી.

૧ શેઠ રતનશી ધરમશી મોરારજી — ૨ શેઠ વી. પી. વૈદ
૩ ,, દામોદર ગોવીંદજી — ૪ ,, લખમીદાસ હરીદાસ
૫ ,, મોરારજી મુલજી ખટાઉ

૩. અનાજ અને ણીઆંના વેપારીઓની સબ-કમીટી

૧ શેઠ વેલજી લખમસી નપુ — ૨ શેઠ મથુરાદાસ કાનજી મટાની
૩ ,, છોટાલાલ કીલાચંદ — ૪ ,, હીરજી ઘેલાભાઇ
૫ ,, સી. એલ. સાજન

૪. રૂના વેપારીઓની સબ-કમીટી.

૧ ઓન. શેઠ પુરૂષોતમદાસ ઠાકોરદાસ — ૨ શેઠ ણી. એફ. માદન
૩ ,, હરીદાસ માધવજી — ૪ ,, એલ. એમ. ખોખાની
૫ ,, શાન્તીદાસ આશકરણ

૫ બેંકર્સ અને શ્રોફની સબ-કમીટી.

૧ શેઠ એસ. એન. પોંચખાનાવાળા — ૨ શેઠ સી. આઇ. પારેખ
૩ ,, રેવાશંકર જગજીવન ઝવેરી — ૪ ,, જમનાલાલ આર. ગચ્છરામ
૫ ,, જીવનારાયણ બળદેવદાસ

૬. કેમીકલ અને રંગના વેપારીઓની સબ-કમીટી.

૧ શેઠ પ્રાગજી સુરજી — ૨ સુરજી વલ્લભદાસ
૩ ,, હોરમસજી બાપુજી ગઝદર — ૪ મેસર્સ ઝવેરીની કું
૫ ,, ધનજીરાલ ગલુપતરામ

૭. ગોલ્ડ અને સીલ્વર વેપારીઓની સભ-કમીટી.

૧ શેઠ વેરાશંકર જગજીવન
૨. શેઠ માણેકચંદ પાનાચંદ
૩ ,, ગુલાબચંદ દેવચંદ ઝવેરી
૪. ,, સુરજમલ લલ્લુભાઇ
૫ ,, કે. જી. એ. રહેમતુલ્લા મુળજી

૮. આર્યન અને હાર્ડવેર, મશીનરી અને મીલને લગતો માલ પુરો પાડનાર. વેપારીઓની સભ-કમીટી.

૧ શેઠ એચ. ચામીક
૨. મુલજી હરીદાસ
૩ ,, હાતીમ અતારી
૪. પી. એન. મહેતા.
૫ ,, ટાહેર.

૯. શેર સ્ટોક અને એક્સચેંજના દલાલોની સભ-કમીટી.

નીચે લખેલા ગૃહસ્થોના નામ સભ-કમીટીમાં મુકવામાં આવ્યા છે.

૧ સર શાપુરજી બી. બરૂચા
૨. શેઠ પ્રેમચંદ રાયચંદ
૩ શેઠ રતનચંદ તલકચંદ માસ્તર
૪. ,, બી. એ. બીલીમોરીયા
૫ ,, ડબલ્યુ. ટી. હાલાઇ.

જે. કે. મહેતા.
સેક્રેટરી.

ચેમ્બરની લાયબ્રેરીમાં આવેલાં પુસ્તકો.

G

1516 Department of Industries Bombay Presidency Annual Report 1918-19
1517 Scientific Report of The Agricultural Research Institute Pusa 1918-19
1518 Statistics of Brit'sh India Volume IV Administrative Judicial and Local Self-Government.
1519 The Prospects of British Trade in Mesopotamia and the Persion Gulf.
1520 Sixth Annual Report of The Bombay Smoke Nuisances Commission For 1918-19
1521 Review of the Foreign Rail Borne Trade of Mysore State For the year 1916-17
1522 Bombay Port Trust Scale of Rates.
1523 Department of Industries Bombay Presidency Annual Report 1918-19
1524 Bulletin No. 87 of 1919 A contribution to our knowledge of South India.
1525 Bulletin No. 89 of 1919 Second Hundred Notes on Indian Insects.
1526 Annual Report on the Working of the Indian Companies Act. 1913 for the year 1918-19.
1527 Annual Report on Civil Hospital and Dispensaries for the year 1918.
1528 Annual Return of Statistics Relating to Forest Administration in British India for 1917-18.
1529 Report on the Administration of the Mints at Calcutta and Bombay for 1918-19
1530 Statistics of British India Volume I Commercial Statistics (Ninth Issue)

0

820 Bombay Income Tax Manual Part I.
821 Report of the Bengal National Chamber of Commerce for the year 1918.
122 Side Light on the Present Situation-the Rice Control and the House Famine in Bombay.
823 The Clerks Union Rules.
824 Indian Finance and Banking by Finlay Shirras.
825 Report of Bombay English Bleached and Plain Piece Goods Merchants Association for the Samvant 1915
826 Report of Committee of the Bengal Chamber of Commerce for the year 1918
827 Guide to Income Tax Super Tax and Excess Profits Duty (Second Edition).
828 Ready Calculator.
829 Directory of Indian Goods and Industries (Sixth Edition).

હુન્નર ઉદ્યોગની પરીષદ અને વેપારી કૉન્ગ્રેસ.

હીંદી ઔદ્યોગીક પરીષદ અને હીંદી વ્યાપારી કૉનગ્રેસની ભેગી બેઠક તા. ૨૩-૧-૨૦ ને શુક્રવારે બપોરે ૧૨ વાગે અત્રે મળી હતી. આ પ્રસંગે હીંદની જુદી જુદી વેપારી ચેમ્બર અને મંડળોના પ્રતિનીધીઓએ તેમજ થોડાક રાજ્યદ્વારી આગેવાનોએ પણ હાજરી આપી હતી.

અત્યાર સુધી આ પરીષદો કૉંગ્રેસ દર વરસે જ્યાં મળે ત્યાં મળતી હતી પણ કૉંગ્રેસવાળા અઠવાડીયામાં ઘણી પરીષદો મળે છે અને વ્યાપાર તેમજ હુન્નર ઉદ્યોગ જેવા અગત્યના વીષયો ઉપર ચર્ચા ચલાવવા માટે બહુ થોડો સમય મળે છે તેથી આ પરીષદો જુદી ભરવાનું ઠરાવવામા આવ્યું હતું. બહુ જણવાજોગ તો એ હતું કે હુન્નર ઉદ્યોગ પરીષદ અને વ્યાપારી કૉંગ્રેસની ભેગી બેઠક મળી હતી. આ બેઠકનો ખાસ ધ્યાન ખેંચનારો બનાવ એ છે કે કેટલાક બ્રીટીશ વ્યાપારીઓએ અને બાનુઓએ પણ હાજરી આપી હતી. પંજાબના જાણીતા આગેવાન અને વેપાર ઉદ્યોગમાં આગળ પડતો ભાગ લેનારા લાલા હરકીશનલાલ આવી પહોંચતાં તેમને હાજર રહેલાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

ઑનરેબલ સર ફાજલભાઈ કરીમભાઈ અને ઑનરેબલ સર દીનશાહ વાચ્છા આવી પહોંચતાં તેમને પણ તેજ માન આપવામાં આવ્યું હતું. ખેતીવાડીખાતાના વડા ડૉક્ટર મેને પણ આ પરીષદમાં હાજરી આપી હતી.

સ્વાગત મંડળના પ્રમુખ મી૦ જહાંગીર પીટીટનું ભાષણ.

સ્વાગત મંડળના પ્રમુખ મી૦ જહાંગીર બમનજી પીટીટે પ્રતીનીધીઓને આવકાર આપનારૂં ભાષણ કરતાં જણાવ્યું કે હીંદી હુન્નર ઉદ્યોગની પરીષદ અને હીંદી વેપારી કૉંગ્રેસની ભેગી બેઠકમાં તમને આવકાર આપતાં મ્હારીત મને બહુ ખુશહાલી ઉપજે છે. હીંદી વેપારી કૉનફરન્સ સને ૧૯૦૫ ના વરસમાં કૉંગ્રેસની સાથે સ્થપાઇ હતી અને તેની છેલ્લી બેઠક દીલ્હી ખાતે સને ૧૯૧૮ ના ડીસેમ્બર મહીનામાં ભરાઇ હતી જેનું પ્રમુખસ્થાન મને મળ્યું હતું. ૧૪ વરસની

તેની ટુંકી હસ્તી દરમ્યાન હીંદી હુન્નર ઉદ્યોગની પરીધ્રદે પોતાની મોટી ગહેનની સાથે અને તેની રાહબરી નીચે હીંદનો હાલનો ઇતીહાસ બનાવ્યો છે તે હીંદના વેપારી અને હુન્નર ઉદ્યોગમાં પડેલા વર્ગનો બુદ્ધીવાળો અને મજબુત અભીપ્રાય ઉત્પન કરવામાં કૃતેહમંદ નીવડી છે અને તેણે આખા દેશમાં હુન્નર ઉદ્યોગ સંબંધી જાગૃતી આણી છે. તેના કાર્યસાધકપણામાં વધારો કરવાના હેતુથી હીલ્હી ખાતે મળેલી બેઠક રજીસ્ટ્રીંગ કમીટીને સંપૂર્ણ ફરી વ્યવસ્થા કરવાનું કામ સોંપ્યું હતું કમીટી સંભાળ ભર્યા બીચાર પછી નીર્ણયપર આવી તેને પરીણામે હુન્નર ઉદ્યોગની પરીધ્રદ અને વેપારી ક્રેંડ્રિસને એકત્ર કરી નાખવામાં આવી છે. વેપારી ક્રેંડ્રિસની સ્થાપના સને ૧૯૧૫ માં ક્રેનફ્રરંસના જેવાજ હેતુથી થઇ હતી. આ બંને સંસ્થાઓ ભેગી થઇ જવાથી ભેગાં દહાપણ અને તમારા બધાના બહેવાડૂ અનુભવથી મૂળ હેતુ પાર પડશે તે વીશે મને કંઇપણ શક નથી.

લહાઇ.

મહાન યુધ્ધનો અંત આવ્યો છે. હીંદે માણુસો, નાણાં અને સામગ્રીની પુષ્કળ મદદ કરી હતી અને તેનાથી દુનીયાના બીજા ભાગોની માફક આપણામાં પણ હક અને ફરજ માટેની નવી જાગ્રતી ઉત્પન કરી છે. દુનીયાના બીજા લોકોની માફક આપણે પણ નવા યુગમાં સામાજીક, હુન્નર ઉદ્યોગની, આર્થીક અને રાજદ્વારી નવી રચનાના સમયમાં દાખલ થવાને આતુર છીયે. હીંદ પોતાનું વાજબી સ્થાન દુનીયાના બીજા દેશોની વચ્ચે મેળવવાને જાગ્રત થયું છે તે મહાન ફેરફારોની અહી પર છે.

આપણી રાજદ્વારી અભીલાષાઓ અને માંગણીઓને લાગેવળગે છે ત્યાં સુધી હુ કબુલ કરીશ કે આપણી આશા પાર પાડવા માટે થોડા વખતપર મોટું અને અગત્યનું પગલું ભરવામાં આવ્યું છે. હીંદી સુધારાનો કાયદો તા૦ ૨૩ મી ડીસેમ્બર ૧૯૧૯ ને રોજ પસાર થઇ ધારાપોથીમાં દાખલ થયો છે અને તે પછી નામદાર શાહનશાહનો પ્રગટ થયેલો ઢંઢેરો આ દેશના ઇતીહાસમાં જાણવાલાયક બનાવ છે અને તે અગત્યનો છે. આ દેશના ઇતીહાસમાં લોર્ડ સિંહને બ્રિટીશ પ્રધાન મંડળમાં હીંદી તરીકે હોદો મળ્યો છે. તેમને ઉમરાવ બનાવી ઉમરાવોની સભામાં બેસક આપવામાં આવી છે. શાહનશાહી અને મુસ્લેહની ક્રોનફ્રરંસમાં હીંદીવાનોની નીમણુંક થઇ છે. અને છેવટ લીગ ઑફ નેશન્સમાં હીંદને મુળ સલાહદ તરીકે દાખલ કરવામાં આવ્યું છે. આ દરેક બનાવ અગત્યનો અને આશા ઉત્પન્ન કરનારો છે, અને તે બતાવે છે કે હીંદ તરફનું ઇંગ્લંડનું વલણ બદલાયું છે અને દુનીયાના દેશોએ હીંદના દરજ્જો સ્વીકાર્યો છે. મારો અભીપ્રાય એવો છે કે ઉત્તેજન લેવાલેગ વાતાવરણ ઉભું થયું છે અને પંજાબમાં જુલમ ગુજારનારાઓને પૂરતી સજા કરી ઠેકાણે લાવવામાં આવે તો બધી સ્થિતિ આવકારદાયક થઇ પડે.

હીંદી હુન્નર ઉદ્યોગના કમીશનનો રીપોર્ટ.

આપણી રાજદ્વારી પ્રગતીની સાથે આપણા દેશના હુન્નર ઉદ્યોગની જરૂરીયાતો ભૂલી જવામાં આવી નથી તે ખુશી થવા જોગ છે. સને ૧૯૧૬ માં હીંદી ઉદ્યોગના કમીશનની નેમણુંક વાજબી આશાનું પગલું હતું અને તેનો રીપોર્ટ જે ઘણો ઉપયોગી છે તે હવે પછીના સંખ્યાબંધ વરસો સુધી માર્ગદર્શક થઇ પડયા વીના રહેશે નહી પણ તે ભવિષ્યની પ્રગતી અને ખીલવણી માટે પડઘારૂપ થઈ પડશે. એ ખુશી થવા જોગ છે કે સરકાર બનતી તાકીદે ડેટલીક ભલામણો અમલમાં મુકવા માગે છે કે જે ભલામણો હુન્નર ઉદ્યોગના નવાં ખાતાં, સાર્વજનીક ઇન્સ્ટીટયુટો

અને બીજા આતાં છે પણ મને લાગે છે કે હીંદી સરકારમાં હુજર ઉદ્યોગ માટે એક સભાસદ જોઇએ અને તે હીંદી હોવો જોઇએ. દુઃકમાં રીપોર્ટ હુજર ઉદ્યોગ માટે નવો સ્ટ્રેક ઉઘાડે છે અને હુજર ઉદ્યોગની ખીલવણીમાં રાજ્યે ચોક્કસ રાજનીતી અખત્યાર કરવી જોઇએ તે તેમાં સુચવવામાં આવ્યું છે.

મહેસુલી સ્વરાજ્ય.

જકાતને લગતો સવાલ કે જેને દેશના હુજર ઉદ્યોગ સાથે સંબંધ છે તેને તપાસમાંથી મુક્ત રાખવામાં આવ્યો હતો તે હીલગીર થવાજોગ છે. આ બાબત પડતી મુકવાની ભલામણનું જોર ઘણી દીશામાં ઘટી ગયું છે. મહેસુલી સ્વરાજય સંબંધી આખા દેશનો મત એટલો બધો જાણીતો છે કે તે ફરીથી જણાવવાની જરૂર નથી. જુદા જુદા સો પ્લેટફોર્મપરથી તે અચુક રીતે જણાવવામાં આવ્યો છે. પાર્લામેંટની લેઇટ સીલેક્ટ કમીટીની ભલામણપરથી હીંદી સરકારના નવા કાયદામાં મહેસુલી સ્વરાજય જેવું આ દેશને આપવાની કોશેશ કરવામાં આવી છે. હીંદી સરકાર અને બારાસભાના મતો સંબંધી જે બાબતમાં હોય તે બાબતમાં હીંદી પ્રધાન વચ્ચે પડે નહી અને માત્ર દેશપરદેશ સાથેના કોલકરારોના રક્ષણ અને જેમાં નામદાર શહેનશાહની સરકાર પક્ષકાર હોય તેમાંજ તે વચ્ચે પડે એવી શરતે હીંદને મહેસુલી સ્વરાજય માટે ખાત્રી આપી શકાય એવું રીપોર્ટ માં જણાવવામાં આવ્યું છે. લોર્ડ સીંહે થોડા સમયપર આ શહેરમાં જણાવ્યું છે કે હીંદને નામદાર શહેનશાહના બીજા દેશોના જેવી નાણાં સંબંધી રાજનીતિનો હક્ક મળશે. લોર્ડ સીંહે આમ કહ્યું છે તેમ છતાં કાયદામાં શું લખેલું છે તેજ આપણે જોવાનું છે. દેશના હાલના સંજોગોમાં લોર્ડોની ઇચ્છા પ્રમાણે નાણાંને લગતો કાયદો ઘડી શકાશે તો અનર્થણી જેવું લેખાશે. પહેલાં તો નવા કાયદા પ્રમાણે ધારાસભાએ પસાર કરેલા બધા ઠરાવો માટે ફાઇનન્સીલ ઓફ્ક્ટ સ્ટેટની બહાલી જોઇશે. તેમાં અમલદારો અને નેમાયલા સભાસદોની સંખ્યા વધુ હશે એટલે ત્યાં તે પસાર થયો જુરેલ છે અને પસાર થશે તો પણ જો તે કાયદો ધ્યેય વેપારીઓ અને માલ બનાવનારાઓના હીત સામે અથડામણમાં આવતો હોય તો હીંદી સરકાર તે ભાગ્યેજ સ્વીકારશે. જો તેમ નહી થાય તો હીંદી પ્રધાન તો હેની ! તેને માત્ર એટલું જ જાહેર કરવાનું છે કે અમુક પગલું દેશપરદેશ સાથેના કોલકરાર અનુસાર નથી અથવા તો શાહનશાહાતમાંની નાણાને લગતી ગોઠવણ કે જેમાં નામદાર શાહનશાહની સરકાર પક્ષકાર છે તેની તે વિરૂદ્ધ છે. આવા સંજોગો વચ્ચે નાણાંને લગતો અગત્યનો ઠરાવ પસાર થવો અશક્ય છે. આટલું યાદ રાખવાનું છે કે આપણને હમેશાં કાંઇ મોનટેગ્યુ કે સીંહ મળતા નથી. આપણે ઓડરીંદ્રો અને હેમીલ્ટનો કે તેમના જેવા માણસોને ભૂલવા જોઇતા નથી. તમે આવા મહેસુલી સ્વરાજયથી સંતોષ પામ્યા છો કે કેમ તે હું તમને પૂછું છું. સ્વરાજય ભોગવતા સંસ્થાનો સાથે તેની સરખામણી થઇ શકતી નથી. સ્થીતી જુદી છે એટલે તે લાગુ પડી શકે તેમ નથી. તેમને ત્યાં બધા ચુંટાયલા સભાસદોની ધારાસભાઓ છે તેમના કોઇ ઠરાવ માટે બહાલીની જરૂર નથી કે જેવી જરૂર આપણે મહેસુલને લગતા ઠરાવ સંબંધી છે. આ સંજોગોમાં જણાવીશ કે કાયદામાં જે જણાવવામાં આવ્યું છે તે નાણા સંબંધી ખરું સ્વરાજય નથી. જો તે તરફનું એક પગલું હોય તો આપણે આશા રાખીશું કે પ્રજાના પ્રતીનીધીઓથી હક્ક દૂર રાખવામાં આવશે નહી, સ્વરાજય ભોગવતા સંસ્થાનો જેવા હક આપણને મળવા જોઇએ. જો સંસ્થાનોને દેશ પરદેશ સાથેના કોલકરારોનો બાધ નડતો નહી હોય અને તેઓ ઇંગ્લંડ સામે પણ જકાત નાખી શકતા હોય તો હીંદને એ હકમાંથી શા માટે મુકત રાખવા જોઇએ

તે હું સમજી શકતો નથી. હીંદીઓ સામે સંસ્થાનોએ કાયદા ઘડી તેમને શહેરી તરીકેના હક આપવાની પણ ના પાડી છે અને તે રીતે તેમણે શાહનશાહત તરફની ફરજનો ભંગ કર્યો છે અને તેમ છતાં પારલામેન્ટે કે નામદાર શહેનશાહે હીંદ તરફથી અને તેના બચાવમાં વચ્ચે પડવાનું વાજબી ધાર્યું નથી. જો શાહનશાહતની ફરજો અને બંધનો સંસ્થાનોને બંધનકારક નથી તો પછી હીંદને શા માટે બંધનકારક હોવાં જોઇએ ? આપણે ભૂતકાળનો કડવો અનુભવ ભુલી જઇ શકીએ તેમ નથી. હું ઇસ્ટ ઇંડીયા કંપની કે જેણે આ દેશના હુન્નર ઉદ્યોગો નાશ કર્યા તેની ગેરવાજબી રાજનીતિ વીશે બોલવા માગતો નથી. હું હીંદપરની એકસાઇઝ જકાત જે લેંકેશાયરના લાભ માટે નાખવામાં આવી છે તે વીશે પણ બોલવા માગતો નથી પણ શહેનશાહી જગાતને લગતી રાજનીતિ હીંદને લાગુ પડવા ધારી છે તે વીશે હું વીવેચન કરવા માંગુ છું.

શાહનશાહી પસંદગીની જગાત.

શાહનશાહી પસંદગીની જગાતની રાજનીતિ દેશનો અભીપ્રાય જાણ્યા શીવાય ચામડાં સંબંધી લાગુ પાડવાની કોશીશ કરવામાં આવી છે, જો કે સતાવાર રીતે એ બીના ઠબુલ કરવામાં આવી નથી છતાં મેં બીજે ઠેકાણે કહ્યું છે તે અત્રે કહ્યા વીના મને ચાલતું નથી કે એ રાજનીતી હીંદને લોગે બીજા લોગોને પસંદગી આપવાની છે. હીંદી સરકારે હીંદમાં છુટથી રંગની થતી આયાતપર મૂકેલા ગેરવાજબી અંકુશોપર હું તમારું લક્ષ ખેંચુ છું. હીંદી વેપારીને લોગે તે ઇંગ્લંડના રંગના વેપારીઓને ઇનામો આપવા જેવું છે. સિધ્ધાંત તરીકે આ રાજનીતિ ખોટી છે. સુધારાના કાયદા પ્રમાણે હુન્નર ઉદ્યોગનું ખાતું પ્રાંતમાં હીંદીને સોંપાશે અને આ ભલામણની અસર નાબુદ થાય એવા કાનુનો ઘડાશે નહી એવી હું આશા રાખું છું. યુરોપીયન વેપારી ચેમ્બરોએ આ ભલામણ સામે વાંધો ઉઠાવ્યો છે તે પૂરવાર કરે છે કે તે હીંદના હીત માટે અસરકારક પગલું છે.

મધ્યસ્થ શાહનશાહી બેંક.

હવે હું ત્રણ પ્રેસીડન્સી બેંકોને મધ્યસ્થ શાહનશાહી બેંકમાં જોડી નાખવાની સૂચના વીશે બોલીશ. ત્રણ જુદી પ્રેસીડન્સી બેંકો ઉપરાંત જુદી સરકારી બેંક કહાડવા કરતાં આ પગલું વધુ લાભકારક થઇ પડશે કે કેમ તે વીશે એ શક રહે છે. જુદી બેંક કહાડવામાં આવે તો તેથી દેશનું હીત વધુ સચવાય આ સંબંધી વધુ વીગતોની જરૂર છે અને મને આશા છે કે તે બાહેર આવશે.

હુંડીયામણનો સવાલ.

હુંડીયામણનો ભાવ હાલના ૨ શીલીંગ અને ૪ પેન્સને હરે પહોંચ્યો તે અગાઉ તે જુદા જુદા તબકકામાંથી પસાર થયો છે. સત્તાવાળાઓને વારંવાર વીનંતી કરવા છતાં તેઓ શા માટે સત્તાવાર ખુલાસો કરતા નથી તે હું સમજી શકતો નથી. હુંડીના ચાંદી અને સોનાની સાથે સરખામણીમાં ભાવ કેમ ઠરાવવામાં આવતા નથી તે સમજાતું નથી અને આ દેશમાં સોનાની આયાત પર શા માટે અંકુશ રાખવામાં આવ્યો છે તે પણ સમજાતું નથી. હુંડીયામણના આ ઉંચા ભાવથી આ દેશના હુન્નર ઉદ્યોગને નુકશાન પહોંચ્યું છે. તેનાથી આયાત માલ સોંઘો મળે છે અને આપણા ઢાંચા પદાર્થોની કીમત ઓછી ઉપજે છે. જો એ ભાવે સોનું આયાત ઠરવા દેવામાં આવે તો એ ખોટનો બદલો વળી રહેશે. એવું જણાય છે કે ઇંગ્લંડને આપણા ઢાંચા પદાર્થો જોઇએ છે પણ તેને માટે નાણા

આપવા માગતું નથી અથવા તો તે માટે બની શકે તેટલી ઓછી રકમ આપવા માંગે છે. ચલણને લગતી કમીટીનું કામ પુરૂ થયું છે અને તેનો રીપોર્ટ પ્રગટ થવાની દરેક પળે આપણે રાહ જોઇએ છીએ. તે હીંદ માટે ગેરવાજબી થઇ નહી પડે એવી આશા રાખું છું કે એ રીપોર્ટ તે વેળાએ પ્રગટ થશે નહી એવી ગપ સત્ય પુરવાર થાય નહી. હીંદે ભવીષ્ય માટે હુંડીયામણને લગતી પોતાની રાજનીતિ ઠરાવવાનું દબાણ કરવું જોઇએ.

કામદારોની સ્થીતી–હડતાલ સંબંધી તેમનો અભીપ્રાય.

મજુરીના સવાલ વિશે હું આજે આ સંબંધી આનાકાનીથી બોલું છું કારણ કે હું જાણું છું કે હું એક વ્યાપણવાળો અને મજુરોની મોટી સંખ્યા રોઠનાર છું પણ આ સવાલ તરફ એક પ્રજકીય અને વધુ મોટી નજરે જોવાને હું તમને આગ્રહ કરું છું હું કબુલ કરું છું કે જે મીલ હડતાલમાંથી હમણાં આપણે પસાર થઇએ છીએ તેના સબબે મારી મુશ્કેલીમાં મોટો વધારો થવા પામ્યો છે. પહેલાં હું કબુલ કરું છું કે આ દેશમાં એક માલેકે પોતાના કામદારોની સગવડ અને કલ્યાણ માટે હજુ ઘણું કરવાનું બાકી રહ્યું છે. તેજ વેળાએ હું જણાવીશ કે કામદારો માટે અત્યાર અગાઉનું ઘણું કરવામાં આવ્યું છે. અને હજુ ઘણું કરવામાં આવે છે. લડાઇ પછી જુદા જુદા દેશેા પોતાના વેપાર ઉદ્યોગને આગળ વધારવા માટે જેહદ મોટી કોશીશ કરી રહ્યા છે. આ નવી સ્થીતીને પહોંચી વળવા માટે તમે શું કરવા ધારો છો? આ નવી મુશ્કેલીની સામે હીંદુસ્તાન કેવી રીતે થવા માગે છે? હડતાલથી તો નહીજ–બ્યાજી કરીયાદ્રોથી તો નહીજ–જ્યાં કંઇ પણ ખટપટો હસ્તી ધરાવતી નહી હોય ત્યાં ખટપટોની ઉશ્કેરણી કરીનેજ નહી! દોઢ હાહા પરોપકારી આત્માઓ જો પોતાની માતૃભુમી માટે કંઇ પણ કાળજી ધરાવતા હોય તો તેઓએ મજુરોના હકોની સાથે સાથે તેઓની ખામીઓ અને જોખમદારીઓ પણ દેખાડી આપવાનું કામ ઉપાડી લેવું જોઇએ અને આગળ વધવાની અને સુધારાની નવી કડીઓ શોધી કહાઢવી જોઇએ.

શું તમો જાણો છો કે આપણી સસ્તી મજુરી અને કામના આપણા કલાકો છતાં ફ્રાંતવાના અને કાપડ વણવાના ઉદ્યોગોમાં આપણી પેદાશનો રતલ દીઠનો ખરચ લેંકેશા યરમોના એ ખરચ કરતા ઘણો વધુ છે? શું તમે આ બીનાથી બીનમાહીતગાર છો કે હીંદી કામદારની લાયકાત યુરોપના કામદારોના કરતા સેંકડે ૫૦ ટકા ઓછી ઉતરતી છે! યુરોપ અને અમેરીકાના કામદારોએ સંભાળ અને બાહોશીનું જે કામ દેખાડયું છે તેજ પ્રમાણ શું હીંદી કામદારે દેખાડયું છે? યુરોપના દેશેામાં સ્પીન્ડલોની ચોક્કસ સંખ્યાપર જેટલા કામદારોને રોકવામાં આવે છે તેના કરતાં બેવડી કે ત્રેવડી સંખ્યા અહીં હીંદુસ્તાનમાં આપણને રોકવી પડે છે તે શું તમે જાણતા નથી? સ્પીનીંગ એન્ડ વીવીંગ ઉદ્યોગો માફક આવીજ સ્થીતી બીજા ઉદ્યોગ હુન્નરમા પણ છે. વળી આપણે છેલ્લા કેટલાક વખતથી જોતા રહ્યા છીએ કે બોટી ગ્રહબંદ્યથી દોરવાતા પરોપકારી શખ્સો મજુરોની ખટપટોની સમજુતીમાં બીચીત્ર માગણીઓ ઉભી કરીને ઉલટ લેવાની. તજવીજ કરવા લાગ્યા છે. જે ખટપટના કારણો અને સ્થીતીઓ તેઓ સમજતા નથી અને જેનો અભ્યાસ કરવાની તેમણે તકલીફ પણ લીધી નથી. (તાળીઓ.) કૈા ભુલી જતા લાગે છે કે આ દેશમાંની સ્થીતીઓ યુરોપ અને અમેરીકામાની સ્થીતીઓથી ઘણી જુદી છે અને એ બંને સ્થીતીઓ વચ્ચે સરખામણી જેવું કંઇ પણ નથી. આથી આ સ્થીતીઓ વચ્ચે એકસરખાપણું દેખાડવાની તજવીજ કરવી અને એ ધોરણોની ભાષામાં બોલવું તે અકલ વગરનું બોલવા બરાબર છે (તાળીઓ). મજુરોની સ્થીતીઓ સુધારવા માટે જુદી જુદી દીશાઓમાં સંગીન પ્રકારનું કામ કરવાનું રહ્યું છે.

ગ્રામદારોના મીત્રોએ પ્રજાકીય વીરો થઈ પડવાની ઠઠારીવ તક મળે તે માટે યુરોપની સ્થીતીઓ જે અહીં લાગુ પડતી નથી તેની ઉપર રચાયલી માંગણીઓ ઘડી કહાડી તે રજુ કરવામાં પોતાની શકતીઓ બરબાદ કરવાને બદલે આવા એક કાર્યક્રમપર પોતાના આશીરવાદ વર્સાવવા જોઇએ (તાળીઓ) નહી તો તેનું પરીણામ એ આવશે કે યુરોપની ખટપટોની સઘળી ખરાબીઓ, નુકસાનકારક સ્થીતી, તેની સારી સ્થીતી વગર શેડાક વખતમાં અહીં રજુ થવા પામશે અને આપણા હુન્નર ઉદ્યોગો જે હાલમાંજ બરાબ સ્થીતીમાં છે તેની ઉપર હજુ વધુ મોટા ઝંકુશો પડશે. બેશક ગ્રામદારોની સ્થીતીઓ સુધારવા માટે અને તેઓની ઠાયદેસર ફરીયાદો દુર કરાવવા માટે તમારે ગમે તેટલા ઠાલાવાલા કરો અને કામ કરો પણ ઈશ્વરને ખાતર એવું કંઇ પણ ન કરશો કે જેથી ગ્રામદારોની અત્યાર અગાઉની લાયકાતની નીચી સપાટીને હજુ ઘટારે અને દેશની ચેદારા અને નીપજની શકતીને ઘટાડે.

તમે ગમે તે કરો પણ મહેરબાની કરીને ત્રેડ યુનીયનીઝમનાં પંજામાં જઈ પડતા નહી, જે ત્રેડ યુનીયનીઝમ યુરોપના વેપારો અને હુન્નર ઉદ્યોગના ખુદ મુળ પાયાઓને કચડી નાખે છે. તમારે થાપણના જુદામાત નીચે રહેવાની જરૂર નથી પણ તે દુર કરવાનો મારગ કંઇ કામદારોના જુલમ નીચે તમારે જવાનો નથી. એક યુનીયનીઝમ સુધારાના એક ભય તરીકે અને યુરોપ અને અમેરીકાના વેપારો અને હુન્નર ઉદ્યોગોમાં એક કીડા તરીકે પુરવાર થયું છે, તેઓના અનુભવથી આપણે આ દેશમા લાભ લેવા જોઇએ અને આ ભય દુર રાખવા જોઇએ, હાલના ત્રેડ યુનીયનીઝમનો ક્રાપ જળરી અને ધમકીનો છે અને ઓછું કામ અને વધુપગારનો ભયભીત નીયમ ખેયેનીઝની અણી વડે સઘળાઓની ઉપર જબરજસ્તીથી ઠસાવવાનો છે. યુરોપ ભય અને ખીન કુદરતી અશાંતી કે જે દોલતના ઘટાડા અને ઉત્પન્નના ઘટાડા રૂપે ગંભીર મત પ્રજાકીય આપણી તરફ ધસડતી જાય છે તેની શરૂઆત અનુભવતી જાય છે. આ સ્થિતિ જોઇ યુરોપના વીચારવંત માણસો ડરી ગયા છે અને તેઓ સમજવા લાગ્યા કે વધુ ઝડપે અને વધુ વરસમાં પ્રમાણમાં માલ ઉત્પન્ન કરવાની જરૂર છે. આપણે જો હુન્નર ઉદ્યોગોની હરીફાઇમાં ટકી રહેવું હોય તો યુરોપ અને અમેરીકા જે ભય ખાઈ જાય છે તેનાથી દુર રહેવું જોઇએ. આ સંબંધમાં તરૂથ પત્રના તા૦ ૮ મી અકટોબર ૧૯૧૯ ના અંકમા આપણે કહ્યું હતું કે આપત્તી ? વધતી જતી આપણી દોલત એવાં મથાળા નીચે પ્રગટ થયલા આરટીકલ તરફ તમારું લક્ષ ખેચું છું. એ આરટીકલમાં ગ્રેટ બ્રીટનમાં હુન્નર ઉદ્યોગની ઉત્પન્નમાં ભારે ઘટાડો થવાનાં કારણો અને તેની અસર વિષે સંભાળ ભરી રીતે ચર્ચા કરવામાં આવી છે અને અને ચારીકાઇથી તે તપાસવામાં આવ્યા છે. એ આરટીકલના છેવટના ભાગમાં જણાવવામાં આવ્યું છે કેઃ—

ઉત્પન્નનો સુધારો એક વર્ગને લગતો સવાલ નથી. દેશ તેમજ દેશના દરેક માણસ પર તેની અસર થાય છે. જો ઉત્પન હાલને ઓછે પોરેણે ચાલુ રહેશે તો આપણા બધાની સામે ભુખમરો આવીને ઉભો રહેશે. બધા વર્ગ પર તેની અસર થાય છે તે જોતાં બધા વર્ગના લોકોએ તેને પહોંચી વળવાના પ્રયત્ન કરવા જોઇએ તે દરેક માણસનું કામ છે. થાપણવાળાનું, તેની ઓફીસમાં માલ બનાવનારનું, કારખાનાના તેમજ રેલ્વે કામદારો અને કીશણી કારીગરથી રસ્તા બનાવનાર મજુર સુધીના મજુરોનું તે કામ છે. ગોદીના કામદારોને લાગવું જોઇએ કે ગોદીમાં માલની ઘણી ભીડ છે તેનો બોઝો તેના પર, મેનેજર પર, તેમજ જેનો માલ છે તે વેપારી પર પણ છે. સામાન્ય રીતે બધાનું કામ તે કોઇનું કામ નહી એ કહેવત ખરી છે, પણ તે કહેવત લડાયના

સંજોગમાં ખરી પડી નથી. એ દરેકનું કામ હતું. અને દેશે તેને લીધે કુતેહ મેળવી. દેશ પોતાની શક્તીઓ જો એકત્ર કરે તો તે પાછી કુતેહ મેળવે. બધાએ સાથે મળીને કામ કરવાનું છે પ્રજાકીય હુન્નર ઉદ્યોગની ઉત્પત્તી એવડી કરવાની ઇચ્છાવાળા સઘળા વર્ગના લોકો માટે આબાદી મેળવવાનો એજ માર્ગ છે.

ઉપસંહાર.

આથી દુકાનો જો હીંદને તેના પોતાના અને હીંદના હીત માટે હુન્નર ઉદ્યોગ સંબંધી મહાન અને સ્વાશ્રયો બનાવવું હોય, તેના કાચા પદાર્થોના પુષ્કળ જથા અને બનીજ પદાર્થો જે પરદેશ ખાતે જાય માલ રૂપે આ દેશમાં પાછા ફરે છે, તેનો પુરતો લાભ લેવો હોય, તેની લાભકારક ભૂગોળને લગતી સ્થીતી, તેના સુંદર હવા પાણી કે જે દરેક હુન્નર ઉદ્યોગને અનુકુળ આવે એવા છે તે, તેના બીજબીક અને બીજા બળ કે જેની બીલવણી માટે કુદરતી શક્તીઓ છે તેનો લાભ લેવો હોય, અને હુનર ઉદ્યોગના કમીશનની સુંદર ભલામણોને ફળદાયી બનાવવી હોય, તો હું જણાવીશ કે આખા દેશમાં હુન્નર ઉદ્યોગની પુષ્કળ સસ્થાઓ સ્થાપો પણ તે હીંદી માલેકો નીચે હોવી જોઇએ. અને તે માટેનાં નાણાં હિંદી હોવાં જોઇએ. હું કબુલ કરું છું કે તે ધીમી અને મુશ્કેલ રીતો છે. હું સમજું છું કે હુન્નર ઉદ્યોગનું અનુભવી જ્ઞાન આવતા વાર લાગશે. આ બધી શરતો પાર પડવા અગાઉ બીજા ઘણા કંટાળાભરયા પગલાં ભરવાં પડશે. પણ આ દેશને હુન્નર ઉદ્યોગમાં મહાન બનાવવો હોય તો ગમે તે ભોગે તે શરતો પાર પાડવી જોઇએ. જાપાન કાચા પદાર્થો મેળવવાની અને બીજી મુશ્કેલી છતાં અરધ સદી કરતાં ઓછી મુદતમાં એ શરતો પાર પાડી શક્યું અને વહેવારીક રીતે સ્વાશ્રયી બન્યું તો હીંદ પોતાના પુષ્કળ લાભ છતાં તેવું કેમ ન કરી શકે તે સમજી શકાતું નથી. એમ કરવાનો એકલો માર્ગ હાર્યભારખા હીંદીઓને એક છેડેથી બીજા છેડા સુધી દાખલ કરવા કે જેથી હીંદનો હેતુ સમજી પાર પાડી શકાય. વડી ધારાસભામાં હીંદીઓની સંગીન બહુમત, હોવા સીવાય, નાણાં સંબંધી સંપુર્ણ સ્વરાજ્ય આપ્યા સીવાય, હીંદી સરકારના વેપાર ઉદ્યોગ ખાતા હીંદીઓને સોંપ્યા સીવાય, અને આખા દેશમાં એ ખાતાઓના વડા તરીકે હીંદીઓને નેમ્યા સીવાય તેમ કરવું મુશ્કેલ છે. કાઉનસીલે વળી એવી સ્પષ્ટ અને ઓકસ રાજનીતી ઠરાવવી જોઇએ કે હીંદીઓ જો હુન્નર ઉદ્યોગ ઉપાડવાને તૈયાર હોય તો બીજાઓને વેપાર હુન્નર ઉદ્યોગ સંબંધી છુટછાટ અને હક આપવા નહી—કમનસીબે હાલમાં તેમ નથી અને તે એટલા પરથી માલુમ પડશે કે તાતા હાઇડ્રો ઇલેકટ્રીક કારખાનાંમાંના નકામા કપોલી ખાતેના પાણીનો બધો ઉપયોગ કરવાનો હક મુંબાઇ સરકાર તરફથી એક ગુજરાતીગન ચેટીને આપવામાં આવનાર છે. આ તો નદીનો ઉપયોગ એક ખાનગી પેઢીને કરવા દેવા બરાબર છે અને સીદ્ધાંત તરીકે તેનો બચાવ થઇ શકે એમ નથી. વળી હીંદીઓના હીત સચવાય અને વધે એવી ગોઠવણ આપણે કરવી જોઇએ. જ્યાં સુધી તેમ નહી થાય ત્યાં સુધી આપણી લાગ સમયની ફરીયાદો સમજશે નહી કે તેની દાદ મળશે નહી અને વેપાર ઉદ્યોગ સુધરવા માટેની આપણી માંગણીઓ દાખલા તરીકે આપણી રેલવેઓનો વહીવટ સરકારને સોંપવો. કામદારોના હીત માટે દારૂનો ખપ ધીમે ધીમે ઘટાડવો, ગોરાકી અને જીંદગીની જરૂરીયાતની બીજી વસ્તુઓની નીકાશ અટકાવવી જોઇએ. આપણી રેલવેના ભાડાને બીજે ઠેકાણે જતા અટકાવવા માટે-ની માંગણીઓ તરફ બેદરકારી બતાવવામાં આવશે તો હુનર ઉદ્યોગને નુકશાન પહોંચશે. જ્યારે આ બધું થશે—અને તે થવાનું અશક્ય નથી—ત્યારે હીંદને દુનીયાનું હુન્નર

ઉદ્યોગનું મહાન મથક અને સ્વાશ્રયીજ નહી પણ ઇંગલંડ અને શાહનશાહતને બળ અને વાજબી મગરૂરીનું સાધન થઇ પડશે. (તાળીઓ)

પ્રમુખપદ માટેની દરખાસ્ત.

મી૦ એસ. આર. બહુમનજીએ તે પછી એાનરેબલ સર ફાજલભાઇ કરીમભાઇ ઇબ્રાહીમ ને પ્રમુખપદ આપવાની દરખાસ્ત મુકતા જણાવ્યું કે સર ફાજલભાઇની મુંબઇના લોકો સાથે તેમજ હીંદના વેપારી વર્ગની લોકો સાથે ઓળખાણ કરાવવાની જરૂર નથી. કરીમભાઇની પેઢી હીંદમાંજ નહી પણ ચીન અને જાપાનમાં પણ જાણીતી છે. સર ફાજલભાઇ વેપાર ઉદ્યોગના સ્થંભ સમાન છે. એક વખતે તેમની પેઢી ચીનમાંથી ખાંડની વધુમાં વધુ આયાત કરનારી પેઢી હતી. સર ફાજલભાઇને આગળ પણ આવાં માન માટે માગણી થઇ હતી પણ હીંદી હુન્નર ઉદ્યોગના કમીશનમાં સભ્યતરીકે તેઓ રોકાયલા હોવાથી તેઓ તે સ્વીકારી શકયા ન હતા

અંગાળમાંના એક પ્રતીનીધીએ ઉપરની દરખાસ્તને વધુ ટેકો આપતાં જણાવ્યું કે વડી ધારાસભામાં વેપાર ઉદ્યોગ સંબંધી ઘણી સેવા સર ફાજલભાઇએ બજાવી છે. તેઓ વેપાર ઉદ્યોગના સ્થંભરૂપ છે. મી૦ ફાજલભાઇ ઇબ્રાહીમ રહીમતુલ્લાએ ઉપરની દરખાસ્તને વધુ ટેકો આપતાં જણાવ્યું કે હીંદના હુનર ઉદ્યોગની ખીલવણી માટેના સર ફાજલભાઇના પ્રયત્નો ઘણા જાણીતા છે અને તેમની આગેવાની નીચે મળતી આ કોન્ફરન્સ કૃતેહમદ નીવડયા વીના રહેશે નહી.

તે પછી ઉપરની દરખાસ્ત તાલીઓના ગડગડાટ વચે પસાર થઇ હતી અને સર ફાજલભાઇએ પ્રમુખપદ લીધું હતું.

લાલા હરકીશનલાલને આવકાર.

પ્રમુખે તે પછી જણાવ્યું કે તમારા તરફથી લાલા હરકીશનલાલને એકવાર ફરીથી અનેલા છુટા શેહરી તરીકે આવકાર આપવા માગુ છું. (તાળીઓ) તેઓ મારા અગંત મીત્ર છે. તેઓ પંજાબના ઉદ્યોગ હુન્નરના આગેવાન છે. એટલુંજ નહી પણ તેમણે દેશને ખાતર ઘણું સહન કર્યું છે. (તાળીઓ)

સહાનુભતીના સંદેશાઓ.

પ્રમુખે તે પછી જણાવ્યું કે નામદાર ગવરનર, એાનરેબલ મી૦ શાસ્ત્રી, મી૦ જી. કે. ડેવધર, સ્વામી શારદાનંદ, મી૦ સી. પી. રામસ્વામી આયર, ડૉકટર હેરલ્ડમેન, મીસીસ બીઝેનટ, ગવાલીઅરની ચેમબર ઓફ કોમર્સવાળા મી૦ અબદુલ પાદશાહ, મી૦ એમ. બી. દાદાભાઇ, અને રાજા કૃષીકેશ લાલ તરફથી દીલસોજીના સંદેશા મળ્યા છે. તે પછી એાનરેબલ સર ફાજલભાઇ કરીમભાઇ ઇબ્રાહીમે પોતાનું ભાષણ કરવું હતું.

એા૦ સર ફાજલભાઇ કરીમભાઇનું ભાષણ.

પ્રમુખ એાં૦ સર ફાજલભાઇ કરીમભાઇએ પોતાના ભાષણમાં જણાવ્યું કે ડેલીગેટ બંધુઓ, બાનુઓ અને ગ્રહસ્થો, હીંદી હુન્નર ઉદ્યોગ કોન્ફરન્સ અને હીંદી વેપારી કોંગ્રેસની ભેગી બેઠકનાં પ્રમુખ તરીકે આમંત્રણ કરી તમો એ મને જે માન આપ્યું છે તે બદલ હું તમારો આભાર માનું છું. મોટા હુન્નર ઉદ્યોગ અને વેપારી બાબતો તરફ તમારું ધ્યાન એ ચવા પહેલા હું કેટલીક બીજી બાબતો તમોને સમજાવવા માગું છું. પ્રથમ તો મુંબાઇમાં હીંદી પ્રજાકીય કોંગ્રેસની બેઠકની શરૂઆત થઇ છે. બીજું એ કે આપણી બેઉ સંસ્થાઓ જોડાવા પામી છે. છેલા બે વરસથી એમ માનવામાં આવે છે કે એકજ વેળાએ અને એકજ સ્થળે હીંદી

પ્રજાકીય કૅાંગ્રેસ તથા હીંદી હુન્નર ઉદ્યોગની કૅાનફરન્સ ભરવાથી ઘણો ગેરફાયદો થયો છે. કૅાંગ્રેસના અઠવાડીઆમાં ફકત એક નહિ પણ લગભગ એક હજાર કૅાનફરન્સોની બેઠક થઇ હતી. ફકત કૅાંગ્રેસ વરસના છેલ્લા દીવસો રોકે છે. લખનઉ ખાતેની બેઠકથી કૅાંગ્રેસના કામકાજમાં પ્રજા ઘણોજ આગળ પડતો ભાગ લેવા લાગી છે અને દેશ સમક્ષ રાજ્યકીય બાબતો રજુ થવાથી તેની અગત્યતા વધી છે. આવું થવાથી હુન્નર ઉદ્યોગ કૅાનફરન્સ માટે થોડો વખત રહયો અને કેટલીક બેઠકોમાં ફકત બે કલાકજ ગાળવામાં આવતા હતા. હુન્નર ઉદ્યોગને વેપારી બાબતો ઉપર એક બે કલાકજ કામ કરવાથી કોઇપણ જાતનું કામ થઇ શકે નહી તેટલા માટે કૅાંગ્રેસના અઠવાડીયા પછી આ બેઠક મુંબઇમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. છેલ્લા ચાર વરસથી વેપારી કૅાંગ્રેસની બેઠકોની ચળવળ તદન નરમ જેવી થઇ ગઇ છે. તે સમય દરમ્યાન આપણે બધા લડાઇને કૃતેહ બનાવવામાં રોકાયા હતા. જે સવાલો ઉભા થયા હતા તે જરૂરી લડાઇના સવાલો હતા અને તેનો કૃહયો વેપારી સંસ્થાઓ અને સરકારી અમલદારોની કૅાનફરન્સોથી જલદી આવી ગયો છે. લડાઇ તહકુબ રહ્યાથી અને સુલેહની સરતો ઉપર સહી થવાથી વેપારના મોટા સવાલો આગળ આવ્યા છે. હવે આપણા વીચારો તે તરફ દોરવાની જરૂર છે. જ્યારે હીંદી હુન્નર ઉદ્યોગ અને હીંદી વેપારની અંદર બહુ ફેરફાર રહ્યો નહી હોવાથી આ બેઉ વીષયો માટે જુદી જુદી બેઠકો રાખવા કરતાં હીંદી હુન્નર ઉદ્યોગ કૅાનફરન્સ અને હીંદી વેપારી કૅાંગ્રેસની સાથે બેઠક રાખવાનું નક્કી કર્યું છે. આપણી બેઉ સંસ્થાનીક બેઠક લેવી છે અને તેથી આપણે ભવીષ્યમાં એકઠા મળીનેજ કામ કરવું. આથી આપણને ઘણો ફાયદો થશે.

હાલના વખતો કાંઇ સાધારણ દીવસો નથી આપણે બ્રીટીશ રાજ્ય અને અને મીત્ર રાજ્યોની મહાન કૃતેહથી ઘણા ખુશી થયા છીએ અને તે બદલ નામદાર શહેનશાહને મુબારકબાદી આપીએ છીએ. આપણે લડાઇની અંદર લીધેલા ભાગને માટે મગરૂર છીએ. સુલેહથી ઘણા ફેરફારો થવા પામ્યા છે લડાઇની અંદર અમેરીકાએ હુન્નર ઉદ્યોગની બાબતમાં ઘણી મદદ કરી છે અને લડાઇને સુલેહના રૂપમાં ફેરવવા પોતાથી બનતું કર્યું છે. આપણા આગલા દુશ્મનોના પ્રદેશોમા ઘણોજ જબરો ધોકો લાગ્યો છે અને અસલની સ્થીતી પ્રાપ્ત કરવા માટે એક જમાનો પસાર થવો જોઇએ. રશીઆના અશાંતી ભરેલા મામલાને લીધે તેની અસર બધા એશીયામાં લાગી અને હીંદના દવારો તેથી ભયમાં છે. આ બધા સવાલો ઘણા જરૂરી છે ઠારણ કે તેથી હીંદી વેપારમાં ઘણો ફેરફાર થયો છે. આ સવાલો આપણે ખરાબર સમજવા જોઇએ ઠારણ કે તેની અંદર આપણું હીત સમાયલું છે.

આ સવાલો જેટલા અગત્યના છે તેટલાજ હીંદના બીજા સવાલો જરૂરી છે સુલેહની શરતો થયા પછી સુધારાનું બીલ કાયદા તરીકે અન્યું છે આંગ્રેજ સરકારનું આ કાર્ય ઘણુંજ ઉમદા છે. આપણા મજબુત રાજ્યને માટે અંગ્રેજ લોકોનું વળણ ફેરવાયલું લાગે છે. હીંદના બંધારણ માટે ગ્રેટબ્રીટન હુન્મન રાજ્યો સાથે મરણીયું થઇ લડયું છે. હીંદે પણ પોતાથી બને તેટલી સંપુર્ણ મદદ ખુશીથી આપી છે. આ ગ્રેજ સરકારે હીંદની આ સેવાની કદર કરવી જોઇએ અને હીંદને રાજ્યો સમાન હક્ક મળવો જોઇએ. આ કાંઇ રાજ્યદ્વારી બાબતો નથી. સુધારાનો ખરડો આ દેશના વેપાર અને હુન્નર ઉદ્યોગને ઘણી અસર કરે છે. આપણી આર્થીક સ્થીતીની બીલવણી હંમેશાં દેશની અંદર સુલેહ અને આબાદી ઉપર રહેલી છે. રાજ્યના બંધારણથી આપણા હુન્નર ઉદ્યોગની બીલવણી માટે સંપુર્ણ છુટ મળશે અને કોઇ પણ જાતની અડચણ વગર આગળ વધ્યો જશે.

આ ઉપરથી પાર્લામેંટની અંદર હીંદી સુધારાના બીલ બાબે જોઇટ કમીટીએ કરેલો રીપોર્ટ મને યાદ આવે છે. જકાતના સવાલનો સંપુર્ણ નીવેડો લાવવા માટે કમીટીએ સ્પષ્ટ જણાવ્યું છે કે હીંદની અંદર જકાતની ગમે તેવી પોલીસી હોય તોપણ ત્યાંના વેપારીઓની ઉન્નતી માટે હીંદને ગ્રેટબ્રીટન ઓસ્ટ્રેલ્યા, ન્યુઝીલેંડ કેનેડા અને દક્ષીણ આફ્રીકા જેટલી સંપુર્ણ છુટ આપવી જોઇએ.

હીંદની દરેક પ્રજા જો પોતાના જુદા જુદા વીચારોમાં એકત્ર થતી હોય તો તે જકાતનોજ સવાલ છે, આ છુટ માટે ફકત અમુકજ કોમ યા રાજ્યદ્વારી મનુષ્યો પોકાર કરે છે એમ નથી. આ બાબતો માટે હાલામાં હાલ્યા માણસ પણ આજ સલાહ આપશે. પહેલી વેપારી કોન્ગ્રેસના પ્રમુખ તરીકેના મારા ભાષણમાં મેં જણાવ્યું હતું કે વડા સરકાર તેમજ હીંદી પ્રધાને કોઇપણ જાતની દખલ કર્યા વગર હીંદી સરકારે પ્રજાના પ્રતિનીધીઓ સાથે દેશના લાભ માટે જકાતની છુટ બાબે મસલત ચલાવવી જોઇએ. આ બધાનો સાર એજ કે આપણે વેપાર અને હુન્નર ઉદ્યોગની અંદર સ્વરાજ્ય માગીયે છીએ. નામદાર હીંદી પ્રધાને સુધારાના ખરડાની અંદર આપણે માટે એવી છુટ રાખી છે કે હીંદ સરકાર અને હીંદી કાયદો ઘડનારી કાઉન્સીલ એકમત હોય ત્યારે બનતા સુધી હીંદી પ્રધાને વચમાં પડવું નહી અને ફકત નામદાર શહેનશાહને લગતી બાબત હોય તોજ વચમાં માથું ઘાલવું. હું એમ માનું છું કે હીંદની બરાબર માગણી માટે આ પ્રથમ ખરું પગલું છે અને આપણને અંગ્રેજ રાજ્યોના જેટલી સંપુર્ણ જકાતનો છુટ મળી છે. આપણે આ છુટનો ખરી રીતે સંપુર્ણ ઉપયોગ કરીશું. તે બાબે અંગ્રેજ પ્રજાને કોઈ પણ જાતની ખાત્રી આપવાની જરૂર નથી. કાપડ ઉપરની એકસાઇઝ જકાત પણ નીકળી ગઇ છે અને તે બાબે હીંદી સરકાર અને હીંદી હુન્નર ઉદ્યોગ તથા વેપારનો એકમત છે. હીંદી સરકાર અને વડી ધારાસભા એકમત નહી થાય એવા પ્રસંગો આવશે ખરા. પણ જ્યાં સુધી વડી સરકારનું બંધારણ આવુ રહેશે ત્યા સુધી એમ આશા રાખવામા આવે છે કે જે છુટ આપવામાં આવી છે તે ફતેહમંદ થશે.

હુન્નર ઉદ્યોગના કમીશનના રીપોર્ટ સંબંધી હીંદી સરકારના ડીસ્પેચ બાબે હીંદી પ્રધાન જણાવે છે કે જ્યાં સુધી લોકોના પ્રતિનીધીઓને પોતાનો કેસ રજુ કરવાની તક મળે નહી ત્યાં સુધી કમીશનની તપાસ કોઇ પણ રીતે ઉપયોગી કહી શકાય નહી. આ ઉપરથી હીંદી વેપારીઓની ચેમ્બરની કમીટીના પ્રતીનીધી મંડળને વેપાર અને ઉદ્યોગના સલાહદ ઓ૰ સર જ્યોર્જ બાર્ન્સ જણાવે છે કે શેહેનશાહી પસંદગીની જકાતના સવાલ બાબે તપાસ કરવા અને રીપોર્ટ રજુ કરવા વડી ધારાસભાની એક કમીટી નેમવામાં આવશે. હીંદી પ્રધાન જે તપાસ વીશે જણાવે છે તે અને ઓ૰ સર જ્યોર્જ બાર્ન્સ જે વીશે લખે છે તે કમીટી બેજ એક છે યા જુદી છે તે સમજી શકાતું નથી. મારા ધારવા પ્રમાણે વેપાર અને હુન્નર ઉદ્યોગના ઓ૰ મહાસદે જે કમીટી જણાવી છે તેને વધુ સત્તા હોવી જોઇએ અને તે ફકત શાહનશાહી પસંદગીની તપાસના સવાલ ઉપરાંત બીજા સવાલો ઉપર પણ વીવેચન ચલાવે. હીંદી પ્રધાન પોતાના છેલ્લા ડીસ્પેચમાં જણાવે છે કે જ્યાં સુધી લોકોના પ્રતીનીધીઓને તેમના વીચારો જણાવવાની તક મળે નહી ત્યાં સુધી તે કંઇ પણ જાહેર કરનાર નથી. આપણે આશા રાખીશું કે બહામણ કરેલી કમીટી આ સવાલ બાબે જાહેર પ્રજાની જુબાનીઓ પણ લેશે. શેહેનશાહી પસંદગીની જકાત સામે હીંદી વેપારી મંડળોએ જે પ્રોટેસ્ટ ઉઠાવ્યો છે તે ફકત જાપાનના પરદેશી માલ માટે નહી પણ મેનચેસ્ટરના માલ માટે પણ છે. શાહનશાહી પસંદગીની જકાત દાખલ થઈ તે સામે અમારો પ્રથમ

ઉદ્યોગની ધીમે ધીમે પુખ્ત ખીલવણી કરવામાં આવી છે અને દરેક અગત્યના હુન્નર ઉદ્યોગોને સરકાર તરફની મદદ કરવી. ઉદ્યોગોની બાબતમાં સરકારે કેવા પગલાં ભરવાં જોઈએ તે મીશનના રીપોર્ટમાં દેખાડવામાં આવ્યું છે એમ તમેં કબુલ કરશો. જે સ્ટોર ખરીદવાનું ખાતું સ્થાપવામાં આવે તો હીંદમાં નવા ઉદ્યોગો સ્થાપવાની અગત્ય રહેશે. વળી જ્યારે ઉદ્યોગાનું ખાતું સ્થાપવામાં આવે ત્યારે હીંદીઓને તેમાં મોટા ઓધા આપવામાં આવશે એવી હું આશા રાખું છું અને પુરતા કુશળ હીંદીવાનો મળતા નથી એવું બહાનું કહાડવામાં આવશે નહી. હાલમાં હુન્નર ઉદ્યોગોની જે કોલેજો અને સ્કુલે વર્કશોપની જે સવલતો છે તે જોતાં ઉપલું બહાનું ચાલી શકે નહી.

હીંદી વેપારી ચેમ્બરે સરકારનું સુલેહનું કોનફરંસમાં લડાઇના કરારો કરતી વેળાએ હીંદી વેપાર બાબે તેની મસલત લેવા માટે ધ્યાન ખેચ્યું હતુ, છતાં પણ એવા કોઇપણ પ્રતીનીધીની મસલત લેવાને સરકારે નેમણુંક કીધી નહી. હીંદી પ્રધાન, લોર્ડ સીંહ અને બીકાનેરના મહારાજાએ હીંદી વેપારીઓની લાગણી કોનફરનસમાં સારી રીતે દર્શાવી હશે. પણ જેવી વેપારી પ્રતીનીધીઓ લાગણી દર્શાવી શકે.તેવી તો તે નહીજ હશે. સુલેહના બાબમાં કોઇબી દેશ સાથે વેપારી કરારો કરવામાં આવે તે પહેલાં હીંદી વેપારીઓને પુછવામાં આવશે એવી આપણે આશા રાખીશું. ઉદ્યોગીક કોનફરન્સમાં તેમજ હીંદી વેપારી ચેમ્બર તરફથી દરેક બ્રીટીશ કોનસ્યુલેટમાં વેપારી મદદનીશ નેમવો જોઇએ એવી બાહેશ દરશાવવામાં આવી હતી. મેસોપોટેમીઆ અને પુર્વ આફ્રીકામાં હીંદી વેપારી કમીશનરોની નેમણુંક થવી જોઇએ છે. ઇસ્ટ આફ્રીકામાં વસ્તા યુરોપીયનના આપણા હીંદી વેપારીઓ સામે જે અણઘટતી રીતે વરતે છે તેની મને અત્રે યાદ આવે છે. દક્ષીણ આફ્રીકા જેવી પુર્વ આફ્રીકામાં હીંદી વેપારીઓને મુશકેલી પડશે નહી એવી વાત પ્રથમ ફેલાવીને હવે ત્યાની સ્થીતી ઘણી અસહ્ય કરવામાં આવી છે. રેવરંડ એંડ્રૂસે જે વીગતો બહાર પાડી છે તે જોતાં ત્યાંના સાંકડા વીચાર ધરાવનારા બ્રીટીશ કેટલી હદ સુધી હીંદી હકો ઉપર ત્રાપ મારે છે, તે ગુસ્સાની લાગણી વગર આપણે જોઇ શકતા નથી. આપણી કોયેસે આ સવાલ ઉપાડી લીધો છે અને અત્રે પણ તે બાબેની દરખાસ્ત રજુ થાય ત્યારે તમેા સઘળાએા તેને ટેકો આપશેા.

હીંદી કામદારોનેા અગત્યનેા સવાલ.

હવે હું આ દેશના ઘણા અગત્યના આર્થીક સવાલ ઉપર બોલીશ જે સવાલ આપણે તપાસેલી બીજી બાબતેા કરતાં વધુ અગત્યનેા છે. આ સવાલ હીંદી કામદારોને લગતેા છે. કામદારોનેા અર્થ અત્રેના ઉદ્યોગ હુન્નર ખાતાઓમાં મહેનત કરતા મજુરોનેાજ થાય એમ અત્રે સમજવામાં આવે છે પણ બેહાળી રીતે જોતાં હુન્નાની દોલતમાં હીસ્સેા આપીને મહેનત કરનાર પુરૂષ કે સ્ત્રી કામદાર ગણેવાઈ શકાય છે પછી તે પેાતાના મજબુતબાથથી કે તનના બળથી તેવેા હીસ્સેા આપતેા હેાય. જ્યારે પણ આપણે હીંદી કામદારની વાત કરીએ છીએ ત્યારે એવા માણસેા વીશે તે સમજીયે છીએ કે માણસોની સ્થીતી જેવી જોઇએ તેવી સારી નથી. દરેક ધંધા અને રોજગારમાં કુશળ માણસોની ઘણી જરૂર પડે છે, પણ આપણા આ માણસેાના બાબમાં જોઇએ છીએ કે તેઓ જેવા જોઇએ એવા કુશળ નથી. આવા હરીફાઇના જમાનામાં કુશળતા ઉપર મોટેા આધાર હેાય છે. આપણા આ કામદારોની હાલત કેમ સુધારવી તે સવાલ આપણી હુન્નર ઘણેા અગત્યનેા ઉભેા છે, અને તે ઘણેા જુનેા હેાવા છતાં આપણે તેનેા કંડેા કરી શકયા નથી અને આ સવાલના કંડયા થવા ઉપરજ, જે દેશ આપણાથી હુન્નર ઉદ્યોગમાં આગળ વધી ગયલા છે તેની સાથે હવે હરીફાઈ કરવા માટેનેા આધાર છે.

હાંડી કામદારોની સ્થીતી સુધારવાનું કામ આપણે પાર પાડી શકયા નથી. આપણી તરફ વરાળથી ચાલતું પહેલું કારખાનું નીકળ્યું ત્યારથી આપણે આ કામદારોની સ્થીતી સુધારવા ઉપર વીચાર ચલાવીએ છીએ. જો હુંદિને કાચા પદાર્થ પેદા કરવાના એક દેશ તરીકેજ રાખવામાં આવનાર હોય તો પછી આવા સવાલની જરૂર રહે નહી. પણ જો આપણે સઘળા એમ ચાહતા હોઇએ કે હુંદમાં દરેક જરૂરી ચીજો આપણે પેદા કરવી તો આપણી ફરજ છે કે પ્રજાનું કોઇપણ આસામી ભુખ્યું રહીને જીંદગીની જરૂરીઆતોના લાભ મેળવવાથી બેનસીબ રહે નહી તે જોવું. આપણા દેશના ભલાને ખાતર, જેઓ પાંચ પઇસે સુખી છે તેઓની ફરજ છે કે પોતાથી ઓછા નસીબવાળા ભાગસોને જીંદગીના તબક્કામાં વધારવાને પોતાના હાથ લંબાવવા. ઘણાઓએ આમ કીધું પણ હશે.

દેશના સુધારા વધારામાં પ્રજાએ આપેલો હીસ્સો.

મારે અત્રે ખુલે ખુલ્લું કહેવું જોઇએ કે આ દેશના સુધારા વધારામાં પ્રજાએ સર્વેથી મોટો હીસ્સો આપ્યો છે, અને તેનું માન સરકારને શોભુંજ ઘટે છે. કેટલાક વરસ થયા આપણી સરકાર સારા નસીબે હુન્નર ઉદ્યોગના ઉપર ધ્યાન આપવા લાગી છે, સરકાર અને પ્રજાના લાભનું છે કે, મજુરોને વધતામાં વધતો દર આપીને દરેક જાતના કામકાજમાં સુધારો કરવો. એ બાબતમાં સરકારે જે કામ બજાવ્યું છે તે કરતાં હજુ ઘણું વધુ તે કરી શકે એમ છે. દરેક માણસે પોતાની આશરીક સ્થીતીમાં સુધારો કરવો જોઇએ છે. પણ તેમ સરકાર જો ચાહે તો એ બાબે ઘણું કરી શકે એમ છે, અને સરકાર જો કાંઇ કરવા નહી માગે તો પ્રજાથી તેનો બોજો માંડ માંડ ઘસડી શકાય છે. સરકાર પ્રજાની સ્થીતીમાં સુધારો કરી શકે એમ છે, આપણી પ્રજાનો ૯૪ ટકા જેટલો ભાગ ભણેલો નહી હોય ત્યારે તેની સ્થીતી કેવી હોવી જોઇએ? શું આ જથાને કેળવણી આપવાની જેમ સરકારની તેમ પ્રજાના સમજી વર્ગની ફરજ નથી? આપણા કરતાં પણ ઓછા સાધન છતાં જાપાને ૩૦ વરસની મુદતમાં પોતાના દેશમાંથી અભણપણાને હાંડી કહાડ્યું છે.

જે જાપાને કરી બતાવ્યું છે તે આપણી સરકાર હવે પછી થનારી રાજદ્વારી સુધારાની ચોજના દરમ્યાન કાં નહી કરી બતાવે? હુન્નર ઉદ્યોગના વધારા માટે કેળવણીની ઘણી જરૂર છે, અને તેથીજ આપણા ભવીષ્યના કામકાજમાં કેળવણી ઉપર પ્રથમ ધ્યાન આપવાની જરૂર છે.

કેળવણીથી કામદારોની સ્થીતીમાં થનારા સુધારા.

કેળવણીનો પ્રસાર કરવે આપણા કામદારોમાં જે દુઃખો જોવામાં આવે છે તેનો પોતાની મેળે નાશ થશે, કારણ કેળવણીથી સુખ શાંતી અને સુખકારી ભરી રીતે તેઓ રહેશે તો તેઓની સ્થીતી સુધરતાં કામમાં પણ ઘણો સુધારો થઈ શકશે. કામકાજના કલાક, મજુરીના દર, રહેઠાણ, અસુખકારો, છાકટપણું, વગેરે સવાલોનો કુદરતી થઇ જઈ આ કામદારો વચે શાંતોષ અને સુખ જોવામાં આવશે.

ઉદ્યોગો ધરાવતા દરેક દેશમાં આવા મુશ્કેલીના સવાલો ઉભા થયા પામ્યા હતા. જેથી તેઓના અનુભવ અને મુશ્કેલી ઉપરથી આપણને ઘણું શીખવાનું છે. જ્યારે પણ ખેતી કરનારી પ્રજા ઉદ્યોગ કરનારી પ્રજા થવા માટે ઉદ્યોગ ઉપર ધ્યાન દોરાયાછે ત્યારે હમેશા કંઇને કંઇ મુશ્કેલી ઉભી થાય છે. જો એવો વખત આવે કે જ્યારે આપણા કામદાર આજે ૧૨ કલાકમાં જેટલું કામ કરે છે તેટલું ૮ કલાકમાં જો કરી શકે તો કાં નહી તેનો રોજ ૮ કલાકનોજ ગણીયે? વળી જો તે જેમ જેમ વધુ કામ ઉતારતો જાય તો કાં નહી તેના દર વધારે આપવામાં આવે? પણ એ સઘળા પરીણામ લાવવા માટે કેળવણીની જરૂર છે, પણ જ્યાં સુધી કામદારો કેળવણી

લાઇને પાકા થાય ત્યાં સુધી તો તેઓ ફેડાઈની બી મદદ વગર પોતાનો માર્ગ કરવાને શક્તીવાન નહીં થાય. આપણે કકત તેઓને રેહઠાણ પુરા પાડવા જેવા સવાલો તપાસવાના છે. માણસોની વસ્તી પ્રમાણે આપણે તેઓને સુખાકારી ભર્યા મકાનો પુરાં પાડી શકયા નથી, અને એ સવાલ મ્યુનીશીપાલીટી, સીટી ટ્રસ્ટ, સરકાર તેમજ તવંગર વર્ગ સાથે મળીને ઉપાડી લે તોજ તેનો નીરણય આવે નામદાર ગવર્નરે એ સવાલ ઉપાડી લીધો છે તેવો વેળાએ આપણે તેમને દરેક રીતે સહાય થવાની ખાત્રી આપવી જોઇએ છે. રેહવાના મકાનોમાં સુધારા થવે આપણા કામદારોની સ્થીતીમાં ખરેખર સુધારા થશે.

રાજદ્વારી સુધારા વધારા થનાર છે તે સબબે વેપાર ઉદ્યોગમાં મોટા સુધારા કરવાની આપણે સત્તા લોગવી શકીશું. છુટા પણું ભોગવતા દરેક દેશમાં આપણે જોઇએ છીએ કે દરેક હીલચાલ માટે ચર્ચા થવી જોઇએ છે પણ આપણા દેશમાં કામદારો ઉપર પોતાનો લાગવગ ચલાવે એવાં ખાતાઓ હોવા છતા તેઓ કંઇ બી ચર્ચા કરી શકતા નથી એ ખેદ ભરેલું છે. આ રીતમાં સુધારા થવો જોઇએ છે. આપણા દેશી વેપારીઓની ઘણી થોડી ચેમ્બરો હસ્તી ધરાવે છે, અને તેઓએ જે કામ બજવવું જોઇએ તે પાર ઉતારવા જેટલા તેઓ પાસે ફંડ નથી. દરેક ઉદ્યોગ હુનરવાળા જીલ્લામા એવી અકક ચેમ્બરની હસ્તી હોય તોજ વેપાર ઉદ્યોગના જરૂરી સવાલ તુરત ઉપાડી લઇ શકાય. બીજી તરફ વેપારીઓને પણ કેટલીક ફરીયાદો કરવી પડે છે, જેવી કે રેલ્વે શીપીંગ વગેરે પણ આવી ફરીયાદો સામે કાયદા પુર્વક લડત ચલાવી શકે એવાં ખાતાંઓ નહીં હોવાથી ઘણી એવી ફરીયાદો જાણવામાં આવતી નથી. ફ્રાન્સ અને જર્મનીમાં તો એવી ચેમ્બરોને સરકાર તરફથી કેટલીક સત્તા આપેલી હોય છે આ સ્થિતિમાં હુવે સુધારો થવો જોઇએ છે અને જુદીજુદી ચેમ્બરો તથા જુદાજુદા ઉદ્યોગના મંડળ તરફના પ્રતિનીધી ઓ તરીકે તેમ કરવાનું તમારા હાથમાં છે. આવાં મંડળો આપણી વચ્ચે હયાતી ધરાવતા નહીં હશે તો સુધારા વધારાની યોજનામા જે સત્તા આપવામાં આવી છે તે આપણાથી પુરેપુરી ભોગવી શકાશે નહીં. આથી હું હીંદની આથી ક સ્થિતિમાં સુધારો કરવાને અને તેમ કરીને દુનિયાના બીજા દેશો સાથે સરખાવતાં તેની સ્થિતિ ઉંચી રાખવાના કામમાં મદદ આપવાની સર્વે ફેડાઇને અરજ કરૂં છું.

એ ભાષણ પુરૂ થવા બાદ પરીષદ તે પછી શનીવાર ઉપર મુલતવી રહી હતી.

ફેડરેશનની શનીવારની બેઠકમાં થયેલા ઠરાવો.

હીંદી ઉદ્યોગીક ફેડારેશનસ અને હીંદી વેપારી- ફેડારેશનની બીજી દીવસની બેગી બેઠક શનીવારે સહુવારે ૧ ક૦-૩૦ મી૦ ટાઉનહોલમાં એ૦ન૦ સર ફાજલભાઇ કરીમભાઇનાં પ્રમુખપણાં નીચે મળી હતી, જે વેળા ડેલીગેટોની સારી સંખ્યા હાજર થઇ હતી. સર દોરાબ તાતા અને મુંબાઇના હાઇકોર્ટના વિડા જજ સર નારમન મેકલાઉડે પણ હાજરી આપી હતી. લાલા હરકીશનલાલ આથી પુગતાં હાજર થયલાઓએ તેમને તળીઓના અવાજોથી વધાવી લીધા હતા.

૧. પ્રમુખે ઠરાવ રજુ કર્યો કેઃ—આ દેશની ઉદ્યોગીક અને વેપારી હીંદી કોમ નામદાર શેહેનશાહ તરફ વફાદારીની ઉંડી અને માનપુર્વક લાગણી પ્રદર્શીત કરે છે અને બાયાળુ દીલે કે જે હીંદનો નવો મેગના કાર્ટો છે અને દીલસોજીની નીશાની છે તે માટે ઉપકાર માને છે.

સભાએ ઠરાવ પસાર કર્યો હતો.

૨. મી૦ વીશ્વનાથ પ્રભુરામ વૈદ્ય બેરીસ્ટરે બીજો ઠરાવ રજુ કર્યો કેઃ—

ગેરેલીક શીલીંગથી બાલકીંગનો બોરડે શોભે છે.

આ કૉન્ફરન્સ સુધારાનો કાયદો પસાર થયો તેને આવકાર આપે છે અને પાર્લામેંટ તથા ખાસ કરીને રાઈટ ઑ૦ મી૦ મૉન્ટેગ્યુ અને રાઇટ ઑનર૦ લૉર્ડ સીંહનો એ કાયદો ધારાપોથીમાં દાખલ કરવા માટે હથીઆરૂપ થઇ પડવા માટે ઉપકાર માને છે અને હુનર ઉદ્યોગના ખાતાં હીંદી પ્રધાનોને સોંપવામાં આવ્યાં તેને ખાસ આવકારદાયક ગણી એવી આશા રાખે છે કે તેથી એવો નવો સફો ઉઘાડે કે જેમાં હીંદી વેપાર અને ઉદ્યોગ વધતો જતો ભાગ લે. આ કાયદો સ્વરાજ્યની દીશા તરફનું સંગીન પગલું છે તેનાથી સંપુર્ણ માહીતગાર હોવા છતાં તે દલગીર છે કે વડી સરકારના બંધારણમાં એવા ફેરફાર કરવામાં આવ્યા નથી કે જેથી વેપાર ઉદ્યોગના વધારા સંબંધી પ્રજામત કૃતેહમંદ થાય. તે વધુ દલગીર છે કે બર્મા પ્રાંતને બાતલ રાખવામાં આવ્યો છે તેથી એ પ્રાંતના અને આ દેશના આર્થીક હીતને નુકસાન થશે.

મી. સી. એલ. દેવલેએ ઉપલા ઠરાવને ટેકો આપ્યા બાદ તે પસાર થયો હતો.

૩. કલકત્તાવાળા ડૉકટર એનરજીએ ઠરાવ કર્યો કે:-

(એ) આ કૉન્ફરન્સ કબુલ કરે છે કે સુધારાના કાયદા પ્રમાણેનું મેહેસુલી છુટાપણાનું પગલું હાલની રથતી કરતા એક પગલું આગળ વધારનારૂં છે પણ તેને ભય છે કે મધ્ય સ્થ સરકારની સુચવવામાં આવેલી સ્થીતી જોતાં હીંદની ઉદ્યોગીક અને વેપારી કોમને તેથી સંતોષ નહીં થાય અને કદાચ કાયદો ઘડનારાઓની નેમઉપર પણ વળશે અને માનપુરવક આગ્રહ કરે છે કે કાયદાના વહીવટથી શેહેનશાહતના સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોની મારફક સંપૂર્ણ પણે અને છુટથી હીંદ પોતાની જરૂરીઆતને અનુકુળ આવે તેવી રીતે ટેરીફ સંબંધી ગોઠવણ કરી અમલમાં મુકી શકે એવી સત્તાની ખાતરી મળવી જોઇએ.

(બી) આ કૉન્ફરન્સ વધુ એવી માંગણી કરે છે કે જકાતમાં છુટાપણાંની આવી સત્તા મળતાં સુધી શેહેનશાહતના જે મુલકો કે સંસ્થાનોએ આ દેશ સામે જકાત નાખી હોય તેમની સામે હીંદી સરકારે એવી જકાત નાંખવી જોઇએ.

બાદ ઉપલા ઠરાવ ઉપર મત લેતાં તે પસાર થયો હતો.

૪. કરાંચીવાળા જમસેદ એન. મહેતાએ ઠરાવ રજુ કર્યો કે:—

આ કૉન્ફરન્સ ચામડાંની નીકાશને લગતી છેલ્લા કાયદાથી શહેનશાહી પસંદગીની જકાતને લગતી રાજનીતી દાખલ કરવાની કોશેશ કરવામાં આવી છે તેના તરફ પોતાની નાપસંદગી જાહેર કરે છે અને એવો આગ્રહ કરે છે કે દેશના જુદા જુદા હુનર ઉદ્યોગના અને વેપારી હીત ધરાવતાં મંડળોના પ્રતીનીધીઓની બનેલી કમીટી એ આખો સવાલ તપાસે ત્યા સુધી શેહેનશાહી પસંદગીની જકાતની રાજનીતી સંબંધી કંઈ પગલું ભરવું નહીં. એ કમીટીને નાણાંને લગતા સઘળા સવાલો કે જે હીંદી હુનર ઉદ્યોગોનાં કમીશનના રીપોર્ટ ઉપરના અવલોકન કરનારા હીંદી પ્રધાનના ખરીતામાં જણાવવામાં આવ્યા છે તે સંબંધી જાહેર પ્રજાની જુબાની લેવાની સત્તા આપવી વળી હીંદી ધારાસભા દેશ માટે નાણાંને લગતી કંઇ રાજનીતી અનુકુળ આવે તેમ છે અને અમલમાં મુકાય તેવાં છે તે નક્કી ન કરે ત્યાં સુધી શેહેનશાહી પસંદગીની રાજનીતી સંબંધી પગલાં ભરવાં નહી.

મી. ગુલાબચંદ દેવચંદે ઉપલા ઠરાવને ટેકો આપ્યા બાદ તે પસાર થયો હતો.

૫. માધસોરવાળા મી૦ વી૦ લક્ષ્મણસ્વામી એ ઠરાવ રજુ કર્યો કે:—

આ કૉન્ફરન્સ એવો મજબુત અભીપ્રાય ધરાવે છે કે લાયકાત સરખી હોય તો.

(એ) સ્થાપવા ધારેલાં હુન્નર ઉદ્યોગ અને રસાયણી ખાતાંમાં હીંદીઓને પસંદગી આપવી.

(બી) દેશનાં કુદરતી સાધનોની ખીલવણી રેલવે, વહાણોની બનાવટ, કાચી જણસો, બાળ વગેરે સંબંધી છુટછાટની બાબતમાં હીંદી સાહસને પસંદગી આપવી.

(સી) સરકારી ખાતાંઓ અને સ્થાનીક મંડળો અને રેલવે કંપનીઓની જરૂરીઆત માટે સ્ટોર્સ ખરીદવા સંબંધી હીંદી પેઢીઓ અને માલ બનાવનારાઓને પસંદગી આપવી.

મી૦ મહમદ હુસને ઉપલા ઠરાવને ટેકો આપ્યા બાદ તે પસાર થયો હતો.

૬. મી. જમનાદાસ દ્વારકાદાસે એવો ઠરાવ રજુ કર્યો કે કામદારોની સ્થીતી બ્લાં આ કૉનફરન્સ હીંદી સરકારને વીનંતી કરે છે કે તેણે કામદારો અને વાપણવાળાઓના પ્રતીનીધીઓનું બનેલું કમીશન હીંદના કામદારોની સ્થીતી જેવી કે મજુરીના દર, કેળવણી, ઘરો, કામ કરવાના કલાકો વગેરે સંબંધી સંપુરણ તપાસ ચલાવવા અને વેપાર ઉદ્યોગની વૃદ્ધિ માટેના સુધારાની સુચના રજુ કરવા માટે નેમવું.

૭. મી૦ એસ. આર. ગભનજીએ ઠરાવ રજુ કર્યો કે:—

આ કૉન્ફરન્સ ધારે છે કે (એ) સ્થાપવા ધારેલી ૬૫પીરીઅલ બેંકને લગતા ખરડો સંપુર્ણ વીગતો સાથે પ્રગટ કરવો અને તેના સંબંધમાં કંઈ પણ ચોક્કસ પગલાં ભરવામાં આવે તે પહેલાં તેની ઉપર જાહેર પ્રજાને પોતાના અભીપ્રાયો જાહેર કરવાને આમંત્રણ કરવું. (બી) જે રીતે બ્લેડાણ કરવા ધાર્યું છે તે હીંદી હીતોનું પુરતું રક્ષણ થઈ શકે તેવી ધારવામાં આવતી નથી અને આ કૉન્ફરન્સ આગ્રહ કરે છે કે બધી બોર્ડો ઉપર પુરતું પ્રતીનીધીત્વ રાખવાની બેહ-વણ કરવામા આવે નહીં ત્યાં સુધી નામદાર સરકારે આ બેજાનાને ટેકો આપવો નહી. (સી) અને આ કૉન્ફરન્સ વધુ એમ ધારે છે કે એક્ષચેંજ બેંકોની કોઇ હરીફાઇને ટાડણે સ્થાપવા ધારેલી બેંકને કે બીજી જાતનું વાજબી સરાફી કામકાજ જો તેની સેવ્લ બોડ હાથ ધરવાનું સલાહ-ક ધારતી હોય, તો તે કામકાજમાંથી તેને બાતલ કરવી નહી.

લાલા હરકીશનલાલે ટેકો આપવા બાદ બે પસાર થયો હતો.

૮. ઓ૦ સી૦ પરશોતમદાસ ઠાકોરદાસે ઠરાવ રજુ કરયો કે

આ કૉનફરન્સ હીંદમાં જીંદગીના જરૂરીઆતના ચીજોના અને ખાસ કરીને ખાધ ખોરા ાની જણસોના ભાવમાં થતા જતા વધારા તરફ ભયની નજર જુએ છે અને નામદાર સરકાર ને માન પુર્વક આગહ કરે છે કે ખાધા ખોરાકીની જણસો અને ઢોરો તથા દુધ દહીમાંથી બનાવવામા આવતી ચીજોની નીકાશ સરકારી ખાતાંઓ મારફતે નહીં પણ સરકારી તથા બીન સરકારી ગ્રહસ્થોની કમીટી મારફતે થવી જોઇએ અને દેશની જરૂરીઆતોને પુરી વળયા બાદ વધારાના જથામાંથીજ તેની નીકાશ કરવા દેવી જોઇએ.

માઇસોરવાળા મી૦ વી૦ લક્ષમણ સ્વામીએ ઉપલા ઠરાવને ટેકો આપ્યો હતો અને મી૦ જેહલમલ નારણદાસે તેને વધુ ટેકો આપ્યા બાદ તે પસાર થયો હતો.

૯. કલકત્તાવાળા મી૦ એસ૦ સી૦ ઘોશે ઠરાવ રજુ કર્યો કે:—

આ કૉનફરન્સનો એવો મત છે કે (એ) રેલવેઓનો વહીવટ સરકારે પોતાના હાથમાં લેવો જોઇએ અને તે પોતાની દલગીરી જાહેર કરે છે કે ઇસ્ટ ઇડીઅન રેલવે સાથનાં ઠરાર-

નામાની મુદત ૨૨ી થતાં નામદાર સરકારે તેનો કારોબાર પોતાને હસ્તક લઇને તે તકનો લાભ લીધા નથી. (બી) આ કૉનફરન્સ ભલામણ કરે છે કે આ સવાલ સંબંધમાં તપાસ ચલાવવા માટે નેમવા ધારેલી કમીટીનાં બંધારણમાં હીંદીઓના પ્રતીનીધીઓને હુન્નર ઉદ્યોગો તથા વેપારનો અનુભવ હોય; એવાને નેમવા ભોઇએ અને (સી) આગ્રહ કરે છે કે રેલવે બોર્ડમાં સલાસલ્લેની ઓછામાં ઓછી અરધી સંખ્યા હીંદીઓની હોવી જોઇએ. (ડી) આ કૉનફરન્સ રેલવેનાં ગાડાંઓની ચાલુ વધતી અછત તરફ ચીંતાની નજરે જુવે છે અને આગ્રહ કરે છે લડાઇ દરમીઆન હીંદ ખાતેની રહેવે ગાડાંઓની જે સંખ્યાને પરદેશો ખાતે મોકલવામાં આવી હોય તે સંખ્યા પાછી હીંદ ખાતે મોકલવાનાં પગલાં ભરવાં જોઇએ અને તેમ કરીને હીંદમાં હુન્નર ઉદ્યોગના તથા વેપારનાં ઠામઠાજ માટે માલની લાવ લાવલઇ કરવા માટે હીંદી રેલવેઓના સાધનોમાં વધારો કરવો. (ઇ) આ કૉનફરન્સ મજબુત આગ્રહ કરે છે કે હુન્નર ઉદ્યોગના નવાં ખાતાંએ હાલમાં લેવામાં આવતા રહેવેના દરો તપાસવા અને તેસ કરીને હીંદી વેપાર અને ઉદ્યોગના લાભોને નુકસાન થાય તથા પરદેશી વેપાર અને ઉદ્યોગને લાભ થાય તેવી રીતે જે દરો લેવામાં આવતા હોય તે અટકાવવા અને ખાસ કરીને દેશના જુદા જુદા ભાગોમાં સ્વદેશી ઉદ્યોગોની ખીલવણીમાં નડતર થાય તેવા દરોના સંબંધમાં તપાસ ચલાવવી. (એફ) આ કૉનફરન્સ ભલામણ કરે છે કે હીંદી હુન્નર ઉદ્યોગો અને વેપારના લાભોનાં પ્રતીનીધીઓને રેલવે કૉનફરન્સમાં અને ગુડઝ કલાસીફીકેશન કમીટીની સભાઓમાં મોકલવા.

ઉપલા ઠરાવને રાવ બહાદુર છ૦ કે૦ કેલકરે ટેકો આપ્યા બાદ તે પસાર થયો હતો.

૧૦ ઓન૦ મી૦ પરેશોતમદાસ ઠાકોરદાસે ઠરાવ રજુ કર્યો કે,

આ કૉનફરન્સ ઠરાવ રજુ કરે છે કે હીંદી ઉદ્યોગીક કૉનફરંસ અને હીંદી વેપારી કોંગ્રેસને જોડી દઇ તેને હીંદી હુન્નર ઉદ્યોગ અને વેપારને લગતી કોંગ્રેસ એવું નામ આપવું અને તેનું બંધારણ રચવા માટે તથા વરસ દરમીઆન તેનું કામકાજ કરવા તથા ઇંગ્લંડ ખાતે તેમજ બીજે ઠેકાણે તેનાં બંધારણની રથાપના કરવા માટે પગલાં ભરવા

મી૦ જે૦ કે૦ મહેતાએ ઉપલા ઠરાવને ટેકો આપ્યા બાદ તે પસાર થયો હતો.

૧૧ મી૦ માધવજી ગોવિંદજી શેઠે ઠરાવ રજુ કર્યો કે આ કૉનફરંસ આગ્રહ કરે છે કે યુનાઇટેડ સ્ટેટસે દારૂના વેપારની મનાઇ કરીને પોતાના તે વેપાર ઉદ્યોગને જે મોટા લાભો કરી આપ્યા છે તે જોતાં અને દારૂના વેપારથી હીંદી ઠામદારોની કામ કરવાની શકતીને ઘણું સહન કરવું પડયું છે તે બીના તરફ જોતાં નામદાર હીંદ સરકારે નીશાના કામ માટે દારૂની બનાવટ, તેની આયાત અને વેચાણ થતાં સદંતર બંધ કરવાની રાજનીતી ધારણ કરવી જોઇએ છે.

ઉપલા ઠરાવને મી૦ મુકરજી અને મી૦ કે. નટરાજને ટેકો આપ્યા બાદ તે પસાર થયો હતો.

૧૨ પ્રમુખે એ પછી નીચલો ઠરાવ રજુ કર્યો હતો અને પસાર થયેલો જાહેર કર્યો હતો:—

1577 Annual Administration Report of the Bombay Veterinary College and Civil Veterinary Department in the Bombay Presidency 1918-19.
1578 Income Tax Statistical Return of the Bombay Presidency 1918-19.
1579 Estimates of Area and Yield of Principal Crops in India 1918-19.
1580 Indian cascin Part I Preparation of Sulphuric cascin.
1581 Brazilian Report.
1582 Administration Report of the North West Frontier Province 1918-19.

C.

850 The Times of India Directory 1920.
851 International Conciliation November 1919.
852 Report of the Commissioners appointed by the Punjab Sub-Committee of the Indian National Congress Vol. II.
853 Report of the Commissioners appointed by the Punjab Sub-Committee of the Indian National Congress Vol. I.
854 International Conciliation December 1919.

વેપારી કેળવણી.

જન સમાજની અંદર જે જુદા જુદા પ્રકારની પ્રવૃત્તિઓ ચાલી રહી હોય તેને અંગે જુદો જુદો અનુભવ ધરાવનારાઓને એકઠા કરી તેમની સલાહ લઈને ઉછરતા યુવાનોને કેળવણી આપવા માટેની ગોઠવણો કરનારી અથવા તે ઉપર દેખરેખ રાખનારી સંસ્થાને આપણે અંગ્રેજી શબ્દ "યુનીવર્સીટી" થી ઓળખીયે છીએ. માત્ર અમુક વીષયના ઉસ્તાદો પોતાના માનીતા વીષયો શીખવે અને એ રીતે વિદ્યાનાં સર્વ અંગો શીખવવા માટેની છુટી છુટી ગોઠવણો હોય તેને એકત્ર કાળુ દેઠળ મુકવાથી યુનીવર્સીટીની સ્થાપનાનો ખરો હેતુ સંભાળાતો નથી. કારણ કે એકજ વિષયનું જ્ઞાન ધરાવનારાઓ બીજા વિષયોના ઉસ્તાદોની સાથે હળી મળીને કામ કરે એવી વ્યવસ્થા એથી થઇ શકતી નથી વિદ્યાના દરેક અંગને બાકીના પ્રત્યેક અંગ સાથે થોડો વધ્યો પણ સંબંધ રહેલો હોય છે તે ખ્યાનમાં રાખવામાં આવે તોજ એવી ગોઠવણ થઇ શકે અને તેટલા માટે યુનીવર્સીટી એવે સ્થળે હોવી જોઇએ કે જ્યાં એ બધાં સાધનો હોય. વેપારી કેળવણી માટેની કોલેજ મદરાસમાં સ્થાપવાની હીલચાલ હમણાં ચાલી રહી છે અને મુંબઈની સીડનહામ કોલેજ ઓફ કોમર્સના પ્રીન્સીપાલ મી. પર્સી એનેસ્ટી સાથે મદ્રાસ ખાતે એ વીશે મસલત કરવામાં આવી હતી તા. ૧૫-૧-૧૯૨૦ને દીને એમણે એ બાબતમાં એક ભાષણ આપ્યું હતું અને તે પછી એ વીશે ચર્ચા પણ ચલાવવામાં આવી હતી જે દરમ્યાન એમને પુછવામાં આવ્યું હતું કે આશરે પાંચ કરોડ મનુષ્યોની વસ્તીવાળો દેશ એક વેપારી કોલેજ નીભાવવા માટે પુરતો થઇ પડે કે નહીં? મી. પર્સી એનેસ્ટીએ એના ઉત્તરમાં હા પાડી હતી પણ અમને ભય છે કે જે સંજોગોમાં એ હા પાડવામાં આવી છે તે વીશે ત્યાંના અધિકારીનું ધ્યાન બરોબર ખેંચાયું નહીં હોય. મી. પર્સીએ વેપારી કેળવણી માટે ઈંગ્લાંડ વગેરે દેશોમા જે પ્રચલિત હાલ સ્વીકારવામાં આવે છે તે વીશે ખાસ ધ્યાન ખેંચ્યું છે અને એ કેળવણી માટેની ગોઠવણોમાં સરકારનાં કરતાં વેપારી વર્ગનો વધારે હાથ રહે છે તે બતાવ્યું છે. હાલ મુંબઈમાં એ બાબતમાં જે ગોઠવણો છે તેમાં વેપારી વર્ગનો અવાજ ઓછો ચોટો છે કે એ શિક્ષણ ઉપર દેખરેખ રાખનારી સંસ્થાને યુનીવર્સીટી નામ શોભે છે કે કેમ તે વીશે શંકા રહે. મી. પર્સી જણાવે છે કે:—

"It is the absence of control by the business world that makes the management of our only Indian University College of Commerce defective. It is run directly by Government; conditions in India perhaps make this inevitable, but undiluted Government control is undesirable because of its aloofness and inelasticity. It should therefore be modified. To make the organisation of such a college a success we need control through a committee on which Government, the University, and the business community are all represented. These three controlling influences should be brought into contact."

એટલે કે વેપારી કેળવણી આપનારી જે એક કૉલેજ હાંદમાં છે, તે આ સીડનહેમ કૉલેજ ઑફ કૉમર્સ છે. પણ તેમાં વેપારી વર્ગનો કાણુ નથી તે એક ખોડ છે. એને હાલ માત્ર સરકાર ચલાવે છે. હાંદના હાલના સંજોગોમાં કદાચ એમ કર્યા વગર છુટકો નહીં હોય પણ સરકારના હાથમાં સંપૂર્ણ કાણુ રહે એ ઇષ્ટ નથી કારણ કે તે આથી રહે અને વ્યવસ્થામાં વખતો વખત જરૂર પડે તે પ્રમાણે ફેરફાર થઈ શકે નહીં, તેટલા માટે હાલની વ્યવસ્થા સુધારવી ઘટે છે. સરકાર, યુનીવરસીટી તથા વેપારી વર્ગ એ ત્રણેના પ્રતીનીધીઓની બનેલી કમીટીના હાથમાં એનો કાણુ મુકાય તોજ એ કૉલેજ કૃતેહવંત થાય. એ ત્રણેને એ કાર્યમાં ભેળવવા જોઇએ. મી. પર્સી એનેસ્ટી જેવા સરકારો અને જોખમદાર અમલદારની આ ટીકા પ્રથી આપણે આશા રાખીશું કે હાંદી વેપારી કેામને યુનીવરસીટીની કૉમર્સ ફેકલ્ટીમાં પ્રતીનીધી મોકલવાનો હક જલદી આપવામાં આવશે અને એ રીતે યુનીવરસીટીના બંધારણમાં હાલ રહેલી ખોડ દુર કરી એનું નામ સાર્થક કરવામાં આવશે. ભદ્રાસમાં વેપારી કૉલેજ કહાડવામાં આવે તો તેની ઉપર દેશના વેપારી વર્ગનો પણ કાણુ એજ પ્રમાણે રાખવો જોઇએ.

વેપારી કેળવણી કેવા પ્રકારની હોવી જોઇએ એ બીજો પ્રશ્ન છે. બીજા હુન્નરોની માફક વેપાર કેમ કરવો એ શીખવવાનો પ્રયત્ન ગમે તેટલો યોગ્ય હોય તો પણ તેટલા શીક્ષણથીજ એ લેનાર વીદ્યાર્થી કૃતેહવંત વેપારી બની શકે એ આશા રાખી શકાય નહીં આ રીતની ટીકાએ કેળવણીની કીંમત ઉતારી પાડવ. માટે કરવામાં આવે છે પણ તે વેળા એ વાત ભુલી જવાય છે કે શાળામાં અથવા શાળા બહાર પણ એ કેળવણી લીધા વગર કોઇ પણ વ્યકતી વેપારી કૃતેહવંત કારદીર્દ ભોગવી શકતો નથી અને તેથી યોગ્ય સમયે, યોગ્ય સંજોગે,માં એ કેળવણી આપવાની ગોઠવણ કરવી સાનો અને દેશની પ્રગતી ઘાટે જરૂરની ગણુ વો જોઇએ. મી. પર્સી એ વિભાગ પાડે છે. પત્રવ્યહાર, નાણુંકામું, વેપારો હીસાબ, ટાઇપ રાઇટીંગ વગેરે જે વિષયોનું જ્ઞાન નોકર વર્ગમાં હોવાની ઇચ્છા રાખી શકાય તે સર્વ વિષયોને વેપારી કેળવણીના નીચલા બીજાગમાં મુકી, અર્થશાસ્ત્ર, વેપારો ભૂગોળ, આંકડા શાસ્ત્ર, શરાફી ધંધો વગેરેને ઉપલા વિભાગમાં મુંકયા છે. આ વર્ગીકરણ વીશે ચર્ચા અહીં નહીં કરીયે કેમ કે તે માત્ર ઝીણી બીગતની બાબત છે. એ નીચલા વિભાગનું શીક્ષણ દેશી ભાષામાં અપાય તેમાં મી. પર્સી એનેસ્ટી કશું વાંધો લેવા જેવું ગણતા નથી. ઉપલા વિભાગનું શીક્ષણ અંગ્રેજી ભાષા મારફતે કૉલેજમાં અપાય તે માટે એમને આગ્રહ હોય એમ લાગે છે અમને લાગે છે કે એ વિષયો સમજી શકાય એટલું સામાન્ય જ્ઞાન વિદ્યાર્થીઓમાં કોઇ પણ અમુક ધોરણમાં કે અમુક ઉમરે એટલમ આવી જાય એ માનવું ભુલ ભરેલું છે અને એ વિષય શોખવતી વેળા અંગ્રેજી ભાષાનો તથા તેમાં લખાયલાં પુસ્તકોનો ઉપયોગ કરવા સામે પ્રતીબંધ ન મુકતાં દેશી ભાષામાં એ શીક્ષણ આપવાની છુટ રાખવામાં આવે તો વધારે હાલ યત્નનો સંભવ રહે. બરી વાત એ છે કે પાઠશાળાઓમાં દાખલ કરી શકીયે એવા વિદ્યાર્થીઓની સંખ્યાની અમુક હદ બંધાયા રાખવી પડે છે તેજ વેળા પોતાની મેળે. અથવા ખાનગી શીક્ષકની મદદથી વરમાં એવો અભ્યાસ વધારનારાઓની સંખ્યા જેમ વધે તેમ દેશની પ્રગતી વધારે સહેલી થઇ પડે અને તેટલા માટે એ વિષયનું જ્ઞાન આપનારાં પુસ્તકો એવા હોવાં જોઇએ કે જે એવા પ્રૌઢ વિદ્યાર્થીઓ ઘરે વાંચી શકે અને જો તે દેશી ભાષામાં હોય તો આ રીતે એનો વીશેષ ઉપયોગ થાય. એ કારણથી અમે ઉંચું વેપારી શીક્ષણ પણ દેશી ભાષા મારફતે અપાય તે વીશેષ પસંદ કરીએ છીએ.

આવા શીક્ષણને યુનીવર્સીટીએ પદવી આપવી યોગ્ય થઈ પડે કે કેમ તે મોટો પ્રશ્ન છે. અમે દલગીર છીએ કે એવી પદવી આપવાની જરૂર કલકત્તા યુનીવર્સીટી કમીશને સ્પષ્ટ રીતે સ્વીકારી નથી. દેશની ઉન્નતીને માટે જે પ્રકારની કેળવણીનો લાભ લેનારની સંખ્યા વધારવાના પ્રયત્નો કરવા ઈષ્ટ હોય તે સર્વને માટે પદવી દાન જરૂરનું ગણવું જોઇએ. વળી જે કેળવણી લીધેલી હોવાનો પુરાવો બીજી રીતે સહેલાઇથી રજુ કરી શકાય એમ ન હોય તેવી કેળવણી લીધા બાદ વિદ્યાર્થીને એ લીધેલી હોવા બાબતનું પ્રમાણ પત્ર મેળવવાનો હક ગણવો જોઇએ. એને પદવી ગણો કે સર્ટીફીકેટ ગણો પણ એની ખરી યોગ્યતા તો એ શીક્ષણમાં છે. લંડન ચેમ્બર ઓફ કોમર્સ તરફથી નામુંમાત્ર વગેરે વીષયમાં લેવાતી પરીક્ષાઓમાં હીંદના વિદ્યાર્થીઓની ઘણી સંખ્યા બેસે છે અને તેમને મળતાં સર્ટીફીકેટ પદવીની ગરજ સારે છે. અમે ધ્રુજીએ કે હીંદમાં વેપારી ડીગ્રેલેજમાં અપાતી કેળવણી ઉચ્ચ પ્રકારની રહે અને તેને પદવી આપવાનું હીંદની દરેક યુનીવર્સીટી યોગ્ય ગણે. પદવી આપવાથી એવા અભ્યાસને ઉતેજન મળશે એ વાત ભુલવા જેવી નથી. મુંબઇમાં વેપારી ડીગ્રી મેળવી બહાર પડેલા ગ્રેજ્યુએટોને વેપારી આલમે પોતાના ધંધામાં નોકરીએ રાખતી બેળા સારા પગારથી શરૂઆત કરી ઉત્સાહજન આપ્યું છે તે બતાવે છે કે વેપારી વર્ગ એ કેળવણી માટે સારી કદર બતાવે છે. એવા સંગીન પુરાવા પછી એ કેળવણી યુનીવર્સીટી તરફની પદવીને યોગ્ય નથી એમ માનવામાં ભૂલજ થશે.

પરદેશો સાથેના વેપાર ઉપર હુંડીના ભાવની અસર

લડાઇને લીધે કેટલાક દેશોનો વેપાર ચુંથાઈ ગયો હતો તે હજી આગલી સ્થીતીએ આવ્યો નથી અને લડાઈ પછી દેશ પરદેશ વચેની હુંડીના ભાવોમાં થયેલી ઉથલ પાથલને લીધે પણ વેપાર ઉદ્યોગને ઘણી હાની પહોંચવાની બ્હીક ગણવામાં આવે છે. તેમ છતાં ખરી વાત એ છે કે લડાઇ થઇ ન હોત તો પણ દરેક દેશે પોતાની આયાત તથા નીકાશનાં પાસાં લગભગ સરખાં કરવાં પડતજ. લડાઇને લીધે ઉદ્યોગને થયેલું નુકશાન જેમ બહું છે તેમ જે ચીજો અગાઉ બનતી ન હતી તે ચીજો બનાવવાનું ઘણા દેશોમાં શરૂ થયું છે તે ભુલી જવા જેવી બીના નથી. તે ઉપરાંત યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરીકા જેવા જે દેશોમાંથી ચલણ માટે જોઇતું સોનું રૂપું મળી શકે એમ છે ત્યાં પોતાનાથી બને તેટલો માલ ઓકલવાને સર્વ દેશો તૈયાર થયા છે. ત્યાં ૧૯૧૮માં યુરોપના દેશોમાંથી આયાત થયેલો માલ લગભગ બનાંશ કરોડ ડોલર જેટલો હતો તેમાં વધારો થયાથી ૧૯૧૯માં એ આયાત પંચોતર કરોડ ડોલર જેટલી થઇ હતી. માલના ભાવમાં વધારો થવાને પરીણામે એ આયાત થયેલા માલની કીંમત વધારે મોટી દેખાતી હોય એ કેટલેક અંશે સંભવીત છે પણ તે છતાં માલની આયાતનો જથ્થો પણ વધ્યો છે એમાં શક નથી. આ જથ્થો જ્યારે એટલો વધી જશે કે લડાઇ દરમ્યાન અમેરીકા પાસેથી ઉછીનાં લીધેલાં નાણું તથા ત્યાંથી મેળવેલાં માલનાં નાણાં પાછાં અપાઇ જાય ત્યાં સુધી હુંડીના ભાવો લડાઇ અગાઉની હદે આવી પહોંચવાનો સંભવ નથી. એ સ્થિતિ આવવા અગાઉ કદાચ દસ વરસ નીકળી જશે એમ ધારવામાં આવતું હતું પણ વેપાર ઉપર હુંડીના ભાવની અસર એવી સચોટ છે કે એ સ્થીતી જલ્દી આવે તો આશ્ચર્ય

પામવાનું નથી. રૂ અને એવો જે માલ ફ્રેટલાઇ વખત અગાઉ અમેરીકા પાસેથી યુરોપનાં વેપારીઓએ ખરીદ્યો હતો તે માત અત્યારે પાછો અમેરીકા ખાતે મોકલી આપવાનું પોસાય છે. એમ કરવામાં એ લાવ લઈજા માટે થયેલો તુરનો વીમા માટેનો તથા એવેજ બીજો બધો ખરચ હુંડીના ભાવમાં થયેલા તફાવતને લીધે નજીવો થઇ પડે છે. ન્યુયોર્ક ખાતે પ્રગટ થતાં ક્રોમસ એ ડ ફીનન્સ પત્રના તા. ૧૮-૨-૧૯૨૦ના અંકમા એપ્રેલ સુધી જણાવવમાં આવ્યું છે કે રૂની ત્રણ હજાર ગાંસડી લીવરપુલથી અમેરીકાના ગાલ્વેસ્ટન બંદર ખાતે હમણાં પાછી મોકલવામા આવી છે. એ આ પ્રમાણે યુનાઇટેડ સ્ટેટમથી માલ આયાત કરવાનું ઘટે અને ત્યાં માલ મોકલવાનું વધે તો હુંડીનો ભાવ લડાઇ અગાઉની સ્થીતી પર આવી જવાને બહુ વાર નજ લાગે. હૉંદની ઇંગ્લાંડ સાથેની હુંડીનો વ્યવહાર અત્યારે ઘણો અસ્થીર લાગે છે. તેમાં પણ એ પછી ક્રાંઇક સ્થીતી આવશે. હાલ તો હૉંદી પ્રધાનની હુંડીના ભાવ સોળ પેન્સ જેટલા ઓછા રહે તો હૉંદમાં બનતી ચીજો માટે હુનીયામાં એટલી માગણી છે કે તેના ભાવમાં અતીશય વધારો થયા વગર રહે નહીં અને એવો વધારો થતાં પ્રજતમાં શાંતિ જળવાય નહીં એવો ભય માની લઈને નાગદ્દર સરકાર એવી રાજનીતી પાળે છે કે જેને લીધે હુંડીના ભાવ ઉંચા રહે અને હિંદમાં બનતી ચીજોના ભાવ નીચા રહે. આ રાજનીતીની દૃષ્ટિએ જોઇએ તો એને સોનાના કે ચાંદીના ભાર સાથે જાણે કાંઇ પણ સંબંધ ન હોય એવી એ વાત થઇ પડે છે. બીજી રીતે જોઇએ તો જેમ ચાંદીનો ભાવ વધે તેમ હૉંદી પ્રધાનની હુંડીનો ભાવ પણ વધારવો અને અને એ ઘટે તેમ આ પણ તેજ પ્રમાણે ઘટાડવો એ રાજનીતી પાળવામાં આવે તો હૉંદી પ્રધાનની હુંડીના ભાવો કે ઈ પણ વેળા સ્થીર રહેવાનો સંભવ પણ ન રહે. હૉંદમાં સોદ્યાનું ધોરણ છે એ કહેવું તો તદ્દન મીથ્યા છે. હૉંદમાં બનતી ચીજોના ભાવો કે હૉંદી પ્રધાનની હુંડીના ભાવો સોનાની કીંમતના પ્રમાણમા વધે ઘટે એવું છેલ્લાં ફ્રેટલાઇ વરસમાં સરકાર વચે પડવાથી અત્યાર સુધી બન્યુ નથી અને જ્યાં સુધી ઇંગ્લાંડ પાસે ત્યાની ચલણી નોટો વટાવવા માટે જોઇતું સોનું એકદું થાય ત્યાં સુધી હૉંદની હુંડીને સ્વાભાવીક ગતીએચ લાવવા દેવામાં આવનાર નથી એટલે સોનાનું ધોરણ હૉંદમાં પ્રવર્તે છે એ ખ્યાલ બાજુએ મુકવોજ ઠીક થઇ પડશે. ચાંદીનો ભાવ વધે તેમ હૉંદી પ્રધાની હુંડીના ભાવ વધારવા એ રાજનીતી નામદાર સરકારે અખત્યાર કરી છે અને તે ચાલુ રાખવામાં આવે એવો સંભવ માની લેવો પડે છે. તાત્પર્ય કે ચાંદીનો ભાવ ગમેતેર ચેન્જથી નીચા જાય તે વેળા હૉંદી પ્રધાનની હુંડીનો ભાવ બે શીલીંગ કરતાં નીચા જવા ન દેવાનો રાજનીતિ સરકાર પાળશે એવી ખાતરી રાખવાને આપણને કારણ છે. એ પ્રયત્નમા કેટલે અંશે કતેહ મળશે એ એક સવાલ છે અને તેનો જવાબ આપવા માટે વીગત વાર તપાસ લેવી જોઇએ તે અત્રે લઇ શકાય તેમ નથી. અત્રે માત્ર એક વાત ઉપર ધ્યાન ખેંચવું યે ગ્ય થઇ પડશે કે હિંદી પ્રધાનની હુંડીના ભાવો ગમે તેવા હોય તો પણ માલ બનાવનાની જે શક્તી યુરોપના દેશોમા અત્યારે છે તે એટલી થોડી છે અને તેમાં હવે પછી ગોટો વધારે ઝડપથી થવાનો સંભવ એટલો થોડો છે કે પરદેશી માલની આયાતથી હૉંદમા ભાવો ઝગડી જવાનો ભય નહીં જેવોજ ગણવો જોઇએ. બીજી રીતે જોતાં એ સર્વ પરદેશોમાં માલની હાજત એટલી છે કે હૉંદી માલની નીકાશ ઘટવાના સંભવ કરતાં વધવાનો સંભવ વધારે ગણવો જોઇએ. હૉંદના વેપારની આ સ્થીતીનો લાભ લઇ તેના ઉદ્યોગોને વધારે સારા પાયા ઉપર મુકવાને જેટલી ખતથી અને હુર અદેશીથી પ્રયત્ન કરવામાં આવશે તેટલાં પ્રમાણમાં હૉંદનું ઉત્પાદન સાધી શકાશે.

હીસાબ રાખવાની રીત.

માલ વેચતી વેળાના ભાવ કેટલા નફાકારક છે તે નકી કરી અતીશય નફો કરતા હોય તેમનો દંડ કરવાનુ ઇંગ્લંડના કાયદામાં ઠરાવવામાં આવ્યું છે. એ નફો નકી કરતી વેળા માલની પડત કીંમત કઇ ગણવી તે વીશે લંડનની ચેમ્બર ઓફ કોમર્સની ડાઉન્સીલે ઠરેલો એક ઠરાવ ઇંગ્લંડની સરકારે કબુલ રાખેલો જણાવવામાં આવે છે. એ ઠરાવ એવો હતો કે માલ બનાવતાં થયેલો ખરચ પડત કીંમત તરીકે ન ગણવો પણ હમણાં એવો માલ બનાવવામાં આવે તો કેટલો ખરચ થાય તે ગણવો. દાખલા તરીકે ચોપડી છપાવવા માટે અગાઉ ખરીદેલા કાગળ વાપરવામાં આવ્યા હોય તો ખરચ થયેલી રકમ ઓછી દેખાય પણ એને બદલે એ કાગળ હાલ ખરીદ કરતી વેળા જે ખરચ થાય તે ગણવામાં આવે અને તે પ્રમાણે ચોપડીની કીંમત રાખવામાં આવે તો તેમાં થતો નફો અયોગ્ય રીતે થયેલો ગણાવો ન જોઇએ કેમકે વાપરેલા કાગળને બદલે કાગળનો નવો જથ્થો લેવો પડે તે વેળા હાલના ભાવ ખરચવા પડે. આ ઠરાવની યોગ્યતા વીશે વીવેચન કરવાનો અત્રે ઉપયોગ નથી. આપણે માત્ર એટલુંજ જોવું યોગ્ય થઇ પડશે કે લડાઇને લીધે થયેલા નફા ઉપરનો જે કર હીંદમાં એક્સેસ પ્રોફીટ ટેકસ નામથી અંમાયો. તેમાં ઉપર દર્શાવેલો નીયમ ધ્યાનમાં લેવાયો લાગતો નથી. કેમ કે જેમ જેમ જુનો માલ વપરાય તેમ તેની મુળ કીંમત પડત ખરચ આતે ઉધારાય અને નવો લેવાય તેમાં વધારે ખરચ થાય તો કંપની પાસે શીલીકમા પડેલો એ નવો માલ નવી અર્થાત વધારે કીંમતે ખરવાયામાં આવે એવી રીતે હીસાબ રાખવાનું ધોરણ નામદાર સરકારે એ કાયદાની રૂયે બહાલ રાખ્યું છે. અમને નથી લાગતું કે લંડનની ચેમ્બર ઓફ કોમર્સે કરેલા ઠરાવને અમલમાં મુકતા હોય એવી રીતે કોઇ કંપની પોતાના હીસાબ તૈયાર કરે તો સરકાર તેને એ કાયદાની રૂયે કર નકકી કરતી વેળા સ્વીકારે. આ ઉપરથી એક વાત નકકી કરવાની જરૂર વીશે વેપારી વર્ગે ધ્યાન આપવાની અગત્ય દીસે છે. તે એજ છે કે હીસાબ રાખવાની રીત બધે એક સરખી રખાવવી જોઇએ. જુદા જુદા વેપારીઓ જુદી જુદી રીતે રાખે તો તેમાં ઉપર દર્શાવ્યું તેમ જુદા જુદા નીયમોને અનુસરવાનું બની શકે અને તેને પરીણામે નફો વધારે ઓછો દર્શાવી કંપનીના શેરોના ભાવો બજારમાં વધારી કે ઘટાડી દેવામા આવે એ અશકય નથી. કેટલીક મીલના શેરોના ભાવમાં થોડાકે વખત અગાઉ જે મોટી વધઘટ અહીંના બજારમાં થઇ છે તેનું મુળ તપાસતાં આવાં હીસાબી ધોરણની હેર ફેર માલમ પડી આવશે. કેટલીક કંપનીઓ રૂ અગર સુતર ખરીદે અને તેને અનુસરતા ભાવે લાંબી મુદતની ડીલીવરીનું સુતર કે કાપડ વેચે તો એ બે વચેના ગાળામાંથી મજુરી વગેરેનો અર્થ જતા જે રહે તે રકમ કંપનીની નફાની રકમ ગણાય. પણ તેને બદલે એ ડીલીવરીની મુદત આવવા અગાઉ માલના ભાવ વધે કે ઘટે તો તે બનેલા માલના અથવા કાચા માલનો બજારભાવે થતી કીમત પ્રમાણે ટોક ગણી હીસાબ બંધ કરવાનુ ધોરણ રખાવ ત્યારે તેમાં ઓટી રીતે નફો કે નુકશાન દેખાય. આવી રીતે હીસાબમાં ગરબડ કરવામાં આવે છે અને તે હીસાબો ઓડીટરો પસાર કરે છે. એટલે શેર હોલ્ડરોનો ઓટો

આગ વિશ્વાસથી એ હીસાબ મંજુર રાખે છે અને તેને પરીણામે બજારમાં બોવી કંપનીઓના શેરોમાં ઉથલપાથલ થાય છે. અમને ખાતરી છે કે એવી ઉથલપાથલ કરી તે દ્વારા સટો ખેલનારને ઉત્તેજન આપવાની સરકારની ઇચ્છા નથી અને એવી રીતે સટો ચાલે તેનો લાભ લેવાની વૃત્તી જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં તેને અંકુશમાં રાખવા માટે નામદાર સરકાર ના પાડશે નહિં; પણ એ કાર્ય કાયદામાં સુધારો કર્યાથી જ બની શકે અને એવો સુધારો કરવાનું હાથ ધરવા અગાઉ એવા દાખલા એકઠા થવા જોઇએ કે જેમાં આવી રીતે ઉથલપાથલને ઉત્તેજન આપવામાં આવ્યું હોય. એવા દાખલા પકડાય તે માટેનો ઇલાજ તેટલા માટે પહેલેથીજ લેવો જોઇએ અને તે એ છે કે હિસાબ રાખવાની પદ્ધતી દરેક ધંધા માટે બીગતવાર રીતે કાયદા દ્વારાનથી નકી કરવી. એક બીજું દૃષ્ટાંત અત્રે આપવું યોગ્ય પહશે. એક બેંક કોઇ કંપનીના શેરો માટે બરાક મેળવી આપવાનું માથે લે તો તે માટેની જોખમદારી તેના સરવાયામાં બેઉ બાજુ એક સરખી રકમની દેખાડાય છે અને તેમ કરતી વેળા એમ માની લેવામાં આવે છે કે એ પ્રમાણે બરાક મેળવી આપવા માટે ઠરાવેલો દીવસ આવી લાગશે ત્યારે તે કામ પાર પાડતી વેળા બેંકને ખોટ જશે નહીં. આથી એ કાર્યમાં દલાલી તરીકે મળવાની રકમ જો કે કમાણી તરીકે તુરત ગણવાની છુટ ન કરાય તો પણ એ શેરોના બરાક એને સરસર ભાવે રાખશે એમ ગણી સરવાયામાં થાપણ બાજુ ઉપર એ શેરો સરસર ભાવે દેખાડાય છે. કાયદાની દૃષ્ટે એવું ઠરાવવામાં પણ આવ્યું છે કે જે જે રકમ ધીરવામાં આવી હોય તે બધી સધર છે કે કેમ તે સ્પષ્ટ રીતે સરવાયામાં બતાવવું. આ કલમ આવા શેરોની જોખમદારીને લાગુ પડતી નથી. તેમ જો એ શેરોના બજાર ભાવ સરસર હોય તો બેંકની પાસે તેની મોટી સંખ્યા હોવાને લીધેજ નુકશાન જશે એમ પુરવાર કરવું પણ મુશ્કેલજ થઇ પડે. વેપારીઓ તેમ છતાં સમજી શકશે કે રોજ બપતા હોય તે કરતાં પાંચ કે દસ ગણી સંખ્યામાં એકજ જાતના શેરો બજારમાં વેચાવા આવે તો તેના ભાવ ટકી ન રહે. એવા સંજોગોમાં કેટલા શેરો પાસે હોય તો બજાર ભાવે ગણવા યોગ્ય થઇ પડે અને કેટલા હોય તો સામટા વેચવામાં જનારો ખોટનો સંભવ ધ્યાનમાં લેવો જોઇએ તે નક્કી કરવું જરૂરનું ગણાવું જોઇએ. આ મુદ્દો હિસાબ રાખવાની રીતના પેટામાં સમાઇ જાય છે. ઉપર દર્શાવેલા તથા એવા બીજા જે જે મુદ્દા નીકળે તે બીજે ઓડીટરોનું જે મંડળ મુંબઇમાં છે તેણે તપાસ કરી પોતાની તરફથી યોગ્ય લાગે તેવી ભલામણો ખાત્ર પાસે તેમજ સરકાર પાસે રજુ કરવી ઘટે છે.

ઇંગ્લંડની નેશનલ ફીઝીકલ લેબોરેટરીએ ઠરાવ કર્યો છે કે જે માલ એણે નકી કરેલા નમુના પ્રમાણે હશે તેની ઉપર 'Z' અને 'Ko' એવી નીશાની કરવા દેવામાં આવશે.

અધિપતીની નોંધ.

દુનીયામાં જે હીરા આજ સુધીમાં ખાણોમાંથી કાઢવામાં આવેલા છે તેને લગતા આંકડા અમેરીકામાં આવેલાં ચીકાગો ખાતેના એક આંકડા શાસ્ત્રીએ એકઠા કર્યા છે જે ઉપરથી જણાય છે કે એ સર્વ હીરાઓને એક જગ્યાએ એકઠા કર્યા હોય તો એક ગાડું ભરાય. એ સઘળા મળી ૪,૬૩,૫૫,૪૭૪ કેરેટ થાય અને તેનું વજન આડાદસ ટન જેટલું થાય. જો દરેક કેરેટ દીઠ ત્રણસો ડાલરની કીમત ગણીયે તો એની કીમત લગભગ ચઉદ અબજ ડાલર થાય. એમાં મોટો ભાગ આફ્રીકાની પેદાશનો છે જે ૧૭,૦૫,૭૪,૦૦૦ કેરેટ જેટલો છે, જ્યારે હીંદમાં થયેલી હીરાની પેદાશ પાંચ કરોડ કેરેટ જેટલી છે.

નોકરવર્ગને વણાટ કામનું શીક્ષણ આપવા માટે મારકીટની કાપડ બજાર હીત વર્ધક સમાજે કહાડેલી ઉદ્યોગશાળા પ્રત્યે વાંચકોનું ધ્યાન ખેચતાં અમને આનંદ થાય છે. એવી શાળાઓ દ્વારા જો થોડાક નોકરો પણ એ ઉદ્યોગ શીખી હાલતા કરતાં વધારે નફાકારક કામ મેળવી શકશે તો તેઓ પોતાનેજ નહીં પણ એ નોકર વર્ગને સર્વને ઘણો લાભ કરી શકશે. કેમકે એ નોકરોની છેલ્લી હડતાળ વેળા આપણે એવું હતું તેમ હાલ એ વર્ગની સંખ્યામાં જે નવો વધારો થતો રહે છે તે એવા પ્રકારનો હોય છે કે એ આખો વર્ગ તેમના રોજના કાર્યમાં અમુક હદ કરતાં વધારે સારી સ્થીતી પ્રાપ્ત કરે એવી આશા રખાયજ નહીં. જો એવા દુખદાયક સંજોગોમા પોતાનું ભરણપોશણ મેળવવા માટેજ એ નોકરીમાં દાખલ થયલા થોડાક યુવાનો પણ આ ઉદ્યોગદ્વારા સ્વતંત્ર રીતે પોતાનું ગુજરાન મેળવી શકે તો એ વર્ગ ઉપરથી એટલી સંખ્યાના નીભાવ જેટલો ફરીફ્રાઈનો ભય ઓછો થાય એટલુંજ નહીં પણ જો બાકીના નોકરો પણ તેમના ચાલુ કામકાજ માટે તેમના શેઠ પાસેથી નીભાવ પુરતી આવક પણ મેળવી ન શકે તો તેઓ પણ હીંદના આ પુરાણા ઉદ્યોગમાં જોડાય. ગીતના ઉદ્યોગની સાથે હાથે કાપડ બનાવવાના ઉદ્યોગની હરીફાઈ એવા પ્રકારની છે કે એ બેમાં કોણ જીતશે તે બીશે ખાતરીપુર્વક અભિપ્રાય આપી શકાય તેમ નથી પણ ગમે તેવી સખત હરીફાઈ છતાં હાથે કાપડ વણવાનો ઉદ્યોગ નીભાવ માટેનાં સાધન પુરાં પાડવા જેટલો ઉપયોગી છે એ બીશે શંકાને સ્થાન નથી અને તેથી હાથે કાપડ વણવાના ઉદ્યોગ માટે વાજીબ આપનારી આવી શાળાઓ આવશ્યકજ ગણાશે.

સંચા કામને લગતા ઓજારોનો વેપાર હીંદમાં કેટલો છે તે બીશે ૧૯૧૭-૧૮ ના વરસને લગતા આંકડા ઉપરથી માલમ પડે છે કે લડાઈ અગાઉ હીંદમાં આયાત થતા સંચા કારખાં મોટો ભાગ બ્રીટીશ હતો. તે પછી જુનાઈટેડ સ્ટેટસ તથા જાપાનથી વધારે પ્રમાણમાં એ માલ હીંદમાં આવવા લાગ્યો છે. સંચા કામને લગતાં ઓજારો, બીજાંને લગતું સંચા કામ, અને બાકીને લગતું સંચા કામ એ બાબદોમાં અમેરીકાએ એવો પગદંડો જમાવ્યો છે કે એને પાછા હઠાવવાનું મુશ્કેલ થઇ પડશે. હવે હીંદમાં ઉદ્યોગો વધતા જશે ત્યારે સંચા કામને લગતાં ઓજારો મંગાવવા માટે સારી ગોઠવણ કરી શકાય તો તેથી લાભ થયા વગર રહે નહીં. આગળ જતાં જરમની.

પણ હરીફાઇ કરવા લાગશે. હવે ઇંગ્લંડમા માલ ખરીદવાનું કમી થશે અને તેને બદલે એ માટેના ટેન્ડરો હીંદમા માગવામાં આવશે તે વેળા ઇંગ્લંડના કે અમેરીકાના જે જે માલ બનાવનારાઓ પોતાની શાખા કે આડત હીંદમા રાખી બેઠા હશે તેઓ તેનો વધારે લાભ લઇ શકશે.

રેલ્વે મારફતે માલ જ્યા મોકલવાનો હોય ત્યાં પહોંચે તે પછી માલ ઉતારી લેવામા ઢીલ થાય તે માટે નુકશાનીની રકમ રેલ્વેવાળાઓ વેપારી પાસેથી ભરી લે છે તે માટેના દરમા વધારો કરવામા આવતા ઇંગ્લંડમા બમુરી ખાતેની ચેમ્બર ઓફ કોમર્સે ઠરાવ કર્યો કે રેલ્વેવાળાઓ માલની હાલચાલ કરવામા બેદરકારીથી ઢીલ કરે તો તે માટેની નુકશાની રેલ્વેવાળાઓ પાસેથી વેપારીઓ ભરી લઇ શકે એવી ગોઠવણ પણ કાયદામા થવી જોઇએ એવી રીતની ઢીલથી વેપારીઓને ઘણું નુકશાન થયેલું હોય એવા દાખલાઓ એકઠા કરવામા આવ્યા હતા અને તે વીશે ગીજી ચેમ્બરોને વાકેફ કરવાનો પણ ઠરાવ કરવામા આવ્યો હતો હીંદમાં પણ આવા દાખલાની નવાઇ નથી. એવા દાખલાઓ વીશેની ખબરો મેળી કરી અત્રે પણ વેપારી વર્ગ ઐજીત માગણી કરે તો અયોગ્ય કે આશ્ચર્યકારક નથી.

પરદેશમાં કોઇ પણ ચીજ ખરીદવાની કે વેચવાની જે સત્તા નામદાર સરકાર અત્યારે ધરાવતી હોય તેનો ઉપયોગ હવે પછી પાર્લામેંટની રજા પહેલેથી મેળવ્યા વગર કરવો નહીં જોઇએ અને દેશ-પરદેશ વચેના વેપારને અંગે થતી લેવડદેવડમાં સરકારે પાર્લામેંટની પહેલેથી મંજુરી લીધા વગર ભાગ લેવો ન જોઇએ એવી ભલામણ લંડન ચેમ્બર ઓફ કોમર્સના પ્રીવાન્શીયલ વીભાગે કરી છે. હીંદના વેપારીઓનો અભિપ્રાય માગવામા આવે તો અમારી ખાતરી છે કે એવોજ અભીપ્રાય આપવામાં આવ્યા વગર રહે નહી હીંદી સરકાર જ્યા સુધી વેપારના છુટાપણાનો સીદ્ધાંત વડી સરકારની આજ્ઞાને અનુસરીને પાળતી હતી ત્યાં સુધી હીંદને હીસાબે ઇંગ્લંડમાં ખરીદી કરવા કે લોન ઉભી કરવા કે પરદેશથી ચાંદી ખરીદવા શીવાય વેપારમાં ભાગ લેતી નહીં પણ લડાઇ દરમ્યાન ઘણ હીંદમાંથી ખરીદ કરી મીત્રરાજ્યોને પુરા પાડવાનુ કામ હાથ ધર્યું ત્યાર પછી તેની વેપારી રાજનીતી પણ બદલાઇ છે અને હવે કે નવી રાજનીતીને સામ્રાજ્યની ઓદ્યોગીક ઉન્નતીની રાજનીતી તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કરવામા આવે છે તોપણ નવી રાજનીતીમાં વેપારના છુટાપણાના સીદ્ધાંત કેટલે અંશે પળાશે અને ઉદ્યોગને રક્ષણ આપની વેળા એક દેશનો બીચાર કરવામાં આવશે કે સામ્રાજ્યના બધાં અંગો સાથે મેળીને કામ લેશે તે અત્યારે જાહેર થયું નથી અને અમને ભય છે કે સોનાના વેપારમા મળતો નફો સરકારી તીજોરીમા નાખવા માટે હીંદમા સોનાનો આયાત માટે અટકાવ કરવામા આવ્યો છે તે એ નવી રાજનીતીનેજ આભારી છે. આપણે આશા રાખીશું કે લંડનની ચેમ્બરે ઉઠાવેલો અવાજ સભળાય અને એમા દર્શાવેલા નીયમ દુનીયામાં બધે ન સ્વીકારાય તોપણ બ્રીટીશ સામ્રાજ્યના બધા વિભાગોમા તેને ખાસ કરીને ઇંગ્લંડમા તથા હીંદમાં સ્વીકારાય

દુશ્મન ગણ્યોની પ્રજા સાથે લડાઇ ચાલુ થયેથી લેવડ દેવડને અંગે વ્યાજ ચાલુ કે નહીં તે વીશે કર્નલ ન્યુમેન બ્રીટીશ પાર્લામેંટમા સવાલ પુછ્યો હતો. સર એડવર્ડ ગ્રાસને જવાબ આપ્યું કે એ નાણા બ્રીટીશ પ્રજા પાસેથી દુશ્મન ની પ્રજા માગતી હોય તો તેને તે આપવાનું

લડાઈ દરમ્યાન સરકારી મનાઈથી 'અટકયું હતું' એટલે દેવાદાર બ્રીટીશ વેપારી એ દેવું ચુકવવાને તૈયાર હોય તો પણ તેમ કરવાની તેને છુટ ન હતી તે જોતાં એવા દેવા ઉપર વ્યાજ આપવા માટે એને બંધાયલો ગણવો યોગ્ય નથી. સર એ. ગાડીસે જણાવ્યું કે એવું દેવું દુશ્મનની પ્રજાને હીસાબે વસુલ કરવા માટે સરકારે અમલદાર નીમ્યો હતો તેને જો એ રકમ ભરવામાં આવી હોય તો તે તારીખથી એની ઉપરનું વ્યાજ કમી થાય, પણ જો તેને ન આપવામાં આવી હોય તો તેની ઉપર વ્યાજ લેવાનો દુશ્મન પ્રજાનો હક લડાઈ અગાઉ હતો તે સુલેહ થયા પછી જતો રહ્યો નથી. દુશ્મનની પ્રજા પાસેથી વસુલ કરવાની રકમને પણ એજ સીદ્ધાંત લાગુ પડે છે. આ સીધ્ધાંત હીંદના વેપારીઓએ પણ ધ્યાનમાં લેવાનો છે.

શ્રી ચુનીલાલ લક્ષ્મીદાસ એંડ જનરલ ઈન્સ્યુરન્સ કંપની એ નામથી જે સાહસ ગયા એપ્રીલ માસમાં કાનજીની કુંવરજી નામના પ્રયત્નથી હાલ શરૂ કરવામાં આવ્યું છે તેને આવકાર આપતાં અમને આનંદ થાય છે વીમા કંપનીના કામકાજમાં અનુભવની જરૂર રહે છે અને એવો અનુભવ ધરાવનારાઓ આ કંપનીમાં આગેવાન હોવાથી અમે એને માટે સારી આશા રાખીએ છીએ. જાહેર બાબતોના વાતાવરણમાં એમની જે જાહેર ખબર અમે છાપી છે તેમાં જણાવ્યું છે કે "દેશનો પૈસો દેશમાં રહેશે તો તેનો લાભ પણ તમને મળવા સંભવ છે." આ શબ્દો વાંચતા કોઇકને આશ્ચર્ય પણ લાગે. પરંતુ ખરી વાત એ છે કે જે દેશો અને વીમા કંપનીઓ એ બે સાહસો બધા વેપારને ઉપયોગી છે જો દેશમા દરેક ગામમાં એક નાની સ્વતંત્ર બેંક અને એક વીમા કંપનીની શાખા હોય તો તે ગામના લોકોની સ્થિતીને લગતી પ્રત્યેક હકીકત ઉપર પ્રજા ધ્યાન આપવા લાગે. આપણા દેશભક્ત લાલા હરકીશન લાલે એક વાર વાતચીતમા જણાવ્યું હતું કે દેશમા કયા કયા ઉદ્યોગો વધારે શક્ય એમ છે તે વીશેની "ઇંડસ્ત્રીયલ સર્વે" કરશો તો તેને પરીણામે જે અનુમાન ઉપર આવશો તે અમલમા મુકતી વેળા ઘણી અગવડ પડશે. બજારની સ્થીતી ઉપર એ ઉદ્યાગોની ખીલવણીનો આધાર હોવાથી એક વેળા ખીલવી શકાય એવા જે ઉદ્યોગ લાગતા હોય તે બીજી વેળા તેવા ન પણ લાગે અને એવી તપાસ માટે લીધેલી મહેનત બરબાદ પણ જાય પણ વીમા કંપની અને બેંકો એ બે સાહસો જે જે ગામમાં હશે તે તે ગામના લોકોની સ્થીતી શા કારણથી કેટલી સુધરી અથવા બગડી તે ની નોંધ લેતા રહી એ લોકોને ઉન્નતીમાં મદદ આપવા અને આકૃતમાથી બચાવવા માટે ચેતાવવાનું કામ એ બે કરે અને વીમા કંપની એ કરશે. જે નાણું થોડા વખત માટે જોઇતું હશે તે બેંક આપશે. નાણું ઘણા વખત માટે જોઇતું હશે તેવી રેલવેઓ, સ્ટીમરો, નહેરો, ખેતીવાડી વગેરેને જોઇતી મદદ વીમા કંપની સહેલાઇથી આપી શકે. આ પ્રમાણે ઉદ્યોગીક ઉન્નતીના કાર્યમા એ બે સાહસ એવો મહાન ભાગ ભજવે છે કે એવા સાહસો જેમ સ્વદેશી ઢાબુમા હોય તેમ વીશેશ લાભકારી થઈ પડયા વગર રહે નહીં. અમે આશા રાખીએ છીએ કે આ દેશમા એ બે પ્રકારના સાહસો યોગ્ય અનુભવીઓની આગેવાની દોરવણ વધે અને તેને પ્રજા યોગ્ય ઉત્તેજન આપે.

બ્રીટીશ કાપડ મુતરજીમાંથી અમુક માલ માટે હીંદમાં એક સરખી માગણી રહે છે. વગર ધોયેલાં ધોતીયાં અને સાડી એવી ચીજોના દ્રષ્ટાંત રૂપે છે મુતરની આયાત હીંદમાં લડાઈ દરમ્યાન ઘણીજ ઘટી ગઈ હતી અને હીંદની સ્થાનીક પેદાશ પણ વધી નહીં એટલે જાપાનથી

એની આયાત વધી હતી. ૩૦ થી ઓછા નંબરનું સુતર બંધુ હીંદ પોતેજ બનાવી લે છે. ૩૧ થી ૪૦ સુધીના નંબરના સુતરમાં અરધો ભાગ પોતે બનાવે છે. ૪૦ નંબરના સુતરની આયાતમાં જાપાનનો ભાગ વધારે છે. એથી વધારે ઉંચા નંબરના સુતરની સ્થાનીક પેદાયશ હીંદમાં ૪૦ ટકા જેટલી છે જ્યારે બાકીનો માલ આયાત થાય છે અને તેમાં મોટો ભાગ જાપાનનો હોય છે. ધ્યાન્લંડથી માત્ર રંગીન સુતર આવે છે પણ તેમાં પણ જાપાનની હરીફાઈ ઘણી છે. હીંદમાં કાપડની આયાતમાં લડાઈ દરમ્યાન ૭૦ ટકા જેટલો ઘટાડો થયો હતો. એ દરમ્યાન હીંદમાં કાપડની પેદાશ માત્ર વીસ ટકા જેટલી વધી હતી. હીંદમાં રંગીન કાપડની પેદાશ ૧૯૧૩-૧૪ માં સાડી ઓગીસ કરોડ વાર હતી તે ૧૯૧૮-૧૯ માં વધીને ૨૭૮૦ લાખ વાર જેટલી થઇ હતી. વચ્ચીચ કરવાનો ઉદ્યોગ હીંદમાં હજી બચપણમાં છે, ને અત્યારે તો તે નજીવો છે. ડ્રેકશાયરથી જે માલ આવે છે તેવો માલ બનાવવાને હીંદની મીલોમાં હજી સગવડ નથી. મીલોએ બની શકે તેટલો સર્વ પ્રયત્ન કર્યા છતાં માલની પેદાશમાં ૨૧ ટકા જેટલોજ વધારો થઇ શકી હતી. શર્ટીંગ અને શીર્ટીંગ (ચાદરો)માં જાપાનની હરીફાઈ ઘણીજ છે. ટોરાં ઓઢી કીનારીવાળાં જાપાનીઝ પોતીયાં ઠલકત્તાના બજારમાં વેચાતાં નજરે પડયાં છે પણ રંગીન કીનારીવાળો માલ જાપાન હીંદને પુરો પાડી શક્યું નથી. પોયેલા માલમા સફેદ ડોલ અને શર્ટીંગ જાપાન નથી હીંદમાં આવે છે તે હીંદને અનુકુળ જણાયાં છે અને એ વેપાર વધવાની વધી શક્યતામાં આવે છે. સફેદ બારીક મલમલ તથા નેનસુખની બનાવટમા હજી બ્રીટીશ માલ પોતાનું પદ ટકાવી રહ્યા છે. રંગીન માલ તો બાજારમા જાપ નથી રંગીન કુલાલીન હીંદમાં આવે છે અને રંગીન કાપડની આયાત પણ વધતી જાય છે. લાલ શર્ટીંગ તથા રંગેયાં ડ્રોલનો વેપાર પણ વધે છે.

હીંદની મીલોનાં રપીંડલોની સંખ્યા ૧૯૧૭ ની આખરે ૬૭,૩૮,૬૯૭ જેટલી હતી જ્યારે ધ્યાન્લંડમાં તેનો સંખ્યા ૬,૦૯,૭૩,૦૦૦ નો હતી. લુમની સંખ્યા હીંદમાં ૧,૧૪,૬૨૧ ની હતી ત્યારે ધ્યાન્લંડમાં ૮,૦૩,૫૪૩ ની હતી હવે હીંદની હરીફાઈ વધતી જશે અને એ હરીફાઈ એક બે જાતની ચીજમા નહીં પણ ઘણી જાતના માલમા થશે. હીંદીની મીલોનો નાણાં બંબધી સ્થીતી સારો છે અને સંચા કામમાં વધારો કરવાની યોજનાઓ ઉપર વીચાર ચાલે છે. હલકા પ્રકારનો પુતરો માલ તથા રંગીન કાપડ એ બેમાં ધ્યાન્લંડને હીંદની મીલોની હરીફાઈ નડશે અને પોયેલાં કાપડના બજારમાં હીંદો મીલો તેમજ જાપાની મીલો બેઉનાં સાથેની હરીફાઈ નડશે. ૬૦ કરતા વધારે નંબરના સુતરનો વધા તેમાંથી બનતા માલનો બજાર હજી બ્રીટીશ મીલોના હાથમા રહેશે. મલમલ, નેનસુખ, બારીક શર્ટીંગ, ચાદરો અને એવો ઉંચા માલ એ વર્ગમા છે અને તે હીંદમા કે જરમનીમાં બનતો નથી. જાડા પોતીયાંના બજારમા હીંદ હરીફાઈ કરે છે પણ બારીક માલને માટે તે બ્રીટીશ માલવાળાઓ ટકી શકશે. છાપેલાં અને ફેન્સી માલના બજારમાં પણ બ્રીટીશ માલ ખપવાનું ચાલુ રહેશે. એ બધી બ્રીટીશ માલ વેચવા માટે હાલના કરતા વધારે સારો ગોઠવણ કરવી પડશે અને એ માલની લાવલક્ષ્મ માટે સ્ટીમરોએ પણ હરીફાઈ ભોગવવી પડશે.

બ્રીટીશ સામ્રાજ્યનો વેપાર—આસ્ટ્રેલીયાની સરકારે તા. ૧૪-૧-૧૯૨૦ ને દીને જાહેર કર્યું હતું કે જે માલની બનાવટમાં પાંચ ટકા કરતા વધારે ભાગ જર્મની, આસ્ટ્રીયા, હંગરી, ટર્કી, અને બલ્ગેરીયામાં બનેલો હોય તેની આયાત માટે મનાઇ કરવામાં આવી છે અને એ દેશો ખાતે

માલ નીકાશ કરવાની મનાઇ કરવામાં આવી છે. ઝેકોસ્લોવાકીયા વગેરે જે દેશો અગાઉ આસ્ટ્રીયા હુંગરીના તાબામાં હતા અને હવે તેનાથી છુટા થયા છે ત્યાંથી માલ આયાત કરી શકાશે અને ત્યાં માલ મોકલી શકાશે. ટર્કીના રાજ્યમાંથી છુટા પડનારા રાજ્યો સાથે વેપાર કરવાની પણ એજ પ્રમાણે છુટ આપવામાં આવશે. ટર્કીના રાજ્યમાંથી કયા ભાગ મીત્ર રાજ્યોના કાબુમાં અત્યારે છે, કયા ભાગ મીત્ર રાજ્યોના કાબુ હેઠલ મેલવામાં આવનાર છે અને કયા ભાગો ટર્કીના કાબુ હેઠલ ચાલુ રહેશે, તે વીશે બીજગતવાર ખુબર ઇંગ્લંડના સરકાર પાસેથી તા.૩-૨-૧૯૨૦ ને દીને મગાવવા માટેનો તારને સંદેશો મોકલવામાં આવ્યો હતો.

ખાંડ ઉપરની જકાત નકી કરવા માટે તેના ભાવ મુકરર કરવા સંબંધી નવી ગોઠવણની રૂયે હવે માત્ર જાવાની ઉચ્ચ સ્ટેન્ડર્ડની તથા તે કરતા વધારે ચારી જાતની ખાંડની કીંમત જોવામા આવે છે. તે ઉપરથી જણાય છે કે ગયા જાનેવારી તથા ફ્રેબ્રુઆરી માસમા આયાત થયેલી એવી ખાંડનો જથો તથા તેની સરેરાશ કીંમત નીચે પ્રમાણે હતી.

	જથો હંડરવેટ	સરરાશ કીંમત રા. આ.
જાનેવારી	૮૩૩૫૫૬	૩૦—૧૨
ફ્રેબ્રુઆરી	૬૬૨૩૬૭	૩૧—૮
માર્ચ	૫૦૩૦૦૪	૩૦—૪
કુલ	૧૬૯૮૬૫૭	૩૦—૮

ગયા જાનેવારી માસમાં આયાત તથા નીકાશ થયેલી ચીજોના ભાવની સરેરાશ આગલાં વરસો સાથે સરખાવીને નીચે આપી છે.

આયાતની ચીજો	વજન અથવા માપ	ભાવ ૧૯૧૪ રા. આ. પા.	૧૯૧૯ રૂ. આ. પા.	૧૯૨૦ રૂ. આ. પા.
ડોલસો	ટન	૧૬-૧૩-૪	૨૩-૦-૦	૩૩-૧૩-૪
ખાંડ	હંડ્રેવેટ	૮—૧૦—૬	૧૫-૧૪—૮	૩૦-૩—૫
ટવીસ્ટ એંડ યાર્ન	પાઉંડ	૦—૧૫—૮	૨—૪—૬	૨-૧૨—૭
કાપડ ડોરૂ	વાર	૬—૨—૭	૦—૬—૩	૦—૬—૬
,, સફેદ	,,	૦—૨—૧૧	૦—૭—૬	૦—૮—૧
,, રંગીન	,,	૦—૩—૬	૦—૮—૨	૦—૬—૭
નીકાશની ચીજો				
ડોલસો	ટન	૮—૪-૧૧	૧૦-૭—૧	૧૨-૮—૨
ખાંડ	હંડ્રેવેટ	૫૮—૦-૦	૫૩-૧૩-૪	૬૬-૬—૧
ગુણી	,,	૨૧૫-૦-૦	૪૦૪-૧૫-૭	૩૬૮-૧૩-૦
ચામા	,,	૬—૬—૨	૬—૪—૪	૮—૧૨—૬
વહુ	,,	૫—૮—૩	૧૧-૨—૬	૧૦-૧૦-૪
મે ગેનીઝ	ટન	૧૬-૬—૧	૧૮-૮—૬	૧૬—૫-૫
ચા- ઠાળી	રતલ	૦—૮—૧	૦—૭-૧૧	૦—૮—૬
રૂ	હંડ્રેવેટ	૩૬-૧૫-૫	૮૧-૬—૧	૭૦-૫—૬
જુટ કાચુ	ગુણ	૭૪-૫—૭	૭૩-૧૪-૬	૬૭-૧૩-૨
,, ડોથળા	ન ગ	૦—૫-૧૦	૦—૮—૫	૦—૬—૬
,, ગુજુલુ કાપડુ	વાર	૦—૨—૫	૦—૪—૧	૦—૩-૧૧

નવાં પેટંટો.

નવી શોધ માટે પેટંટ મેળવવા કાજે કલકત્તાની પેટંટ ઓફીસને કરવામાં આવેલી અરજીઓમાંથી કેટલીકનાં નંબર અરજદારનું નામ તથા શોધને લગતી વીગત નીચે દર્શાવી છેઃ—

૫૩૧૧ એ. જે. મેરેટ—ચામડાં જળવી રાખવાની રીત.
૫૩૧૩ એન. કે. આયંગર—પત્ર તથા શીરનામું સાથે રાખવાની રીત.
૫૩૧૪ આર. જી. ગ્રીફીન—સંડાસની એક નવી ગોઠવણ.
૫૩૧૬ સી. એચ. સ્ટીલ—કોલસા વગેરેની ઇંટો બનાવવાની રીતમાં સુધારો.
૫૩૧૭ ઇ. પી. સેંટ એસ. બ્રેગેન્દા—નવી જાતની સાહડી.
૫૩૨૧ જે. ડબલ્યુ હુસ્ત—રેદવેનાં ગાડાં, ગાડીયો તથા બારીયો બાંધવાનાં તાળાં.
૫૩૨૨ સી. સી. ઓબાયન—ચીજળીનાં દીવા રાખવાની સુધારેલી રીત.
૫૩૨૩ પી. એચ. પદમજી—વીજળીક સીગનલ (નીશાની) આપવાની સુધારેલી રીત.
૫૩૨૪ એચ. ફ્રેંચ—મકાને બાંધવાની રીતમાં સુધારો.
૫૩૨૭ ડી. થોંટ—બાંડ તથા સાઠર બનવવાની રીતમાં સુધારો.
૫૩૩૯ એસ. અલી—૧૯૨૦-૧૯૭૦ સુધીના ૫૧ વરસનું કેલેન્ડર.
૫૩૪૦ ટી. શેશાચેલરાવ નાયડુ—પાણીની હીટ્રમાં સુધારો.
૫૩૪૨ એફ. સી. ગ્રીફીન—સંડાસ નીયમીત રીને સાફ થાય એવી ગોઠવણમાં સુધારો.
૫૩૪૪ આર ડી. કુલર—તાળાં ચાવીમાં સુધારો.
૫૩૪૬ કે. એન. ચેટરજી—નાઈટ્રીક તથા હાઇડ્રોક્લોરીક એસીડ બનાવવાની રીતમાં સુધારો.
૫૩૪૫ " એલ્યુમીના તથા તેના ક્ષાર બનાવવાની રીત
૫૩૪૭ ઇ. એફ. ટ્રેવેલ—લહેર ખબર માટેની નવી રીત.
૫૩૫૦ બાંધુ પેપર કંપની લીમીટેડ—બાંધુમાંથી કાગળો બનાવવા માટેનો માવો મેળવવા વપરાતા એપેરેટસમાં સુધારો.
૫૩૫૧ બી. એફ. વ્હાઇલ, ટી સુલીવાન, અને જી. સાઈઝર—પાણી કાઢવાના રેંટમાં સુધારો.
૫૩૫૨ જેસોપ એંડ કું. લીમીટેડ—પ્રવાહી વસ્તુ ગાળવા માટેની રીતમાં સુધારો.
૫૩૫૪ બાઇ પ્રોડક્ટસ રીકવરી કંપની—કેલ્શ્યમ ભીલક પ્રોડક્ટ બનાવવાની રીતમાં સુધારો.
૫૩૫૦ જે. સીમીંગટન—એક જગાએથી બીજી જગાએ લઇ જઈ શકાય એવી અને સંડાસ તરીકે કામ લાગે એવી ઓરડામાં સુધારો.
૫૩૮૬ એચ જે. ટ્રેન તથા જે. ડબલ્યુ. બેઠર—જનવરો માટેનો ખોરાક બનાવવાની રીત.
૫૦૧૮ મેકેન્ઝી, હોલેંડ, એન્ડ વેસ્ટીંગ હાઉસ પાવર સીગનલ કંપની લીમીટેડ, અને એલ. એચ. પીટર—ગાડીઓની આંખ જ ઠામાં રાખવાની રીતમાં સુધારો.
૫૪૨૨ પી. એલ. ચારલીયર એંડ જે. વોલેસ—સન લેંટર્નમાં સુધારો.
૫૪૨૩ જી. આર. માંગરૂલેકર—જનવરોને માટે કામ લાગે એવું મીઠું.
૫૪૫૬ એ. બ્રાન્વર્સ—ચામડાં કેળવવા માટેની રીતમાં તથા એપેરેટસમાં સુધારો.
૫૪૬૦ ટેકનાકેમીકલ કેમીકેટરી—વસ્તુ સુકવવા માટેની રીત તથા એપેરેટસમાં સુધારો.

બી મોરો ટાઇલ માટ ૨૧ એંક ફોર્ટ મુંબઇ.

૫૪૬૨ એચ ટીન્ડેલ-ફેાલટાર તથા તેમાંથી બનાવેલી ચીજોને ભઠીમા ગાળવાની રીતમાં સુધારેા.
૫૪૬૩ એચ. પી. ગુપ્ત-ગામડામાં વાપરવા લાયક સંડાસ.
૫૪૬૫ એચ. વેાટસન-અસ્ત્રા વગેરે કાપવાનાં હથીયારની ધાર તીણી કરવાની રીત.
૫૪૬૯ જે. ડી. રૂટસ ઘરમા ચુલા કે ચગડીમાથી રાખ ઢાહવાની રીતમા સુધારેા
૫૪૭૦ એન. એકકે એરન-રેતીમાથી પાણી ગાળવાની રીતમાં સુધારેા
૫૪૭૪ એન્ડ્રાઇડ્રસ પુડ પ્રેાડકટસ ક્રાં૦ કેમ, શાક, માસ તથા એરાકની ચીજો સુકવવા માટેની રીત તથા એપેરેટસમા સુધારેા


આ બાબતનેા સઘળેા પત્રવ્યવહાર "કટ્રોલર ઑફ પેટન્ટસ એન્ડ ડીઝાઇન્સ, ૧ કાઉન્સીલ હાઉસ, કલકત્તા" એ પ્રમાણે કરવેા. દરેક અરજી કરનાર ઉભેહવારે પેટન્ટ ઑફીસ હેન્ડબુક (કે જેમાં ઇન્ડીયન પેટન્ટસ એન્ડ ડીઝાઇન ઍકટ, ૧૯૧૧, ઇન્ડીયન પેટન્ટસ એન્ડ ડીઝાઇન્સ રૂલ્સ, ૧૯૧૨, ઇન્ડીઅન પેટન્ટસ એન્ડ ડીસાઇન્સ, ૧૯૧૫ આપેલાં છે) વાંચીને પછી અરજી કરવી. અરજીને માટેના સુપ્રીન્ટેડ રૂપેસીફીકેશન્સ તેમજ પેટન્ટ ઑફીસનાં બીજાં પુસ્તકેા વિના મૂલ્યે જોવા દેવામાં આવે એવા ઠેકાણાની યાદી અમારા છેલ્લા અંકમા ૨૮૦ મે પાને આપવામા આવી છે:—

જાહેર ખબર.

ત્રણ ચંદ્ર છાપનુ કુદરતી કેસર વાપરેા.

મુંબઇ તથા દેશાવરેામાં તથા રાજરજવાડામા અને મંદીરેામાં લગભગ ચાળીસ વર્ષ ઉપરાત વખણાયલું અને જાણીતું

તદ્દન ચેાખું અને ચૂંટી કાઢેલું ત્રણ ચંદ્ર છાપનું પવિત્ર કેસર.



ટ્રેડ માર્ક.

ઉપર લખેલી છાપમા કેાઇ પણ જાતની અપવિત્ર ચીજની મીલાવટ બીલકુલ નથી. તેના માટે સારા સર્ટીફીકેટેા અને ઉંચા અભિપ્રાયેા મળ્યા છે એક વખત વાપરવાથી ખાત્રી થશે.

બજારમાથી ખરીદ કરતી વખતે ઉપ્પાની કેાર તથા પેકીંગ બરાબર તપાસી લેવી. નકલી માલથી સાવધ રહેવું.

બીજી પણ દરેક જાતની કેસર જથાબંધ તથા છુટક અમારી દુકાનેથી મળશે.

બહાર ગામના ઓર્ડરેા ફીકાયત ભાવે જથાબંધ તથા છુટક વી. પી. થી મેાકલવામા આવે છે.

એક વખત ટ્રાયલ આપવા મહેરબાની કરવી.

ઠા. ખટાઉ લધાનો કુાં૦.

કેસરના વેપારી અને કમીશન એજન્ટ, માંડવી વડગાદી—મુંબઇ

વેપારી પુછપરછ.

—:*:—

આ મથાળા નીચે અમે જુદા જુદા દેશના કૉન્સલો તરફથી તથા બીજા મુલકો તરફથી આવેલી પુછપરછને લગતી બીનત આપીશું. અમેના કોઇપણ વેપારીને આ દેશ અથવા પરદેશના વેપારી સાથે કોઇપણ જાતના વેપાર બાબત સંબંધ બાંધવા ઇચ્છા હશે તે પણ આ કૉલમમાં દાખલ કરીશું. પુછપરછની ખબર મોકલનારનાં નામ, વેપાર કરવા ઇચ્છતી કંપનીનું નામ, તથા વેપારનો વિષય નીચે પ્રમાણે છેઃ—

આઇ. ૨૯૫ એલેકઝાંડ્રીયા ખાતેની એક પેઢી—ઇજીપ્તમાં એજંસી સ્થપવા માગતી હોય એવી પેઢીઓ સાથે સંબંધ બાંધવા ઇચ્છે છે.

" ૨૯૭ લંડન ખાતેની એક પેઢી—હીંદથી માલ નીકાશ કરે એવી તથા રસાયણી ચીજો અને સાબુ આયાત કરે એવી હીંદી પેઢીઓ સાથે સંબંધ બાંધવા ઇચ્છે છે.

" ૨૯૮ મારસેલ્સની એક પેઢી—કોપરાં, તલ, ભોંયશીંગ તથા બીયાં નીકાશ કરનારી હીંદી પેઢીઓ સાથે સંબંધ જોડવા માગે છે.

" ૩૦૧ મીલન ખાતેની એક પેઢી—હીંદમા વગર કેળવાયલાં ચામડાં ખરીદવા માટે આડત્યા તરીકે કામ કરે એવી પેઢી સાથે કામ પાડવા ઇચ્છે છે.

" ૩૦૨ એલેકઝાંડ્રીયા—ગુણી અને બીજી હીંદનો પેદાશની નીકાશ કરનારાઓ સાથે પત્રવ્યવહાર કરવા ધારે છે.

" ૩૦૫ એક ફ્રેંચ પેઢી—મોટરો બનાવનારી બે ત્રણ પેઢીઓ તરફથી પરદેશીમાં માલ વેચવા માટે સોલ એજંટ તરીકે નેમાયતી છે અને હીંદુસ્તાનમાં બે પેઢીઓનો માલ તથા બીજી કેટલીક નાનેવેલીઓ વેચવા માટે સોલ એજંટ નેમવા માગે છે અને એ કામ કરવાની ઇચ્છા હોય એવી પેઢીઓ સાથે પત્રવ્યવહાર કરવા માગે છે.

" ૩૦૭ ન્યુ યૉર્કની એક પેઢી—હીંદથી મોકલેલા હરકાં વગેરે ચીજો અમેરીકામાં વેચનાર આડત્યા તરીકે નેમાવા માગે છે.

" ૩૦૯ જાપાનની એક પેઢી—લોખંડ, જ્યુટ, ગુણી, ગુણો, તથા જોનમીલ વગેરે ચીજો નીકાશ કરનારાઓ સાથે સંબંધ બાંધવા ઇચ્છે છે.

" ૩૧૦ ઇટલીમાં એક પેઢી—કવીક સીલ્વર આયાત કરનાર સાથે સંબંધ બાંધવા માગે છે.

" ૩૧૧ આસ્ત્રીયા ખાતેની એક પેઢી—તલ, ઘીવેલી, ડાઇવુડ, રેઝીન વગેરે હીંદની પેદાશની નીકાશ કરનાર પેઢીઓ સાથે કામ પાડવા ઇચ્છે છે.

" ૩૧૨ બારસીલોના ખાતેની એક પેઢી—ટ્રેમર તથા સ્પેનની બીજી પેદાશ નીકાશ કરવા ઇચ્છે છે અને સ્પેનના બજારમાં વેચવા માટે હીંદી માલ આયાત કરવા ઇચ્છે છે.

" ૩૧૩ ગંદુર ખાતે આડત્યાનું કામ કરનારો એક પેઢી—વંબાકુના વેપારીઓ સાથે સંબંધ બાંધવા માગે છે.

ને ૧ ઇટલીની એક પેઢી—આલુ, સુકાં અંજીર, ગંધક, ઓલાઇવ ઓઇલ અને ઇટલીની બીજી પેદાશ ખરીદનારાઓ સાથે સંબંધ બાંધવા ઇચ્છે છે.

જે ૨ મુંબઈની એક પેઢી—આરસેનીક આર્યનં આર જેને હ્યુકેાપાઈરાઈટીસ કહેવામાં આવે છે તે ખરીદનારનાં નામ ઠામ માગે છે.

,, ૩ જેપાનમાં ઓસાકા ખાતેની એક પેઢી એન્ડગમીલ નીકાશ કરનારાઓ સાથે સંબંધ બાંધવા ઇચ્છે છે.

,, ૫ એટવર્પની એક પેઢી—હાથી ધાતુઓ તથા મશીનરી હીદમાં આવાત કરનારી પેઢીઓ સાથે સંબંધ બાંધવા માગે છે.

,, ૭ જીનેવા ખાતેની એક પેઢી—જુટ, ચોખા, તેલ, તેલનાં બીયાં, ફ્રોપરાં તથા આમલી નીકાશ કરનાર સાથે પત્રવ્યવહાર કરવા ઇચ્છે છે.

,, ૮ બ્રાઝીલની એક પેઢી—હીદમાં ચામડાંનેા માલ બનાવતેા હેાય અને બ્રાઝીલમાં પ્રતીનીધી નેમવા માગતી હેાય એવી પેઢી સાથે કામ પાડવા માગે છે.

,, ૯ માઇસેારની એક પેઢી—એસબેસ્ટેાસ પાકડર, રૂસા અને બેાઇલર કવરીંગ ફ્રેાન્પેાઝીશનના વેચાણ માટે એજંટ નેમવા માગે છે.

,, ૧૦ એક ખબર પત્રી—હીંદમાં કલકત્તા તરફ લીથી નટ નામથી ઓળખાતાં જે ફળ થાય છે તે ઉગાડે એવા ખેડુતેાનાં નામ માગે છે.

,, ૧૧ પેરીસથી પુછનાર—હીંદથી ચીથરાં નીકાશ કરનારની સાથે કામ પાડવા માગે છે.

,, ૧૨ પલાબની એક પેઢી—પીળી માટી જથ્થાંબંધ ખરીદનારનાં નામ માગે છે.

ધી ટેકનેાકેમીકલ રીસર્ચ લેબેારેટરી (સરન, દેહરાદુન) ખાતે કેટલીક એવી ચીજો બનાવવામાં આવી છે કે જે બનાવી બજારને પુરી પાડવાનું સાહસ કેાઇ ઉઠાવે તેા તેને લાભ થાય. એ ચીજોનું લીસ્ટ એમને લખવાથી મળશે. એવા કામમાં થાપણ રોકી શકે એવી પેઢીઓના નામ મળેથી તેમની ઉપર વધારે ખબર લખી મેકલવામાં આવશે તથા નમુના ઘીડવામાં આવશે. તેઓ કેટલી થાપણ રોકવાને તૈયાર છે તે પણ જલદી જણાવવું.

કે. સી. સેાન્ધી એન્ડ કું. (વાછેવાલી બીલ્ડીંગ, લાહેાર) ક પડ સુતરની મીલવાળા સાથે સંબંધ બાંધવા માગે છે. પંજાબ નેશનલ બેંક લીમીટેડ, (અનારકલી, લેાહેાર)નું રેફરન્સ આપે છે.

મુંબઈની ઇન્સીપાલીટીએ, "રબર વાલ્વ ફ્રેસીસ" પુરા પાડનારાઓ પાસેથી ટેન્ડરેા માંગ્યા છે. ફ્રોર્મ તથા વીગત એની સ્ટેારકીપરની આફીસ (લાયખલા) માંથી મળી શકશે. ટેન્ડરેા તા. ૨૧-૬-૧૯૨૦ ના બપેાર એક વાગ્યા અંદર મળવા જોઇશે.

મી. ચુનીલાલ બાપુજી મેાદી (૦/૦ વેણીલાલ ચુનીલાલ એન્ડ કું. બપાટીયા ચકલા, સુરત) જણાવે છે કે જેમાંથી રંગ બનાવી શકાય એવી ચીજોની ટીપ મરહુમ લેાર્ડ એલ્ગીન્સ્ટને હીંદના ઇતીહાસ વીશેના પેાતાના પુસ્તકમાં આપી છે જેમાં ગુળી, હરડાં, હળદર, હીરાકણી, બુલગણુ, મેારથુથુ, વગેરે ચીજો ગણાવેલી છે.

લેાખંડ તથા સ્ટીલની ચીજો પુરી પાડવા માટેના ટેન્ડરેા મુંબઈની મ્યુનીસીપાલીટી તા. ૩૦-૬-૧૯૨૦ના રેાજ બપેારના મું. ટા. એક વાગ્યા સુધીમા લેશે.

ઘઉંના પાક વિશે બીજો વર્તારો.

હીંદી સરકારનાં આંકડાખાતાંએ આ વર્તારો ગઇ તા. ૧૬-૩-૧૯૨૦ને દીને બહાર પાડેલો હતો, તે અમને તા. ૨૨-૩-૨૦ને દીને મળ્યો છે તે ઉપરથી જણાય છે કે હીંદના જુદાજુદા ભાગોમાં મળી એનો કુલ વીસ્તાર ગયે વરસે ૨૩૭૨૬૦૦૦ એકર જેટલો હતો તે વધીને આ વરસે ૨૮૫૫૩૦૦૦ એકર જેટલો થયો છે. મુખ્ય વધારો પંજાબમાં ૧૬૯૫૦૦૦ એકર જેટલો અને મુંબઇ ઇલાકામાં ૧૦૨૦૦૦૦ એકર જેટલો હતો જ્યારે સંયુક્ત પ્રાંતોમાં વધારો સાત લાખ એકર જેટલો હતો. રજપુતાનાના નહીના મુલકમાં એ વીસ્તાર ૫૬૦૦૦૦ એકર ઉપરથી વધી ૬૭૪૦૦૦ એકર જેટલો થયો હતો. વડોદરાનાં તેમજ માઇસોરનાં રાજ્યોમાં પાકનો વીસ્તાર બમણો થયો હતો. સંયુક્ત પ્રાંતોમાં ઉતર ૮૦થી ૧૦૦ ટકા જેટલી થવાની વકી છે. પંજાબમાં નેહરોવાળા ભાગમાં પાકની સ્થીતી સારી છે જ્યારે બીજા ભાગોમાં સરેરાશ છે. મધ્યપ્રાંતોમાં ગ્રોટીશ જીલ્લાઓમાં ઉતર ૮૬૧૦૦૦ ટન જેટલી થવાની વકી છે. ગયે વરસે કે ૭૨૭૦૦૦ ટન જેટલી હતી મુંબઇ ઇલાકામાં પાકની સ્થીતી એકંદર સારી છે. બીહાર અને ઓરીસામા પાકની ઉતર સરેરાશ જેટલી થશે. બાકી મરહદના પ્રાતમાં પાકની સ્થીતી સારી છે. બંગાળમા પાકનો વીસ્તાર ગયા વરસ કરતાં ચાર ટકા વધારે છે પણ ઉત્તર ૭૮ ટકા જેટલી થવાની વકી છે. મધ્ય હીંદુસ્તાનમાં પાકની સ્થીતી ઠીક છે. ઘઉંની નીકાશને લગતા આંકડા નીચે પ્રમાણે છેઃ-

વરસ.	ટન
૧૯૧૬-૧૭	૭૪૮૯૦૦
૧૯૧૭-૧૮	૧૪૫૪૪૦૦
૧૯૧૮-૧૯	૪૭૬૧૦૦
૧૯૧૯-૨૦ (દસ મહીના)	૭૧૦૦

પરદેશોમાં ઘઉંના પાકની સ્થીતી કેવી છે તે વીશેની વીગત રોમ ખાતે એકઠી કરવામાં આવે છે તે ઉપરથી માલમ પડે છે કે આર્જેંટીયામાં આ વરસે ઘઉંના પાકની ઉતર ૧૧૭૬૦૦૦ ટન જેટલી થવાની વકી છે જ્યારે ગયે વરસે તે ૨૧૬૧૦૦૦ ટન જેટલી થઇ હતી. આ વરસે નીકાશ માટે ૧૬૬૪૦૦૦ ટન ત્યાંથી ફાજલ પાડી શકાશે એમ ધારવામાં આવે છે. ઓસ્ટ્રાલ્યની અગાઉનાં વરસો સાથે સરખાવતાં એ જથ્થો ઘણો વધારે છે. આરજેન્ટીનમાં પાકનો વીસ્તાર ગયા વરસ કરતાં બાર ટકા જેટલો વધારે છે. તે શીવાયના દેશોની સ્થીતી નીચે પ્રમાણે છેઃ—

દેશ	પાકનો વીસ્તાર (હજાર એકર)		ઉતર (હજાર ટન)	
	૧૯૧૮	૧૯૧૮	૧૯૧૯	૧૯૧૮
યુનાઇટેડ સ્ટેટસ	૭૩૨૧૩	૫૬૦૮૫	૨૫૧૫૩	૨૪૫૧૪
કેનેડા	૧૬૧૩૨	૧૭૩૪૬	૫૨૪૯	૫૮૫૪
ફ્રાન્સ	૧૧૩૧૧	૧૦૮૪૫	૪૭૫૭	૬૦૩૪
ઇટલી	૧૦૫૬૭	૧૦૭૮૬	૪૫૩૨	૪૮૬૬
સ્પેન	૧૦૩૭૪	૧૦૨૨૪	૩૪૫૫	૩૬૨૭
અલ્જીરીયા	૨૭૬૯	૩૧૮૫	૫૬૦	૧૩૧૬
ઇંગ્લંડ-વેઇલ્સ	૨૨૬૯	૨૬૩૫	૧૭૮૮	૨૩૩૮

પરદેશમાં વેપાર કરતી પેઢીઓ.

જુદા જુદા દેશમાં જુદી જુદી ચીજો આયાત કરનારી પેઢીઓના નામોની યાદીઓ નીચે જણાવ્યા પ્રમાણે આ ચેમ્બરને મળી છે અને આ ચેમ્બરમાંથી એ વીશેની વધુ માહિતી મળી શકશે

જાપાન—બુટ, શુઝ, બ્રશ બનાવવા માટેના વાળ, કાથાની સાદડીઓ, મીઠાઈ, મુરબ્બા, ટોરડા, ટોરા, ફ્રેાટનીટ્રયુઝ, સુતર, દવાઓ, રંગ (બુબીના), અત્તર, સધળી જાતનાં તેલ સરસ, અનાજ, દાળ, ચોખા, ઘઉં, બુંદર, રેાગાન, શણ, ચામડાં, હાથીદાંત, ઝવેરાત, બુટના ફ્રેાથળા, કાચું બુટ, લેસ, બ્રાતર, બનીજ તેલ, બોળ, તેહનાં બીયાં, મીણ. પુઠાં, સુગ ધી પદાર્થો, છાપવાના કાગળ, માખણ, ૂ, રબર, રબરની ચીજો, લાખ, સાબુ, ચરબી, ચા, રેશમી તથા ફ્રેન્સી કાપડ, તંબાકુ, રમકડા તથા ઉન.

બેલ્જયમ—લેસ અને ભરત ગામ, ગ્રાફી, મુરબ્બા, અચાર, મીઠાઈ, બુટ વગેરે રેમા, રૂવાં (ફર), અનાજ, દાળ, ગુણે, શણ, બોળ, રેશમ, ચા, તબાકુ, ઉન.

ન્યુફીલાડ—મીણબત્તી, ગ્રાફી, કાથો (સીંદરી) આદુ, બ્રાતર, મીણ, લાખ, મશાલા, તબાકુ, તેલ તથા દીવેલ,

ડેનેડા અને ન્યુફાઉંડલે ડ—કઠોળ, સેતરંજી, બાબળીયો, ગ્રાફી, કાથો (સીંદરી,) મુરબ્બા, અચાર, મીઠાઈ, મશાલા, દોરડા, દવા, સુગ ધી પદાર્થો, કાપડ તથા ચામડા રંગના માટેના રંગ, બુર્ણા, બુ દર, જબુટના ફ્રેાથળા, બુટનુ કાપડ, બ્રાતર, મીણ, ચામડાં, લાખ, ચ , તંબાકુ, તેલ, દીવેલ, ફ્રેાપરેલ, અળસીનું તેલ.

ફીજી તથા સીયામ—સાબુનો વેપાર કરે એવી પેઢીઓ

નવી જોઇંટ સ્ટોક કંપનીઓ.

ગયા ફેબ્રુઆરી માસમાં બ્રિટિશ હિંદુસ્તાનમાં તથા માઇસોરના રાજ્યમા સ્થપાયેલી જોઇન્ટ સ્ટોક કંપનીઓની વીગત નામ ઠેકાણા વીગેરે હકીકત નીચે પ્રમાણે છે:—

નં૦	નામ	અગ્રેસર અને ઠેકાણું	કામકાજ	થાપણ રૂ. ૧,૦૦૦
૧.	ખુલના બેંકીંગ કોરપોરેશન ...	એસ. સી. બીસ્વાસ, ખુલના	ધીરધાર અને શરાફી	૧૦૦
૨.	સીટી બેંક ...	જી. કે. મીત્ર નુરમહમદ સરકાર લેન કલકત્તા	,, ,,	૧૦૦
૩.	હરીપુર લોન ઑફીસ ...	જી. સી. સરકાર, હરીપુર (જીલા રંગપુર)	,, ,,	૩૦
૪.	ચંદ્રપુરમ શ્રી શ્રીનીવાસ કરૂણા નીધી	વેંકટપથી નાઇડુ, કોઇમ્બતુર.	,, ,,	૧૦૦
૫	પુશીયારા બેંક	એમ. કુમારન, કલીકટ.	,, ,,	૫૦
૬.	હપીલી પલૈયમ વામન બીલાસ નીધી	આર. વી. લક્ષ્મીઆ નાઇડુ, કોઇમ્બતુર	,, ,,	૧૦૦
૭.	ચેનાઇ ચીના કડાઇ આમાન બેંક	સી. બી. રામસ્વામી ચેટી મદ્રાસ.	,, ,,	૧૦
૮.	૬ ડો ગ્રીટીશ સ્ટીમ નેવીગેશન કંપની	આર. પ્રતાપગીરી એંડ કું. મુંબઇ.	સ્ટીમરો ફેરવવાનું.	૨૫૦૦૦
૯	એસોસીએટેડ પ્રીટીંગ એંડ પબ્લીશીંગ	સરકાર એંડ કું.	બુકસેલર પબ્લીશર વગેરે.	૨૦૦
૧૦.	સર્વંટ પબ્લીશીંગ કું.	એસ. કે. બોઝ ૪૫, એમહર્સ્ટ સ્ટ્રીટ, કલકત્તા.	છાપાં વગેરે છપાવવાં પ્રત્યાદી.	૩૦૦
૧૧.	કોઇંબતુર સ્ટાર પ્રેસ. ...	બી. કેમ્પાણ ગૌડન, કોઇમ્બતુર	છાપવાનું.	૨૦
૧૨.	જી. કલેક્રીજ એંડ કું ...	ડબલ્યુ એચ. બ્રોડી એંડ કુંપની, મુંબઇ.	,,	૧૦૦
૧૩.	દીક્ષીત એંડ કું.	ચટાઇ મોહલ, કાનપુર	,,	૨૯

નં૦ નામ.	અગેસર અને ઠેકાણું.	કામકાજ.	થાપણ રૂ. ૧,૦૦૦
૧૪. સાહીત્ય ભવન	૭૨, જેન્સ્ટન ગંજ અલાહબાદ.	છાપવાનું	૫૦
૧૫. જેમ્સ મેકડોનાલ્ડ એંડ કું. ...	જેમ્સ મેકડોનાલ્ડ કલાઈવ બાલ્ડીંગ કલકત્તા.	બીમાના કારકાજ માટે એજંટ.	૨૦૬
૧૬. ધકાનોમીક સોપ ફેકટરી ...	બી. એલ. દાસ એંડ સન્સ, પોર્ટુગીઝ ચર્ચ સ્ટ્રીટ કલકત્તા.	સાબુ બનાવવાનો ફેરોગ પીલવવો.	૨૫૦
૧૭ કલકત્તા બીલ્ડીંગ એંડ કન્સ્ટ્રકશન કું.... ...	હીલ્જર્સ બ્રધર્સ કલકત્તા.	મકાનો બાંધવાનાં કંટ્રાકટનું.	૨૭૦૦
૧૮. કુરતીયા આકર્ષક શીલ્પ સમીતી.	આર. એ. પાલ એંડ કું.	ગરમ તૈયાર કપડા બનાવવાં.	૧૫૬
૧૯ ફ્રેરમર્ન લોસન ફ્રોમ્બી બારબર	બર્ડ એંડ કું. ચારટર્ડ એંકાઉંટીંગ કલકત્તા.	સ્પીનીંગ મીલના સંચા બનાવવા.	૫,૦૦૦
૨૦. ઈસ્ટ ઈંડીયા વાયર કલોથ મેન્યુફેકચરીંગ કું	ડોપવેલ એંડ કું. ૫, કલાર્કવાટ સ્ટ્રીટ, કલકત્તા.	વાયર ક્લોથ વગેરે બનાવવાં.	૨૫૦
૨૧. ઈંડીયા એન્ડીલ્ડ ક્રુબલ કું....	ફીલ્મર્ન એંડ કુંપની, ૪ ફેરલીપ્લેસ, કલકત્તા.	વાયર, ક્રુબલ વગે રેના વેપાર તથા એન્જીનીયરીંગ કામકાજ.	૨૫,૦૦
૨૨. ઈસ્ટ એન્ડ ટ્રેડીંગ કું. ...	ગુડહીલ એંડ કું ચીતાગોંગ.	વેપાર.	૧૦૦
૨૩. ડોલ ફીલ્ડસ વાયર કું. ...	ફીલ્મર્ન એંડ કું ૪ ફેરલીપ્લેસ કલકત્તા	ઇલેકટ્રીક વાયર રોપ્યુની તથા એન્જીનીયરીંગનું.	૧૫,૦૦૦
૨૪. કુરતીયા ફ્રાકીયરી	ઈંડસ્ટ્રીયલ એજન્સી એંડ કું. કુરતીયા	બટીયાન શર્ટ વગેરે પહેરવાનાં કપડા બનાવવાં.	૧૦૦
૨૫. ફ્રેશ્રોમા	ડી. જી. રીચમંડ, ૩૦ બલર સ્ટ્રીટ, કલકત્તા.	ફ્રેશ્રોમા તથા બીજી દવાઓ બનાવવી.	૨૬

નવા પ્લાનોના બીલ્ડીંગમાં ટાઈલ્સ કેમ પુરી પાડે છે?

નં૦ નામ.	અશેસર અને ઠેકાણું	હેતુ.	થાપણ રૂ. ૧,૦૦૦
૨૬. પાલી ટ્રેડીંગ એસોસીએશન ...	કે સી. બેનરજી પાલેાન્ગ.	ખાવાની ચીજોનેા વેપાર.	૫૦
૨૭. કલકત્તા મોડેલ ડેરી કું. ...	જી. પી મીશ્ર, ૧૮ એાલ્ડ પોસ્ટ એાફીસ સ્ટ્રીટ, કલકત્તા.	ડેરી ફાર્મ તથા બા ગમાં બનતી ચી જોની પેદાશ કરવા તથા વેપાર.	૫૦૦
૨૮ ઇસ્ટ ૫ ડીયા મોટર ...	અસ. બે. વેલી એંડ કું. ૯૫, કલાઈવ સ્ટ્રીટ, કલકત્તા	આયાત તથા નીકાશ	૫૦૦
૨૯. બેંગાલ સપ્લાઇઝ	પી સી રૉય, એાલ્ડ ચીના બજાર સ્ટ્રીટ,- કલકત્તા	વેપાર તથા આડત.	૧૦૦
૩૦ એારીએંટલ સેાપ ફેક્ટરી ...	લેાલીપીન એંડ કું. ૮. કલાઇવ સ્ટ્રીટ, કલકત્તા	સાબુ બનાવવેા	૫૦૦
૩૧. બ્રીટીશ નેવીસીગારેટ કું. ...	સી બુશ એંડ કું. કલાઇવ રેા, કલકત્તા	તમાકુ, સીગારેટ વગેરે બનાવવી તથા વેપાર.	૧૦૦૦
૩૨ નબેા .	૮. સ્ટ્રેંડ રેાડ કલકત્તા	વેપાર.	૫૦
૩૩. બીસ્વાસ બ્રધર્સ ..	ખુલના	વેપાર તથા આડત	૨૦
૩૪ બેનર્જી બ્રધર્સ ...	જે. કે બેનરજી ૧૬૨ બેા બજાર સ્ટ્રીટ, કલકત્તા	દરજીનું તથા કપડા બનાવવાનું.	૧૦૦
૩૫ કેમલ લેર્ડ એંડ કું. ..	૫, ફેરલી પ્લેસ, કલકત્તા	રેટવેના એન્જીને ગાડાં વગેરે બના વવા બ્રીદવા ભાડે લેવા વગેરે	૧,૦૦૦
૩૬ હેન્લી પેજ કું૦ બરમીઝ ટ્રાન્સપોર્ટ	૧૬, ચેારીંઘી રેાડ, કલકત્તા	ટપાલ, ઉતારૂઓ તથા જનાવરેાની હવા તથા પાણી માગે લાવલઇજા કરવી.	૨૦૦૦

નં૦	નામ.	ઓફિસ અને ઠેકાણું.	ધામધંધા.	થાપણ રૂ. ૧૦૦૦.
૩૭.	હેમિલ્ટન એંડ કું. ...	૮, ઓલ્ડ કોર્ટ હાઉસ, સ્ટ્રીટ કલકત્તા.	ઝવેરાત.	૧૨૮૧
૩૮.	નેશનલ ઑરગેનાઇઝર્સ ...	૮૧, કલાઇવ સ્ટ્રીટ. કલકત્તા.	કલકત્તા હાઉસીંગ એંડલૅંડ કૉવેલ્પીંગ ઇસ્ટેટોરેશનના એજંટ.	૨૦
૩૯.	જેરીયા સલ્ફ પુરીફ એસીડ કું.	૬, લાયન્સ રેંજ કલકત્તા.	ખનીજ એસીડ પદાર્થોના પેદાશ અને વેપાર.	૪૦૦
૪૦.	એસ. ઇ. સાલ્મોસ્યોની (હાઇ એસ)	બંગાલ	ચામડાંનો વેપાર.	૩૦૦
૪૧.	પાયોનીયર એજન્સી ...	બરહામપુર	રશમી તથા ચોળા તેમ, રેશમ વગેરે ચીજો બનાવવી.	૨૦
૪૨.	ઓરીએન્ટલ પ્રોડકટસ ...	૨૨, સ્ટેન્ડ રોડ, કલકત્તા.	કોપરાંનો વેપાર.	૫૦૦
૪૩.	ઇસ્ટ ઇન્ડીઅન કોરપોરેશન ...	દીલ્હી	વેપાર તથા ઉદ્યોગની ખીલવણી.	૨૦૦૦
૪૪.	ઇલેકટ્રીક સ્ટોર્સ ...	,,	ઇલેકટ્રીક એન્જીનીયર અને ફીટર નગીયાં, ઇટો વગેરે બનાવવાં તથા કુલ કદનું ધામધોજ કરવું	૩૦
૪૫.	પુનીયા ટ્રેડીંગ કું. ..	પી. કે. સેન પુનીંયા.		૧૦૦
૪૬	કેનેરા એન્ટપ્રાઇઝ ..	એચ. અનંથ કામટ પુકુર, દક્ષીણ કેનેરા.	વેપાર	૭૦૦
૪૭	મોરીસન્સ	ટી. મોરીસન્સ/મદ્રાસ	દરજીનું તથા લશ્કરને કપડાં પુરાં પાડવાનું	૩૦૦
૪૮	પાવારાથી ટ્રેડીંગ કું	વી. વી. એસટ્ટ એંડ એ. પી. મીયાંજ પોનાની, મલબાર.	કોપરેલ તેલ બનાવવાનું તથા કોપરાં અને નાળીયેરીનાં રેસાનો વેપાર.	૫૦
૪૯.	શોરાબુર ટાઇલ વર્કસ એંડ ... ટ્રેડીંગ કું.	આર. કોલમેન એંડ કું. મદ્રાસ.	નળીયાં બનાવવાં તથા વેપાર	૧૦૦૦

નં૦	નામ.	અગ્રેસર અને ઠેકાણું.	કામકાજ.
૫૦	શ્રી કોઠાંડા રામ વીલાસ .. વીવીંગ કું.	કે એન. રાજગોપલ ચેટ્ટી. વલંગીમન તાંજોર.	વીવીંગ અર્થાત વણાટ કામને લગતી ચીજોનો વેપાર
૫૧	સુબ્રહ્મન્યમ મોટર કંપની ..	ટી. એમ. સુબ્રમની આયર ટીનાવેલી	મોટરકાર તથા મોટર સાઇકલનો વેપાર
૫૨	જનરલ એજન્સીઝ	સાઉથ ઇંડીયન એજંસપોર્ટ કું. મદ્રાસ	વેપાર
૫૩	ખ્રીટીશ ઇંડીયા કોરપોરેશન ..	ગ્રીવીલ લાઇન્સ કાનપુર	,,
૫૪	કૃષ્ણ સ્ટોર્સ ...	કુલતીખ્નાર, આગ્રા.	,,
૫૫	એમ. એચ. માહન એંડ કું. ..	મહમુદ હાશમ એંડ કું. ગોવલજી પટેલ સ્ટ્રીટ કોટ મુંબઇ	,,
૫૬	ગુજરાત બ્રીક્સ, ટાઇલ્સ, ... લાઇમ, સીમેંટ, મેન્યુફેક્ચય ... રીંગ કું.	બાપાલાલ એંડ કું. નડીયાદ	ઇંટો, નળીયાં, ચુનો સીમેંટ બનાવવાં
૫૭	ઇંડીયન ઇંડસ્ત્રીયલ સ્ટોર્સ ...	ગોવર્ધનદાસ વલભદાસ એંડ કું મુંબઇ	શોપ કીપર એંડ વેર હાઉસ કીપ્પીંગ
૫૮	ઇસ્ટન કમર્શીયલ કોરપોરેશન ...	ફાજલભાઇ જુમાભાઇ એંડ કું. મુંબઇ	વેપાર અને આહત
૫૯	ઇંડીયન સ્ટાર્ચ એંડ ઇન્ડ .. ઓયલ્સ	ધાબાવાળા મહેતા એંડ કું મુંબઇ	સ્ટાર્ચ બનાવવી તથા વેચવી
૬૦	રટેન્ડર્ડ એલ્યુમીન્યમ એંડ ... બ્રાસ વર્કસ	અબદુલા આલારખ્યા એંડ કું. મુંબઇ	એલ્યુમીન્યુમ પીતળ વગેરે ધાતુ વગેરે તેમાંથી બનતી ચીજોનો વેપાર
૬૧	કુબી એંડ કું.	મુંબઇ	વેપાર
૬૨.	એરકેરૂટ ટ્રાન્સપોર્ટ એંડ ટ્રાવેલ કું ઓફ ઇંડીયા ...	જયોર્જ હોલ્ટ થોમસ મુંબઇ	વીમાનને લગતું.
૬૩.	ઇસ્ટર્ન શીપ બ્રોકર્સ એંડ એજન્સી...	એફ એચ. રપોલ, મુંબઇ	એજંટ

નં૦	નામ.	એજેન્સર અને ઠેકાણું.	કામકાજ.	આપલુ રૂ. ૧,૦૦૦
૬૪.	જે. બી. પીયરસન એંડ કું....	બરમા	વેપાર	૨૦૦
૬૫.	હરપરીંક રમીથ એંડ કું. ...	૨૨, મર્ચંટ સ્ટ્રીટ રંગુન	વેપાર તથા આઢત	૧,૫૦૦
૬૬.	રતલામ ઓઈલ યુનાઈટેડ ... સ્પીનીંગ એંડ વીવીંગ કું. ...	જમુજી હેમંદ સન્સ, મું બઈ.	સ્પીનીંગ એંડ વીવીં- ગ મીલનું	૫૦૦૦
૬૭	તુલસીદાસ તેજપાલ મીલ્સ ...	તુલસીદાસ તેજપાલ એંડ કું. ૧૨૬ સેક્યુ- અલ સ્ટ્રીટ, ચંદગાદી મુંબઈ	,,	૪૦૦૦
૬૮.	સર રાશણીહાની મીલ્સ ...	છબીલદાસ કે સાંકળી- યા એંડ કું. મુંબઈ	,,	૨૫૦૦
૬૯.	ઈ. ડી. સાસુન યુનાઈટેડ મીલ્સ	ઇ. ડી. સાસુન એંડ કું. મુંબઈ	,,	૧૦૦૦૦૦
૭૦	નીવેદીતા મીલ્સ ..	હીરાલાલ ગુલ્લ એંડ કું. અમદાવાદ	કાપડ સુવરની મીલ નું પ્રેસનું જીનીંગ વગેરે	૨૦૦૦
૭૧.	એંગલોર સ્પીનીંગ એંડ વીવીંગ મીલ્સ	આદમજી પીલગ્રીમ એંગલોર સીટી	,,	૨૫૦૦
૭૨.	નદીયા મીલ્સ કું. ...	એરી એંડ કું પ લાય- ન્સ ડેન્ઝ કલકત્તા.	જુટની મીલનું	૧૫૦૦૦
૭૩.	ગન્નપતી જુટ મીલ્સ કું. ...	આંદ્રા એન્જીનીયરીંગ કું. કોકીનાડા.	જુટનો માલ બના- વવો	૧૦૦૮
૭૪.	એકેનોમીક હોઝીયરી મીલ્સ	ડી. એન. બેનર્જી એંડ કું ૫૦, ધરમતુલા સ્ટ્રીટ કલકત્તા.	ઉન તથા રેશમ નો માલ બનાવ વાની મીલ	૧૦૦૦
૭૫.	બેંગાલ વુલન મીલ્સ ...	બીરલા બધર્સ ૧૩૭, કેની ગ સ્ટ્રીટ કલકત્તા	ઉનની મીલ	૭૫૦૦
૭૬.	ભાગીરથી ફ્લોર મીલ	આર. રોય એંડ કું. ઉત્તરપરા (હુગલા જીલ્લા)	આટાની મીલ	૨૦૦
૭૭.	ફસ્ટ બંગાલ ઓઈલ મીલ ...	ચીમન એંડ કું. ભાટીયા બજાર હાવડા	કેપરેલ તેલ બના વવું વગેરે	૧૦૦

નં૰	નામ.	અગેસર અને ઠેકાણું.	હેતુ.	થાપણ રૂ. ૧,૦૦૦
૭૮.	એહરામપુર ઑઇલ મીલ્સ ...	પાયોનીયર એજંસી એહરામપુર	તેલની મીલ	૨૦૦
૭૯.	ન્યુ ઓઇલ મીલ્સ... ...	બાલાભાઇ એંડ કું મુંબઇ	કપાસીયા, અળસી વગેરેમાંથી તેલ કાઢવું	૧૨૦૦
૮૦.	ગ્રેન્ડીલ્ડ ટી કું.	બીડ સન એંડ કું. ૬૦, મેટકાફસ્ટ્રીટ કલકતા	ચાનો પાક તથા વેપાર કરવો	૨૫૦
૮૧	બોરપની ટી કું.	હીલજર્સ બ્રધર્સ કલાઇવ થીલ્ડીંગ કલકતા	,,	૨૫૦
૮૨.	ચીંકુરી ટી કું.	,, ,,	,,	૩૫૦
૮૩	ચપાતોલી ટી કું	ઈંડીયન પ્લેટર્સ એજન્સી બંગાલ	ચા કોફ્ટી વગેરેનં પેદાશ કરવી.	૨૫૦
૮૪.	માધુટીંગ ટી કું.	,, ,,	,,	૨૫૦
૮૫.	બ્રીટીશ બેંગોલ ટી કું. ...	જલપઇગુરી ટાઉન	,,	૫૦૦
૮૬.	ધંડીયન ફાર્મગર કું. ...	એમ. એલ. ગોધરી એંડ કું. મુંબઇ	શણ, રૂ, જુટ, વગેરેના પાક કરવા	૨૫૦૦
૮૭	બેંગાલ કોક એંડ કોલ પ્રોડક્ટસ	મોહરા બ્રધર્સ ૨૮, સ્ટ્રેંડ રોડ, કલકતા	કોલસાની ખાણોનું	૨૫૦૦
૮૮	મધુસૂદન કોલ સીન્ડીકેટ ...	૫, કાઉન્સીલ હાઉસ સ્ટ્રીટ, કલકત્તા	ખાણોનું ,, તથા લોખંડનો માલ બનાવવાનું	૧૬૦
૮૯	ડીસ્ટીલંદ આયર્ન એંડ સ્ટીલ વર્કસ	પંડિત એંડ કું. બાઠરગજ, પટણા	,,	૫૦૦૦
૯૦.	મદ્રાસ બીલ્ડીંગ્સ સીનડીકેટ ...	સી. રંગનાયમ નાઈડુ તથા એમ. કોલન્થ ધંવેલુ મુદલીયર મદ્રાસ	જમીન મેળવવી મકાનો બાંધવા વગેરે	૩૦૦
૯૧.	જુન્યર કું.	૨૧, રૂપચંદ રોય સ્ટ્રીટ કલકતા.	શેરો વગેરેનું	૧૫૦૦
૯૨.	સીન્યર કું.	,, ,,	,,	૯૦૦
૯૩	જેટીયા પ્રોપ્ર યટરી કું. ...	,, ,,	,,	૯૦૦
૯૪.	ટ્રસ્ટીઝ કોરપોરેશન (ઇડયા)...	એ. એલ ડબ્યુ પેન મુંબઇ	,,	૭૦૦૦૦
				૪૧૭૬૪૩

વેપારી આંકડા.

પોર્ટ ટ્રસ્ટની વખારોમાં પડેલો માલ.

મુંબઇનાં પોર્ટ ટ્રસ્ટની વખારોમાં ગયા ફ્રેબ્રુવારી માસ દરમ્યાન પડેલા માલની વીગત ગઇ તા. ૨૩-૩-૨૦ ને દીને બહાર પાડવામાં આવી છે તે નીચે પ્રમાણે છેઃ—

માલની જાત.	તા. ૧-૨-૨૦ ને દીને સ્ટોક.	૧૯૨૦ ના ફ્રેબ્રુ- વારીમા થયેલી ડીલીવરી.	તા. ૧-૩-૨૦ ને દીને સ્ટોક.	તા. ૧-૩-૧૯ ને દીને સ્ટોક.
રૂના ગાંસડી ...	૧૯૫૧૯	૨૫૮૭	૨૦૨૦૭	૪૦૬૯૬
,, ચેટી ...	૪૦૨૯	૧૪૦૭	૫૦૩૪	૮૦૫૫
રેશમ તથા ઉનના પીસ ગુડસ ગાંસડી ...	૭૩૮	૨૬	૭૭૪	૧૪૨૨
,, ,, ,, ચેટી	૮૪૬	૩૩	૯૦૫	૧૩૩૯
સુતરાઉ ટવીસ્ટ તથા યાર્ન પેકેજીસ	૧૮૨૩	૭૮૪	૨૨૫૦	૧૨૮૨૪
રેશમ તથા ઉનના ,, ,,	૨૨૬૨	૨૩૦	૨૦૩૨	૪૩૧૨
ત્રાંબુ—ટન	૧૮૫	૧૪૫	૪૬	૧૬૪
પીતળ—ટન	૩૨૯	૧૭૩	૫૪૧	૫૨૮

ખાંડની આયાત

